વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
જુન - ૨૦૧૫
અંક : ૪૪૫

મંગલ મંદિર ● જૂન-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



## અંગકોર વાટ
## કંમ્બોડિયા
## (મંદિર કોમ્પ્લેક્ષ)

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

# TOPScorer

A NAVNEET INITIATIVE

## TOPScorer વિશે

**TOPScorer** એ એક એવું ક્રાંતિકારી ડિઝીટલ ટૂલ છે, જેમાં શિક્ષણ પ્રક્રિયાને ઓડિયો-વિઝ્યુઅલ (દૃશ્ય-શ્રાવ્ય) કન્ટેન્ટ, એસેસમેન્ટ સોફ્ટવેર, પ્રશ્નબેંક અને એનાલિટીકલ રિપોર્ટમાં રૂપાંતરિત કરવામાં આવી છે. આ **TOPScorer** ની મદદથી વિદ્યાર્થી સારી રીતે શીખી શકે છે, ઝડપથી સમજી શકે છે અને વધુ યાદ રાખી શકે છે.

## TOPScorer ની વિશેષતાઓ

- GSB અને CBSE ના અભ્યાસક્રમ આધારિત
- પ્રત્યેક પ્રકરણની 2D/3D એનિમેશન દ્વારા સમજણ
- આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ આધારિત એસેસમેન્ટ સોફ્ટવેર
- અનલિમિટેડ પ્રેક્ટિસ પરીક્ષા
- લિમિટેડ ફાઇનલ પરીક્ષા
- સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ સાથે આપના પર્ફોર્મન્સની સરખામણી
- ખોટા જવાબોનો એનાલિટીકલ રિપોર્ટ
- ઓનલાઇન, પેનડ્રાઇવ અને SD કાર્ડમાં ઉપલબ્ધ
- યુઝર ફ્રેન્ડલી ઇન્ટરફેસ

ગુજરાત બોર્ડ - ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ અને CBSE Board માટે ઉપલબ્ધ

### TOPScorer Variant




**Learn Better** **Understand Faster** **Score More**

Developed & Marketed by **eSense Learning Private Limited**


Toll free number 1800 300 23253 | www.topscorer.com | /esensetopscorer

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY





નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....

# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)


૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.


ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

# વિવિધ યાદગાર પ્રસંગોએ સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં પુસ્તકો










## શુભેચ્છા પાઠવવાના કોઈપણ પ્રસંગે ભેટ આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ચાલતા રહો, ચાલતા રહો | મોહમ્મદ માંકડ | 110 |
| ટેઈક-ઑફ | રોહિત શાહ | 100 |
| ચાણક્યની રાજનીતિ | સ્વામી સચ્ચિદાનંદ | 200 |
| તનકતારા | દિનેશ પાંચાલ | 100 |
| રજકણ | ધૂમકેતુ | 100 |
| પ્રેરણાપરબ | ફાધર વાલેસ | 65 |
| પ્રાર્થના | મોહમ્મદ માંકડ | 120 |
| જીવન-ઉપનિષદ | બબાભાઈ પટેલ | 150 |

## લગ્ન પ્રસંગે તથા લગ્નતિથિ નિમિત્તે ભેટ આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી | સંપા. રોહિત શાહ | 150 |
| સાસુ-વહુ ડોટ કોમ | નીલમ દોશી | 200 |
| શુભ મુહૂર્ત સાવધાન | હર્ષિદા રામુ પંડિત | 80 |
| હૈયાંનો હસ્ત મેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |

## મધર્સ-ડે, ફાધર્સ-ડે, વમુન-ડે નિમિત્તે ભેટ આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| મા એ મા | રતિલાલ બોરીસાગર | 150 |
| સ્ત્રી : સંસારલક્ષી | દિનેશ પાંચાલ | 70 |
| એવરી-ડે, પેરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 125 |
| મહાતીર્થ : મા | સંપા. મુનિ ભુવનહર્ષવિજય | 150 |
| ભારતીય નારીઓનાં પદચિહ્ન | રંજના હરીશ, અનુ. બેલા ઠાકર | 90 |
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 225 |
| કિડ્સ-કેર | રોહિત શાહ | 100 |
| હેલો, મેડમ ! | રોહિત શાહ | 100 |
| વહાલી મમ્મી | રોહિત શાહ | 30 |
| વહાલા પપ્પા | રોહિત શાહ | 30 |
| વહાલો દીકરો | રોહિત શાહ | 30 |

## ધાર્મિક પ્રસંગે ભેટ આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| ગીતાંજલિ | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 220 |
| ગુજરાતનાં સંતરત્નો | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 160 |
| વસ્તુપાળ અને તેજપાળ | સ્વામી સચ્ચિદાનંદ | 80 |
| બોલો, ઈશ્વર છે કે નથી ? | દિનેશ પાંચાલ | 90 |
| હરિના હસ્તાક્ષર | કાન્તિલાલ કાલાણી | 45 |
| મા આનંદમયી | પ્રસાદ બ્રહ્મભટ્ટ | 200 |
| ગીતાનું અમૃતઃ કર્મયોગ | દોલતભાઈ ત્રિવેદી | 100 |
| અંતરંગ યોગ | ભાણદેવ | 150 |
| ગીતા નવનીતમ્ | સ્વામી અધ્યાત્માનંદ | 125 |
| જીવનયોગ | સ્વામી અધ્યાત્માનંદ | 150 |
| મુઝ કો યારો માફ કરના | રોહિત શાહ | 100 |

## શિક્ષક દિન નિમિત્તે તથા ઈનામરૂપે ભેટ આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| સેલિબ્રિટિ સાથે સંવાદ | આનંદ ઠાકર | 150 |
| તુલસીક્યારાના દીવા | મનસુખ સલ્લા | 130 |
| ભૂલ્યા નહિ ભુલાય (પ્રસંગો) | નાગજીભાઈ દેસાઈ | 75 |
| પોતાનું એવરેસ્ટ | હસમુખ પટેલ | 90 |
| કથાકોર્નર | વિકાસ ઘનશ્યામ નાયક | 70 |
| કરંડિયો | વિકાસ ઘનશ્યામ નાયક | 70 |
| વ્યક્તિત્વ ઘડતર કેમ થાય ? | રજનીકાન્ત પટેલ | 125 |
| ચેસની રસપ્રદ વાતો | મયૂર પટેલ | 120 |
| મારી નોંધો મારા પોતાના માટે | હસમુખ અઢિયા | 100 |
| વાણી તેવું વર્તન | ફાધર વાલેસ | 330 |
| અપંગનાં ઓજસ | કુમારપાળ દેસાઈ | 125 |

## બીમાર વ્યક્તિની ખબર પૂછવાના પ્રસંગે તથા મૃત્યુ પ્રસંગે આપવા જેવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| યોગ અને આરોગ્ય | સ્વામી અધ્યાત્માનંદ | 150 |
| આરોગ્યની આડી લીટ-સીધી લીટી | ડૉ. મુકુન્દ મહેતા | 225 |
| કેન્સર મારો પરમ સખા | પ્રજ્ઞા શાહ | 50 |

ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
Insta grind
PATENTED BY GOVT. OF INDIA
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*


**તંત્રી લેખ :**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓનું રીફ્લેક્શન ........ **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૧

**લેખ વિભાગ**

**સાયન્સ અને ટેકનોલોજી**

- વિશ્વની સાથે કદમ મિલાવવા હોય તો... ........ **ડૉ. યાસીન દલાલ** ..... ૧૨

**રાષ્ટ્ર અને કટોકટી**

- ૪૦ વર્ષ પહેલાંનો દિવસ THE BLACK DAY OF INDIA – EMERGENCY.. ........ **કૃષ્ણકાંત ઉનડકટ** .... ૧૫

**અર્થતંત્ર**

- ભૂમિ અધિગ્રહણ ખરડો – ગેરસમજો દૂર કરવી અનિવાર્ય.. ........ **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૧૯
- ખેડૂત અને સરકારનું સહિયારું ગ્રહણ એટલે ભૂમિ અધિગ્રહણ બીલ.. ........ **મિતેષ એમ. સોલંકી** .... ૨૧
  M.Sc., M.Phil., MBA – સ્પીકર / એંકર
- ગ્રામીણ અર્થતંત્ર પર અસર ........ ૨૩

**કચ્છ**

- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
  કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૩) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૨૫

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૫ પિતા તથા સંતાનનો સંબંધ ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૨૯
- સત્યં વદ: ધર્મમ્ ચર! ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૩૪

**તંદુરસ્તી**

- માતા-પિતા અને તરુણ સંતાન : પ્રકરણ-૧ ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૩૬
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## ઇતિહાસ

• શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૮
પ્રકરણ-૩૯

## વાર્તા

• ત્રાસવાદી! .................... **હરેશ ધોળકિયા** .... ૪૦

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

• પહાડ કોતરીને અન્ય પંગુઓ માટે રાજમાર્ગ બનાવનાર .................. **રજનીકુમાર પંડ્યા** .... ૪૩
• એક મુલાકાત : કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઈ ............ **કિરણ ચાંપાનેરી 'સેતુ'.** ..... ૪૫
**ફ્રીલાન્સ પત્રકાર**

## પ્રકીર્ણ

• દિલનું દર્પણ — રોજનીશીની સાખે : (૫) .................... **માવજી કે. સાવલા** .... ૪૭

## હળવાશની ક્ષણોમાં

• ૨ન-વે પર ભેંસ! .................... **ચિત્રસેન શાહ** .... ૫૦
• બાલુડે જ્યું ગાલિયું .................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૨

## નિયમિત વિભાગો

• આંજો કાગર .................... ૫૩
• અન્ય સંસ્થાઓના સમાચાર .................... ૫૭
• સાર સમાચાર .................... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૯
• જાણવા જેવું .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૦
• *Nano Nine* શબ્દ રમત-૧૦૬ .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૧
• *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૨) .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
• 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ .................... ૬૫
• વલોવતન .................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૬
• સમાજ દર્પણ .................... ૭૧
• સંસ્થા સમાચાર .................... ૭૨
• શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .................... ૭૭
• ઊડતી નજરે .................... ૭૮
• વર્ષ ૨૦૧૫માં બાળવર્ગથી ધોરણ-૭ સુધીની પરીક્ષામાં
ઉત્તીર્ણ થયેલાઓનું માહિતીપત્રક .................... ૭૯
• વર્ષ ૨૦૧૫માં ધોરણ-૮ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં
ઉત્તીર્ણ થયેલાઓનું માહિતીપત્રક .................... ૮૧

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta • Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય પ્રવૃત્તિઓનું રીફ્લેક્શન

*– અશોક મહેતા*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૧૫-૧૬ની બેલેન્સ શીટે ખૂબ જ સારા પરિણામો બતાવેલ છે. જેનાથી સમાજનો એકે એક સભ્ય ગર્વ લઈ શકે તેવું બનવા પામેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકરોની છેલ્લા કેટલાયે વર્ષોની જહેમતનું આ પરિણામ છે. સમયે સમયે તેની સેવા ભાવનાના દરેક નૂતન પ્રોજેક્ટના સમયે સમાજના ખમતીધર પરિવારોએ આ સમાજમાં પૂરેપૂરો વિશ્વાસ મૂકી તેની પ્રવૃત્તિઓ વધારવા જરૂરી દાન ફાળવવામાં ક્યારેય પણ પાછું વાળીને જોયેલ નથી. દાનની કેટલીક રકમ તરતમાં પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે કેટલીક રકમ આવતા થોડો સમય લાગે છે. આ સમયગાળો સહન કરવાની ક્ષમતા આ સમાજ પ્રાપ્ત કરી ચૂકેલ હોવાથી તેના કાર્યકરોની ધીરજ અને નોંધાયેલ દાન પ્રાપ્ત કરવાની તેના કાર્યકરોની જહેમત અને ધગશનું આ સફળ પરિણામ છે. કદાચ આવતા વર્ષો પણ ઉત્તમ જાય તેવા ચિહ્નો અત્યારે તો દેખાઈ રહેલ છે કેમકે હજુ પણ અનેક નોંધાયેલ રકમ આવવાની બાકી રહે છે. આ હકીકત સમાજના ખમતીધર પરિવારોનો, આ સમાજના કાર્યોમાં વિશ્વાસ અને આ સમાજના કાર્યકરોનો દાનેશ્વરી પરિવાર પરના વિશ્વાસની ભાવનાનું જ સૂચન કરે છે.

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે, સમાજ એક મેડિકલ સેન્ટર ચલાવે છે કે જેણે અમદાવાદની આમ જનતામાં અનેરો વિશ્વાસ ઉત્પન્ન કરેલ છે. અમદાવાદની વી.એસ. હોસ્પિટલ (દરરોજની ૭૦૦ની ઓ.પી.ડી.)ની બાજુમાં જ આ કેન્દ્ર દરરોજની ૪૦૦ની ઓ.પી.ડી. સાથે અમદાવાદની જનતાનું ખૂબ જ ઉચ્ચ પ્રકારના વિશ્વાસનું સેન્ટર છે તેમ કહી શકાય. અહીંના વિવિધ વિભાગના ડૉક્ટરો રોગનું નિદાન પારખી, જે સારવાર કરે છે તે સચોટ અને અક્સીર હોય તો જ આમજનતા આ સેન્ટર તરફ આકર્ષાય. સાથે સાથે ૪૦૦ની ઓ.પી.ડી.ના તંત્રે અન્ય જે વ્યવસ્થા કરવાની હોય તેમાં મુખ્યત્વે ટેકનિકલ સ્ટાફની કામગીરી, તબીબી સારવારનું ઉચ્ચ ધોરણ, મેડિકલ સાધનોની ઉચ્ચ ગુણવત્તા, કાર્યરત સ્ટાફની વિનમ્રતા અને ફરજ પાલનતા, કેન્દ્ર પરના દેખરેખ રાખનાર અધિકારીશ્રીઓની દિવસભરની જહેમત અને સૌથી અધિક, આ બધા પર મેડિકલ સમિતિના કન્વીનર અને સમગ્ર મેડિકલ સમિતિનું દિશાસૂચન, સેન્ટરની કામગીરી સંબંધી અવૅરનેસ (જાગૃતિ) વધારવા વિવિધ સ્વરૂપે થયેલ કાર્યવાહી – આ બધા જ પરિબળો એકત્રિત થઈ જે પરિણામ આપે એ જ જન માનસમાં નોંધાય. તેના ફળ સ્વરૂપે આ સેન્ટરને દર વર્ષે જેટલું પણ વિસ્તૃત કરવામાં આવે તે તેના પછીના વર્ષે નાનું જ પડતું જાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થતી રહે. તેના પરિણામો દર વર્ષની માફક આ વર્ષે પણ બેલેન્સ શીટમાં માત્ર રીફ્લેક્ટ થતા નથી પરંતુ તેણે સમાજના દરેક કાર્યકરને વિસ્મય પમાડી દીધેલ છે. તેનાથી દરેક કાર્યકર ગૌરવ અનુભવી રહેલ છે.

સેવાભાવી સંસ્થાઓ પોતાની ઈચ્છાનુસાર પોતાની સંસ્થાને વિસ્તૃત કરી શકે છે. સેવા ભાવનાની વિસ્તૃતતાનો કોઈ અંત જ નથી. સેવાભાવનાનું અફાટ સાગર ખુલ્લું પડ્યું છે. તેની હરણફાળ જેટલી ભરવી હોય તેટલી ભરી શકાય છે. જરૂરત છે માત્ર મનની ઈચ્છા શક્તિની અને કાર્યના ધગશની. નોંધવાલાયક એ છે કે આ બંને હકીકતોનું નિરૂપણ આ સંસ્થાની શરૂઆત જ્યારથી થઈ ત્યારથી જ તેના કાર્યકરોમાં રહેવા પામેલ છે.

આ સંસ્થા તેની સેવા ભાવનાના દીર્ઘ ૫૦ વર્ષ તાજેતરમાં જ પસાર કરી ચૂકેલ છે. પરંતુ તેના કાર્યકરોનો જોમ અને જુસ્સો આજે પણ તેટલો જ મજબૂત રહેવા પામેલ છે. તાજેતરની બેલેન્સ શીટે તો એ જુસ્સામાં અનેરો વધારે કરી દીધેલ છે.

સમાજ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતો રહે તેવી મહેચ્છા સમાજનો એકે એક સભ્ય તો સેવે જ છે પરંતુ સમાજની પ્રવૃત્તિઓનો ઉત્તરોત્તર વિકાસ થતો જોઈ તેમાં દાન સ્વરૂપે સહભાગી થનાર દરેક દાતા પણ ઈચ્છી રહેલ છે કે આ સમાજના સેવાના કાર્યોનો નિરંતર વ્યાપ વધતો રહે.

કચ્છી જૈનોના દરેક ફીરકાને સાથે રાખીને જે રીતે આ સંસ્થા આગળ વધી રહેલ છે, તે ભારતભરના કચ્છી જૈનોમાં એક ઉદાહરણરૂપ સાબિત થયેલ છે.

આપણે ઈચ્છીએ કે આ સંસ્થાના સેવાના કાર્યો ઉત્તરોત્તર ફાલતા રહે. સામાન્યજનને તે મદદરૂપ બનતી રહે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

**TITLE COVER.... PICTURE STORY**

## ANGKOR WAT

Angkor Wat (Khmer : or "Capital Temple") was first a Hindu, later a Buddhist temple complex in Cambodia and the largest religious monument in the World. The temple was built by the Khmer King Suryavarman II in the early 12th century in Yasodharapara (Khmer, present-day Angkor), the capital of the Khmer Empire, as his state temple and eventual mausoleum. Breaking from the Shaiva tradition of previous kings, Angkor Wat was instead dedicated to Vishnu. As the best-preserved temple at the site, it is the only one to have remained a significant religious center since its foundation. The temple is at the top of the high classical style of Khmer architecture. It has become a symbol of Cambodia, appearing on its national flat, and it is the country's prime attraction for visitors.

Angkor Wat combines two basic plans of Khmer temple architecture: the temple-mountain and the later galleried temple, based on early Dravidian architecture, with key features such as the Jagati. It is designed to represent Mount Meru, home of the devas in Hindy mythology: within a moat and an outer wall 3.6 kilometres (2.2 mile) long are three rectangular galleries, each raised above the next. At the centre of the temple stands a quincunx of towers. Unlike most Angkorqian templesq, Angkor Wat is oriented to the west; scholars are divided as to the significance of this. The temple is admired for the grandeur and harmony f the architecture, its extensive bas-reliefs, and for the numerous devatas adorning its walls.

The modern name Angkor Wat, means "Temple City" or "City of Temples" in Khmer; Angkor, meaning "city" or "capital city", is a vernacular form of the word nokor, which comes from the Sanskrit word Nagara (**नगर**). Wat is the Khmer word for "temple grounds" (Sanskrit : **वाट** "enclosures")

## સન્માનનીય વ્યકિતના સદ્‌ગુણ

શ્રી કૃષ્ણરાજ મૈસૂરના રાજા હતા. તેઓ બહુ સજ્જન, જ્ઞાની અને વિદ્યાપ્રેમી હતા. એમનામાં નમ્રતા, વિવેક અને વિદ્યાપ્રેમના ગુણો હોવાથી સૌ તેમનું સન્માન કરતા.

એકવાર તેઓ જર્મની ગયા. જર્મનીમાં તેમને એક જાણીતા અધ્યાપકનો સંપર્ક થયો. શ્રી કૃષ્ણરાજ રાજાએ અધ્યાપકને પોતાનો પરિચય આપતાં કહ્યું : 'હું મૈસૂરનો રાજા છું''

અધ્યાપકે તરત જ કહ્યું : 'ડૉ. રામશાસ્ત્રી જ્યાં રહે છે, તે મૈસૂરના?'

મહારાજે નમ્રતાથી હા પાડી. ત્યાં મહારાજ કૃષ્ણરાજનું ભવ્ય સન્માન પણ થયું. થોડા દિવસોના પ્રવાસ પછી રાજા મૈસૂરમાં પાછા આવ્યા. આવીને બીજે જ દિવસે ડૉ. રામશાસ્ત્રીજીનું બહુમાન કર્યું અને ઘણા પ્રેમભાવથી કહ્યું : 'શાસ્ત્રીજી, આ દેશમાં ભલે આપ મારી પ્રજા હો, પણ પરદેશમાં તો હું આપની પ્રજા છું!'

**બોધ વાક્યો :**

★ સદ્‌ગુણી વ્યક્તિઓ સર્વત્ર આદર પામે છે.

★ નમ્રતા સર્વ સદ્‌ગુણોમાં શ્રેષ્ઠ છે.

★ વિદ્વાન મનુષ્યનું સન્માન કરવું જોઈએ.

★ હોદ્દાનું અભિમાન ન હોવું જોઈએ.

★ કોઈપણ મનુષ્ય એના સદ્‌ગુણો અને સદ્‌વ્યવહારથી જ શોભે છે.

## દુર્જનતા અને સજ્જનતા

સમર્થ ગુરુ રામદાસની આ વાત છે. પ્રવાસમાં રામદાસ સાથે એક દુર્જન માણસ ચાલતો હતો. તે ભારે ઉદ્દંડ હતો. કઠોર ભાષા બોલતો હતો. રસ્તામાં તે રામદાસને ગાળો દેતો હતો અને ખરુંખોટું સંભળાવ્યા કરતો હતો. રામદાસ ચૂપચાપ તેના અપશબ્દો સાંભળતા રહ્યા. પ્રવાસનો નિર્જન પથ પૂરો થયો. ગામની ભાગોળ આવવાની તૈયારી હતી.

રામદાસે પેલા દુર્જનને કહ્યું : 'તારે હજુ પણ અપશબ્દો બોલવાના બાકી હોય તો કહી દે. આ ગામ હવે આવશે. ત્યાંના લોકો મને ઓળખે છે. જો તેઓ તને ગાળો દેતો સાંભળશે તો તારી સાથે ખરાબ વ્યવહાર કરશે. તેઓ તારી સાથે ખરાબ વ્યવહાર કરશે તો મને તારા કરતાં પણ વધુ દુઃખ થશે.'

સમર્થ રામદાસના આ શબ્દો સાંભળી પેલો દુર્જન તેમના પગે પડી ગયો અને તેણે માફી માગી!

**બોધ વાક્યો :**

★ ઉદ્દંડતા માનવીનો મહાન દુર્ગુણ છે.

★ દુર્જન સાથે પણ સજ્જનતા દાખવી તેને સુધારવો જોઈએ.

★ મહાન મનુષ્યો કોઈપણ મનુષ્યને સહેજ પણ દુઃખ પહોંચાડતા નથી.

★ ગાળો, તિરસ્કારનો બદલો સદ્‌વ્યવહાર ને સન્માનથી પણ આપી શકાય.

★ કોઈપણ પરિસ્થિતિમાં સજ્જનતાનો ત્યાગ કરવો ન જોઈએ.

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • મંગળવાર, તા. ૧૬-૬-૨૦૧૫ સવારે ૧૦.૦૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તબીબી સેવા સમિતિ, મેડિકલ સેન્ટર | ઢીંચણનો ઘસારો - આર્થરાઈટિસ વિષય પર માહિતી તથા માર્ગદર્શન. નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન દ્વારા પરિસંવાદ. |
| • શુક્રવાર, તા. ૧૯-૬-૨૦૧૫ બપોરના ૨.૩૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | ફરસાણ, મિષ્ટાન્ન હરીફાઈ. |
| • ગુરુવાર, તા. ૨૫-૬-૨૦૧૫ સવારે ૧૧.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | તબીબી સેવા સમિતિ મેડિકલ સેન્ટર | પથરીની સમસ્યા તથા નિરાકરણ. નિષ્ણાત યુરોલોજી ડૉક્ટર દ્વારા પરિસંવાદ. |
| • રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ સવારે ૦૯.૦૦ કલાકેથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સામાન્ય સભા. |
| • શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ સવારે ૦૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન – ધ્વજવંદન કાર્યક્રમ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| • રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | પુરસ્કાર સમિતિ તથા સાંસ્કૃતિક સમિતિ | સરસ્વતી સન્માન, વિવિધ હરીફાઈઓના વિજેતાઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર વ્યક્તિઓનું બહુમાન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ. |

## ૭.૯ રિક્ટર સ્કેલ એટલે શું?

***ભૂકંપની સંહાર ક્ષમતાનું માપ રિક્ટર સ્કેલ વડે નોંધાય છે.***

★ ભૂગર્ભમાં થતી સપાટી તરફની હલચલની તીવ્રતાના આધારે ધરતીકંપની તીવ્રતા નક્કી થાય છે.

★ ધારો કે રિક્ટર સ્કેલ પર ૩ મેગ્નીટ્યુડનો આંચકો નોંધાયો છે તો તેનો ભૂસ્તરશાસ્ત્રીય અર્થ એવો થયો કે, ધરતીના પેટાળમાં સપાટી તરફ ૧ મીલિમીટરની હલચલ થઈ છે, જેની અસર કેન્દ્રબિંદુથી ૧૦૦ કિ.મી. સુધીની ત્રિજ્યામાં વર્તાશે.

★ ૩ રિક્ટર સ્કેલથી ઉપર જેમ જેમ આંકડો વધતો જાય તેમ ભૂકંપની સંહાર ક્ષમતા પ્રત્યેક દશાંશ ચિહ્ને અનેકગણી વધતી જાય.

★ ૬ રિક્ટર સ્કેલના ભૂકંપ કરતાં ૭ રિક્ટર સ્કેલના ભૂકંપની સંહાર ક્ષમતા ૧૦ ગણી વધારે હોય છે. ૬ રિક્ટર સ્કેલનો ભૂકંપ એટલે હિરોશીમા પર ઝિંકાયેલા ૪ અણુબોમ્બના ધડાકા જેટલી (કિરણોત્સર્ગ વગરની) અસર ગણાય છે. ૭ રિક્ટર સ્કેલનો ભૂકંપ એથીય ૩૨ ગણી વધારે ઊર્જા તીવ્રતમ આંચકા સ્વરૂપે ધરતીના પેટાળ તરફ ફેંકે છે, જેની ઝડપ આશરે પ્રત્યેક સેકન્ડે ૧૨૦૦ કિ.મી. જેટલી હોઈ શકે. એટલે તા. ૨૫-૪-૨૦૧૫ના રોજ નેપાળમાં થયેલા ધરતીકંપનો આંચકો છેક ૧૪૮૬ કિ.મી. દૂર પેશાવરમાંય એ જ સમયે અનુભવાયો હતો.

★ ભૂકંપનું કેન્દ્રબિંદુ કાઠમંડુથી ૮૧ કિ.મી. ઉત્તર - પશ્ચિમ દિશાએ આવેલ સિતારિયા ઘાટી આસપાસ હોવાનું યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વેનું અનુમાન છે.

★ ધરતીની સપાટીથી આશરે ૧૦ કિ.મી. ઊંડે થયેલી હલચલે સપાટી પર પશ્ચિમ દિશાએ દોઢ હજાર કિ.મી. સુધી કંપનની અસર પહોંચાડી હતી.

★ પૂર્વ અને ઉત્તર તરફ હિમાલયના પહાડોને લીધે ધરતીકંપનો આંચકો શમી ગયો હતો. આમ છતાં કંચનજંઘા અને માઉન્ટ એવરેસ્ટના પર્વતારોહકોએ ગંભીર આંચકો અનુભવ્યો હતો.

# વિશ્વની સાથે કદમ મિલાવવા હોય તો....

• યાસીન દલાલ •

આ સહસ્રાબ્દીની સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ વિજ્ઞાન અને ટેકનોલોજીની છે. ખગોળ વિજ્ઞાનથી માંડીને તબીબી ક્ષેત્ર સુધી આધુનિક વિજ્ઞાને જે પ્રગતિ કરી છે એ પ્રગતિ ન થઈ હોત તો આપણામાંથી મોટા ભાગના તો આ નવી સદી જોવા માટે જીવતા પણ ન રહ્યા હોત. એક જમાનામાં સરેરાશ આયુષ્ય જ ૪૦ થી ૪૫ વર્ષનું હતું. આજે સુધરેલા દેશોમાં તો એ વધીને ૯૦-૯૫ વર્ષે પહોંચ્યું છે અને હજી આ પ્રગતિની કૂચ સતત ચાલુ જ છે. આવતી સદીમાં મનુષ્યનું વૃદ્ધત્વ રોકવા અને એને કાયમ માટે યુવાન રાખવાના પ્રયોગો પણ સફળ થાય એવી પૂરી શક્યતા છે. એટલું જ નહીં, હૃદયથી કિડની સુધીના શરીરના મોટાભાગનાં અંગઉપાંગોની અદલાબદલી પણ હવે શક્ય બનવાની છે. કૃત્રિમ લોહી બનાવવાના પ્રયોગો ચાલુ છે અને જીવશાસ્ત્રની મદદથી એવા બીજા અવનવા પ્રયોગો ચાલી રહ્યા છે, જેની વાતો પણ અત્યારે અત્યંત રોમાંચક લાગે છે. ઈન્ટરનેટ ઉપર લોકો પોતાની શારીરિક તકલીફનું વર્ણન કરે છે અને દુનિયાભરમાં ડોક્ટરો એના ઉપચાર બતાવે છે. આપણા માટે તો છેલ્લા બે-ત્રણ વર્ષમાં કમ્પ્યુટર અને ઈન્ટરનેટ આપણા ઘરઆંગણે આવ્યાં, એ જ આ સદીની કે સહસ્રાબ્દીની સૌથી મોટી ઉપલબ્ધિ છે. આપણામાં જો થોડી દીર્ઘદૃષ્ટિ, સૂત્ર અને થોડું વ્યવસ્થિત આયોજન હોય તો આ નવી શોધખોળોની મદદથી દેશની કાયાપલટ કરી શકીએ. પણ, આપણે હજી એક બાજુ ઈન્ટરનેટ અને બીજી બાજુ ધાર્મિક શ્રદ્ધા, અંધશ્રદ્ધા, કથાઓ અને ધાર્મિક વિખવાદોમાં રાચનારી પ્રજા છીએ.

એક સામયિકે સહસ્રાબ્દીની શ્રેષ્ઠ પ્રતિભાનું સર્વેક્ષણ કર્યું તો એમાં મુદ્રણ વિદ્યાની શોધ કરનાર જહોન ગુટેનબર્ગનું નામ નીકળ્યું! અને વાત પણ સાચી છે. ગુટેનબર્ગે જો મુદ્રણકળાની શોધ ન કરી હોત તો આ લેખ વાચકોને વાંચવા ન મળી શકત અને આટલાં બધાં દૈનિકો અને સામયિકોની અજાયબ દુનિયા આપણી નજર સામે ઊઘડી જ ન હોત. વાસ્તવમાં ગુટેનબર્ગની આ એક શોધ પછી જ માનવજાતિની પ્રગતિનાં દ્વાર ખૂલ્યાં છે, એમ કહી શકાય. ૧૪૫૦માં મુદ્રણકળાની શોધ થઈ, એ પહેલાં માણસ કાગળ ઉપર સાદી શાહીથી લખી શકતો એટલું જ. ગુટેનબર્ગને વિચાર આવ્યો કે, આ રીતે લહિયાઓ બાઈબલની નકલો તૈયાર કરે એમાં ખૂબ સમય લાગે છે. એના કરતાં લખાણની એકસરખી અનેક નકલો છાપી શકાય એવું કંઈક વિચારવું જોઈએ. એમાંથી મુદ્રણની કળા વિકસી. પહેલાં પુસ્તકો છપાયાં, પછી દૈનિકો શરૂ થયાં અને ૧૮૯૫માં લુમિયેર ભાઈઓએ સિનેમાની શોધ કરી અને માધ્યમોની દુનિયામાં એક ક્રાંતિ આવી ગઈ. એ પછી વીસમી સદી આવી અને રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન, ગ્રામોફોન, ગ્રામોફોન રેકર્ડ, એવી અવનવી શોધો થતી જ રહી અને સદીઓ સુધી ગુફાઓમાં રહેનાર માણસ એકાએક હવામાં ઊડવા લાગ્યો અને દરિયાના પાણી ઉપર સ્ટીમરમાં તરવા લાગ્યો. બધી રીતે વિચારીએ તો આ સહસ્રાબ્દી વિજ્ઞાન અને ટેકનોલોજીને ફાળે જ જાય છે. એમાં પણ છેલ્લાં ૪૦૦ વર્ષમાં એવી જબરદસ્ત શોધખોળો એટલી ઝડપથી થઈ છે, કે એ પહેલાંના લાખો વર્ષ માણસે કઈ રીતે વિતાવ્યાં હશે એની કલ્પનાથી ગ્લાનિ થઈ આવે.

**વ્યવસ્થિત આયોજન હોય તો આ નવી શોધખોળોની મદદથી દેશની કાયાપલટ કરી શકીએ.....**

૧૯૦૧માં માર્કોનીએ રેડિયો બનાવ્યો. ૧૯૦૩માં રાઈટ બંધુઓએ વિમાનની શોધ કરી. ૧૯૦૭માં આર્થર ડોને ફેક્સિમિલ મશીન બનાવ્યું. ૧૯૨૬માં ગોડાર્ડે રોકેટ તૈયાર કર્યું અને ચંદ્ર ઉપર પહોંચવા માટેના કાર્યક્રમનું શિલારોપણ થઈ ગયું. ૧૯૩૩માં રડારની શોધ થઈ. ૧૯૩૮માં ઝેરોક્ષ મશીન આવ્યું. એ જ વર્ષે બોલ-પેન બની. ૧૯૩૯માં હેલિકોપ્ટર આવી ગયું. ૧૯૪૦માં લોહીને સંઘરવાની પદ્ધતિ વિકસતાં બ્લડ બેંકો અસ્તિત્વમાં આવી. ૧૯૪૬માં જહોન મેકલીએ પહેલું ડિજિટલ કમ્પ્યુટર વિકસાવ્યું. ૧૯૪૭માં પોલોરોઈડ કેમેરા બન્યા. ૧૯૫૬માં વી.સી.આર. આવી ગયું. ૧૯૬૨માં આર્થર ક્લાર્કની કલ્પના સાકાર થઈ અને પહેલું કોમ્યુનિકેશન સેટેલાઈટ 'ટેલસ્ટાર' બન્યું. ૧૯૭૨માં પોકેટ કેલ્ક્યુલેટર બન્યાં. ૧૯૭૫માં પર્સનલ કમ્પ્યુટર આવ્યું. ૧૯૭૬માં નાસાએ પ્રથમ સ્પેસ શટલ બનાવ્યું. ૧૯૭૯માં વૉકમેન બન્યું.

અને, વિજ્ઞાનની આ શોધ-સિલસિલાની સમાંતરે તબીબી વિજ્ઞાને પણ અવનવી તરક્કી ચાલુ જ રાખી. ૧૯૨૧માં ડાયાબિટીસના દર્દીઓ માટે ઈન્સ્યુલિન વિકસાવ્યું. ૧૯૫૨માં પોલિયોની રસી શોધાઈ ગઈ. ૧૯૫૬માં ગર્ભ નિરોધક ગોળી બની. ૧૯૭૮માં પ્રથમ ટેસ્ટ ટ્યુબ બેબીનો જન્મ થયો. એ પહેલાં છેક ૧૯૪૩માં કિડનીની બીમારી માટે ડાયાલિસીસ મશીન બની ચૂક્યું હતું. આ થોડા દાખલા છે. આ ઉપરાંત તબીબી વિજ્ઞાને શીતળાના રોગ પર વિજય મેળવ્યો અને ક્ષયને કાબૂમાં લઈ લીધો. ડૉ. ઍરહોર્ડે હૃદયનું પ્રત્યારોપણ કર્યું. કિડનીની પણ અદલાબદલી થવા માંડી.

અને, આ બધી જ શોધખોળો અમેરિકા, જર્મની, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને ઑસ્ટ્રિયામાં થઈ છે. એમાં ભારત, ચીન, પાકિસ્તાન કે ઈન્ડોનેશિયા ક્યાંય આવતા નથી. 'હમદોનો' નામની ફિલ્મમાં એક ગીત હતું, 'બરબાદિયોં કા શોગ મનાના ફઝૂલ

થા, બરબાદિયોં કા જશ્ન મનાતા ચલા ગયા....' આપણી સ્થિતિ પણ કંઈક આ પ્રકારની છે. આપણો છેલ્લા એક હજાર વર્ષનો ઈતિહાસ વિદેશી આક્રમણો અને ગુલામીનો ઈતિહાસ છે. આપણે પ્રજા તરીકે એટલા બધા વિભાજિત હતા અને એટલા બધા વિખવાદોમાં પડેલા હતા કે કોઈનો પણ મુકાબલો કરી શક્યા નહીં. પચાસ અંગ્રેજો કેરળના કાંઠે ઊતર્યા અને જોયું કે અહીં તો કેશવિહીન વિપ્ર વનિતાનું કૃષિ ક્ષેત્ર પડેલું છે. પરિણામે, ધીમે ધીમે બે-પાંચ હજાર અંગ્રેજોએ પચાસ કરોડની પ્રજાને ગુલામીની જંજીરમાં જકડી લીધી. અંગ્રેજો આપણા નાગરિકોને ચાપલૂસી બદલ રાયબહાદુર કે સરનો ઈલકાબ આપતા અને આપણે હરખાઈ જતા. ચર્ચિલ જેવા અંગ્રેજો આપણી નબળાઈઓને બરોબર ઓળખી ગયા હતા. પરિણામે, એમણે આઝાદી આપતી વખતે આપણા નેતાઓ વિશે જે આગાહીઓ કરી, એ બધી સાચી પડી છે. આટલી હદે પરાજિત પ્રજા જ્યારે ભૂતકાળનું વિશ્લેષણ કરવા બેસે ત્યારે એમાંથી બોધપાઠ લેવા જોઈએ અને ભવિષ્યમાં એનું પુનરાવર્તન ન થાય એનાં પગલાં વિચારવાં જોઈએ. પણ, આપણે તો આપણી સંસ્કૃતિની પોકળ મહાનતાનાં ગુણગાન ગાવામાં જ મશગુલ છીએ.

૨૧મી સદીની ઉજવણીને પૃથ્વી પર વસતા કરોડો ગરીબ, બેકાર અને ઘરબાર વિનાના લોકોને શી લેવાદેવા છે? મુંબઈ કે અમદાવાદની હોટલોમાં કરોડોના ઉજવણીના તમાશા યોજાયા ત્યારે એ શહેરની ઝૂંપડપટ્ટીમાં રહેનારા અને ઠંડીથી ધ્રૂજતા વંચિતોને માટે તે એમની એ એક વધુ ક્રૂર મશ્કરી જ છે. નવી સદીમાં દરેક સુખી માણસ બીજા દસ દુઃખી માણસોનો ઉધ્ધાર કરવાની પ્રતિજ્ઞા લેશે ખરો? વૈભવી બંગલામાં રહેનારા ધનાઢ્ય દસ-વીસ ઝૂંપડાંવાસીઓને નાનું રહેવાનું ઘર અપાવવામાં મદદરૂપ થશે ખરા? દર વર્ષે વાવાઝોડામાં ઘરબાર ગુમાવતા લાખો કાંઠાવાસીઓનો ઉધ્ધાર થશે ખરો? રસ્તા પર અકસ્માતમાં જાન ગુમાવનારા અને ઘાયલ થનારા હજારો રાહદારીઓને સારા રસ્તા મળશે? નળમાં દાખલ થઈ જતું ગટરનું પાણી બંધ થશે? ટાઢમાં કપડાં વિના અને તડકામાં છત્ર વિના ટળવળતા વંચિતોને ૨૧મી સદી શું ભેટમાં આપવાની છે? દેશની સડકો પર અને કારખાનાઓમાં મજૂરી કરનારા ૩ કરોડ બાળમજૂરોનો ઉધ્ધાર આપણે આ સદીમાં કરવાનો સંકલ્પ કરી શકવાની સ્થિતિમાં છીએ? મુંબઈ અને કલકત્તાની ઝૂંપડપટ્ટીમાં શરીર વેચતી લાખો વેશ્યાઓને માટે આ સદી શું લાવી છે? આ વિકરાળ પ્રશ્નોનો જવાબ નવી સદી માંગી રહી છે. આ સમસ્યાઓ ઉકેલી શકે તેમ છે, જરૂર છે થોડી સંવેદનાની અને થોડા શ્રમની. અંગત સ્વાર્થ અને સત્તાની લાલચમાંથી બહાર આવીને વિચારીશું તો નવી સદીમાં કંઈક નક્કર કરી બતાવવાનું સાહસ મળશે.

આપણે ત્યાં હેલિકોપ્ટર પણ ઊડે છે અને બળદગાડાં પણ ચાલે છે. મુખ્ય પ્રધાનો એક બાજુ ઈન્ફોર્મેશન ટેકનોલોજીનાં સપનાં જુએ છે અને બીજી બાજુ દિવસો સુધી બેઠાં બેઠાં કથા સાંભળે છે. દાળઢોકળીની સાથે ઈટાલિયન પિઝા પણ ગોઠવાઈ ગયા છે. કમ્પ્યુટર આવી ગયું છે, પણ લોકો એના પર કુંડળી કઢાવે છે. વીડિયો દ્વારા કથાશ્રવણ ચાલે છે અને ઝેરોક્ષનો ઉપયોગ પરીક્ષાનાં પ્રશ્નપત્રો ફોડવામાં થાય છે. શાંતિમય સહઅસ્તિત્વનો આપણો આ તદ્દન નવો મૌલિક અભિગમ છે. એક બાજુ દરરોજ ડઝનબંધ નવવધૂઓને સળગાવી દેવાય છે અને બીજી બાજુ સંસદમાં ૩૩ ટકા મહિલા આરક્ષણના ખરડા રજૂ થાય છે. એક તરફ લોકો નળમાં ભળી ગયેલા ગટરનાં પ્રદૂષિત પાણી પીને ઝાડા-ઊલટી અને કોલેરાના શિકાર બને છે અને બીજી બાજુ ઊંચી હોટલોમાં મિનરલ વોટરની બોટલો પીરસાય છે. ઓરિસ્સામાં દસ હજાર માણસો વાવાઝોડાથી મરી રહ્યા હતા, ત્યારે આપણા સંસદસભ્યો પોતાને મળતા મફત વિમાન પ્રવાસ વધારવાના ઠરાવ પર મતદાન કરી રહ્યા હતા. એક બાજુ પર્સનલ કમ્પ્યુટરની બોલબાલા છે, અને બીજી બાજુ ખેતરમાં આપણો ખેડૂત હજી જાતે હળ ચલાવીને વાવણી કરે છે. ૨૧મી સદીના આરંભે આપણે આવા હજારો ભવ્ય વિરોધાભાસોમાં રાચી રહ્યા છીએ. આપણી પાસે ભવિષ્યનું કોઈ વિઝન નથી, દૃષ્ટિ નથી, આયોજન નથી. નેતાઓ સત્તા ટકાવવા માટે હવામાં બાચકા ભરી રહ્યા છે. વૈજ્ઞાનિકોને ઝડપી ટ્રેન બનાવવામાં નહીં, પણ બોમ્બ અને મિસાઈલ બનાવવામાં વધુ રસ પડી રહ્યો છે.

૨૧મી સદીમાં વિશ્વની સાથે કદમ મિલાવવા હોય તો એક સ્પષ્ટ અને સીધી વિકાસ રેખા દોરવી પડશે, ભૂતકાળના સાંસ્કૃતિક વળગણ અને મિથ્યાભિમાનમાંથી બહાર આવવું પડશે. મધરાતે શેરીઓમાં ફટાકડા ફોડવાથી ૨૧મી સદી આવી જશે નહીં. એને માટે નજર ભવિષ્ય તરફ ફેરવવી પડશે. આવતી સદી 'ક્લોનિંગ' ની સદી છે. આવતી સદી ઈન્ટરનેટ ઉપર તબીબી સલાહ મેળવવાની સદી છે. આવતી સદી ઈશાક આસીમોવ અને આર્થર ક્લાર્કની અને કાર્લ સેગનની કલ્પનાઓ સાકાર કરવાની સદી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી ઉપરછલ્લા સુશોભન માટેનાં આભૂષણો નથી, પણ જીવનના દરેક નિર્ણયમાં અપનાવવાની ચીજ છે. પાણીની અછત નિવારવી હોય કે વાવાઝોડાં રોકવા હોય તો ટેકનોલોજી પાસે ઉપાય પડ્યા છે. આપણી પાસે એ ટેકનોલોજીના ઉપયોગની સૂઝ અને ઈચ્છાશક્તિ જોઈએ.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

"ROLEX" Brand

**Rushabh**
**STEEL CENTRE**
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# વિશ્વ કક્ષાએ વિજ્ઞાન - સંશોધનમાં ભારત પાછળ

*વિશ્વવિખ્યાત સંશોધક મેગેઝિન 'નેચરે' ભારતમાં વિજ્ઞાન અને સંશોધન અંગે વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે. એ પ્રમાણે ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનની સ્થિતિ ખાડે ગઈ છે. દેશમાં વર્ષે અનેક ડૉક્ટરેટ (પીએચ.ડી.) નિબંધો તૈયાર થાય છે, પણ તેમાંથી ૯૦ ટકાનો કશો વ્યવહારુ ઉપયોગ હોતો નથી. અહેવાલમાં રજૂ થયેલી એવી જ કેટલીક વિગતો....*

## વિજ્ઞાનમાં કેટલી વ્યક્તિઓ?

ભારતમાં વિજ્ઞાન - સંશોધન ક્ષેત્રે કામ કરતાં લોકોની સંખ્યા અત્યંત પાંખી છે. ડૉક્ટર - એન્જિનીયર બનવાનું વિચારતી ભારતની ભાવિ પેઢી વિજ્ઞાની બનવાનું નથી વિચારતી. પરિણામે ભારતમાં દર દસ હજાર વ્યક્તિએ વિજ્ઞાનમાં કામ કરતા હોય એવા લોકોની સંખ્યા માત્ર ૪ જ છે. જુઓ કયા દેશમાં શું સ્થિતિ છે?

| | |
|---|---|
| ભારત | ૪ |
| કેન્યા | ૬ |
| ચીલી | ૭ |
| બ્રાઝિલ | ૧૪ |
| ચીન | ૧૮ |
| રશિયા | ૫૮ |
| યુ.કે. | ૭૯ |
| અમેરિકા | ૭૯ |

## પેટન્ટમાં પછાત ભારત

નવું સંશોધન - શોધ થાય તો તેની પેટન્ટ નોંધવામાં આવે છે. ભારતમાં પેટન્ટ પણ મર્યાદિત સંખ્યામાં નોંધાય છે. અહીં જુઓ, દર દસ લાખ વ્યક્તિએ ભારતમાં અને અન્ય દેશોમાં કેટલી પેટન્ટ અરજીઓ થાય છે

| | |
|---|---|
| ભારત | ૧૭ |
| બ્રાઝિલ | ૩૪ |
| રશિયા | ૨૩૭ |
| ચીન | ૫૪૧ |
| કેનેડા | ૭૪૮ |
| અમેરિકા | ૯૧૦ |
| જર્મની | ૨૨૮૮ |
| જાપાન | ૩૭૧૬ |
| દક્ષિણ કોરિયા | ૪૪૫૧ |

ભારતમાં તૈયાર થતાં કુલ સંશોધકો પૈકી ૪૦ ટકા સંશોધકો પરદેશમાં જતા રહે છે. પરદેશમાં જતા સંશોધકોમાં પણ ૭૫ ટકા વિજ્ઞાનીઓની પસંદગી તો અમેરિકા જ હોય છે.

★

ભારત સરકારે ૨૦૦૫માં સંશોધન પાછળ જીડીપીના ૨ ટકા રકમ ખર્ચવાનો નિર્ધાર જાહેર કર્યો હતો. સરેરાશ ખર્ચ ૦.૯ ટકા જેટલો જ થાય છે.

★

ભારતમાંથી યુરોપના દેશો કે અમેરિકામાં અભ્યાસ કરવા જતાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓ ત્યાં ડોક્ટરેટની ડિગ્રી હાંસલ કરે તો પછી ત્યાં જ સ્થિર થવાનું પસંદ કરે છે. ૧૯૯૩થી ૨૦૦૭ વચ્ચે અમેરિકામાં ભણવા આવેલાં કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓ પૈકી ૯૩ ટકાએ અમેરિકાને જ પોતાનું વતન બનાવી લીધું હતું.

## રિસર્ચ પેપરમાં કોણ કયા ક્રમે?

૨૦૧૧માં કયા દેશે કેટલા ઈન્ટરનેશનલ રિસર્ચ પેપર તૈયાર કર્યા, એ અહીં જુઓ :

| | |
|---|---|
| અમેરિકા | ૪૩૬૭ |
| યુ.કે. | ૧૩૨૬ |
| ચીન | ૯૦૩ |
| જાપાન | ૫૩૬ |
| ભારત | ૧૮૭ |

## સંશોધન પાછળ ખર્ચ કેટલો

ભારત જોકે સંશોધન પાછળ ઘણો ખર્ચ કરે છે. પણ માત્ર ખર્ચ કરવાથી વૈજ્ઞાનિક અભિગમ વિકસતો નથી. એક સંશોધક પાછળ કયો દેશ કેટલો ખર્ચ કરે છે :

| *દેશ* | *ખર્ચ (ડોલર)* |
|---|---|
| અમેરિકા | ૩૪૨૦૦૦ |
| જર્મની | ૨૯૩૦૦૦ |
| ઓસ્ટ્રિયા | ૨૭૩૦૦૦ |
| ઈટાલી | ૨૩૮૦૦૦ |
| જાપાન | ૨૨૬૦૦૦ |
| ફ્રાન્સ | ૨૧૪૦૦૦ |
| દક્ષિણ કોરિયા | ૨૦૨૦૦૦ |
| બ્રાઝીલ | ૧૮૧૦૦૦ |
| ચીન | ૧૭૩૦૦૦ |
| ભારત | ૧૭૧૦૦૦ |

## વિજ્ઞાનમાં આગળ નીકળવાની જરૂર શું?

વેપાર-ધંધા, આર્થિક રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે ક્ષેત્રોમાં ભારતમાં તેજી જોવા મળી રહી છે. તો પછી વિજ્ઞાનમાં આગળ ન વધીએ તો ન ચાલે? ન ચાલે કેમકે વિજ્ઞાન બધા વિકાસના મૂળમાં છે. વૈજ્ઞાનિક સંશોધનો પછી જ યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ, વિકાસ શરૂ થયો અને આજે યુરોપના દેશો અત્યંત સમૃદ્ધ ગણાય છે. વિજ્ઞાનીઓએ સંશોધનમાં રસ ન લીધો હોત તો આપણને આપણું બ્લડગ્રૂપ ખબર પડી શકતી ન હોત, શિતળાની રસી ન શોધાઈ હોત... વિજ્ઞાનમાં રસ લીધા વગર પણ કોઈ દેશ ટકી શકે, પણ ધીમે ધીમે જગત તેની નોંધ લેવાનું બંધ કરી દે છે.

# ૪૦ વર્ષ પહેલાંનો દિવસ
# THE BLACK DAY OF INDIA – EMERGENCY

*ઈતિહાસમાં અમુક તારીખો એવી રીતે લખાઈ ગઈ હોય છે જે ક્યારેય ભૂંસાતી કે ભુલાતી નથી. આપણા દેશ માટે ૨૫મી જૂનની તારીખ એવી જ છે. ૨૫મી જૂન, ૧૯૭૫ના દિવસે તત્કાલીન વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી હતી. સતત ૨૧ મહિના સુધી દેશ અનિશ્ચિતતામાં જીવ્યો હતો. મીડિયાનું મોઢું સીવી લેવાયું હતું. નેતાઓને જેલમાં ધકેલી દેવાયા હતા. આઝાદી અને લોકશાહી સામે પ્રશ્નાર્થ ચિહ્નો લાગી ગયાં હતાં. દેશનાં એટલાં સદ્‌નસીબ કે એક ખતરનાક ડાયવર્ઝન પછી દેશની ગાડી ફરીથી પાટે ચડી ગઈ. કટોકટી પછી દેશમાં ઘણું બધું બદલાઈ ગયું. ખુશી થવા જેવી વાત એ છે કે આવી કપરી સ્થિતિમાં પણ દેશ એક રહ્યો, અખંડ રહ્યો અને વધુ બળવત્તર થઈ બહાર આવ્યો.*

*લેખકશ્રીએ તે વખતની સમગ્ર ઘટના ખૂબ જ રસપ્રદ રીતે અત્રે રજૂ કરી છે.*

*– તંત્રી મંડળ*

એ દિવસે તારીખ ૨૫મી જૂન હતી. વાર બુધવાર હતો અને સાલ હતી ઈ.સ. ૧૯૭૫. એ દિવસ ભારતનાં ઈતિહાસમાં 'ધ બ્લેક ડે' તરીકે નોંધાયેલો છે. તત્કાલીન વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ પોતાની સત્તા બચાવવા માટે દેશમાં કટોકટી લાદી દીધી હતી. સતત ૨૧ મહિના સુધી દેશમાં ડિક્ટેટરશિપ જેવી સ્થિતિ પ્રવર્તતી હતી. જયપ્રકાશ નારાયણના નારા 'સિંહાસન ખાલી કરો, જનતા આવી રહી છે' એ ઈન્દિરાની સરકારના પાયા હચમચાવી નાખ્યા હતા. લાખો લોકો દિલ્હીમાં એકઠા થઈ ગયા હતા. સંસદ અને વડાપ્રધાનના નિવાસસ્થાનને ઘેરવાનું આહ્વાન હતું. કંઈ થાય એ પહેલાં જ દેશના લોકોનો અવાજ દબાવી દેવાયો. નેતાઓને જેલમાં ધકેલી દેવાયા. પ્રેસ ઉપર પણ સેન્સરસિપ આવી ગઈ. કોઈને કંઈ સમજાતું ન હતું કે શું થઈ રહ્યું છે! એ સમય જ કંઈક એવો હતો. લોકોમાં ઉચાટ હતો. ઉશ્કેરાટ હતો નિરાશા હતી. આખા દેશમાં અરાજકતા અને અંધાધૂંધીનો માહોલ હતો. આમ તો કટોકટી પહેલાં ઘણા સમયથી જ લોકો તંગ હતા. વિરોધની શરૂઆત ગુજરાતથી થઈ હતી એવું કહીએ તો પણ ખોટું નથી. ડિસેમ્બર, ૧૯૭૩માં ગુજરાતમાં નવનિર્માણ આંદોલન થયું. આ આંદોલન એટલું બધું વકર્યું કે તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઈ પટેલે સત્તા છોડવી પડી. રાષ્ટ્રપતિ શાસન આવ્યું. નવનિર્માણ આંદોલન પૂરું થયું. ચૂંટણીમાં કોંગ્રેસનો ખરાબ રીતે પરાજય થયો. જનતા પાર્ટીનો વિજય થયો અને સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. એ દરમિયાનમાં જ માર્ચ, ૧૯૭૪માં બિહારમાં બિહાર છાત્ર સંઘર્ષ સમિતિના નેજા હેઠળ આંદોલન છેડાયું. સ્વ. જયપ્રકાશ નારાયણે સ્ટુડન્ટ્સ અને લેબર આર્ગેનાઈઝેશનને સંઘર્ષ માટે આહ્વાન કર્યું. બિહારમાં રાષ્ટ્રપતિ શાસનની માંગણી ઊઠી પણ કેન્દ્ર સરકારે ના પાડી દીધી. આવી ઘટનાઓ ચાલુ હતી ત્યાં રેલવેના કર્મચારીઓએ હડતાલ પાડી. ઈન્દિરા ગાંધીની સરકારે રેલવેની હડતાલને કચડી નાખી. રેલવેના હજારો કર્મચારીની ધરપકડ થઈ. આંદોલનકારીઓને નોકરીમાંથી છૂટા કરી દેવાયા. રેલવેનાં ક્વાર્ટર્સ ખાલી કરાવ્યાં. આખા દેશમાં રોષ ફેલાયેલો હતો.

લોકસભાની ચૂંટણીમાં રાયબરેલી બેઠક ઉપર ઈન્દિરા ગાંધી સામે રાજનારાયણ હારી ગયા હતા. આ રાજનારાયણે ઉત્તરપ્રદેશની અલાહાબાદ હાઈકોર્ટમાં ઈન્દિરા ગાંધી સામે ચૂંટણી જીતવા માટે સરકારી મશીનરીના દુરુપયોગનો કેસ કરી ઈન્દિરા ગાંધીની ચૂંટણી રદબાતલ કરવા દાદ માગી. શાંતિભૂષણ, રાજનારાયણના વકીલ હતા. દેશના ઈતિહાસમાં પહેલી વખત એવું થયું કે વડાપ્રધાનને ક્રોસ એક્ઝામિન કરાયા. ૧૨મી જૂન, ૧૯૭૫ના દિવસે આખા દેશમાં ખરા અર્થમાં સનસનાટી મચી ગઈ. અલાહાબાદ હાઈકોર્ટના જજ જગમોહનલાલ સિંહાએ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સામેના આરોપોને સાચા જાહેર કરી ઈન્દિરા ગાંધીને દોષી ઠેરાવ્યાં. ચૂંટણી જીતવા માટે સરકારી મશીનરીનો ગેરકાયદે ઉપયોગ થયો હતો અને મતદારોને લાંચ આપવામાં આવી હતી એ સાબિત થયું. ચૂંટણીને રદબાતલ જાહેર કરી, એટલું જ નહીં ઈન્દિરા ગાંધી ઉપર છ વર્ષ સુધી ચૂંટણી લડવા સામે પ્રતિબંધ લાદી દેવાયો. મતલબ કે ઈન્દિરાજી પાસે એક માર્ગ બાકી હતો, અલાહાબાદ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાનો.

ઈન્દિરાજી સુપ્રીમમાં ગયાં. કેસ ચાલ્યો. ચુકાદાનો દિવસ હતો ૨૪મી જૂન, ૧૯૭૫નો. સુપ્રીમના જજ હતા બી.આર. કૃષ્ણઐય્યર. અલાહાબાદ કોર્ટનો ચુકાદો સુપ્રીમે પણ માન્ય રાખ્યો. અલબત્ત, કોર્ટે ઈન્દિરાજીને આંશિક રાહત આપી વડાપ્રધાનપદે ચાલુ રહેવાની મંજૂરી આપી. જોકે, તેમણે એવો આદેશ પણ આપ્યો કે ઈન્દિરાજીને સંસદસભ્ય તરીકે મળતાં તમામ

પ્રિવિલેજીસ તાત્કાલિક ધોરણે બંધ થાય. દેશમાં ઉશ્કેરાટ તો હતો જ, એમાં આ ચુકાદાએ બાકીનું કામ પૂરું કર્યું.

૨૫મી જૂને જયપ્રકાશ નારાયણે દિલ્હીમાં જંગી રેલી યોજી. પાંચ લાખ જેટલા લોકો આ રેલીમાં હાજર હતા. આ રેલીમાં જયપ્રકાશ નારાયણે લોકોને સંસદ તરફ કૂચ કરવાનું આહ્વાન આપ્યું. લોકોને કામધંધા બંધ રાખવા આપીલ કરી. સૌથી મોટી વાત એ થઈ કે તેમણે દેશના પોલીસ, અર્ધ સૈનિક દળ અને સેનાના જવાનોને કહ્યું કે તમારા આત્માના અવાજને અનુસરજો અને કાયદા વિરુદ્ધનું હોય એવું કોઈ જ કામ ન કરતાં. લોકો તૈયાર થઈ ગયા હતા. વડાપ્રધાન ઇન્દિરા ગાંધીને થયું કે જો પોલીસ અને બીજા જવાનો સરકારની વિરુદ્ધ ગયા તો આવી બન્યું. આખા દેશમાં એક જ નારો ગુંજતો હતો કે સિંહાસન ખાલી કરો. વડાપ્રધાન ઇન્દિરાજીને કોઈ રસ્તો સૂઝતો ન હતો. આખરે એમણે છેલ્લું પગલું ભરી લીધું અને એ હતું દેશમાં કટોકટી લાદી દેવાનું!

- **કેવી રીતે લદાઈ કટોકટી?**

વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીએ પોતાના અત્યંત વિશ્વાસુ અને પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન સિદ્ધાર્થ શંકર રેને દિલ્હી બોલાવ્યા. સિદ્ધાર્થ શંકર રે ઍડવોકેટ પણ હતા. ઇન્દિરાજીના કહેવાથી કટોકટી લાદવા માટેનો મુસદ્દો સિદ્ધાર્થ શંકર રેએ તૈયાર કર્યો. બંધારણની કલમ-૩૫૨(૧) ને ટાંકીને કટોકટી લાદવાનો દસ્તાવેજ બનાવાયો. કટોકટી લાદવા માટે જે કારણો અપાયાં હતાં તેમાં સૌથી પહેલા હતું, દેશની રાષ્ટ્રીય સલામતી ઉપર ખતરો. દેશમાં ઉશ્કેરાટનું વાતાવરણ છવાયેલું છે અને અમુક નેતાઓ લોકોને ઉશ્કેરીને દેશને અરાજકતા તરફ ધકેલી રહ્યા છે. આ સાથે બીજાં કારણો પણ આપ્યાં. ઇન્ડિયાએ થોડાં વર્ષો અગાઉ જ પાકિસ્તાન સાથે યુદ્ધ ખેલ્યું હતું એટલે પાકિસ્તાન મોકાની જ રાહ જોઈને બેઠું છે. દેશની અંધાધૂંધી ભરેલી સ્થિતિમાં પાકિસ્તાન યુદ્ધ છેડી દે તેવો પણ ભય છે. દેશમાં પડેલા દુકાળ અને ૧૯૭૩ની ઓઈલ ક્રાઈસીસના કારણે દેશનું અર્થતંત્ર પણ નબળું પડી ગયું છે. દેશમાં જે રીતે હડતાલો અને દેખાવો થઈ રહ્યા છે એ જોતાં પણ ખતરો તોળાઈ રહ્યો છે.

મુસદ્દો તૈયાર હતો. હવે જરૂર હતી માત્ર રાષ્ટ્રપતિની સહીની. રાતના સમયે વડાપ્રધાન ઇન્દિરા ગાંધી, સિદ્ધાર્થ શંકર રે અને આર.કે. ધવન સાથે રાષ્ટ્રપતિ ભવન પહોચ્યાં. ફખરુદ્દીન અલી અહેમદ એ સમયે રાષ્ટ્રપતિ હતા. રાષ્ટ્રપતિએ વાત સાંભળી અને સહી કરી આપી. સ્વ. ઇન્દિરા ગાંધીએ તેમના કેબિનેટના સાથીઓની મંજૂરી લેવાની પરવા પણ કરી ન હતી. ઘરે આવીને ઇન્દિરા ગાંધીએ કામ શરૂ કરી દીધું. દિલ્હીના ન્યુઝપેપર્સની ઇલેક્ટ્રિસિટી બંધ કરી દેવાઈ! રાતે બાર વાગ્યાથી દેશમાં કટોકટી લાગુ થઈ ગઈ હતી. રાતે અઢી વાગ્યે દિલ્હીના મહાત્મા ગાંધી પ્રતિષ્ઠાન ખાતે રોકાયેલા જયપ્રકાશ નારાયણની ઊંઘમાંથી જગાડીને ધરપકડ કરી લેવાઈ. એ ઉપરાંત મોરારજી દેસાઈ અને બીજા નેતાઓને પણ જેલમાં ધકેલી દેવાયા. દેશના લોકોને તો બીજા દિવસે રેડિયાના સહારે જાણ થઈ કે દેશમાં કટોકટી લાદી દેવાઈ છે. ૨૬મી એ સવારે ૮ વાગે વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ રેડિયો પર રાષ્ટ્રજોગ પ્રવચન આપ્યું કે દેશમાં કટોકટી લાદવામાં આવે છે. કોઈએ પૅનિક થવાની જરૂર નથી. દેશની સ્થિતિ જોતાં આ બધું જરૂરી હતું.

રાષ્ટ્રજોગ વાયુ પ્રવચન પછી ઇન્દિરાજીએ કેબિનેટની બેઠક બોલાવી. એ વખતે ૧૫ પ્રધાનો હાજર હતા. માત્ર વીસેક મિનિટ ચાલેલી આ બેઠકમાં બધાએ મૂંગા મોઢે મંજૂરીની મહોર મારી દીધી. મીસા એટલે કે મેઈન્ટેનન્સ ઓફ ઇન્ટરનલ સિક્યોરીટી એક્ટ હેઠળ ધરપકડનો દોર શરૂ થયો. એમ્નેસ્ટી ઇન્ટરનેશનલના અહેવાલ મુજબ કટોકટી દરમિયાન ૧ લાખ ૪૦ હજારથી વધુ લોકોની કોઈ કારણ આપ્યા વિના ધરપકડ કરી લેવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જમાત-એ-ઇસ્લામી પર પ્રતિબંધ લાદી દેવાયો હતો.

એ સમયે ઇન્દિરા ગાંધીના પુત્ર સંજય ગાંધીનું જબરજસ્ત વર્ચસ્વ હતું. વસતિ ઘટાડવા માટે તેણે જબરજસ્તીથી નસબંધી કરાવવાનું શરૂ કર્યું હતું. વાત તો એવી પણ હતી કે સંજય ગાંધી એવું ઇચ્છતા હતા કે પ્રેસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવે અને તમામ કોર્ટ બંધ કરી દેવામાં આવે. જોકે, કોંગ્રેસના અમુક નેતાઓ તેની સાથે સંમત થયા ન હતા અને પ્રેસ પર લિમિટેડ સેન્સરશિપ જ રાખવાનું નક્કી થયું હતું. કટોકટી દરમિયાન જે કંઈ અખબારોમાં છપાતું, એ બધું માહિતી ખાતાના અધિકારીઓ ચેક કરતા. સરકાર વિરુદ્ધનો એક અક્ષર હોય તો પણ કઢાવી નખાતો હતો. સંદેશમાં બે વખત તંત્રીલેખની જગ્યા કોરી છોડી દેવાઈ હતી. ૨૮મી જૂન, ૧૯૭૫ ના દિવસે દિલ્હીના ઇન્ડિયન એક્સપ્રેસે લખેલો ઍડિટોરિયલ કેન્સલ કરાયો હતો. આ તંત્રી લેખ કાઢી નખાયા પછી તંત્રીલેખની જગ્યા કોરી છોડી દેવાઈ હતી. લોકો વાંચ્યા વગર જ બધી વાત સમજી ગયા હતા. 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' ની મુંબઈ એડિશનમાં ટેક્ટફુલ્લી ડેમોક્રેસીની ઓબેચ્યુરી છપાઈ ગઈ. 'ફાઈનાન્સિયલ એક્સપ્રેસ'માં રવીન્દ્રનાથ ટાગોરની 'વેર ધ માઈન્ડ ઈઝ વિધાઉટ ફિયર' શીર્ષકની કવિતા છપાઈ હતી. એ સિવાય પણ અનેક અખબારોએ જુદી જુદી રીતે વિરોધ નોંધાવ્યો હતો. કટોકટી બાદ ઇન્ડિયન જર્નાલિઝમમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું હતું.

॥ क्षमा वीरस्य भूषणम् ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

## • વાજપેયી અને અડવાણીની ધરપકડ :

તારીખ ૨૬મી જૂને બેંગ્લોરમાં ભારતીય જનતા પક્ષની બેઠક હતી. લાલકૃષ્ણ અડવાણીએ તેમની આત્મકથા 'મેરા દેશ મેરા જીવન' માં લખ્યું છે કે એ દિવસે હું દિલ્હીના પાલમ હવાઈ મથકથી પ્લેનમાં બેંગ્લોર ગયો હતો. અટલ બિહારી વાજપેયી તો વહેલા બેંગ્લોર પહોંચી ગયા હતા. ૨૬મી જૂને સવારે સાડા સાત વાગે જનસંઘ ઓફિસેથી ફોન આવ્યો કે દેશમાં કટોકટી લાદી દેવાઈ છે અને જયપ્રકાશ નારાયણ તથા બીજા નેતાઓની રાતે જ ધરપકડ થઈ ગઈ છે. તમારી પણ ગમે ત્યારે ધરપકડ થઈ જશે. આઠ વાગે રેડિયો ચાલુ કર્યો તો ઇન્દિરાજીનું રાષ્ટ્રજોગ પ્રવચન સાંભળવા મળ્યું.

હું, વાજપેયીજી અને બીજા ચાર-પાંચ આગેવાનો ભેગા થયા. કટોકટીનો વિરોધ કરતી એક પ્રેસ રિલીઝ તૈયાર કરી. અમને ત્યારે ખબર ન હતી કે પ્રેસ પર સેન્સરસિપ લદાઈ ગઈ છે અને અમારી આ પ્રેસનોટ ક્યાંય છપાવાની નથી. અટલ બિહારી વાજપેયીએ કહ્યું કે આપણાંમાંથી કોઈ વિરોધ નહીં કરે અને આપણે બધા ધરપકડ વહોરી લઈશું. દસ વાગે પોલીસ આવી અને બધાની ધરપકડ કરી જેલમાં પૂરી દીધા. અડવાણીજીએ તેમની ડાયરીમાં ૨૬મી જૂન, ૧૯૭૫ના દિવસે લખ્યું હતું કે, કદાચ આ ભારતીય લોકતંત્રના ઇતિહાસનો અંતિમ દિવસ છે. હું આશા રાખું છું કે મારો આ ભય ખોટો સાબિત ઠરે. જયપ્રકાશ નારાયણ, વાજપેયી, અડવાણી, રાજમાતા વિજયારાજે સિંધિયા, રાજનારાયણ, મોરારજી દેસાઈ, ચરણસિંહ, કૃપલાણી, સત્યેન્દ્ર નારાયણ સિંહા સહિત દેશનાં તમામ નેતાઓની ધરપકડ કરી લેવાઈ હતી. **રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરોએ છૂપાવેશે લોકશાહી માટે લોકોને જાગૃત કરવાનું કામ ચાલુ રાખ્યું હતું. આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વેશપલટો કરી કામ કરી રહ્યા હતા.** એ સમયે જયપ્રકાશ નારાયણથી પ્રેરાઈને લાલુપ્રસાદ યાદવ, નીતીશ કુમાર, મુલાયમસિંહ યાદવ પણ રાજકારણમાં આવ્યા હતા. કટોકટીએ દેશને ઘણા નેતાઓ આપ્યાં છે. લાલુપ્રસાદ યાદવની મીસા હેઠળ ધરપકડ થઈ હતી એટલે જ તેમણે એક દીકરીનું નામ મીસા રાખ્યું હતું. કટોકટીના અંત અને દેશમાં ફરીથી લોકશાહીના ઉદય માટેની તમામ ક્રેડિટ છેલ્લે તો ગાંધીવાદી વિચારસરણી અને જયપ્રકાશ નારાયણ જેવા ગાંધીવાદીઓના ફાળે જ જાય છે.

## • કટોકટીનો અંત અને કોંગ્રેસની કરુણ હાર :

દેશમાં લોકસભાની ચૂંટણી જાહેર કર્યા બાદ ૨૧મી માર્ચ, ૧૯૭૭ ના રોજ કટોકટીનો અંત લવાયો. કોંગ્રેસ સામે એ જ કેમ્પેન ચાલ્યું કે તમારે ડિક્ટેટરશિપ જોઈએ છે કે ડેમોક્રેસી? પરિણામ આવ્યું ત્યારે કોંગ્રેસની કરુણ હાર થઈ. ખુદ ઇન્દિરા ગાંધી અને સંજય ગાંધી પણ હારી ગયા. જનતા પાર્ટીને ૨૯૮ બેઠક મળી. એ સમયે લોકસભાની કુલ બેઠક ૫૪૨ હતી. સાઉથનાં ચાર રાજ્યો કોંગ્રેસની સાથે રહ્યાં એટલે કોંગ્રેસને ૧૫૩ બેઠક મળી. જનતા પાર્ટીએ સાથી પક્ષોની મદદથી સરકાર બનાવી. જનતા પાર્ટીની ૨૯૮ અને સાથી પક્ષોની ૪૭ મળી કુલ ૩૪૫ બેઠકો થઈ. મોરારજીભાઈ દેસાઈ પહેલી વખત નોનકોંગ્રેસી વડાપ્રધાન બન્યા. અલબત્ત, એ પછીની સરકારો લાંબી ન ચાલી. દેશના લોકોએ બીજી ચૂંટણીમાં વધુ એક વખત ઇન્દિરા ગાંધીને તક આપી અને કોંગ્રેસને જિતાડી. એ પછી ઇન્દિરા ગાંધી બદલાઈ ગયાં હતાં. તેમણે દેશના હિત માટે ઉમદા કાર્યો કર્યા. કટોકટી જેવી બીજી કોઈ ભૂલ તેમણે ન કરી. ભલે ઇન્દિરાજીએ કટોકટી લાદી હતી અને દેશના ઇતિહાસમાં એક કાળું પ્રકરણ ઉમેર્યું હતું, પણ તેમણે પોતાની ભૂલ અને લોકોએ ચખાડેલા બોધપાઠમાંથી ઘણી શીખ મેળવી હતી. દેશે જે રીતે કટોકટી દરમિયાન મક્કમતા દાખવી હતી એ જોઈને એવું જ કહેવું પડે કે લોકો આઝાદી અને લોકશાહી માટે જબરજસ્ત કટિબદ્ધ હતા. કટોકટીનો જો કોઈ નાનકડો અને એકમાત્ર પ્લસ પોઈન્ટ હોય તો એ હતો કે સરકારી કર્મચારીઓ રાતોરાત સુધરી ગયા હતા. અગિયારના ટકોરે સરકારી ઓફિસનું કામ શરૂ થઈ જતું. ટ્રેનો અગાઉ ક્યારેય દોડી ન હોય એટલા પરફેક્ટ ટાઈમે દોડવા લાગી હતી. લોકોનાં કામ પણ થતાં હતાં. સ્વ. મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા પછી તેમણે સૌથી મહત્ત્વનું કામ એ કર્યું હતું કે જે રીતે ઇન્દિરાજીએ કટોકટી લાદી હતી એ રીતે ભવિષ્યમાં બીજા કોઈ સત્તાધીશ કટોકટી ન લાદી શકે એવો કાયદો બનાવ્યો હતો. કટોકટી જેવી કમનસીબ ઘટના પછી પણ આપણો દેશ મજબૂતીથી બહાર આવ્યો એ કંઈ નાનીસૂની વાત ન હતી. આપણી લોકશાહીની એ જ તો ખૂબી છે!

***(સૌજન્ય : 'સંદેશ' અર્ધ સાપ્તાહિક)***

## પુસ્તક સમાલોચના

★ *પુસ્તક* : "સ્ત્રી" (પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫)

★ *લેખિકા* : ચૌલા કુરુવા (મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦)

★ *પુસ્તક કિંમત* : રૂા. ૫૦/-

★ ***અમદાવાદ ખાતે પુસ્તક પ્રાપ્તિ સ્થાન :***

- ગૂર્જર સાહિત્ય પ્રકાશન
- નવભારત સાહિત્ય મંદિર
- તક્ષશિલા બુક સ્ટોર, લૉ-ગાર્ડન.

આપણા સમાજના કેટલાક વર્તમાન લેખક એવા છે કે જેમણે પોતાનો વ્યવસાય અથવા તો સામાજિક પ્રવૃત્તિઓ કરતા કરતા લેખન પર હાથ અજમાવ્યો હોય. ચૌલાબેન કુરુવા એવા જ એક જાણીતા લેખિકા છે.

"સ્ત્રી" તેમનું સાતમું પુસ્તક છે. એ અગાઉનું પુસ્તક "મોર્નિંગ વૉક" હતું. "સ્ત્રી" પુસ્તક લોક જાગૃતિ માટેનું સુંદર પુસ્તક છે. સમાજના કેટલાક સામાજિક કુરિવાજો ઉપરાંત કાળા કાયદા અને કાનૂનોની વાત આ પુસ્તકની ખાસ નોંધનીય બાબત છે. ■

**શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

# કુદરતી ઉપચાર કેન્દ્ર



## કુદરતી ઉપચાર, યોગ અને પંચકર્મ કેન્દ્ર

### ફક્ત શુધ્ધ કુદરતી અને આયુર્વેદ નિદાન અને સારવાર પધ્ધતિ

★ નવીન સુવિધા અને નવા બાંધકામ સાથે ફરીથી સુસજ્જ સ્થિતિમાં શરૂ થયેલ નવ એકરમાં વ્યાપેલ કેન્દ્રમાં તમામ પ્રકારના રોગોની, તમામ પ્રકારની સારવાર ઉપલબ્ધ છે. સાથે રહેવાની ઉત્તમ સુવિધા માટે એ.સી. રૂમ, સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ ઉપલબ્ધ છે.

★ કેન્દ્રમાં ઓ.પી.ડી. અને આઈ.પી.ડી. દર્દીઓની વ્યવસ્થા અને સાથે કુદરતી ઉપચાર, યોગ, પંચકર્મ, ફિઝિયોથેરાપી, હેલ્થ સ્પા ફક્ત એક જ સેન્ટરમાં ઉપલબ્ધ.

**રોગોના ઉપચાર**

★ પેટ અને આંતરડાના રોગ
★ જૂની શરદી, એલર્જી
★ વાળ તથા ચામડીના રોગ
★ શ્વસનતંત્રના રોગ
★ પાચનતંત્રના રોગ
★ ઢીંચણનો દુઃખાવો, સોજો
★ મણકાનો ઘસારો
★ કમરનો દુઃખાવો
★ સાંધાનો દુઃખાવો
★ માનસિક તણાવ
★ સ્ત્રી રોગ
★ બ્લડપ્રેશર
★ મેદસ્વિતા
★ આમવાત
★ થાઈરોઈડ
★ હૃદયરોગ
★ પેરાલીસીસ
★ શરીર શુધ્ધિકરણ
★ ડાયાબિટીસ

વગેરે રોગોની સારવાર.....

**હોસ્પિટલની વિશેષ સારવાર**

★ પાણીની ચિકિત્સા
★ આહાર ચિકિત્સા
★ માટીની ચિકિત્સા
★ ચુંબકીય ચિકિત્સા
★ વિવિધ પ્રકારની માલીશ
★ શિરોધાર, નસ્ય, બસ્તી
★ ઔષધીય વરાળ સ્નાન
★ વાળ તથા ચહેરાની ઓર્ગેનિક ચિકિત્સા
★ બાળકોની માલીશ (૩થી ૧૨ વર્ષ)
★ વિવિધ પ્રકારના પેકેજ
★ એક્યુપંક્ચર અને રીફ્લેક્સોલોજી વગેરે

**યોગ ક્લાસ**

સવારે ૭.૦૦ થી ૮.૦૦ (સંયુક્ત ક્લાસ) અને
સાંજે ૫.૦૦ થી ૬.૦૦ (ફક્ત બહેનો માટે)

કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુંદાલા રોડ, મુંદ્રા, કચ્છ-૩૭૦ ૪૨૧.
ફોન : (૦૨૮૩૮) ૨૨૨૨૧૯

**ડૉ. પીયુષ આર. પટેલ** (મો. ૯૪૨૯૨ ૨૮૪૪૬)

E-MAIL : info@naturalcarekutch.com Website : www.natraulcarekutch.com

**સમય : સોમવારથી શનિવાર સવારે : ૮.૦૦થી ૧.૦૦ અને સાંજે ૩.૦૦થી ૭.૦૦**
**રવિવારે સવારે : ૮.૦૦થી ૧.૦૦**

# ભૂમિ અધિગ્રહણ ખરડો – ગેરસમજો દૂર કરવી અનિવાર્ય

● શશીકાંત ઠક્કર - એડવોકેટ ●

૧૮૯૪ના બ્રિટિશ સમયથી ચાલતા આવેલા જમીન સંપાદન કાયદાને સરકારે સન ૨૦૧૩માં બદલીને તદ્દન નવો કાયદો અમલમાં મૂક્યો છે, જેમાં વળતરની જોગવાઈઓ ઉપરાંત સામાજિક અસરોની તપાસની મહત્ત્વની જોગવાઈઓ સમાવાઈ છે. એટલું જ નહીં પણ એકથી વધારે પાક લેવાતો હોય તેવી પીયત જમીનો સંપાદન કરવા સામે કેટલીક સલામતીની જોગવાઈઓ પણ કરાઈ છે અને સંપાદન થયેલી જમીનનો ઉપયોગ પાંચ વર્ષ સુધી ન થાય અથવા ઍવોર્ડનો અમલ પાંચ વર્ષ ન થાય તો કેટલીક શરતોને આધીન સમગ્ર કાર્યવાહી રદ થાય તેવી પણ તેમાં જોગવાઈ છે. બહાર આવેલી વિગતો મુજબ હાલના સત્તાપક્ષ સહિતના તમામ રાજકીય પક્ષોના સમર્થન પછી આ કાયદો પસાર કરાયો હતો.

સન ૨૦૧૪માં કેન્દ્રની નવી સરકારે આ કાયદામાં કેટલીક મુશ્કેલીઓ નિવારવાના કારણે કેટલાંક સુધારા કરવાનું નક્કી કરી તે માટે વટહુકમ બહાર પાડ્યો હતો. આ વટહુકમથી કરાયેલી જોગવાઈઓની વિગતો આપણે આ કોલમમાં તા. ૨૦-૨-૧૫ ના લેખમાં ચર્ચી હતી. આ વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવા લોકસભામાં ખરડો પસાર કરાયો પરંતુ રાજ્યસભામાં તે ન મૂકાતાં તેની મુદત પૂરી થયા અગાઉ નવો વટહુકમ કેટલાક સુધારા સાથે બહાર પડાયાનું માધ્યમો દ્વારા બહાર આવ્યું છે. પરંતુ અગાઉના વટહુકમમાં કરાયેલા સુધારાઓમાં નવા વટહુકમમાં શું ફેરફાર થયો છે તેની વિગતો બહાર આવી નથી.

આ દરમ્યાન વિવિધ રાજકીય પક્ષો, ખેડૂત સંસ્થાઓ અને અન્ય વર્તુળો દ્વારા પ્રથમના વટહુકમમાં કરાયેલી જોગવાઈઓથી કાયદાનો મૂળ હેતુ માર્યો ગયો છે અને ખેડૂતોને અતિ ભારે નુકસાન થાય તેવા સુધારા કરવામાં આવ્યા છે તેવા આક્ષેપો, ચર્ચાઓ અને વિવિધ નિવેદનો સંબંધિત પક્ષો, સત્તાધારીઓ અને રાજકારણીઓ દ્વારા થતા રહ્યા છે. આ સમગ્ર વ્યાયામમાંથી જે કેટલીક બાબતો બહાર આવી છે, તેની ચર્ચા કરી લોકોમાં જો ખરેખર ગેરસમજ ફેલાઈ હોય તો તેની મુદ્દાવાર સ્પષ્ટતા કરી આવી ગેરસમજ જો ખરેખર હોય તો તે દૂર કરવા સઘન પ્રયત્નો કરવાની સત્તાપક્ષ અને તેના પદાધિકારીઓની ફરજ બની રહે છે.

સૌ પ્રથમ મુદ્દા એ છે કે, ખેતીની ફળદ્રુપ જમીનો માત્ર છેલ્લા ઉપાય તરીકે જ સંપાદન કરાશે. સન ૨૦૧૩ના મૂળ કાયદામાં આ અંગેની સલામતીની જોગવાઈ કલમ-૧૦માં કરવામાં આવી જ હતી. વટહુકમથી કરાયેલા સુધારા મુજબ આ જોગવાઈ તથા સામાજિક અસરોની તપાસ અંગેની જોગવાઈઓ કલમ-૧૦એ (નવી કલમ) માં જણાવેલા પ્રોજેક્ટોને લાગુ નહીં પડે તેવી જોગવાઈ થઈ છે. આથી ફળદ્રુપ જમીનો સંપાદન કરવા સામેની કાનૂની સલામતીની જોગવાઈ મોટાભાગે અર્થ વગરની બની જાય છે. આથી મૌખિક ખાતરીઓ અને પ્રવચનોમાં કરાતા ઉલ્લેખોની પ્રમાણભૂતતા રહેતી નથી.

બીજું કલમ-૧૦એમાં જણાવેલા પ્રોજેક્ટોમાં આંતરમાળખાંના જે પ્રોજેક્ટો છે તેમાં ખાનગી હોસ્પિટલો અને ખાનગી શિક્ષણ સંસ્થાઓને કલમ-૨(૧) અન્વયે બાકાત રખાઈ હતી. આ બાકાતી પણ કલમ-૨(૧) માં સુધારો કરી વટહુકમથી રદ કરાઈ છે. આથી ખાનગી વ્યક્તિઓને હોસ્પિટલો અને શિક્ષણ સંસ્થાઓ બાંધવા સરકાર જમીન સંપાદન કરી આપે અને તેઓ પોતાનો ધંધો ચલાવે તેવી વ્યવસ્થા કરાઈ છે. તે આક્ષેપની પણ યોગ્ય સ્પષ્ટતા જરૂરી બને છે.

ત્રીજું, મૂળ કાયદા મુજબ ખાનગી કંપનીઓ માટે જાહેર હેતુના પ્રોજેક્ટ કરવા જમીન સંપાદન કરી આપવાની જોગવાઈ હતી. આ જોગવાઈમાં વટહુકમથી સુધારો કરી ખાનગી કંપનીના બદલે 'ખાનગી એન્ટીટી' કરવામાં આવેલી છે અને તેની વ્યાખ્યામાં સરકારી સંસ્થાઓ સિવાય પ્રોપ્રરાઈટરશીપ, ભાગીદારી કંપની, કોર્પોરેશન, નોન પ્રોફિટ સંસ્થા વગેરેનો સમાવેશ કરાયો છે. આથી કોઈપણ ખાનગી વ્યવસાયી માટે પણ સરકાર જમીન સંપાદન કરી શકે છે.

પ્રકરણ-૧૦એ માં જણાવેલા પ્રોજેક્ટો કોઈપણ ખાનગી વ્યક્તિ કે પેઢી કરવા માગે તો તેને સરકાર જમીન સંપાદન કરી આપે અને ત્યાં પણ ૮૦ ટકા અસરગ્રસ્તોની સંમતિ જરૂરી ન રહે તેવી પરિસ્થિતિ વટહુકમના સુધારાથી થાય છે તે પણ ચોખવટ પામી લે છે.

પાંચ વર્ષની મુદ્દત પૂરી થતાં સંપાદન કાર્યવાહી અને ઍવોર્ડ રદ થાય તે જોગવાઈમાં પણ એવો સુધારો કરાયો છે જેથી આ મુદ્દત ધારે તેવી લંબાવી શકાય.

સૌથી વધારે બિનલોકશાહી અને આપખુદ જોગવાઈ એ કરાઈ છે કે મૂળ કાયદામાં કલમ-૮૭ અન્વયે અધિકારીઓએ કરેલા ગુના બદલ સજાની જે જોગવાઈ હતી તે રદ કરાઈ છે અને તેના બદલે સરકારની મંજૂરી વિના અધિકારી સામેની ગુનાની ફરિયાદ કોઈ કોર્ટ પણ ન લઈ શકે તેવી જોગવાઈ વટહુકમથી કરાઈ છે. આથી સરકારી અધિકારીઓને સંપૂર્ણ છત્ર અપાયું છે. બીજી તરફ સંપાદન પ્રક્રિયા અંગેની કોઈપણ તકરાર અગર કોઈપણ હુકમ અધિકારીઓએ કર્યો હોય તે સામે હાઈકોર્ટ સિવાય કોઈપણ દીવાની અદાલતમાં દાવો કરવા પર પણ પ્રતિબંધ મુકાયો છે અને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

**કાર્યાલય :** C/o. શ્રી ય.વ. બહુંતેર જિનાલય ટ્રસ્ટ સંચાલિત અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યભગવંત **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી** જ્ઞાન મંદિર યાને **શેઠશ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા કચ્છ ગામ લાયજાવાળા** અચલગચ્છ જૈન ઉપાશ્રય, વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર જૈન દેરાસર પાસે, મણિનગર, અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**ઉપાશ્રય-૨ : શ્રી વિસત નવનીત અચલગચ્છ જૈન ભવન** : સુપર બજાર, ૧લે માળે, નારાણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ – અમદાવાદમાં ચાતુર્માસ મળ્યાનાં વધામણા

કચ્છ કેસરી રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના પટ્ટધર તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ. ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**ના આજ્ઞાવર્તિની સ્વાધ્યાયપ્રેમી **પ.પૂ.સાધ્વી શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.**નાં શિષ્યા, મિતભાષી **પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા.**ના શિષ્યા **પ.પૂ.સા.શ્રી સિધ્ધિવર્ષાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સાધ્વીશ્રી ભાગ્યવર્ષાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૨ નું ચાતુર્માસ અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી** મ.સા.ની આજ્ઞા અને આશિષથી પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા.**નાં આશિષથી આપણા શ્રી સંઘને મળેલ છે.

卐 **પૂજ્યોશ્રીનું ચાતુર્માસ :** તપસ્વીરત્ન આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી આરાધના ભવન નવનીત વિવિધલક્ષી ભવન,** કોમલ એન્કલેવ સામે, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ, પાલડી મધ્યે કરાવવામાં આવશે.

卐 **પૂજ્યોશ્રીનો ચાતુર્માસ પ્રવેશ :** સંવત ૨૦૭૧ના બીજા અષાઢ સુદ-૫ ને સોમવાર, તા. ૨૦-૭-૨૦૧૫ના સવારના ૬ કલાકે કરાવવામાં આવશે.

પૂજ્યશ્રીઓ સંઘના મંત્રીશ્રી ટોકરશી કેશવજી મારૂના નિવાસ સ્થાન (ઠે. ૫૦૨/બી, મહાલક્ષ્મી કોમ્પ્લેક્સ, નવા વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ)થી સવારનાં ૬ વાગે પ્રસ્થાન કરશે.

卐 **પૂજ્યોશ્રીનું સામૈયું :** શ્રી લક્ષ્મીવર્ધક જૈન દેરાસર, નારાયણ નગર રોડ, પાલડીથી સવારના ૬.૩૦ વાગે કરવામાં આવશે.

*પૂજ્યોશ્રી સામૈયા સાથે ૭ વાગે ઉપાશ્રયમાં ચાતુર્માસ પ્રવેશ કરશે.*
*માંગલિક તથા પ્રાસંગિક પ્રવચન બાદ ચાતુર્માસના લાભાર્થીઓ તરફથી સકળ સંઘને નવકારશી કરવા માટે ભાવભર્યું આમંત્રણ છે.*

**સકળ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

*નોંધ : (૧) અન્ય કાર્યક્રમોની જાહેરાત ઉપાશ્રયમાં કરવામાં આવશે.*
*(૨) ચાતુર્માસ ફંડમાં આપનો ફાળો નોંધાવવાની નમ્ર વિનંતી કરવામાં આવે છે.*

**લી.**

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ વતીથી**

**શ્રી લક્ષ્મીચંદ શામજી છેડા - પ્રમુખ** **શ્રી ટોકરશી કેશવજી શાહ (મામા) - માનદ્ મંત્રી**

# ખેડૂત અને સરકારનું સહિયારું ગ્રહણ એટલે ભૂમિ અધિગ્રહણ બીલ

• મિતેષ એમ. સોલંકી •

એક સામાન્ય માણસ કે વાચકની દૃષ્ટિએ ભૂમિ અધિગ્રહણ બીલ ખરેખર શું છે? સંસદમાં થતી ધમાલ અને કોંગ્રેસ વિરુદ્ધ ભા.જ.પ. અને બીજા છૂટાછવાયા પક્ષો આ મુદ્દાને લઈને ટીવી પર એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે પણ શું ખરેખર દરેક વાચક કે દર્શક આ બીલને સમજે છે? કદાચ બિલકુલ નહિ અથવા થોડું ઘણું જ સમજે છે. એક સામાન્ય માણસની સમજણને ધ્યાનમાં રાખીને ભૂમિ અધિગ્રહણ બીલ વિષય પર આ તુલનાત્મક લેખ લખી રહ્યો છું. કદાચ કોઈ ક્ષતિ કે ત્રુટી જોવા મળે તો ક્ષમા માગું છું.

કોઈપણ પ્રકારના ઉત્પાદન અથવા સેવા માટે જમીન એક પાયાની જરૂરિયાત છે. ભારતમાં વર્તમાન સમયમાં એક સળગતો મુદ્દો એટલે ભૂમિ અધિગ્રહણ બીલ. ભારતમાં આ બીલ પસાર કરવું અથવા ભૂમિ અધિગૃહિત કરવી એ ખરેખર જોખમી બાબત છે. આજે ભૂમિ અધિગ્રહણ બીલ રાષ્ટ્રીય મુદ્દો બની ગયો છે અને તેને લઈને દેશમાં વિવિધ જગ્યાએ તેનો વિરોધ પણ કરવામાં આવી રહ્યો છે. કોઈ પણ જમીન અધિગૃહિત કરવા માટે પસંદ કરેલી જમીન પર વસતા લોકોનું યોગ્ય સ્થળાંતર અને પર્યાવરણને થતા નુકસાનના મુદ્દા આજે ભારતના રાજકારણ માટે અગત્યના બની ગયા છે અને દરેક રાજકીય પક્ષ પોતાને ખેડૂત તરફી, ખેડૂતના હિતેચ્છુ હોવાનો દાવો કરી રહ્યા છે. જો બધા રાજકીય પક્ષ ખેડૂતના મિત્ર છે તો પછી બીલ પસાર કરવા માટે આ વિવાદ શા માટે? પ્રશ્ન ખૂબ સ્વાભાવિક છે. ચાલો, થોડું આ બીલ વિષે જાણવાનો પ્રયત્ન કરીએ.

આ બીલને સમજવા માટે આપણે તેની થોડી વિગતો જાણવી જરૂરી છે. વર્ષ ૨૦૧૩માં કોંગ્રેસ પક્ષના અંતિમ દિવસોમાં (UPA સરકાર) ભૂમિ અધિગ્રહણ બીલ પસાર કરવામાં આવેલું હતું. જો કે તેમાં ઘણા મુદ્દાઓ વિષે જોઈએ તેટલી સ્પષ્ટતાઓ ન હતી. કેટલીક ખાનગી કંપનીઓના મત મુજબ કોંગ્રેસ દ્વારા પસાર કરવામાં આવેલ ભૂમિ અધિગ્રહણ બીલ વિકાસના માર્ગમાં સૌથી મોટો અવરોધક હતો. તે સમયની મોટાભાગની રાજ્ય સરકારો અને કેટલીક તો કોંગ્રેસની જ સત્તા ધરાવતી સરકારોએ પણ આ બીલ નહિ ચાલે તેવો મત આપ્યો હતો.

કોંગ્રેસ સરકારનો આ બીલ બનાવવા પાછળનો શરૂઆતનો હેતુ માત્ર એટલો જ હતો કે સરકાર જ્યારે કોઈ ખેડૂતની જમીન સંપાદિત કરે ત્યારે તેની સાથે ઔચિત્યપૂર્ણ વ્યવહાર થાય. ત્યારબાદ આ બીલની વ્યાખ્યાયિત સીમામાં વધારો કરવામાં આવ્યો અને સંપાદિત જમીનના કારણે અસરગ્રસ્ત લોકો, તેમના હક્કો, તેમની સુરક્ષા, પુનર્વસન અને યોગ્ય વળતર જેવા મુદ્દાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો. ઉપરોક્ત દરેક બાબત હકીકતમાં વાજબી પણ કહી શકાય. પરંતુ આ બીલ આગળ જતાં રાજકીય પક્ષો માટે વિવાદનો મુદ્દો બનાવી દેવામાં આવ્યો. અર્થશાસ્ત્રના કેટલાક સામાન્ય નિયમોને અવગણવામાં આવ્યા અથવા તો તેને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા જેમ કે જમીન વેચનાર માટે જમીનની કિંમત અગત્યની છે પરંતુ જમીન ખરીદનાર માટે નહિ તેવી માન્યતા પ્રવર્તવા લાગી. તેના પરિણામે જમીનના ભાવોમાં માની ન શકાય તેવા ફેરફાર આવવા લાગ્યા. બીજી રીતે કહીએ તો આ બીલ ખેડૂતો અને ઉદ્યોગપતિઓ પર જુદી જુદી રીતે અસર કરતું હતું. જમીનના વળતર અંગે પણ ગ્રામ્ય વિસ્તારની જમીન હોય તો બજારભાવ કરતાં ચાર ગણું અને શહેરી વિસ્તારની જમીન હોય તો બજાર ભાવ કરતાં બે ગણું વળતર મળવાપ્રાપ્ત હતું. આ બીલ પસાર કરતી વખતે કોંગ્રેસ સરકાર સ્વયં પોતાની સત્તા જાળવી રાખવા માટે મરણિયો જંગ ખેલી રહી હતી એટલે કદાચ આ બીલ પર વધારે ધ્યાન આપી ન શકાયું હોય તેવું અનુમાન લગાવી શકાય.

લોકસભાની ચૂંટણીમાં ભા.જ.પ.ની સરકાર આવતાની સાથે જ આ બીલમાં ફેરફાર થવા પણ સ્વાભાવિક હતાં. મેક ઈન ઈન્ડિયાના વિચારને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પ્રેરિત બીલમાં ભા.જ.પ. સરકાર દ્વારા જરૂરી સુધારા કરવામાં આવ્યા. મોદી સરકાર આ બીલ માટે શું વિચારે છે? શું ભા.જ.પ. આ બીલને અન્ય કોઈ નવીનતમ અભિગમ સાથે લાવી રહ્યું છે? શું ભા.જ.પ. દ્વારા પ્રસ્તાવિત બીલ કોંગ્રેસ પ્રસ્તાવિત બીલ કરતા વધારે સારું છે? ભા.જ.પ. સરકારે આ બીલમાં શું કશું નવું આપ્યું? વગેરે જેવા સામાન્ય કહી શકાય તેવા પરંતુ ખેડૂતને અસામાન્ય રીતે સ્પર્શતા પ્રશ્નોના જવાબ મેળવવા જરૂરી છે. અહીં આગળ ભૂમિ અધિગ્રહણ બીલના કેટલાક અગત્યના મુદ્દાઓ રજૂ કરું છું. વાચક પોતાની વિવેકબુદ્ધિ દ્વારા તેના પર વિચાર કરે અને વ્યક્તિગત અભિપ્રાય આપે તે ઈચ્છનીય છે.

૧. કોંગ્રેસ પ્રેરિત બીલ મુજબ ખાનગી 'કંપની' શબ્દની જગ્યાએ ભા.જ.પ.ના બીલમાં ખાનગી 'સંસ્થા' શબ્દ ઉમેરવામાં આવ્યો જેમાં કંપનીનો પણ સમાવેશ કરવામાં આવ્યો. આ ઉપરાંત ભા.જ.પ. પ્રેરિત બીલમાં ખાનગી હોસ્પિટલ તેમજ શૈક્ષણિક સંસ્થાઓને લોકહેતુ માટેની જાહેર સંસ્થાઓ તરીકે ગણીને જમીન સંપાદન કરી શકાય તે બાબતનો સમાવેશ કરવામાં આવ્યો. આ સુધારા અથવા શરતોને કારણે

ભા.જ.પ.ને ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી પક્ષ છે તેવા આક્ષેપોનો સામનો સંસદમાં કરવો પડ્યો.

૨. ભા.જ.પ. પ્રેરિત બીલમાં જમીનના ઉપયોગને ધ્યાનમાં રાખીને પાંચ વિભાગ પાડવામાં આવ્યા : સુરક્ષા, ગ્રામ્ય બાંધકામ, ગરીબો માટે રહેઠાણ, ઉદ્યોગીકરણ અને પબ્લિક - પ્રાઈવેટ ભાગીદારી. જેમાં સરકાર જમીનની માલિકી રાખશે અને કોંગ્રેસ બીલમાં રાખવામાં આવેલ વળતરની શરત (કોંગ્રેસ પ્રેરિત બીલ મુજબ સંપાદિત જમીન પર ખાનગી પ્રોજેક્ટ માટે ૮૦% અને પબ્લિક પ્રાઈવેટ પ્રોજેક્ટ માટે ૭૦% અસરગ્રસ્ત કુટુંબના સહમતિ અને સંમતિ હોય તે જરૂરી હતું) તથા સામાજિક અસરકારતા મૂલ્યાંકનમાંથી મુક્તિ આપવામાં આવી.

૩. કોંગ્રેસ પ્રેરિત બીલમાં જે અગત્યના મુદ્દાઓ જેવા કે રાષ્ટ્રીય ધોરીમાર્ગ, મેટ્રો રેલ, અણુ ઉર્જા સંબંધિત, વિદ્યુતને લગતા પ્રોજેક્ટ વગેરેને બીલમાંથી બાકાત રાખવામાં આવ્યાં હતાં તેનો ભા.જ.પ. પ્રેરિત બીલમાં સમાવેશ કરી લેવામાં આવ્યો છે મતલબ કે બીલની અસરકારકતામાં વધારો કરવામાં આવ્યો છે.

૪. જમીનની માલિકી ધરાવતા વ્યક્તિને યોગ્ય રકમની ભરપાઈ થશે, પુનર્વસન અને પુનઃસ્થપાનના ફાયદા પણ મળશે.

૫. બીલમાં કરવામાં આવેલ ફેરફારના કારણે સંરક્ષણ જેવી બાબતો માટે જરૂરી ઉત્પાદન કરવાના યુનિટ ઝડપથી બનશે. ગ્રામ્ય વિસ્તારોમાં વિદ્યુતીકરણ થશે, ઉદ્યોગીકરણ વધશે, પબ્લિક પ્રાઈવેટ ભાગીદારી વધશે અને જમીનની માલિકી સરકારની રહેશે.

૬. રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જરૂર પડશે તો સરકાર વિવિધ પાક આપતી ફળદ્રુપ અથવા ઉપજાઉ જમીનને પણ સંપાદિત અથવા અધિગૃહિત કરી શકશે તેવી જોગવાઈ કરવામાં આવી.

૭. કોંગ્રેસ બીલમાં કોઈપણ જમીનને અધિગૃહિત કરતાં પહેલા જે તે વિસ્તારમાં રહેતા લોકોની સહમતિ અને સંમતિ લેવી જરૂરી હતી જેને ભા.જ.પ. પ્રેરિત બિલમાંથી હટાવી દેવામાં આવી.

૮. કોંગ્રેસ બીલ મુજબ જમીન અધિગ્રહણ પહેલા સામાજિક અસરકારકતાનું મૂલ્યાંકન કરવું ફરજિયાત હતું જે બાબતનો ભા.જ.પ. પ્રેરિત બીલમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો.

૯. ભા.જ.પ. પ્રેરિત બીલ મુજબ જો પાંચ વર્ષમાં અધિગૃહિત કરેલ જમીનનો ઉપયોગ નહિં કરવામાં આવે અથવા તો પ્રોજેક્ટ માટે નક્કી કરેલ સમય મર્યાદામાં કોઈપણ કામ પૂર્ણ નહિં કરવામાં આવે તો જમીન ખેડૂતને પાછી આપી દેવામાં આવશે. આ મુદ્દો ખેડૂત માટે સકારાત્મક છે તેમ કહી શકાય.

૧૦. ભા.જ.પ. પ્રેરિત ભૂમિ અધિગ્રહણ બીલના અમલીકરણમાં કોઈપણ વહીવટદાર અથવા સનદી અધિકારી જો ગેરરીતિ કરશે તો સજાને પાત્ર રહેશે.

માર્ચ ૨૦૧૫માં અત્યંત ચર્ચા અને વિરોધ પછી લોકસભાએ કેટલીક સ્પષ્ટતા અને ચોખવટ કર્યા પછી આ બીલને મંજૂરી આપી દીધી. તેમાં મુખ્યત્વે નીચેના સુધારાઓ સ્વીકારવામાં આવ્યા.

૧. પબ્લિક - પ્રાઈવેટ ભાગીદારી માટે સામાજિક અસરકારકતા મૂલ્યાંકનને ફરજિયાત કરવામાં આવ્યું.

૨. ઉદ્યોગોના વિકાસ માટે રેલવે લાઈન અને રાષ્ટ્રીય માર્ગની બંને બાજુ માત્ર ૧ કિ.મી. સુધી જ જમીન સંપાદિત કરી શકાશે.

૩. ખાનગી હોસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે જમીન સંપાદન કરવાની શરતને લોકહેતુની વ્યાખ્યામાંથી બાકાત રાખવામાં આવ્યાં.

૪. ભા.જ.પ. પ્રેરિત બીલમાં જે પાંચ વિભાગ પાડવામાં આવ્યાં હતાં - સુરક્ષા, ગ્રામ્ય બાંધકામ, ગરીબો માટે રહેઠાણ, ઉદ્યોગીકરણ અને પબ્લિક પ્રાઈવેટ ભાગીદારી તેમાં સામાજિક અસરકારકતા મૂલ્યાંકન ફરજિયાત કરવામાં આવ્યું.

૫. ફળદ્રુપ અને ઉપજાઉ જમીનના સંપાદન પહેલા જાહેરાતનામું બહાર પાડવું તેમજ સરકાર પ્રોજેક્ટ માટે જેટલી જરૂરી ન્યૂનતમ જમીન જ સંપાદન કરશે તેવો સુધારો ઉમેરવામાં આવ્યો.

૬. જે ખેડૂતની જમીન સંપાદિત કરવામાં આવી હોય તેના કુટુંબમાંથી ઓછામાં ઓછા એક વ્યક્તિને ફરજિયાત નોકરી આપવાની બાંહેધરી પણ બીલમાં ઉમેરવામાં આવી.

૭. આ ઉપરાંત જરૂર જણાય તો ખેડૂત માટે જિલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણની સુવિધા પણ પૂરી પાડવી જરૂરી કરવામાં આવ્યું.

૮. આદિજાતિ જૂથની માલિકીની જમીન સંપાદિત કરતાં પહેલા પંચાયતની અનુમતિ લેવી ફરજિયાત કરવામાં આવ્યું.

૯. ખાનગી 'સંસ્થા' શબ્દના બદલે ખાનગી 'સાહસ' શબ્દ મૂકવામાં આવ્યો.

ઉપરોક્ત સુધારાઓને કારણે કેટલાક નિયત પ્રોજેક્ટ માટે જમીન અધિગ્રહણ સરળ બનશે અને બાંધકામ તથા વિકાસના કાર્યોમાં ઝડપ આવવાની શક્યતાઓ વધી જાય છે. આ ફેરફારોને કારણે કોંગ્રેસ પ્રેરિત બીલમાં રહેલ કેટલીક પ્રતિબંધક જોગવાઈઓને હળવી બનાવી દેવામાં આવી. જેના પરિણામે ઘણા વ્યવસાયને પ્રોત્સાહન મળશે અને નવા બીલના કારણે જમીન સંપાદનનો સમય અને ખર્ચ પણ ઘટશે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

# ગ્રામીણ અર્થતંત્ર પર અસર

ચાલુ ૨૦૧૫ના કેલેન્ડર વર્ષમાં એક પછી એક પ્રતિકૂળ પરિબળો ઉદ્ભવતા કૃષિ ક્ષેત્ર, ઉદ્યોગો, વેપારી વર્ગ, ખેડૂત વર્ગ તેમજ સરકાર સહિત અન્ય વર્ગો પણ ચિંતામાં મુકાઈ ગયા છે. તેમાંય પહેલાં કમોસમી વરસાદ, કરાનો વરસાદ અને ત્યારબાદ ચાલુ વર્ષે ચોમાસુ નબળું રહેવાની આગાહીએ તો વિવિધ વર્ગોની ઊંઘ જ ઉડાડી દીધી છે. આગામી સમયમાં ઉદ્ભવનાર સંભવિત પ્રતિકૂળતાઓને કાબૂમાં રાખવા માટે અત્યારથી જ તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે.

**કમોસમી ધોધમાર વરસાદ અને બરફના કરાએ ગંભીર સ્થિતિનું નિર્માણ કર્યું છે.** ખેતરોમાં પૂરના ધસમસતા પાણી ફરી વળતા ગામડામાં વિવિધ સ્તરે માંગમાં ઘટાડો થવા પામ્યો છે. અગાઉની યુપીએ સરકારના શાસન વખતે આર્થિક નરમાઈ અને પોલિસી પેરાલિસીસના નીરસ માહોલમાં કોર્પોરેટ જગતે ગ્રામ્ય માર્કેટ પર ભારે આશાવાદ રાખ્યો હતો. પરંતુ સર્જાયેલ આ સ્થિતિના કારણે હવે પ્રતિકૂળ સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

**ઊભા પાકને થયેલા નુકસાનના કારણે ખેડૂતોએ ખરીદીમાં ઘટાડો કરતા ગામડામાં હવે કન્ઝ્યુમર ગુડ્ઝ, ચા, સોનું વગેરેની માંગમાં ઘટાડો થયો છે.** લોન ચૂકવવામાં મુશ્કેલીનો સામનો કરી રહેલા ખેડૂતોએ નવા વાહનો ખરીદવાની યોજના પણ પાછી ઠેલી છે.

છેલ્લા ત્રણ મહિનાથી કમોસમી વરસાદ અને કરા પડવાને કારણે ૮૫ લાખ હેક્ટર જમીનમાં ખેડૂતોએ વાવેલા પાકને નુકસાન થયું હતું. ખેડૂતો લણણી કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે જ કમોસમી વરસાદે સમગ્ર ચિત્ર બદલી નાખ્યું છે.

હવામાનની પરિસ્થિતિને કારણે ખેડૂતોની કમાણી પર અસર પડી હોવાની આ વર્ષે ગ્રામ્ય માર્કેટમાં વેચાણ વધવાની શક્યતા દેખાતી નથી. ગયા વર્ષે ગ્રામ્ય માર્કેટમાં ૬ થી ૭ ટકાના દરે વધારો થયો હતો પરંતુ આ વર્ષે વૃદ્ધિની આશા ઠગારી નીવડશે.

ટ્રેક્ટરના વેચાણને ગ્રામ્ય અર્થતંત્રનું મુખ્ય બૅરોમીટર ગણવામાં આવે છે અને ટ્રેક્ટર માર્કેટમાં પ્રભુત્વ ધરાવતી મહિન્દ્રા મહિન્દ્રાના તાજેતરના ટ્રેક્ટરના વેચાણમાં ૧૪.૪ ટકા ઘટાડો થયો હતો. ગયા વર્ષે નબળા ચોમાસાને કારણે ડિસેમ્બર ત્રિમાસિક ટ્રેક્ટર ઉદ્યોગ ૨૨ ટકા સંકોચાયો હતો. હવે ૨૦૧૫માં ગયા વર્ષ કરતા પણ ખરાબ ચોમાસાની આગાહી થઈ હોવાથી વેચાણમાં વધારે ઘટાડો થવાની શક્યતા છે.

સર્જાયેલી આ વિપરીત સ્થિતિના કારણે ઓટો ઉદ્યોગ પણ ચિંતિત બન્યો છે. કારણકે કંપની જેટલા સ્કૂટર અને મોટરસાઈકલનું ઉત્પાદન કરે છે તેનો ૫૦ ટકા હિસ્સો ગામડામાં વેચાય છે અને જેટલી કાર બનાવે છે તેના ત્રીજા ભાગનો હિસ્સો ગ્રામ્ય વિસ્તાર ખરીદતો હોય છે.

ઉત્તર અને પશ્ચિમ ભારતમાં કમોસમી વરસાદની અસર ઘણી ગંભીર છે અને તેમાં સુધારો થવાના કોઈ સંકેત અત્યારે દેખાતા નથી. દેશમાં જેટલું સોનું વેચાય છે તેમાંથી અંદાજે ૪૦ થી ૫૦ ટકા વેચાણ ગ્રામ્ય વિસ્તારોમાં થતું હોવાથી જેમ્સ જ્વેલરી ઉદ્યોગ પણ ચિંતિત થયો છે. આમ પણ આ ઉદ્યોગ હાલ વિવિધ પ્રતિકૂળતાઓનો સામનો કરી જ રહ્યો છે.

કુદરતી પ્રતિકૂળતાઓની સાથોસાથ આ પ્રકારની જ અન્ય એક મહત્ત્વની બાબત પર નજર કરીએ તો ઘણા લાંબા સમયથી ગ્રામ્ય વિસ્તારમાં વેચાણ વધારવા સક્રિય બનેલી કન્ઝ્યુમર પ્રોડક્ટ કંપનીઓ તેમના કુલ વેચાણનો માત્ર ત્રીજો હિસ્સો જ ગ્રામ્ય માર્કેટમાંથી મેળવી શકી છે. આ મુદ્દાની બીજી તરફ ગામડામાં ડિસ્ટ્રીબ્યુશન ખર્ચમાં વધારો થયો હોવાથી કંપનીઓને ગ્રામ્ય માર્કેટમાં ધારી સફળતા ન મળતા દ્વિધા અનુભવી રહી છે.

તાજેતરમાં હાથ ધરાયેલા એક સર્વેના તારણ મુજબ ટોચની ૧૦ એફએમસીજી કંપનીઓમાંથી માત્ર એક કંપની તેના કુલ વેચાણનો ૫૦ ટકા હિસ્સો ગામડામાંથી મેળવે છે. આ સિવાયની અન્ય ૯ કંપનીઓના ગ્રામ્ય વિસ્તારના વેચાણના આંકડા ખૂબજ નીચા હોવાથી કન્ઝ્યુમર પ્રોડક્ટસ કંપનીઓ પણ ચિંતામાં મુકાયેલી છે જ. ત્યાં વળી નબળા ચોમાસાની આગાહીના કારણે તેમની ચિંતામાં વધારો થયો છે.

હાલ ચાલી રહેલી લગ્ન સીઝનમાં ગ્રામ્ય વિસ્તારોમાં વધુ લગ્ન થતા હોય છે. કમોસમી વરસાદના કારણે પાકને થયેલા ભારે નુકસાનના કારણે ગ્રામીણ પ્રજાએ તેમના લગ્ન પ્રસંગના ખર્ચામાં પણ નોંધપાત્ર ઘટાડો કર્યો છે તેમ ગ્રામ્ય વિસ્તારના વર્તુળોએ જણાવ્યું હતું.

આ બધા મુદ્દાની સાથોસાથ ગ્રામ્ય પ્રજાએ તેમના રોજિંદા વપરાશને બાદ કરતા અન્ય તમામ ચીજવસ્તુઓના વપરાશને કન્ટ્રોલ કરી દેતા તમામ ક્ષેત્રની કંપનીઓ માટે આગામી સમય કપરા કાળ સમાન પુરવાર થશે તેમ કહેવું અસ્થાને નથી.

કમોસમી વરસાદ, નબળા ચોમાસાની આગાહીની સાથોસાથ ગ્રામ્ય વિસ્તારને સરકારી રાહત અંગે પણ પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. **કમોસમી વરસાદના કારણે ખેડૂતોને એકરદીઠ થયેલા રૂ. ૨૦,૦૦૦ના નુકસાન સામે સરકારે રૂ. ૨૫૦૦ની સબસિડી જાહેર કરી છે.** સર્જાયેલ આ

પરિસ્થિતિમાં હવે કૃષિ એન.પી.એ. વધવાનું જોખમ ઊભું થયું છે.

માર્ચ ૨૦૧૫માં આવેલા માવઠા અને વાવાઝોડાના કારણે પાકને થયેલા નોંધપાત્ર નુકસાનના કારણે ભારતમાં કૃષિ ધિરાણોની (બેન્કોના આવા એસેટ્સની) ગુણવત્તા બગડતાં કેટલીક બેન્કોના એગ્રીલોન પોર્ટફોલિયોનો એનપીએલ રેશિયો ડબલ થઈ જવાનો ડર એનાલિસ્ટોએ વ્યક્ત કર્યો છે. આ અસરના કારણે અસ્ક્યામતો પરનું વળતર ૪ થી ૬ બેસીસ પોઈન્ટ ઘટશે અને તેના કારણે જાહેર ક્ષેત્રની અમુક બેન્કોનો નફો ૧૦ ટકા ઘટવાની ગણતરી મુકાય છે. ગત ચોમાસામાં વરસાદની ખાધનું પ્રમાણ અંદાજે ૧૨ ટકા જેટલું રહેતા તેની તીવ્ર અસર કૃષિ ધિરાણોના પોર્ટફોલિયો અને વસુલાત પર થશે. આની અસર ૨૦૧૬ના દ્વિતીયાર્ધમાં જોવા મળશે કેમકે કોર્પોરેટ લોનમાં જે ૯૦ દિવસની મુદત ધ્યાનમાં લેવામાં આવે છે તેના બદલે કૃષિ ધિરાણો માટે અંદાજે બે વર્ષનો સમય હોવાથી અસર થોડી મોડી દેખાશે. અંદાજે બે પાક નિષ્ફળ જાય તો જ લોનને એનપીએ ગણવાનું ધોરણ રખાય છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫માં કૃષિ ધીરાણોમાં ૧૬ ટકાનો વધારો થતાં તેણે માર્ચ ૨૦૧૪થી હમણા સુધીના વધેલા ધીરાણોમાં ૨૫ ટકાનું યોગદાન આપ્યું છે. ૩૧મી ડિસેમ્બરના રોજની સ્થિતિ મુજબ બેન્કોના દબાણ હેઠળના એસેટ્સના ૧૦.૬ ટકાના પ્રમાણમાં કૃષિ લોન પોર્ટફોલિયોની અસરના કારણે ભારે વધારો થવાની સંભાવના છે. તાજેતરમાં જ વાવાઝોડા અને કમોસમી વરસાદનો ભોગ બનેલા રાજ્યોમાં કરાયેલા કૃષિ ધિરાણોનું પ્રમાણ પણ ૩૭ ટકા જેટલું હોવાથી એનપીએ વધવાની શક્યતા છે.

નાણાકીય વર્ષ ૨૦૧૬માં કુલ કૃષિ ધિરાણોની ટકાવારી તરીકે એનપીએ વધીને ૧૬.૯ ટકા થવાની સંભાવના પણ એનાલિસ્ટ વર્ગ મૂકી રહ્યો છે. આ પ્રમાણ નાણાકીય વર્ષ ૨૦૧૪માં ૧૩ ટકાનું હતું. બેન્કિંગ વ્યવસ્થામાં કુલ ધિરાણોનો ગ્રોસ એનપીએલ રેશિયો ૪૦ બીપીએસ વધવાની સંભાવના છે.

એકરે રૂા. ૨૦,૦૦૦/-ના નુકસાનનો અંદાજ છે તેની સામે સરકારની એકરે રૂા. ૨૫૦૦/-ની **સબસીડીના કારણે બેન્કોની રિકવરી સુધરવાની શક્યતા ઓછી છે અને આવી રકમમાંથી ખેડૂતો લોન પરત ફેડણી કરે એવા ચાન્સ પણ નથી.**

ટૂંકમાં, કમોસમી વરસાદ અને નબળા ચોમાસાની આગાહીના પગલે કોર્પોરેટ ક્ષેત્ર સહિત અન્ય ઘણા બધા મોરચે પ્રતિકૂળતાઓ ઉદ્‌ભવવાની સાથોસાથ ગ્રામીણ અર્થતંત્ર પણ નબળું પડશે જેની સરવાળે સીધી અસર અર્થતંત્ર - જીડીપી પર જ પડશે. ■

## ભૂમિ અધિગ્રહણ ખરડો

(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)

મનાઈ હુકમ આપવા પર પણ પ્રતિબંધ મુકાયો છે.

આમ સરકારી સત્તાધારીઓને અમર્યાદ સત્તા અને રક્ષણ મળે છે જ્યારે અસરગ્રસ્તો માટે માત્ર હાઈકોર્ટનો આશરો લેવા સિવાય કોઈ રસ્તો રહેલો નથી અને તેથી તાત્કાલિક કોઈ ઉપાય અસરગ્રસ્તોને મળતો જ નથી.

સામે પક્ષે વહીવટીતંત્રના સત્તાવાળાઓને ગમે તેવી અને ગમે તેટલી ફરિયાદો કરવામાં આવે તો પણ તે અંગે ત્વરિત રીતે કોઈ શિક્ષાત્મક પગલાં લેવાતાં જ નથી, તે સૌનો અનુભવ છે. આથી અમર્યાદ સત્તા અમર્યાદિત રીતે ભ્રષ્ટ બને છે તે રાજકીય સિદ્ધાંત સાચો નીવડે તેવી પૂરેપૂરી શક્યતા રહે છે.

આ બધા મુદ્દાઓ સામાન્ય સમજદારી ધરાવતા સામાન્ય લોકોની સમજ મુજબના છે. સંભવ છે કે તેમાં કેટલીક ગેરસમજ પણ હોય. કારણકે કાયદાની ટેકનિકલ ભાષા એટલી બધી ગૂંચવણવાળી હોય છે કે તેમાં ભલભલા કાનૂની નિષ્ણાતો પણ થાપ ખાઈ જાય. આ સંજોગોમાં સત્તાપક્ષના સત્તાવાળાઓ અને પદાધિકારીઓએ લોકોની આ સમજણો અંગે સાચી પરિસ્થિતિનું દર્શન આધારભૂત રીતે અને સત્તાવાર રીતે લોકોને કરાવવું જોઈએ, તે સૌ કોઈ સ્વીકારશે. માત્ર જાહેર મંચ ઉપરથી ભાષણો આપવાથી આવી ગેરસમજણો દૂર કરવી શક્ય નહીં બને.

*'જલિયાણ',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

### વળતર

**સૂત્રોના હવાલાથી એવી ઘટના જાણવા મળી છે કે રાહુલ ગાંધીનું ભાષણ પૂરું થયા પછી કેટલાક ખેડૂતોએ જઈને સોનિયાજીના હાથમાં ૧૦૦-૧૦૦ રૂપિયાની નોટો ભારે દુઃખ સાથે આપી હતી.**

**તેઓ કહેતા હતા : મેડમ, થોડી રાહત તમને પણ મળવી જોઈએ, 'ફસલ' તો તમારી પણ બરબાદ થાય છે.**

## ખેડૂત અને સરકારનું સહિયારું ગ્રહણ

(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)

મારી વ્યક્તિગત વિવેકબુદ્ધિ પ્રમાણે કોઈપણ સત્તામાં રહેલી સરકાર કોઈપણ બીલની રચના દેશના ઉત્કર્ષ અને વિકાસને ધ્યાનમાં રાખીને જ બનાવતી હોય છે. લોકતંત્રની વિશેષતા અને સ્વતંત્રતાના કારણે વિરોધ પક્ષ અથવા વ્યક્તિગત ધોરણે લોકો ચર્ચા દ્વારા પોતાના મુદ્દાઓની રજૂઆત કરે અથવા વિરોધ કરે તે સ્વાભાવિક છે પરંતુ આર્થિક વિકાસને જો આપણે પ્રાધાન્ય આપતા હોય તો હવે ભૂમિ અધિગ્રહણ બીલ શક્ય હોય તેટલું ઝડપથી અમલમાં મુકાવું જોઈએ અને બિનજરૂરી રાજકીય વિવાદને ટાળવા જોઈએ.

- **મીની કટ :**

"જર, જમીન અને જોરૂ, ત્રણેય ઝગડાના છોરું" કહેવત આપણા વડવાઓએ સમજીને જ બનાવી હશે.

*ઈ/૧, ગોયલ પ્લાઝા,*
*જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.*
*મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧*
**Email : grasshopper4201@gmail.com**

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૩)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

## તબક્કો બીજો

### સ્વાતંત્ર્ય સંગ્રામનો તબક્કો બીજો : મહાત્માજી કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામ અંગે સક્રિય રસ લેતા થયા

• **સને ૧૯૨૫ :**

૧. સને ૧૯૨૫ના ફેબ્રુઆરીમાં ભાવનગરમાં ભરાયેલ કાઠિયાવાડ રાજકીય પરિષદમાંથી વળતાં ધોળ જંક્શને 'કચ્છી પ્રજાકીય સંઘ'ના સભ્ય આણંદજી દેવશી શાહને ગાંધીજી મળ્યા હતા. તે મુલાકાતમાં કચ્છ માટે ચર્ચા થઈ હતી અને માર્ગદર્શન પણ આપ્યું હતું.

૨. તા. ૮-૪-૨૫ ના રામનવમીના મહાત્મા ગાંધી ગઢડા (કાઠિયાવાડ)ના પ્રવાસે હતા ત્યારે કચ્છ આવવા માટેની પ્રાર્થના શિવજી દેવશી શાહે પ્રથમ કરી, ત્યારે મહાત્માજીએ કચ્છ આવવા ખુશી બતાવી હતી, તે મતલબનો પત્ર તા. ૮-૪-૨૫ ના ગઢડાથી કાંતિપ્રસાદ પર આવ્યો હતો.

૩. તા. ૧૧-૪-૨૫ માંડવીમાં, કચ્છમાં ગાંધીને આમંત્રણ આપવા માટે વિચારણા થઈ હતી, તેમાં કાંતિપ્રસાદ ઉપરાંત - ગોકુળદાસ ખીમજી, દામજી વચ્છરાજ, જીવરાજ કલ્યાણજી, નાનાલાલ ઉપાધ્યાય હાજર હતા. ભુજના નગરશેઠની તેમાં પૂરી સહાનુભૂતિ હતી.

૪. તા. ૨૫-૪-૨૫, મુંબઈના ગામદેવીમાં 'મણિભવન' માં ગાંધીને કચ્છ તરફથી આમંત્રણની વિનંતી કરાઈ હતી. તેમણે તેનો સ્વીકાર કર્યો હતો. આમંત્રણ આપવા કાંતિપ્રસાદ કચ્છથી મુંબઈ ગયા હતા. તે સાથે મુંબઈમાં નાનાલાલ ઉપાધ્યાય તથા બહેન પેરીન કોટને જે તે વખતે મહાત્માજીને મળવા આવેલ, તેમણે સાથ આપ્યો હતો.

૫. ગાંધીજીના સ્વાગત સંબંધી વિચાર કરવા મીટિંગ બોલાવવામાં આવી. તેમાં સહકાર આપવા જાહેર વિનંતી પત્ર લખાયો. જેમાં સહી કરનાર નગરશેઠ સાકરચંદ પાનાચંદ, વિઠ્ઠલજી કેશવજી દવે, ગોકુળદાસ ખીમજી, નાનાલાલ ઉપાધ્યાય અને કાંતિપ્રસાદ અંતાણી (કન્વીનર) હતા.

૬. તા. ૧૭-૬-૨૫, (જેઠ વદ ૧૧, બુધવાર સંવત ૧૯૮૧)

સમગ્ર કચ્છીઓની મીટિંગ ભુજમાં મળી. તેમાં આખા કચ્છના સક્રિય કાર્યકરોની હાજરી હતી. તેમાં પ્રોવિઝનલ સ્વાગત કાર્યવાહિની કમિટી સ્થપાઈ. મહાત્માજીની કચ્છમાં પધરામણી બાબતની દરખાસ્ત કચ્છી પ્રજા વતી ગુલાબશંકર સો. ધોળકિયાએ મૂકી અને તેને જાહેર ટેકો મળ્યો હતો. બધાએ તેને વધાવી લીધી.

તે માટે નીચે પ્રમાણે કમિટી નીમાઈ.

૧. પ્રમુખ - વિઠ્ઠલજી કેશવજી દવે.

૨. ઉપપ્રમુખો : (૧) નગરશેઠ સાકરચંદ પાનાચંદ -ભુજ, (૨) કુમાર શ્રી વેરીસાલજી નાગ્રેચા

૩. ખજાનચી - ગોકુળદાસ ખીમજી, માંડવી.

૪. જનરલ સેક્રેટરી : કાંતિપ્રસાદ અંતાણી

૫. સંયુક્ત સેક્રેટરી : નાનાલાલ ડી. ઉપાધ્યાય

સભ્યો : (૧) શ્રી વકીલ ઈશ્વરલાલભાઈ રતનલાલ અંતાણી - ભુજ, (૨) શ્રી દામજી વચ્છરાજ - માંડવી, (૩) શ્રી આણંદજી દેવશી - ભુજપુર, (૪) શ્રી જમનાદાસ ત્રિકમદાસ ગાંધી, (૫) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, (૬) શ્રી જીવરામ કલ્યાણજી - કોટડા, (૭) શ્રી ગોપાળજી કોરસી - દેવપર, (૮) શ્રી પ્રાણલાલ સાકરચંદ મેતા, (૯) શ્રી અમીચંદ ખીમજી - ભુજ, (૧૦) શ્રી અબ્દુલ લતીફ - અંજાર, (૧૧) શ્રી પોપટલાલ લવજી - અંજાર, (૧૨) શ્રી ગુલાબશંકર અમૃતલાલ - ભુજ, (૧૩) શ્રી ભીમજી માનસંગ - ચંદિયા, (૧૪) શ્રી કરસનજી શિવરાજ - મુંદ્રા.

આ ઉપરાંત સભામાં નીચે પ્રમાણે સક્રિય કાર્યકરો - આગેવાનો ભુજમાં મીટિંગમાં હાજર હતા.

(૧) શેઠ હરખચંદ ગોવિંદજી - ભુજ, (૨) શ્રી પ્રભાશંકર પ્રાણશંકર હાથી, (૩) શ્રી શા. ઈંદરજી શિવજી, (૪) શ્રી આણંદજી દેવશી શાહ - ભુજપુર, (૫) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા, (૬) શ્રી લાભશંકર અમૃતલાલ ધોળકિયા, (૭) શ્રી મેતા વીરચંદ માણેકચંદ, (૮) શ્રી જયરામ કલ્યાણજી સીનુગ્રા, (૯) શ્રી રાજગોર વાઘજી, (૧૦) શ્રી શા. જેઠા વેલજી - ગઢશીશા, (૧૧) ગાંછા પરસોત્તમ ઘેલાભાઈ - માંડવી, (૧૨) શ્રી શા. પોપટ જાદવજી, (૧૩) મેતા અંબાશંકર વૃંદાવન, (૧૪) શ્રી તાપીશંકર હરિશંકર, (૧૫) શ્રી જગનાથ ભવાનીશંકર, (૧૬) જોષી હરિલાલ બાપુભાઈ, (૧૭) પરસોત્તમ દયાળ ઠક્કર, (૧૮) શ્રી જયસુખલાલ દયારામ વોરા, (૧૯) શ્રી

વ્યાસ માણેકલાલ સુંદરજી, (૨૦) શ્રી ગિરિજાશંકર રવિશંકર વૈશ્નવ, (૨૧) શ્રી જગજીવન ગોપાળજી ઠક્કર - પારીઆ, (૨૩) શ્રી મેતા વિઠ્ઠલજી જગજીવન, (૨૪) શ્રી શા. દેવચંદ તુરજી વીઢ, (૨૫) શ્રી શા. ઝવેરીલાલ રણછોડ, (૨૬) શા તેજપાળ ખેરાજ - દેવપુર, (૨૭) શ્રી હીરજી રામજી રાઠોડ - ખેડોઈ, (૨૮) શ્રી મોતીચંદ રણછોડદાસ - તુણા, (૨૯) શ્રી ઈસ્લામ મલુ સમેજી - આડેસર, (૩૦) શ્રી ભગવાનજી કુંવરજી શર્મા - મુંદ્રા, (૩૧) શેઠ મેલેદીના મેઘજી - મુંદ્રા, (૩૨) શ્રી ચત્રભુજ ભગવાનજી, (૩૩) શેઠ પરસોત્તમ મુલજી શેઠ - મુંદ્રા, (૩૪) શ્રી લક્ષ્મીચંદ ભગવાનજી કોઠારા, (૩૫) શ્રી રવજી વાઘજી શિકારપુર, (૩૬) શ્રી જયરામદાસ જેઠાભાઈ - અંજાર.

## ૭. કારોબારીની મીટિંગો :

તા. ૧૨-૦૭-૨૫, ભુજમાં અને તા. ૭-૮-૨૫ના મુંદ્રામાં મીટિંગો યોજાઈ હતી. તે હાજરી મોટી હતી. તેમાં કચ્છ રાજયના છાપખાનાના મેનેજર શ્રી કચરાભાઈ મં. છાયા ભુજના ન્યાયાધીશશ્રી, બ્રાંચ હોસ્પિટલના ડોક્ટર, ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર વગેરે હતા. આ સભાથી "કચ્છમાં કાર્યકરોનું એક અદ્‌ભુત સંગઠન ઊભું થયું". તેમાંથી પ્રજાકાર્યની ઉષા ઊગી અને તેણે હવે વ્યવસ્થિત આગેકૂચ કરવા માંડી.

આ મીટિંગોમાં આ પ્રમાણે સભ્યો વધ્યા : શ્રી ખેતશી શ્રીજી સાહેબ, (ભુજપુર), રતનજી રા. રાસ્તે, ત્ર્યંબકલાલ જે. ધોળકિયા (વકીલ), મથુરદાસ દ્વારકાદાસ, શેઠ રતનશી જીવણદાસ, મુળજી ગોવિંદજી શેઠ, મથુરદાસ પુરુસોત્તમ, ખોડીદાસ નેમિદાસ (મુંદ્રા), લાલજી ઠાકરશી (નારણપુરા), ગોવિંદજી ગોરધનદાસ (ડુમરા), ઠાકોર શ્રી ચાંદજી (કોટડી), નરશી દેવચંદ (ભચાઉ).

તા. ૧૫-૯-૨૫ ના અંજારમાં સભા ભરાઈ. તેમાં ચત્રભુજ દ્વારકાદાસ અને ત્યાં ગોપાલજી પ્રાગજી કોઠારી સભ્યો થયા.

આ દરમ્યાન મહારાવશ્રીએ પોતાના આફ્રિકાના પ્રવાસ દરમિયાન ગાંધીજીના કચ્છમાં આગમન પ્રત્યે નાખુશી-ખુશી બતાવી, તેની વાટાઘાટોને અંતે મહારાવશ્રીની કચ્છમાં હાજરી હોય ત્યારે કચ્છમાં મહાત્માજીનો પ્રવાસ ગોઠવવાનું મહાત્માજીએ પણ વિચાર્યું, અને આ ઐતિહાસિક પ્રવાસ કાર્યક્રમનું આયોજન શરૂ થયું.

તા. ૪-૧૦-૨૫ના ઈશ્વરલાલભાઈ રતનલાલ અંતાણીના પ્રમુખપણા હેઠળ ભુજમાં વાણિયાની નાતની જગ્યામાં સ્વાગત મંડળની જનરલ સભા મળી હતી. તેમાં સેંકડોની સંખ્યામાં હાજરી હતી. તેમાં નીચે પ્રમાણે સ્વાગત મંડળની વ્યવસ્થાપક, મંડળની રચના થઈ હતી.

## ૭-અ.

પ્રમુખ : શેઠ માનસંગભાઈ કચરા - ભુજ.

ઉપપ્રમુખ : (૧) શ્રી વિઠ્ઠલજી કેશવજી દવે, (૨) નગરશેઠ સાકરચંદ પાનાચંદ - ભુજ, (૩) મોલેદીન મેઘજી - મુંદ્રા, (૪) શેઠ રતનશી જીવણદાસ - મુંદ્રા, (૫) શેઠ પરસોત્તમ અમરશી - માંડવી, (૬) હકીમ અબ્દુર રહેમાન જુસબ - માંડવી, (૭) ગુસાંઈ ગીરધરજી - માંડવી, (૮) શેઠ વેલજી લખમશી નપુ - બારોઈ, (૯) જીવરામ કલ્યાણજી - કોટડા, (૧૦) શેઠ ઠાકરશી હીરજી નેણશી - ગોધરા, (૧૧) શ્રી શામજી ભવાનજી - તુંબડી, (૧૧) શ્રી વિશ્રામ રામજી - ખેડોઈ, (૧૩) શ્રી મુરારજી જયરામ ત્રિકમજી - અંજાર, (૧૪) શ્રી નાનજી ખેંગાર ત્રિકુ - અંજાર, (૧૫) કચ્છ ભુજ ભીડના પીર શ્રી કરમશા, (૧૬) ઠાકોર શ્રી નોધણજી - નાગ્રેચા, (૧૭) ઠાકોર શ્રી ગજસિંહજી - લાકડિયા, (૧૮) શેઠ હરીદાસ દામોદર આણંદજી - માંડવી, (૧૯) શેઠ પુંજાભાઈ ઠાકરશી - કપાયા, (૨૦) શેઠ પ્રેમજી લધા - ખાખર

ખજાનચી : શ્રી ગોકુળદાસ ખીમજી

ઑડિટર્સ : મેસર્સ કલ્યાણજી ધનજી - માંડવી, મેસર્સ ઈબજી શિવજી - મુંદ્રા.

જનરલ સેક્રેટરી : કાંતિપ્રસાદ ચં. અંતાણી - અંજાર.

***સભ્યો*** : (૧) શ્રી પ્રાણલાલ સાકરચંદ - ભુજ, (૨) શ્રી અમીચંદ ખીમજી - ભુજ, (૩) શ્રી જગનાથ ભવાનીશંકર - ભુજ, (૪) શ્રી ભોજાભાઈ નાથા - કુકમા, (૫) શ્રી પ્રભુલાલ જ. ધોળકિયા - નાગોર, (૬) શેઠ દામજી વચ્છરાજ - માંડવી, (૭) શ્રી દોલતરામ જેશંકર - માંડવી, (૮) શ્રી મણીઆર અબ્દર રહેમાન - માંડવી, (૯) શ્રી ડાહીગવરીબેન - મસ્કા, (૧૦) શ્રી ગોવાળજી કોરસી - દેવપર, (૧૧) શ્રી લક્ષ્મીશંકર ભવાનજી - કોઠારા, (૧૨) શ્રી દામોદર દેવજી - ગઢશીશા, (૧૩) શ્રી મુલજી ગોવિંદજી શેઠ - મુંદ્રા, (૧૪) શ્રી ભવાનજી કુંવરજી - મુંદ્રા, (૧૫) શ્રી વલ્લભરામ વકીલ - મુંદ્રા, (૧૬) શ્રી રેવાશંકર વકીલ - મુંદ્રા, (૧૭) શ્રી કરશનજી શિવરાજ - મુંદ્રા, (૧૮) શ્રી આણંદજી રણછોડદાસ - અંજાર, (૧૯) શ્રી શેઠ ટોકરશીભાઈ - મુંદ્રા, (૨૦) શ્રી લાલજી રામદાસ - અંજાર. (૨૧) શ્રી જમનાદાસ ત્રિકમદાસ ગાંધી - અંજાર (૨૨) શ્રી સૌભાગ્યચંદ ધારસી દોશી, અંજાર, (૨૩) શ્રી જયરામ કલ્યાણજી - સીનુગ્રા, (૨૪) શ્રી ભીજી માનરાંગ - ચંદિયા, ૨૬. શ્રી મોતીચંદ રણછોડદાસ - તુણા, (૨૬) શ્રી શેઠ પરસોતમ દેવજી - તુણાં, (૨૭) શ્રી કુમાર શ્રી વેરસાલજી - નાગ્રેચા, (૨૮) શ્રી ઈસ્માઈલ મલુ સમેજા - આડેસર, (૨૯) શ્રી રાઘવજી દીપચંદ - રાપર, (૩૦) શ્રી હેમરાજ ડુંગરશી - ભચાઉ, (૩૧) શ્રી ગોવિંદજી ગોરધનદાસ - ડુમરા, (૩૨) શ્રી હેમચંદ પરસોત્તમ - ભુજ, (૩૩) શ્રી દોશી દામલુ પોપટ - ભુજ, (૩૪) શ્રી બાવા હરીશંકર કલ્યાણજી - ભુજ, (૩૫) શ્રી સવાઈલાલ ડી. રાણા - આડસર, (૩૬) શ્રી મથુરદાસ પરસોત્તમ - માંડવી,

Aristo™ STAINLESS STEEL
Mfrs. of Aristo Brand Stainless Steel Utensils
ARISTO PLUS
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

(૩૭) યોગીની આનંદ લહેરી મૈયા - ભુજ, (૩૮) શ્રી જયરામભાઈ જેઠાદાસ - અંજાર, (૪૦) શ્રી હરિરામ દામજી વકીલ, (૪૧) શ્રી ઝવેરી છગનલાલ વચ્છરાજ - ભુજ, (૪૨) શ્રી માધવજી ટોકરશી પીતાંબર - ભુજ, (૪૩) શ્રી આણંદજી દેવશી - ભુજપુર, (૪૪) શ્રી રવજી વાઘજી - શિકારપર, (૪૫) બેન માંકબાઈ - કોડાય, (૪૬) બેન પાનબાઈ - હાલાપર, (૪૭) રણછોડદાસ ત્રિકમજી -અંજાર. (૪૮) ઈંદરજી ગાંગજી ગાગોદર, (૪૯) શ્રી ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા, (૫૦) શ્રી ઠાકોર શ્રી ચંદાજી અભેરાજજી - કોટડી.

મહાત્માજી કચ્છના પ્રવાસમાં ભુજમાં મહારાવશ્રીના રાજ્ય મહેમાન તરીકે રહ્યા હતા. મહાત્માજીના પ્રવાસમાં સરદાર વલ્લભભાઈ પટેલ સાથે હતા. કચ્છમાંથી કાંતિપ્રસાદ ચં. અંતાણી (જનરલ સેક્રેટરી), દોલતરામ જેશંકર ધોળકિયા, ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા તથા પ્રભુલાલ જ. ધોળકિયા હતા. આ ચાર જણા મહાત્માજીની દરેક સભાઓમાં હરિજનો સાથે બેસવા માટે જતા. તેને પરિણામે તેમની નાગર જ્ઞાતિમાં ખળભળાટ મચી ગયો અને પરિણામે આ ચાર જણા ઉપરાંત પ્રભાશંકર રૂગનાથરાય વૈદને તા. ૨૭-૧૦-૨૫ના નાગર જ્ઞાતિ બહાર મૂક્યા.

- **મહાત્માજીનો પ્રવાસ કાર્યક્રમ :**

★ તા. ૨૨-૧૦-૨૫ : સ્ટીમરથી માંડવીમાં આગમન. સાંજે ભુજમાં નાગર જ્ઞાતિની વંડીમાં જાહેર સભા.

★ તા. ૨૩-૧૦-૨૫ : ભુજમાં મહારાવશ્રીની શરદ બાગમાં મુલાકાત, પછી નાગરવંડીમાં બીજી જાહેરસભા. હરિજનોને દૂર ન બેસાડ્યા.

★ તા. ૨૪-૧૦-૨૫ : ભુજ મોઢ વણિક જ્ઞાતિ તરફથી સંસ્કાર, તેની આગેવાની પ્રાણલાલ સાકરચંદ મહેતાએ લીધી હતી. આ સભામાં મહાત્માજીએ પોતે વિલાયત ગયા, તે પ્રસંગે ભુજની જ્ઞાતિએ તેમને નાતબહાર મૂક્યા ન હતા, તે વિગતોનો ઉલ્લેખ કર્યો હતો. મોઢ જ્ઞાતિના વતી બેન દયાકુંવર, પ્રાણલાલે મહાત્માજીને કુમકુમ તિલક કર્યું હતું.

★ તા. ૨૫-૧૦-૨૫ : ભુજ, માનકુવા, દેશલપર, મંજલ, મંગવાણા, રોહા કોટડી રાત્રી, દેશલપર પાસે રોડ ઉપર મંજલના સાધ્વીમૈયા હાજર હતાં. રાતે પાલખીથી પછી ગાડું કે રથમાં મુસાફરી કરી હતી. રસ્તામાં ઠેર ઠેર ગામેગામ મોટી સંખ્યામાં જનતા દર્શનાર્થે આવી હતી અને તેમની વાણી સાંભળી હતી.

★ તા. ૨૬-૧૦-૨૫ : કોઠારામાં જેઠાભાઈ કેશવજી નાયકની આગેવાની નીચે અબડાસા, ગડરાના હજારોની સંખ્યામાં સભા-સરઘસમાં હાજરી આપી હતી.

★ તા. ૨૭-૧૦-૨૫ : કોઠારાથી વિંઝાણ, ડુમરા, નારણપર.

★ તા. ૨૮-૧૦-૨૫ : ગોધરા ઉતારો શેઠ ઠાકરશી હીરજી નેણશીની વાડીમાં. ત્યાં મૌનવાર. અહીં પાંચ જણા નાત બહાર મુકાવ્યાના ખબર મળતાં તરત મહાત્માજીએ કાંતિ પ્રસાદને બોલાવ્યા અને પોતાની હાજરીને કારણે મુંઝવણમાં ન મૂકવા ભલામણ કરી હતી. પણ કાંતિપ્રસાદે નાત બહાર મૂકનારાઓ વતી નાત બહાર થવાની બાબતમાં મક્કમતા દેખાડતાં આ મહાપુરૂષે ત્યારે પ્રભાતના સૂર્યોદયના સમયે, પૂર્વાભિમુખે, પોતાના આજાનબાહુ લંબાવી નાતબહાર થનારા ચારેને "ભગવાન તમારું કલ્યાણ કરો" કહી દીર્ઘાયુષ્યના અસરકારી આશીર્વાદ આપ્યા હતા. આ દૃશ્ય અને પ્રસંગ અદ્વિતીય હતો. તે નાત બહાર થનારા ચારેના જીવનનો મહામૂલો પ્રસંગ હતો.

★ તા. ૨૯-૧૦-૨૫ : ગોધરા

★ તા. ૩૦-૧૦-૨૫ : માંડવીમાં જાહેર સભા. બ્રહ્મપુરીમાં મહાત્માજી હરિજનો માટેના પ્રવેશદ્વારમાંથી દાખલ થતાં સનાતની રૂઢિચુસ્તોએ ધાંધલ કરી સભામાં ભંગાણ પાડ્યું હતું.

★ તા. ૩૧-૧૦-૨૫ : માંડવીમાં બીજી જાહેર સભામાં, જે અદ્વિતીય થઈ હતી. શેઠ પુરુષોતમ ધનજી, શેઠ હરિદાસ દામોદર, શ્રી ગોકુળદાસ ખીમજી, શ્રી કલ્યાણજી ધનજી, શ્રી દામજી વચ્છરાજ વગેરે સહિત મોટી જનસંખ્યાની, સભામાં હાજરી હતી. મહાત્માએ વૃક્ષારોપણ કર્યું હતું.

★ તા. ૧-૧૧-૨૫ : ભુજપર

★ તા. ૨-૧૧-૨૫ : મુંદ્રા.

★ તા. ૩-૧૧-૨૫ : મુંદ્રાથી ભુજ, માધાપર, કુકમા, રતનાળા, અંજાર.

★ તા. ૪-૧૧-૨૫ : અંજારથી તુણા, જામનગર.

નોંધ : મુસાફરીની દિનવારીમાં કોઈક સ્થળે એકાદ દિવસ આગળ પાછળ હોવાનો સંભવ છે.

મહાત્માજીએ કાંતિપ્રસાદને જામનગરથી વાંકાનેર સુધી સાથે રાખ્યા હતા. તેમની સાથે કચ્છના રાજકારણની વિસ્તૃત ચર્ચા થઈ હતી અને માર્ગદર્શન આપ્યું હતું. વલ્લભભાઈ પણ સાથે હતા.

મહાત્માજીના પ્રવાસ બાબતના અહેવાલો અને તેની અસર કચ્છમાં સર્વવિદિત અને જાહેર છે. માંડવીના પ્રસંગો પણ ઠીક પ્રકાશિત થયા છે. તેમાં મહાત્માજી બ્રહ્મપુરીમાંથી પોતાના ઉતારે ભાટિયા મહાજન વાડીમાં આવતા ત્યારે ભાટિયા જ્ઞાતિના જૂનવાણી માનસવાળાઓ પર સંભવિત અસરની ફિકરમાં ભાટિયા જ્ઞાતિના મોટા આગેવાન માંડવીના સુપ્રસિદ્ધ જૂની પેઢીના વારસ-અગ્રણી શેઠ હરિદાસ દામોદર આણંદજી, લાયજાવાળા જાતે અદના કાર્યકરો સાથે બ્રહ્મપુરીથી ભાટિયા મહાજનવાડી સુધી એકાદ માઈલ દોડતા પહોંચ્યા હતા અને મહાત્માજીને કોઈ રોકટોક વગર પોતાના

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

ઉતારામાં યજમાનની પૂરી અદા અને ભક્તિથી દોરીને લઈ ગયા હતા. આ દૃશ્ય માંડવીની જનતાનાં દિલની સાચી ભાવનાનું પ્રતીક હતું. આની અસર બીજે દિવસે સારી રીતે જાહેર સભામાં અને સર્વત્ર વર્તાઈ હતી.

(આ મહાજન વાડીમાં ૧૯૨૭માં કચ્છી પ્રજાકીય પરિષદની બેઠક મળી હતી, જેના પ્રમુખ ભાટિયા શેઠ લક્ષ્મીદાસ વેરસી હતા. સ્વાગત પ્રમુખ ભાટિયા પુરુષોતમ ધનજી હતા. મંત્રીઓમાં ગોકુળદાસ ખીમજી ભાટિયા પણ હતા. આ હકીકતના સંદર્ભમાં શેઠ હરિદાસ સભાની તે સમયની ખાસ કામગીરી સમજવા જેવી છે. આ કાર્યનું મહત્ત્વ તેને કારણે વિશેષ નોંધ અને આદરને પાત્ર છે. આ પ્રસંગે હરિજનોને પરિષદમાં સામેલ ન કરવાના નિર્ણયના વિરોધમાં કાંતિપ્રસાદે મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું.)

ગાંધીજીએ તા. ૧૧-૪-૨૬ના "નવજીવન" માં લખ્યું છે કે, "મારી કચ્છની મુસાફરી બાબત હજી ગેરસમજ ફેલાઈ છે. ફરી જણાવવા ઈચ્છું છું કે કચ્છની મુસાફરીથી મને પશ્ચાતાપ નથી થતો, પણ એ હું મારી જિંદગીનો એક કિંમતી અનુભવ ગણું છું. ત્યાં પ્રેમનો અનુભવ મને બીજે જેવો જ થયો, સગવડો બીજે મળી તે મળી. તે બધું કચ્છમાં અનુભવ્યું છે, અને ભોગવ્યું છે...હું કચ્છ ગયો તે મારા સ્વભાવને અનુસરીને, તેથી કચ્છના મારા પ્રવાસને સારુ મને આજે ખુશાલી સિવાય બીજી લાગણી નથી. એટલું જ નહીં, પણ મેં કચ્છ છોડતી વેળા વચન આપ્યું છે તે પ્રમાણે જો કચ્છના સ્વયંસેવકો પોતાનું કાર્ય કર્યે જશે અને મારી હાજરી ઈચ્છશે તો જો મને અવકાશ મળશે, તો હું અવશ્ય ત્યાં ફરી જઈશ અને જે જે કઠિન ભાગો રહી ગયા છે ત્યાં પહોંચીશ અને જ્યાં જઈ આવ્યો છું ત્યાંના ભાઈઓ બહેનોની પાસે હિસાબ માગીશ."

ઉપરાંત મહાત્માજીએ કચ્છની પ્રજાને નીચે પ્રમાણે શીખ આપી હતી.

"...એ બધાં દુઃખો સાચાં હોય તો હું તમને કહું છું કે તેનો ઈલાજ તમારી પાસે છે અને તે અવિવેક કે અમર્યાદાનો નહીં, પણ સત્ય અને પ્રેમનો. મારા ત્રીસ વર્ષોના જાગૃત અનુભવથી, રાજ-કાજના અનુભવથી કહું છું કે દૃઢતાથી, સત્યથી, વિનયથી જે ફરિયાદો હોય તે તમે એકવાર મહારાવને કહી સંભળાવજો. મેં કહ્યું છે તે હૃદયની અંદર ઉતારજો અને તેનો અમલ કરજો, અને તમે જોશો કે મેં તમને જડીબુટ્ટી આપી દીધી છે." (તા. ૧-૧૨-૨૫ ના "નવજીવન" માંથી ઉતારો.)

મહાત્માજીના કચ્છના પ્રવાસને કારણે કચ્છના પ્રજાજીવનમાં અભૂતપૂર્વ કહેવાય તેવું સંગઠન અને એકતા દેખાયાં હતાં. જનજાગૃતિ પ્રગતિ પામી.

***સંપાદક : હરેશ ચ. ધોળકિયા***

***પ્રાપ્ત કર્તા : ઘનશ્યામભાઈ પી. ઠક્કર - અમદાવાદ)***

**મેગી**

**'મેગી' શું છે?**

**મને લાગે છે કે મેગી કોઈ છોકરી જ હશે, જે બે મિનિટમાં તૈયાર થવાનું પ્રોમિસ આપે છે અને પછી દસ-દસ મિનિટ લગાડે છે!**


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

| MUMBAI OFFICE | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

| PUNE & OTHER MAHARASHTRA OFFICE | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

| GUJARAT OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

| UTTAR PRADESH OFFICE | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૫

# પિતા તથા સંતાનનો સંબંધ

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

માતાની માફક પિતાનો પણ બાળકો સાથે સંબંધ રહે જ છે. એકલી માતા, બાળકનો સંપૂર્ણ ઉછેર નથી કરી શકતી. તેની અતિ લાગણીઓ ઘણી વાર બાળકના ઉછેરને અવરોધે છે. તે તેને રડતું કે દુઃખી જોઈ શકતી નથી. એટલે તરત જ બાળકની ઈચ્છાને આધીન થઈ જાય છે. ઘણી વાર તે બાળકની ખોટી ઈચ્છાઓ પણ પૂરી કરે છે. એથી બાળક બગડવા માંડે છે. તે પુરુષ જેટલી કઠોર થઈ શકતી નથી. તેની વધુ પડતી કોમળતા, તેની કમજોરી બની જાય છે. આ જ, પુરુષ કરતાં તેને ભિન્ન બનાવે છે.

બાળકના ઘડતરમાં જ્યાં માતાની કોમળતા જરૂરી છે ત્યાં પિતાની કઠોરતા પણ જરૂરી છે. માતાનો વહાલભર્યો ખોળો પૂજાય છે, તો પિતાનું બુદ્ધિભર્યું મગજ પૂજાય છે. માતા બાળકને સંસ્કાર શિખવાડે છે, જ્યારે પિતા નોકરી ધંધો શીખવાડે છે. પિતા વિનાનું બાળક વિધવા માતા પાસેથી પૂરો ઉછેર પ્રાપ્ત કરી શકતું નથી, એટલે પિતા-પુત્રના સંબંધ વિશે થોડો વિચાર કરવો જરૂરી લાગે છે.

બાળકપ્રાપ્તિનો આનંદ પિતાને પણ હોય જ છે, પણ માતા જેટલો નહિ. માતા તો હરખઘેલી થઈ જાય છે, જ્યારે પિતાને હર્ષ તો થાય છે, પણ ઘેલછા નથી આવતી. તે હર્ષને પચાવી શકે છે, એટલે શોકને પણ પચાવી શકે છે, જ્યારે માતા બેમાંથી એકેને પચાવી શકતી નથી. "લાલયેત્ પંચવર્ષાણિ" આ નીતિવાક્ય પ્રમાણે પિતા બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી ખૂબ લાડ લડાવે. "દશ વર્ષાણિ તાડયેત્" અર્થાત્ દસ વર્ષથી સોળ વર્ષ સુધીનાં દસ વર્ષો સુધી કઠોરતા બતાવે. અને પછી તેને મિત્ર સમાન માને. "પ્રાપ્તે તું ષોડશે વર્ષે પુત્રં મિત્રવદાચરેત્" માતા તેને લાગણીઓથી ઘડે છે તો પિતા લાગણી સહિત થોડી કઠોરતાથી ઘડે છે. બાળકોને પિતાનો ભય લાગવો જ જોઈએ.

આવો ભય કલ્યાણકારી થઈ શકે છે. જો બાળકને કોઈનો પણ ભય ન હોય તો કદાચ તે અનિષ્ટોનો ભોગ થઈ શકે છે. સૌથી પહેલાં તો બાળકને માતા-પિતા તરફથી પૂરેપૂરો સમય મળવો જોઈએ. જો તેમને સમય નહિ મળે તો તે બીજાં સારાં-ખોટાં ગમે તેવાં માણસો સાથે રખડતાં થઈ જશે અને ઘણી કુટેવોના ભોગ બની જશે. અત્યંત વ્યસ્ત રહેનારાં માતા-પિતા બાળકોને પૂરો સમય નથી આપી શકતાં, જેથી ઘણીવાર તેઓ બાળકોને ખોઈ બેસે છે.

પિતાએ બાળકનું અનિષ્ટોથી રક્ષણ કરવું એ તેનું કર્તવ્ય છે, એટલું જ નહિ, તેને જીવનની સાચી દિશા બતાવવી અને ચલાવવો એ પણ કર્તવ્ય છે. આ માટે જરૂરી છે, પોતે સાચી દિશા નક્કી કરી શક્યા હોય. બાળકને નાસ્તિક ન બનાવવો. જો તે નાસ્તિક થશે તો જીવનનાં ઘણાં મૂલ્યોનો ત્યાગ કરી બેસશે. પણ અત્યંત ભગતડું પણ ન બનાવવું. માતા-પિતા દેવદર્શન કે સત્સંગ વગેરેમાં જાય તો બાળકને પણ સાથે લઈ જાય. તેનામાં ધાર્મિક સંસ્કાર રેડાય તે સારી વાત છે, પણ સાધુ બ્રહ્મચારીઓની સાથે ગાઢ સંબંધ ન થવા દેવો. કદાચ બાળકને ખોઈ નાખવો પડે. પિતાએ પોતે પણ કોઈ સંપ્રદાયના વાડામાં ન પુરાવું, તેમ બાળકને પણ વાડામાં પૂરાતું રોકવું. ધાર્મિક થવું, પણ સાંપ્રદાયિક ન થવું. બાળક પાસે ઉપવાસ જેવાં બહુ વ્રતો ન કરાવવાં, ન પોતે કરવાં, પણ આહારની મધ્યમ સ્થિતિ સમજવી - સમજાવવી. બાળકને વ્યાયામપ્રેમી બનાવવો. પ્રતિદિન જરૂર વ્યાયામ કરવો - કરાવવો. તરવું, ઘોડેસવારી, દોડવું, બળબુદ્ધિવર્ધક રમતો રમવી, સાહસ કરાવવું અને શસ્ત્ર ચલાવતાં તો અવશ્ય શીખવાડવું. પ્રવાસો કરાવવા અને જીવનજરૂરી એવી બધી કળાઓ શીખવાડવી. જેમાં સંગીત, નૃત્ય સાહિત્ય; સારા અક્ષરો, ચિત્રો વગેરેમાં રસ લેતો કરવો. બાળકને નમ્ર-વિવેકી, ઓછાબોલો, ઉદાર, સહિષ્ણુ, પરગજુ જરૂર બનાવવો. આ બધું પોતાના આચરણથી જ શિખવાડી શકાય છે. જો માતા-પિતામાં આવા બધા સદ્‌ગુણો હશે તો બાળક તેમાંથી અવશ્ય પ્રેરણા લેશે.

તેની બુદ્ધિની ક્ષમતા અને રૂચિ પ્રમાણેની વિદ્યા તેને ભણાવવી. તેની બૌદ્ધિક ક્ષમતા જ ન હોય કે તેની રૂચિ પણ ન હોય તેવા અઘરા વિષયો ભણાવવાનો આગ્રહ ન રાખવો. બની શકે તો તેને સારી શિક્ષણ સંસ્થાઓમાં ભણાવવો. સારી સંસ્થાઓનો અર્થ થાય છે, જ્યાં વ્યસન અને સ્વેચ્છાચારનો પ્રભાવ ન હોય. જ્યાંના સંચાલકો તથા આચાર્યો આદર્શવાદી, નિષ્ઠાવાન હોય. શિક્ષણની સાથે આદર્શ અને નિષ્ઠા પણ શીખવાની હોય છે. આ બન્ને પુસ્તકોમાંથી નથી શિખાતાં પણ સંચાલકો અને આચાર્યોના જીવનમાંથી શિખાય છે. બાળકને સાધુ બનાવી દેવાનો ભય હોય તેવી સંસ્થાથી દૂર રહેવું. જો બાળક તીવ્ર પ્રતિભાશાળી હોય તો વારંવાર તેને વખાણ ન સંભળાવવાં. વખાણ પચાવવાં મોટા માટે પણ કઠિન હોય છે. ખાસ કરીને સૌના સાંભળતાં તો વારંવાર વખાણ ન કરવાં, તેમ વારંવાર તેને ઉતારી પણ ન પાડવો. પ્રતિભાની સાથે સ્વમાનનું તત્ત્વ સવિશેષ રહે છે, એટલે વારંવાર ઉતારી પાડનાર કે સૌની સામે તેને હડધૂત કરનાર પિતા, બાળકને પહેલાં દ્રોહી અને પછી ઘરત્યાગી પણ બનાવી શકે છે.

પોતાની શક્તિ હોય અને બાળકને રૂચિ તથા સામર્થ્ય હોય તો તેને ખૂબ ભણાવવું. પણ જો પોતાની શક્તિ ન હોય પણ બાળકની રૂચિ અને ક્ષમતા હોય તો

દેવું કરીને પણ ભણાવવું. પરોપકારી સંસ્થાઓનો સહયોગ લઈને પણ ભણાવવું. શિક્ષણમાં ખર્ચેલો પૈસો વાવેલો પૈસો છે, જે સમય આવતાં ઊગી નીકળશે. બાળક ચોરી ન શીખે તેનું ધ્યાન રાખવું. જો કે આ સંસ્કાર તો માતા-પિતાના પોતાના જીવનથી જ મળી શકે છે. તોપણ ઘણીવાર બહારના સંગથી પણ આવા કુસંસ્કાર આવી શકે છે. એટલે પૂરેપૂરું ધ્યાન આપવું. બાળક ગમે ત્યારે ગમે ત્યાં જમવા ન બેસી જાય, તે લાલચુ ન થઈ જાય. ભૂખ્યો હોય અને સારા પદાર્થોવાળું ભોજન મળતું હોય તો પણ ના પાડવાની તેની મનોવૃત્તિ હોવી જોઈએ. જો તે ચા-પાણી કે જમવાનો લાલચુ થઈ જશે તો ભવિષ્યમાં મોટો ઓફિસર થશે તો પણ પેલી લાલચુવૃત્તિ તેને કર્તવ્યપરાયણ નહિ રહેવા દે.

પિતાએ પોતાના ઉદાહરણથી આ સંસ્કાર નાખવાના હોય છે. “લઈ લે...લઈ લે...” એવું શીખવાડવા કરતાં “ન લેવાય, ન લેવાય...” એવું શીખવાડવું હિતાવહ છે. બાળકને માર ખાતાં ન શીખવાડવું. માર ખાતું છોકરું, મોટું થઈને પણ માર જ ખાયા કરશે. પણ સાથે સાથે તેને વગર કારણે ઝઘડા કરતું પણ નહિ કરવાનું. ગમે તે ગરીબ કે કમજોર છોકરાંઓ ઉપર દાદાગીરી કરતું પણ ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું. તે અન્યાયનો પ્રતિકાર કરે અને અન્યાયને દંડ આપી શકે તેટલું તેને શારીરિક અને માનસિક રીતે સક્ષમ બનાવવાનું. તેને ક્ષમા કરતાં પણ આવડે અને ક્ષમા માગતાં પણ આવડવું જોઈએ. પાઠ્યક્રમોને પૂરેપૂરા ભણે અને ચોરી કર્યા વિના પૂરેપૂરું લખે અને સારા ગુણાંક મેળવે એ તેનું સાચું શિક્ષણ છે. તેની યોગ્યતા એ જ તેની લાગવગ થઈ જશે. ગમે તેવો લાગવગ કે પૈસા ખાવાનો જમાનો આવ્યો હોય તોપણ થોડાક અંશમાં સાચાનો પણ જમાનો છે જ. હજી સાચા લોકોને શોધનારા લોકો પણ છે જ. એટલે નિરાશ થઈને ખોટો માર્ગ ન સ્વીકારવો.

ઉચ્ચતમ વિદ્યાકાળમાં કદાચ તે કોઈના પ્રેમમાં પડી જશે તેવી સંભાવના રાખીને જ ભણવા મોકલવો કે મોકલવી. આવું થાય તો આઘાત ન અનુભવવો. આવું તમારા માટે યુવાવસ્થામાં તો શું આ અવસ્થામાં પણ શક્ય છે, એમ માનીને જો બન્ને તરફનો સાચો પ્રેમ હોય તો થોડી કસોટી કરીને તેને સ્વીકારી લેવો. જડ વલણ ન અપનાવવું. હા, જો કોઈ વિધર્મી સાથે આવો પ્રેમ થયો હોય તો સાવધાન રહેવું. આ ખરેખર સાચો પ્રેમ છે કે ફસામણી છે તેની તપાસ કરવી. અને ખાસ કરીને પોતાની નાદાન કન્યાને બચાવી લેવા પ્રયત્ન કરવો. સંપર્ક બળવાન છે. એટલે બને ત્યાં સુધી અનિષ્ટ સંપર્કોથી બચવું - બચાવવું જરૂરી છે.

ભણીગણીને તૈયાર થયેલાં બાળકોને યથાયોગ્ય નોકરી-ધંધે વળગાડવાં. તેમને દેશ-વિદેશ મોકલવાં, તેમનો વિકાસ થાય તેવા માર્ગે ચાલવામાં મદદ કરવી એ માતાપિતાનું કર્તવ્ય છે. અને પછી તેમને યથાયોગ્ય રીતે પરણાવવાં એ પણ કર્તવ્ય છે. પરણાવવામાં બાળકોની રૂચિ તથા પસંદગીને પ્રાથમિકતા આપવી. બાળકોએ પણ માતાપિતાના અનુભવો અને રૂચિની સહાયતા લેવી. માત્ર રૂપના આકર્ષણથી દાંપત્ય સુખદાયી થતું નથી. મહત્ત્વ તો ગુણોનું જ છે અને ગુણો જોવા માટેની આંખ જુદી હોય છે. રૂપ જોનારી આંખ દગો ખાઈ બેસે છે, ગુણો જોનારી આંખ બધા પાસે નથી હોતી. જેની પાસે હોય તેવા વડીલો કે માતા-પિતા વગેરેનો સહયોગ કલ્યાણકારી બની શકે છે. આવી આંખ ઘણા અનુભવો પછી ઊઘડતી હોય છે. બની શકે તો કુળ અને સામુદ્રિકશાસ્ત્રનું માર્ગદર્શન લેવું. સામુદ્રિક લક્ષણો પ્રમાણે વર-કન્યા ચાર ભાગમાં વહેંચાયેલાં હોય છે : (૧) પદ્મ-પદ્મિની, (૨) હંસ-હંસિની, (૩) ચિત્ર - ચિત્રિણી અને (૪) શંખ - શંખિણી. આ ચારે પોતાની જગ્યાએ ઠીક જ છે, પણ વિરુદ્ધ સંયોજન દુઃખદાયી થાય છે. વિરુદ્ધ એટલે પદ્મ કે પદ્મિનીને શંખિણી કે શંખ સાથે જોડી દેવામાં આવે તો બન્ને દુઃખી થાય. પદ્મ અને પદ્મિનીનો સંક્ષિપ્ત શરીર પરિચય આવો છે : યથાયોગ્ય માપસરનું સુંદર ઘાટીલું શરીર, વિશાળ છાતી, લાંબા હાથ, મોટા લટકતા કાન, લાંબું નાક, પાતળા હોઠ, સુંદર દાંત, ગોળ ગાલ, ઝીણી ચમકદાર આંખો, વિશાળ લલાટ, ઊંચી ગરદન, લાંબા-સુંવાળા વાળ, મીઠો અવાજ, પગના નાના પંજા, ઍડી અને પંજા વચ્ચે ખાલી જગ્યા. લાંબી અણીદાર પાતળી આંગળીઓ, રક્ત નખ, ઊંચા નળા, પાતળી કમ્મર, પાતળી ચમકતી ચામડી શરીર ઉપર - સ્ત્રી હોય તો ઓછા વાળ (બિલકુલ ન હોય તો ઉત્તમ), પુરુષ હોય તો વધુ વાળ, ખાસ કરીને છાતીએ તો હોવા જ જોઈએ. માથામાં ભમરીઓ ન હોય, આ બધાં શારીરિક લક્ષણો છે. જે વર-કન્યામાં આવાં લક્ષણો હોય તેમાં આવા ગુણો હોવાની શક્યતા છે. આ બન્ને એકબીજાને વફાદાર રહેનારાં હોય, બીજી ગમે તેવી લાલચ મળે તો પણ પોતપોતાના માણસનો ત્યાગ ન કરે. આ બન્ને વાસનાપ્રધાન નહિ પણ પ્રેમપ્રધાન વૃત્તિવાળાં હોય, કદાચ તેમને ઓછું વાસનાસુખ મળે તોપણ સંતુષ્ટ રહે, કારણ કે પ્રેમ એ જ વાસનામાં સંતોષ આપનારું તત્ત્વ છે - જે તેમની પાસે ભરપૂર હોય છે. પદ્મ અને પદ્મિની બન્ને એકબીજામાં ઓતપ્રોત થઈને અદ્વૈત થઈ જાય છે અને લગ્નજીવનને આદર્શ અને ધન્ય કરી શકે છે.

હંસ અને હંસિનીમાં એમનાં શરીર મધ્યમ કક્ષાનાં હોય છે. બહુ રૂપાળાં નહિ તેમ બહુ કદરૂપાં પણ નહિ. છાતી, કપાળ, કાન, ગાલ, હોઠ-નાક, આંખો, હાથ, આંગળાં, કમ્મર વગેરે બધું મધ્યમ કક્ષાનું હોય છે. પદ્મિનીના વાળ છેક ઢીંચણ સુધી લાંબા હોય છે તો હંસિનીના વાળ કમ્મર


JAYANT STEELS જયંત સ્ટીલ્સ

179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે, મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦

સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

સુધી લાંબા હોય છે. તેની ચામડી બહુ પાતળી નથી હોતી તેમ બહુ જાડી પણ નથી હોતી. આવાં વરકન્યા, એકબીજાને વફાદાર તો રહે છે, પણ આપત્તિકાળમાં અન્યત્ર ખેંચાઈ પણ જાય છે. પણ પછી પસ્તાવો કરીને સુધરી પણ જાય છે. તેમનામાં પ્રેમ અને વાસના બન્ને સમાન હોય છે. અર્થાત્ પ્રેમથી વાસના ભોગવે છે અને વાસના માટે પ્રેમ કરે છે. વાસના ન હોય તો પ્રેમ ઘટી જાય છે અને પ્રેમ ન હોય તો વાસનામાં નિષ્ફળ જાય છે.

ચિત્ર અને ચિત્રિણીમાં બધાં જ શારીરિક લક્ષણો ઓછાં થવા લાગે છે. જે પોતાની મેળે સમજી લેવું : આવાં નર-નારીઓ પરસ્પરમાં બહુ સંતુષ્ટ ન હોવાથી અન્યત્ર જલદી ખેંચાઈ જાય છે. તેમને અવરોધોના દ્વારા રોકવામાં આવે તો જ રોકાતાં હોય છે. આમના દાંપત્યમાં પ્રેમ ઓછો અને વાસના વધુ હોય છે. એકબીજાં ક્યારે કોનો સાથ છોડી દે તે કહી શકાય નહિ. કારણ કે વાસના તેમને અસ્થિર અને ચંચળ બનાવી દે છે. અહીં સુખ મળશે કે તહીં મળશે તેવા ચક્કરમાં તેઓ જગ્યા-જગ્યાએ ભટકતાં ફરે છે.

શંખ અને શંખિણીનાં લક્ષણો સાવ નિમ્ન કક્ષાનાં હોય છે. અર્થાત્ બહુ મોટા ચપટા પંજા, જાડી અને લૂખી ચામડી, ટૂંકી અને બુઠ્ઠી આંગળીઓ, મેલા નખ, ટૂંકા નળા, પાતળી જંઘા, મોટી કમ્મર, મોટું પેટ, નાની છાતી, પુરુષને વાળ વિનાની છાતી, સ્ત્રીને આખા શરીરે બરછટ વાળ, જાડા હોઠ, ચપટા ગાલ, ટૂંકું નાક, અણી વિનાની ગોળ-ચોરસ ચૂંચળી આંખો, નાનું કપાળ, નાના કાન, વેંત જેટલા વાળ અને તે પણ બરછટ, માથામાં ભમરીઓ, કર્કશ અવાજ વગેરે શારીરિક લક્ષણો છે. આવાં નર-નારીઓમાં વાસનાની પ્રધાનતા રહે છે. પ્રેમ લગભગ હોતો જ નથી. વાસનાની કે પૈસાની ગરજ હોય ત્યાં સુધી જ પ્રેમ રહે, પછી તું કોણ અને હું કોણ! લાખ પ્રયત્ન કરીને પણ આવાં નર-નારીઓ એક વ્યક્તિમાં સ્થિર થઈ શકતાં નથી. તેઓ રોજ નવું નવું શોધ્યા કરે છે. પ્રત્યેક પાત્રમાં ખેંચાઈ જાય છે. ગમે તેટલા અવરોધ કરો તો પણ તેઓ વાસનાપૂર્તિ માટે ફાંફાં મારીને પણ જગ્યા કરી લે છે. આમને કદી પણ સંતોષ થતો નથી. શંખિણી સ્ત્રી અને શંખ પુરુષ રોજ નવો નવો શિકાર શોધતાં ફરે છે. જો તેમનું ચાલે તો એક જ દિવસમાં કેટલાય શિકાર કરી નાખે. આવાં માણસો કેટલાયનાં સુખી ઘરોમાં આગ લગાડતાં ફરે છે. આ તેમની પ્રકૃતિ છે. આવાં નર-નારીઓ એકબીજામાં સંપૂર્ણ રીતે ભળી શકતાં નથી, એટલે તેમનું દાંપત્ય પૂરેપૂરું જામતું નથી. પરસ્પરની બેવફાઈ તેમના કોઠે પડેલી વસ્તુ છે. જો બન્ને શંખ અને શંખિણી હોય તો બહુ વાંધો ન આવે પણ જો પદ્મના ગળે શંખિણી કે પદ્મિનીના ગળે શંખ બાંધી દેવામાં આવ્યો હોય તો દુઃખનો પાર ન રહે. આવું બધું જ્ઞાન-ભાન નાદાન ઉંમરમાં ન રહે એટલે અનુભવી માતા-પિતાનો સાથ લેવો જરૂરી છે.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯,*
*પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

**ફાર ઈસ્ટ**
થાઈલેન્ડ
મલેશિયા
સીંગાપોર
Rs. 39,999/- + $ 999
PP. No Hidden Cost.
11N 11D. Reg. Dept.
REG. DEP.

**થાઈલેન્ડ**
5N - 6D
No Hidden Cost.
All Inclusive
Rs. 19,999/- +
$ 349 PP
REG. DEP.

**ઓસ્ટ્રેલિયા**
ALL INCLUSIVE
Rs. 1,35,555/- + 1999 AUD
ગોલ્ડ કોસ્ટ ● કેઈન્સ ● મેલબર્ન ● સીડની
પ્રસ્થાન : ૧૦ જૂન ● ૧૧ રાત્રી - ૧૨ દિવસ
ભરપૂર સાઈટ સીન ● All Veg. / Jain Meal
જવા - આવવા અને ઈન્ટર્નલ ૩ વિમાન ટિકીટ
સહિત કુલ ૫ વિમાન મુસાફરી.
જૈન દેરાસરો ૩-૪ સ્ટાર હોટલો ● એ.સી. સ્વતંત્ર વાહનો

**મલેશીયા સીંગાપોર**
6N - 7D
Rs. 29,999/- +
$ 799
All Inclusive
REG. DEP.

**Amazing DUBAI**
4N - 5D
Rs. 24,444/- +
$ 499
All Inclusive
REG. DEP.

અમારું નમ્ર નિવેદન : ભાવ, સાઈટ સીઈંગ અને સગવડતાઓ....
કોઈની પણ સાથે સરખાવો, ચોક્કસ ચાર જગ્યાએ પૂછો.... પછી જ કરો અમને ફોન

દરરોજ હેન્ડલીંગ ● ડ્રાયફ્રુટ્સ પેકેટ્સ ● ભરપૂર સાઈટ સીઈંગ

આપણું પોતાનું સ્વતંત્ર રસોડું ● લક્ઝરી વાહનો ● સારૂં એકોમોડેશન ● મીનરલ વોટર

**નાસીક કુંભમેલા**
A.C. / Non A.C. ટેન્ટ
૧૪ જુલાઈથી
રૂા. ૪૪૦૦/- અને વધુ

**કાશ્મીર**
Ex. શ્રીનગર
7N ● Rs. 22,222/- થી
સાથે / સિવાય
માતા વૈષ્ણોદેવી
● પહેલી ટોપ ● અમૃતસર Ex. જમ્મુ/અમૃતસર
● શ્રીનગર-મુગલ ગાર્ડન ● શંકરાચાર્ય હિલ
● ગુલમર્ગ ● ગંડોલા ● પહેલગામ ● ચંદનવાડી
● સોનામાર્ગ વિ.

**લેહ-લડાખ**
નુબ્રાવેલી ● પેંગગોંગ
Ex. લેહ ● 6N ● Rs. 24,444/- થી
કારગીલ અને શ્રીનગર
રાત્રિ રોકાણ સહિત
Ex. શ્રીનગર
● 9N ● Rs. 33,333/- થી

**મોનસુન કેરાલા**
Ex. કોચીન ● Rs. 18,888/- થી
મુન્નાર ઠેકડી
પેરીયાર ● કોચીન
કન્યાકુમારી - ત્રિવેન્દ્રમ
સાથે પણ ઉપલબ્ધ

મનોરંજન ● પાનવાળા પંડિત ● લોન્ડ્રી ● ભાભરની સેવાઓ

યાત્રા-પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલિકાઓના પ્રણેતા

www.tanmantourandtravels.com
tanmantravels@yahoo.co.in
tanmantour@gmail.com
808010708

"જય કચ્છ" "જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ" "જીયો કચ્છી"

# હૈ વતન તેરે લીયે

*વર્ષોના ઈંતજાર પછી વહાલા વતનના વેગવંતા*

*વિકાસ સાથે સોનાનો સૂરજ વિકાસનો – માં ભોમ કચ્છ ધરામાં*

માદરે વતન કચ્છ પ્રથમ સમુદ્રનું વિશાળ તટ ધરાવતો એશિયા ખંડમાં વિશાળ ખનીજથી ભરેલ ભૂમાર્ગે જમીન હિસાબે સૌથી મોટો જીલ્લો. છેલ્લા સાત/આઠ દાયકાથી પાછળ - વસ્તીહીન થવા લાગેલ. ભૂકંપની કારમી થપાટ પછી ભારત રત્ન તે વખતના વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈએ ટેક્ષ હોલીડેની જાહેરાત સાથે ગરવી ગુજરાત રાજ્યના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની નિગરાની હેઠળ હાલે શ્રીમતી આનંદીબેન પટેલ તથા તેમની સક્રિય ટીમ થકી

**વર્ષોથી આભ સામે જોઈ ટળવળતા વતનમાં**

**તા. ૧૮-૦૪-૨૦૧૫થી સિંચાઈ ક્ષેત્રે માં નર્મદાજીની પધરામણી**

હવે વતનના કિસાનોને આભ સામે ઊંચે નહીં જોવું પડે. નીચે ક્યારામાં દૃષ્ટિ રાખી પાણી ક્યાં વાળવાની સરાહના રહેશે ખેતરોમાં... અપાર ખનીજ સંપત્તિ રીફાઈનરી, એલ્યુમિનિયમ ઉત્પાદન ક્ષેત્રે દિન પ્રતિદિન આગળ વિકાસ જારી રાખતાં છે કે તુણા બંદરથી મુંદ્રા બંદર સુધીનો વિશાળ સમુદ્ર કાંઠો સજ્જ કરતા યુવા ઉદ્યોગપતિ ગૌતમભાઈ અદાણી (મુંદ્રા પોર્ટ) ૧૦ ટ્રેક નેશનલ હાઈવે, સમૃધ્ધ ખેતી માટે મુંદ્રાને વધુ જળ ફાળવણી, હોટલ ઉદ્યોગ, ટુરીસ્ટ ઉદ્યોગ, ગેરેજ, કૃષિ, વાણિજ્ય, દૂધ ઉત્પાદન વિશ્વમાં નં.-૧

યુવાઓને સંપૂર્ણ સલામત રોજગારીની તકો સાંપડેલ હોઈ પ્રવાસ ક્ષેત્રે પાઈપ - સ્ટીલ - લાકડાના ઉદ્યોગ હવે એલ્યુમિનિયમ પ્રોજેક્ટ તથા રીફાઈનરી ક્ષેત્રે અવ્વલ થાય છે.

ડિસેમ્બર-૨૦૧૫ સુધી કચ્છને ટાટા - અદાણી પાવર પ્રોજેક્ટ વીજ ક્ષેત્રે વિશ્વમાં નં.-૧ બનાવશે. ૭ થી ૮ લાખ માનવ વસ્તીને વધુ રોજગારી, પ્રવાસન, ટ્રાન્સપોર્ટ, ગોડાઉન, વેરહાઉસ તેમજ અન્ય અસંખ્ય રોજગાર આજીવિકાની તકો ઉપલબ્ધ થાય છે. તો રૂબરૂ આપના સ્વ નજરે નિહાળી વિકાસયાત્રાના સહભાગી બનો.

**હવે આપ જ વિચારો કચ્છનો વિકાસ નજદીકના ભવિષ્યમાં ડેવલોપમેન્ટ – જળ પ્રશ્ન, વીજ પ્રશ્ન, દેશને દિશા આપશે ત્યારે આપણે આપણા વતનમાં નાનાં રોકાણથી વિપુલ ફાયદો**

સાથે ખેતર નહીં પણ ખોરણું સહી, આવો અમારો સંપૂર્ણ સાથ સહકાર - માર્ગદર્શન આપની સાથે હશે. રણ ઉત્સવ નમક ક્ષેત્રે આજે વિશ્વમાં આપણે પણ વહાલસોયાનું સ્થાન પ્રાપ્ત સ્થાપિત કરીએ... કચ્છ નહીં તો કુછ નહીં....

***વ્હાલસોયાનું ભવિષ્ય બનાવવા આપનો સાથ, વતનનો વિકાસ....***

**મુંદ્રા તાલુકા આસપાસના ગામો જે ટુંક સમયમાં બનશે શહેરો - મહાસીટી**

**"જય કચ્છ" મૂડી રોકવાના ચાન્સ.... "જીયો કચ્છી"**

**શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) ગાંધીધામ આપની સાથે છે.**

**કો. લબ્ધિ મોમાયા : 98253 51001 સ્વરાજ મોમાયા : 97122 04390**

**કાંતિલાલ લાલકા : 93770 88890 હર્ષદ શાહ : 98252 63287**

# વતનના વિકાસ મુંદ્રા પોર્ટના ડાયરામાં વસાવો

મુંદ્રાથી ફક્ત ૧૨.૫ કિ.મી. દૂર રતાડિયા ગણેશવાલા હાઈવે રોડ ટચ સંપૂર્ણ વસ્તીમાં ૯૦ ચો.વારના એન.એ. કમ્પ્લીટ. પૂર્ણ કારપેટ એરિયા ૮૧૦ ચો.ફુટનો પ્લોટ ટાઈટલ ક્લીયર મેટલ રોડ, ગટર, પાણી, લાઈટની સુવિધાથી સજ્જ. પ્રતિવાર ફક્ત રૂા. ૧૫૫૦/- + રૂા. ૩૦૦૦/- રજી. દસ્તાવેજ ખર્ચ ફક્ત ૨૬૦ પ્લોટો માનવ વસ્તીની વચ્ચે જે ટુંક સમયમાં બનશે મેઘા સીટી એવા એરીયામાં.

૮૦ ચો.વારના કારપેટ એરીયા રતાડિયા વિરાણી મુંદ્રા પોર્ટથી ૧૪ કિ.મી. દૂર ફક્ત ૩૦/૩૫ પ્લોટ. ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે ફક્ત રૂા. ૭૫,૦૦૦/- + રૂા. ૪૫૦૦/- દસ્તાવેજ ખર્ચ અલગથી. વિશાળ ટાઉનશીપ એરિયા વાંકી તીર્થની સામે મેઈન રોડ ટચ ૧૦૦ ચો.વાર ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે ૩૫-૪૦ પ્લોટો કારપેટ એરિયામાં. સંપૂર્ણ વસ્તી સામે.

વાંકી તીર્થની સામે ફક્ત રૂા. ૬૬,૦૦૦/- + રૂા. ૪,૫૦૦/- દસ્તાવેજ ખર્ચ ફક્ત રહેઠાણ હેતુ માટે (મોટી વિશાળ ટાઉનશીપ એરીયા)

વેગવંતા વિકાસ સાથે હાથ મેળવો, ઉજ્જવળ ભવિષ્ય માટે આપનો સાથ વતનનો વિકાસ. જ્યાં ટુંક સમયમાં વિશાળ માનવ વસ્તી આવે છે વસવાટ માટે. માં નર્મદાજી ૨૦૧૫ ડિસેમ્બર સિંચાઈ ક્ષેત્રે જમીનને નવપલ્લવિત કરશે. આવો, સમય સાથે તાલ મિલાવો અને વ્હાલસોયા માટે વસાવો કચ્છ.

**૪૫ વર્ષોની કારકિર્દી ધરાવતા એસ્ટેટ બ્રોકર**

**લબ્ધિ મોમાયા ના**

**આપના રોકાણના ઊંચા વળતરની ખાત્રી સાથે....**

**"જય કચ્છ" "જીયો કચ્છી"**

# સત્યં વદઃ, ધર્મમ્ ચર!

• ડૉ. ગીરીશ વીછીવોરા •

સત્ય બોલ. ધર્મનું આચરણ કર. ખ્રિસ્તી ધર્મમાં ૧૦ હુકમો – Ten Commandments છે, તેવું જ આ ફરમાન આપણા માટે છે. ફરમાન સાવ સાદું, સરળ ને સરસ પણ છે ત્યારે જ ગળે ઉતરે એવું છે. મનોમન આપણે તરત કહી દઈએ છીએ કે આપણને ખોટું બોલવાની શી જરૂરત છે. ધર્મ તો આપણે યથાશક્તિ કરીએ જ છીએ. આમ ઉપર ટપકે બધું તરત મનમાં બેસી જાય છે. ગેડ બેઠી કે સંતોષનો ઑડકાર ખાઈ બધું ભૂલી જઈએ છીએ. આપણે સત્ય જ બોલીએ છીએ. છતાં ક્યારે, કયા સમયે અસત્ય બોલાઈ જશે ને તે પણ સહજ ભાવે તેની આપણને જરા પણ ખબર હોતી નથી. કારણ એ બધું આપણા માટે સહજ થઈ ગયું છે. આપણે અસત્ય બોલ્યા કે અર્ધસત્ય કહ્યું તેનો ખ્યાલ પણ આવતો નથી. જીવનની ઘટમાળમાં એ બધું એવું વણાઈ ગયું છે કે જાણે કોઈ મશીન પોતાની રીતે કામ કરતું રહે, તેવું જ આપણે આપણી દિનચર્યામાં કરતા રહીએ છીએ. એક જ વાતનો જવાબ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ માટે અલગ હોઈ શકે. અહીં સત્ય કે અસત્ય નેપથ્યમાં જાય છે. સામે કોણ છે તે મહત્ત્વનું છે. કદ પ્રમાણે પાથરણું પાથરવું એ સહજભાવ આપણા જીવનમાં એવો વણાઈ ગયો હોય છે કે અમુક વ્યક્તિને બરાબર જવાબ દેવો તો અમુક સાથે ઠાગાઠૈયા કરવા. અહીં વ્યક્તિ કેન્દ્રમાં રહે છે. સત્ય કે અસત્ય પશ્ચાદભૂમાં જાય છે, જે બરાબર નથી. રાતના સૂતી વખતે પ્રાર્થના ન થાય તો ચાલે, પણ આખા દિવસ દરમ્યાન આપણે જે વ્યવહાર કર્યો, લોકોના સંપર્કમાં આવ્યા, એમની સાથેના વ્યવહારમાં સત્ય - ફક્ત સત્ય - બીજું કંઈ નહિં; ક્યાં, કેટલું ને કેવું રહ્યું તેના પર વિચાર કરતાં આપણે આપણું પોતાનું સત્ય વિષે ઑડિટ કરી શકીએ. ભલે આપણે બીજા કોઈને એ વાત ન કરીએ, છતાં આપણા પોતાના મનમાં એ સત્ય - અસત્યની માત્રા બરાબર બેસી જવી જોઈએ. આંતરખોજમાં આપણને ઘણીવાર અણમોલ રત્નો સાંપડે છે. અહીં પણ આપણે ક્યાં અસત્ય કે અર્ધસત્ય બોલ્યા તે મહત્ત્વનું છે. એનો બરાબર વિચાર કરશું ત્યારે આપણે આપણા આ વિષય પરનું આપણું યોગ્ય સ્થાન નક્કી કરી શકીશું. મન હોય તો માળવે જવાય. મનોમન ગાંઠ વાળી દીધી કે અસત્ય નહિ જ જોઈએ, તો આપણું મન તે ગ્રહણ કરશે. મન બહુ જ શક્તિશાળી અંગ છે. મનથી નક્કી કરેલી કોઈપણ વાત વ્યક્તિ 'મન' દઈને કરશે. એમાં ઓતપ્રોત થશે, એનો સંપૂર્ણપણે સ્વીકાર કરશે. ફળસ્વરૂપ સત્ય બોલવાની ટેવ એક સહજ ક્રિયા થઈ રહેશે.

**જે વ્યક્તિ સત્યને વરી ચૂકી છે, એના વાણી, વ્યવહાર, વર્તનમાં ગજબનો ફેરફાર થશે.** સહજ સ્વસ્થતા એના વ્યવહારનું સ્થાયી અંગ બની રહેશે. કોઈપણ આદાન પ્રદાનમાં એની એક જ વાત હશે. હા, ના, આનાકાની કે સમજાવટની કંઈ જરૂર નહિ પડે. આવી વ્યક્તિનો અન્ય પર ગજબનો પ્રભાવ પડશે. એના ચહેરા પરની સુરખી ને સ્વસ્થતા ઊડીને આંખે વળગે એવી હશે. સામેની વ્યક્તિ પર એની ફક્ત અસર નહિં થાય, અંજાઈ જશે. સત્યમાં દેવાંશી તત્ત્વ રહેલું છે. સત્ય બોલનારનું ખોળિયું પણ એટલું જ પવિત્ર બની રહે છે. સૌથી વધુ લાભ એને પોતાના જીવન વ્યવહારમાંથી – એને એક વાર પૂછો કે દસ વાર પૂછો, જવાબ એક જ હશે. સહેજે સામી વ્યક્તિ પ્રભાવિત થશે. તે તો જાણે ઠીક, સત્ય બોલનારને બીજી કંઈ ઝંઝટ નહિ રહે. ઘણીવાર અસત્યનું આચરણ કરનારને યાદ કરવું પડે છે કે એણે અમુક સવાલનો શો જવાબ આપેલો. અહીં એવું કંઈ નથી. બધી વિડંબણાઓ ઓછી થશે. કેટલી બધી શક્તિ બચશે! એ બધાથી પર, ઉપર વ્યક્તિમાં જે સહજતા, ધરપત ને ઠાવકાઈ ઉપસશે, તે અનન્ય જ હશે. આથી વ્યક્તિ ભર જંગલમાં કોઈ અજાણ્યાને ભેટશે ત્યારે પણ એનો એવો પ્રભાવ હશે. કારણ સત્ય થોડા મૂળ તત્ત્વો માંહેનું એક છે. જ્યારે વ્યક્તિ સત્યનો સંપૂર્ણપણે સ્વીકાર કરી એના વાણી, વર્તન, વ્યવહારમાં સહજતાથી ઉતારે છે, એની હર પ્રવૃત્તિનું એ અંગ થઈ જાય છે, ત્યારે વ્યક્તિએ આત્મોન્નતિનું પ્રથમ સોપાન સર કર્યું કહેવાશે. યાદ રહે, Charity begins at home. આત્મોધ્ધારની વાતો થતી જ રહે છે. એ વાતો જ રહે છે સિવાય કે વ્યક્તિ કોઈ નક્કર પગલું ભરે. સત્ય પહેલું કદમ છે. મહાત્મા ગાંધીજીએ એ ડગલું હાંસલ કર્યું. જીવનમાં ઉતાર્યું. એને માટે પોતાના જીવનની આહુતિ આપી. માનવમાંથી મહામાનવ થયા.

ધર્મનું નામ આવ્યું કે બહુધા આપણે આપણા ધર્મ – હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વિષે જ વિચારીએ છીએ. સહેજે સૌને પોતાનો ધર્મ વહાલો હોય છે. એના ધર્મ વિષે કોઈ ઘસાતું બોલે તે ક્યારેય સહી શકશે નહીં. આ થયો સ્થૂળ ધર્મ. અહીં ધર્મની જે વાત છે તે આ ધર્મની નથી. આપણી ફરજ વિશેની વાત છે. આપણે જ્યારે કોઈ વ્યક્તિના ધર્મ વિષે યાદ દેવડાવીએ છીએ ત્યારે આવી પડેલા સંજોગોમાં, જીવનની વાસ્તવિક્તામાં, એની આંટીઘૂંટીમાં એ વ્યક્તિની શી ફરજ છે તે એનો ધર્મ થયો. એ ધર્મ - ફરજ પ્રમાણે વલોવાનું, જીવનની વાસ્તવિક્તાઓનો સામનો કરવો ને એમ કરતાં પોતાની આત્મોન્નતિ પણ કરવી એવું આ સૂત્ર – ધર્મમ્‌યશ કહે છે.

ધર્મ માટેની આપણી એટલી રૂઢ માન્યતા થઈ ગઈ છે કે એનાથી આપણે આગળ વધી શકતા નથી. કોઈ આગળ વધવાની વાત કરે, તરત નાસ્તિકનું લેબલ લાગી જાય. સ્થૂળ ધર્મના પ્રવક્તાઓ સહેજે

પોતાની ફરજ પ્રમાણે પોતાના ધર્મનો મહિમા કરતાં થાકતા નથી. એમને હિસાબે ધર્મનું આચરણ એટલે વિધિવિધાન, વ્રત, તપ, જપ, ધર્મધ્યાન. વ્યક્તિ બરાબર સમજદારીથી એમાં ભાગ લે, જરાય વાંધો નથી. એ બધી પ્રવૃત્તિઓ અમુક હદ સુધી નિર્મળ ને ચોખ્ખી છે. બહુધા એવું થતું નથી. યેનકેન પ્રકારેણ વ્યક્તિના મગજમાં ઠસાવવામાં આવે છે કે આવું બધું કરવામાં જ એનું શ્રેય છે, પરભવનું ભાથું છે. જ્યારે આપણે આ ભવની પૂરી જાણકારી નથી સમજી શકતા ત્યારે પરભવ વિષે શું સમજશું. હાથે તે સાથે. જે પ્રત્યક્ષ છે તેનો સ્વીકાર કરવો ને એમાં જ આપણને - આપણા જીવનને કેમ ઉર્ધ્વગામી કરી શકાય તેવા ડગ ભરીએ તો ઘણી બધી ખાઈઓમાંથી બચી શકાશે.

સ્વધર્મે નિધનમ્ શ્રેયમ્, પરધર્મો ભયાવહા — અહીં પણ ધર્મ એટલે સ્થૂળ ધર્મ નહિ, ધર્મ એટલે ફરજ. તારી ફરજ માટે ફના થઈ જાય તે ઉત્તમ. બીજાની વાતમાં માથું મારતાં નકામી ઝંઝટ ઊભી થશે.

જીવનમાં આવેલ હર વ્યક્તિ, પોતે જે પરિસરમાં ઉછરી, મોટી થઈ, જિંદગીની વાસ્તવિક્તાઓનો સામનો કરતી થાય છે ત્યારે એણે બહુ જ સ્પષ્ટતાથી તદ્દન સ્વસ્થતાથી, કોઈની શેહ શરમમાં આવ્યા વગર એની ફરજ શી છે તે બરાબર સમજવું જોઈએ. સૌથી પહેલી ફરજ એની પોતાની જાત પ્રત્યે છે. પોતાના કંઈ ઠેકાણા ન હોય ને લોકોનું કલ્યાણ કરતા કાર્યકરોના હવાતિયા જોઈ દુઃખ થાય. 'ફરજ' પોતાના કુટુંબ પ્રત્યે પણ એટલી જ મહત્ત્વની છે. કુટુંબની હર વ્યક્તિ એ બરાબર સમજે, કુટુંબમાં એનું સ્થાન ને જવાબદારી સમજી તે પ્રમાણે વર્તે તો કુટુંબ એક 'અંગ' તરીકે ઉપસી આવશે. જ્યાં કુટુંબના સભ્યો વચ્ચે એકવિધતા નથી ત્યાં પ્રગતિ નથી. આ દુનિયામાં આવી કંઈ ન કરી શક્યા, કંઈક ન થઈ શક્યા તો જીવનનો અર્થ શો? માણસ સામાજિક પ્રાણી છે. એને પોતાનો સમાજ છે. એ સમાજના રીતરિવાજ પણ છે. એ બધાનો આદર કરી, એમાં એકરૂપ થઈ શક્યો તે પોતાની ફરજને વર્યો. સાથે સાથે એવા કોઈ રીતરિવાજ જે જમાના પ્રમાણે બંધબેસતા નથી તેનો વિરોધ કરી, વિદ્રોહ પણ કરી એને સુધારે તે પણ એની ફરજ છે. તેવું જ દેશ માટે. આપણે એક સ્વતંત્ર દેશના નાગરિક છીએ. લોકશાહી શાસન સ્વીકાર્યું છે. પ્રત્યેક દેશવાસીની ફરજ છે કે તે પોતાના વતન માટે કંઈક કરી છૂટે. આમ ધર્મ - ફરજ જ્યાં વ્યક્તિના મનમાં બરાબર બેસી રહેશે ત્યાં દેશનું ભાવિ સલામત હોઈ શકે! 'ફરજ' વિષે જ વિચારતાં વ્યક્તિ સંકુચિત મનની ન રહેતાં, વિશાળ હૃદયી બની રહેશે. બહુ દુઃખપૂર્વક કહેવું પડે છે કે આપણે આપણા સ્થૂળ ધર્મને વધુ મહત્ત્વ આપ્યું. અત્યારે પણ ધર્મનું નામ આવે કે દરેક પોતપોતાના સ્થૂળ ધર્મને યાદ કરે છે. ભારતની અવગતિના મૂળમાં આ વિચારધારા છે. આપણે આત્માની ઉન્નતિ માટે, પોતાનું જ હિત જોવા આપણને આપણા ધર્મગુરૂઓ અફીણ ખવડાવતા રહ્યા. કોઈએ 'ફરજ' એટલે ધર્મ ન કહ્યું. ફળસ્વરૂપ આપણો દેશ લૂંટાતો હતો, મા-બહેનના શિયળ લૂંટાતા હતા, ત્યારે આપણે આત્મવંચનામાં રહી ભગવાનને ભરોસે રહ્યા. તે જ આપણો ઉધ્ધાર કરશે એવા નપુંસક વિચારોમાં વિચરતા રહી દેશનું સત્યાનાશ કર્યું. જાગ્યા ત્યારથી સવાર. 'ફરજ' વિશાળ હૃદયે સ્વીકારી એનો મહિમા કરીએ. અમેરિકનોને આપણે ભાંડતા રહીએ છીએ. હર અમેરિકનની ખ્વાહીશ હોય છે કે તે થોડો સમય પણ લશ્કરમાં જોડાઈ પોતાના દેશ માટેની ફરજ પૂરી કરે. આપણે એમાંથી પ્રેરણા કેમ ન લઈએ?

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા, ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*
*મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*

## હવે હું શું કરું?

એક માણસ શરાબના નશામાં ચૂર થઈને રસ્તા વચ્ચે પડ્યો હતો. ત્યાંથી જીસસ નીકળ્યા. એમણે એ દૃશ્ય જોયું. જીસસ તે માણસને ઓળખી ગયા. થોડા વખત પહેલાં જ જીસસે એક રક્તપીત્તિયાને રોગ મુક્ત કરેલો અને એને નવું જીવન આપેલું. આ એ જ માણસ હતો જે અત્યારે શરાબના નશામાં મસ્ત હતો. જીસસે તેની પાસે જઈને પૂછ્યું, 'ભાઈ, તું શા માટે તારી જિંદગી શરાબમાં ડૂબાડી રહ્યો છે?'

તે માણસે જવાબ આપ્યો, 'પ્રભુ, આપે મને રોગમુક્ત કર્યો, હવે હું શું કરું?'

જીસસ સહેજ વ્યથિત થઈને આગળ વધ્યા. એમણે બીજું દૃશ્ય જોયું. એક માણસ વેશ્યા બજારમાં લટાર મારતો હતો. જીસસે એને પણ ઓળખી લીધો. આ એ માણસ હતો જે જન્મથી જ અંધ હતો અને જીસસે એને દૃષ્ટિ આપીને દેખતો કર્યો હતો. જીસસે એને પૂછ્યું, 'ભાઈ, તું શા માટે વેશ્યાઓ પાછળ તારી જિંદગી વેડફી રહ્યો છે?'

પેલાએ જવાબ આપ્યો, 'પ્રભુ, આપે મને અંધને દેખતો કર્યો. હવે હું શું કરું?'

જીસસ નારાજ થઈને આગળ વધ્યા. ત્યાં એમણે ત્રીજું દૃશ્ય જોયું. એક વૃધ્ધ માણસ લાચાર અને પરવશ અવસ્થામાં રડતો બેઠો હતો. જીસસે એને પૂછ્યું, 'ભાઈ, તું રડવામાં સમય કેમ વેડફે છે?'

પેલા વૃધ્ધે જવાબમાં કહ્યું, 'પ્રભુ, હું તો મૃત્યુ પામ્યો હતો. આપે મને જીવિત કર્યો. હવે હું શું કરું?'

★

દયારામે ગાયું જ છે ને કે "ઉત્તમ વસ્તુ અધિકાર વિણ મળે તો કશો અર્થ નવ સરે."

**— શાંતિલાલ સંઘવી**

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# માતા-પિતા અને તરુણ સંતાન – (૧)

● ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) ●

તરુણાવસ્થા ખૂબ જ સંવેદનશીલ અવસ્થા છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વ્યક્તિના જીવનનો તરુણાવસ્થાનો સમય મહત્ત્વનો સમય છે. તરુણને એમ થાય છે કે એ યુવાન થઈ ગયો છે, પોતાના નિર્ણયો પોતાની રીતે કરી શકે છે. એને આ બાબતમાં વડીલોની સલાહની જરૂર નથી. માતાપિતાને થાય છે કે એ હજી બાળક છે, નાનો છે, દુનિયા જોઈ નથી, અમારે એની સંભાળ લેવાની છે, એના પર દેખરેખ રાખવાની જરૂર છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Heath Organisation) તરુણાવસ્થા (adolescence)ની વ્યાખ્યા આપતા જણાવે છે કે તરુણાવસ્થા એટલે ૧૦ થી ૧૯ વર્ષની ઉંમર. આ ઉંમર દરમ્યાન અચાનક તથા ઝડપથી શારીરિક પરિવર્તન થાય છે જેને મન ઝડપથી સ્વીકારી શકતું નથી. સાથે સાથે આ તબક્કે માનસિક, ભાવનાત્મક અને બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા ગતિશીલ બને છે. તરુણોમાં (કિશોર તથા કિશોરી બંનેમા) અલગ અલગ પ્રકારનું શારીરિક, માનસિક, લૈંગિક પરિવર્તન આવે છે. આ નોર્મલ છે.

આ પરિવર્તનની જાણકારી તથા સમજણ (Knowledge and understanding) ન હોવાને લીધે માતા-પિતા અને વડીલો ઘણી વખત સમજી શકતા નથી તથા પરિવર્તનને સ્વીકારી શકતા નથી. જેને લીધે ગંભીર સમસ્યા ઉત્પન્ન થાય છે તાજેતરમાં થયેલા સર્વેક્ષણ મુજબ તરુણાવસ્થાની મનોવ્યથા (Adolescence Adjustment Reaction)નું પ્રમાણ પાંચ ગણું વધી ગયું છે.

## ● કેસ સ્ટડી :

૧૮ વર્ષના સિધ્ધાંશુ (નામ બદલ્યું છે) ને લઈ એના મમ્મી-પપ્પા લેખકના કન્સલ્ટેશન માટે આવ્યા. ક્લિનિકમાં દાખલ થતાં જ સિદ્ધાંશુની મમ્મીએ કહ્યું થોડાંક સમયથી સિધ્ધાંશુને ભણવામાં રસ ઓછો થઈ ગયો છે, ભણવામાં ધ્યાન ઓછું લાગે છે, આગલા દિવસનું ભણેલું બીજે દિવસે યાદ રહેતું નથી, મિત્રો જોડે ફોન પર વાત કરવામાં સમય વેડફે છે, ભૂખ ઓછી થઈ ગઈ છે, પોતાના વિચારોમાં ખોવાયેલો રહે છે, એકલો અટૂલો રહે છે, 'હા' કે 'ના' માં જ જવાબ આપે છે.

'અમે બધાંએ ખૂબ સમજાવ્યો, વિચારો છોડી દે, ભણવામાં ધ્યાન આપ બધું સારું થઈ જશે. તને કોઈ ચિંતા સતાવતી હોય તો અમને કહે અમે એનું નિરાકરણ કરશું.' સિધ્ધાંશુમાં આ છતાં કોઈ ફરક પડતો નથી. ડોક્ટર સાહેબ કાંઈક કરો. મને ખૂબ ચિંતા થાય છે એના ભવિષ્યનો સવાલ છે.

મમ્મી પપ્પાની હાજરીમાં સિધ્ધાંશુ કાંઈ બોલવા તૈયાર ન હતો. મમ્મી તથા પપ્પાએ સિધ્ધાંશુને ઘણું કહ્યું પરંતુ સિધ્ધાંશુનો એક જ જવાબ હતો મને કાંઈ તકલીફ નથી. બધું બરાબર છે.

મમ્મી પપ્પાને બહાર વેઈટીંગ રૂમમાં બેસવાનું કહ્યું તથા સિધ્ધાંશુ જોડે એકાંતમાં વાતચીત કરી. સિધ્ધાંશુને ખુલ્લા મોકળા મને વાતચીત કરવા પ્રોત્સાહિત કર્યો. ધીમે ધીમે અચકાતા અચકાતા સિધ્ધાંશુએ વાતચીતની શરૂઆત કરી. સિધ્ધાંશુની માહિતી પર ટીકા ટિપ્પણી કર્યા વગર ધ્યાનથી લેખક સાંભળતા ગયા. આથી સિધ્ધાંશુને ડોક્ટર પર વિશ્વાસ બેઠો અને મોકળા મને જરૂરી માહિતી આપતો ગયો. મહત્ત્વની જરૂરી માહિતી નીચે પ્રમાણે છે.

સિધ્ધાંશુએ જણાવ્યું કે ઘરમાં તથા કુટુંબમાં એ સૌથી નાનો છે. એના માટેની દરેક વસ્તુ મમ્મી કે મોટી બેન લઈ આવતી. કપડાં એ લોકો ખરીદી આવતા. ક્યા પ્રસંગમાં કયાં કપડા પહેરવાના આવું બધુ એ લોકો નક્કી કરતા. મારે એમની ઈચ્છા મુજબ રહેવાનું.

કોલેજમાં આવ્યા બાદ મને બહારની દુનિયા જોવા મળી છે. મારા કપડાં હું હવે મારા કોલેજના મિત્રો જોડે જઈને લઈ આવું છું. જે એમને ગમતું નથી. મોકો મળતાં મને સંભળાવ્યા કરે છે આથી મને ગુસ્સો આવે છે. પરંતુ આ ગુસ્સો હું દબાવી દઉં છું.

મારે અભ્યાસ ક્યારે કરવો, કેવી રીતે કરવો, કોની જોડે મિત્રતા રાખવી વગેરેમાં પણ મને વારંવાર સલાહ આપવામાં આવે છે. મને સલાહ નથી ગમતી.

મારા કોલેજના મિત્રો મારું સાંભળે છે, હું કહું છું એ પ્રમાણે તેઓ કરે છે. મને માન આપે છે, મને ઉતારી પાડતા નથી. એમની જોડે મને આનંદ આવે છે.

ઘરે આવું ત્યારે મારો મુડ બગડી જાય છે. બધાની સલાહ સાંભળવી પડે છે. હવે હું મોટો થયો છું. મારા નિર્ણયો કરી શકું છું. મારા નિર્ણયો ખુલ્લા મને માતાપિતા તથા વડીલો કેમ સ્વીકારતા નથી? શા માટે મને મારી ઈચ્છા મુજબ રહેવા મળતું નથી? મારા બીજા મિત્રો આ બધું કરી શકે છે. ડોક્ટર અંકલ, તમે મારા મમ્મી પપ્પાને

AMBA SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

સમજાવો.

કોલેજની લાઇબ્રેરીમાં હું વાંચી લઉં છું. લાઇબ્રેરીમાં વાંચવામા મન લાગે છે, યાદ પણ રહે છે.

મમ્મી પપ્પા જોડે અલગથી એકાંતમાં વાત કરી ત્યારે જાણકારી મળી કે દસમાં ધોરણ બાદ સિધ્ધાંશુ કોલેજમાં ગયો ત્યારથી એનામાં ફેરફારો થયા છે. સિધ્ધાંશુ રંગબેરંગી કપડા પહેરતો થયો છે તથા પોતાની જાતે કપડાં પસંદ કરી આવે છે. રાતના જમ્યા પછી મિત્રોને મળવા જાય છે, મોબાઈલ પર લાંબો સમય મિત્રો જોડે વાતચીત કરે છે.

● **નિદાન :**

સિધ્ધાંશુનો કિસ્સો એડજસ્ટમેન્ટ રીએક્શનનો (Adjustment Reaction) છે. જેમાં સિધ્ધાંશુ તથા એના મમ્મી પપ્પાએ એકબીજાને સમજીને વલણ તથા વર્તણૂકમાં જરૂરી બાંધછોડ કરવી જરૂરી છે.

● **સારવાર :**

**(૧)** સમસ્યાના નિરાકરણ માટે મમ્મી-પપ્પાએ પહેલ કરવી જરૂરી છે. સિધ્ધાંશુના મમ્મી પપ્પા જોડે કાઉન્સેલિંગ કર્યું.

સિધ્ધાંશુ પુખ્તવયનો યુવાન થયો છે, મોટો છે, નાનો નથી એ હકારાત્મક વલણ અપનાવવા ચર્ચા કરી. એનામાં જ્ઞાન છે, સમજણ શક્તિ છે, એના પોતાના અંગત મંતવ્યો છે, અભિપ્રાયો છે, જેને સ્વીકારવાની અગત્યતા પર ભાર મૂક્યો.

સિધ્ધાંશુ પ્રત્યે હકારાત્મક વલણ (Positive attitude) અપનાવવાની પદ્ધતિઓ વિષે ચર્ચા કરી. ગ્લાસ અડધો ભરેલો છે, નહીં કે અડધો ખાલી.

હકારાત્મક લાગણીઓ વ્યક્ત કરવાની પદ્ધતિઓ (Positive feelings to be expressed) વિષે જાણકારી આપી.

મમ્મી પપ્પાએ શબ્દોમાં તથા વલણમાં પ્રોત્સાહન આપવાની પદ્ધતિઓ (Motivation and encouragement) વિષે ઊંડાણમાં ચર્ચા કરી.

સિધ્ધાંશુ જોડે ગુણવત્તાભર્યો સમય વિતાવવાની જરૂરત પર ભાર મૂક્યો. સિધ્ધાંશુને સમજવવાનો પ્રયત્ન કરવો, એને બોલવા આપવું, એના વિચારો જાણવા, એના અલગ અલગ વિષયો પરના મંતવ્યો જાણવા માટેના મમ્મી પપ્પાએ પ્રયત્નો કરવા વિષે ચર્ચા કરી.

**(૨)** સિધ્ધાંશુ જોડે પણ અલગથી કાઉન્સેલિંગ કર્યું. ભણતર તથા અભ્યાસને અગ્રતાક્રમ આપવા કાઉન્સેલિંગ કર્યું (Studies as priority). મિત્રો તથા અન્ય બાબતને થોડાંક સમય માટે દૂર રાખવા સમજાવ્યું.

● **પરિણામ :**

બીજા વર્ષની એન્જિનિયરિંગની પરીક્ષા સિધ્ધાંશુએ સારા માર્કસથી પ્રથમ પ્રયાસે પાસ કરી. પોતાના વર્ગમાં પહેલા પાંચ વિદ્યાર્થીઓમાં આવ્યો.

મમ્મી પપ્પા જોડે સંબંધોમાં સુધારો થયો. મમ્મી-પપ્પાની ચિંતા ખૂબ જ ઓછી થઈ ગઈ. એકબીજા જોડે હકારાત્મક સંવાદ થાય છે. મમ્મી પપ્પા સિધ્ધાંશુના વખાણ કરતા થાકતા નથી.

● **તરુણ સંતાન :**

આધુનિક ૨૧મી સદીમાં જીવન ધોરણના મૂલ્યો બદલાઈ ગયા છે. વીસમી સદીમાં જે જીવનધોરણ નોર્મલ હતા તે આજે તરુણોને નકામા, વ્યર્થ લાગે છે.

મોબાઈલ, ઈન્ટરનેટ, વૉટસએપ વગેરે બાળકો પણ રોજ વાપરતા થઈ ગયા છે. જે તરુણો આ આધુનિક ઉપકરણો વાપરતા નથી તેઓ ઓર્થોડૉક્સ - જૂના જમાનાના ગણાય છે તથા બીજા સમવયસ્ક તરુણો જોડે તાલમેલ જાળવી શકતા નથી. ગ્રુપમાંથી બહાર ફેંકાઈ જાય છે.

આધુનિક ૨૧મી સદીમાં તરુણોના ઉછેરના નિયમો તથા વલણો બદલાઈ ગયા છે. માતા પિતા તથા વડીલોએ આ હકીકતનો મને કે કમને સ્વીકાર કરવો પડે છે. જેટલા ઝડપથી આ હકીકત માતાપિતા સમજી પોતાનામાં જરૂરી યોગ્ય ફેરફાર કરશે તેટલું સારૂં છે. નહીં તો તરુણો એમનાથી દૂર થઈ જશે અને માતાપિતાને પસ્તાવાનો સમય આવશે.

જૂની પેઢી (માતા-પિતા, વડીલો) Old generation તથા નવી પેઢી (તરુણો) (New generation) વચ્ચેના વિચારો, વર્તણૂકનો ફેરફાર સદીઓ જૂનો છે. દરેક પેઢીને હરહંમેશ લાગે છે કે બીજી પેઢી અમને સમજી શકતી નથી (Generation Gap).

માતાપિતા તથા તરુણો વચ્ચેનો સંવાદ (Communication) એક મહત્ત્વનો વિષય બની રહે છે.

તરુણો આદેશ અને હુકમની ભાષા સમજતા નથી એટલે એમની સાથે જોહુકમીથી વાત કરવાને બદલે ચર્ચાનો તથા વિનંતીનો માર્ગ લેવો વધારે હિતાવહ છે.

તરુણો સાથે સંવાદ વિષે ઊંડાણમાં આવતા અંકમાં જાણકારી મેળવશું.

*(ક્રમશઃ)*

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ*
*રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**નવી જનતા પાર્ટી** ☺

| | | |
|---|---|---|
| મુલાયમસિંહ | : | ૭૬ વર્ષ |
| દેવેગૌડા | : | ૮૧ વર્ષ |
| લાલુપ્રસાદ યાદવ | : | ૭૭ વર્ષ |
| શરદ યાદવ | : | ૬૭ વર્ષ |
| ચૌટાલા | : | ૮૦ વર્ષ |

*....ભાઈ, આ નવો પક્ષ છે કે પછી 'વૃદ્ધાશ્રમ?'*

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૯

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

**(આ લેખનો ચાલુ પ્રકરણ સંજોગોવશાત્ ગત અંકમાં પ્રકાશિત થયેલ નહીં, જે અત્રે પ્રસ્તુત છે.)**

- ★ **તા. ૩-૧-૨૦૧૦ના રોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ કચ્છના સર્વાંગીપણે ઇતિહાસના આલેખન સંબંધી ભુજ ખાતે એક મીટિંગનું આયોજન થયું.**
- ★ **સમાજના અવસાન પામેલા સભ્ય પરિવારજનોને શ્રદ્ધાંજલિ અર્પવા તા. ૧૦-૧-૨૦૧૦ના રોજ એક સભાનું આયોજન થયું હતું.**
- ★ **તા. ૨૬-૧-૨૦૧૦ના રોજ આવાસ યોજનાનું ઉદ્ઘાટન થયેલ.**

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં નેજા હેઠળ કચ્છના સર્વાંગીપણે ઇતિહાસનાં આલેખન અંગેની એક મીટિંગ તા. ૩-૧-૨૦૧૦નાં રોજ કચ્છ યુનિવર્સિટી - ભુજ ખાતે યોજવામાં આવેલ હતી. આ મીટિંગ કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલર તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની ઇતિહાસ પરામર્શ સમિતિનાં કન્વીનર શ્રી કાંતિભાઈ ગોરનાં પ્રમુખપદે યોજવામાં આવી હતી. આ મીટિંગમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં હોદ્દેદારો ઉપરાંત લેખકો અને આમંત્રિતો સહિત લગભગ ૩૦ જેટલાં મહાનુભાવોએ ભાગ લીધેલ હતો.

આ મીટિંગમાં અત્યાર સુધી કચ્છનાં ઇતિહાસનાં આલેખન અંગેના આવી ગયેલા લેખો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને જે લેખો આવ્યા ન હતા તેવા સંબંધિત લેખકોને પોતાના લેખો તા. ૨૮-૨-૨૦૧૦ સુધીમાં અચૂક મોકલાવી આપવા માટે જણાવવામાં આવ્યું હતું. કેટલાક વિષયોનાં લેખો લખવા બાબત પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆત થઈ હતી. આ બાબતે ચર્ચા વિચારણા કરી આ પ્રકારના લેખો બીજા નિષ્ણાતોના લેખન કાર્યમાં સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કેટલાક સભ્યોએ નવા વિષયો ઉપર પણ લેખો લખાવવા માટે સૂચન કરેલ હતું. જેને માન્ય રાખવામાં આવ્યું હતું અને વિષયો નક્કી કરવા માટે પરામર્શ સમિતિને જણાવવામાં આવેલ હતું. ઉપરોક્ત સમગ્ર કાર્યવાહી વહેલી તકે પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજે પોતાની સેવાકીય પ્રવૃત્તિઓ વિસ્તારવા એક નવો અભિગમ અપનાવવાનું નક્કી કરેલ. તેના અંતર્ગત વર્ષ ૨૦૦૯, ૧લી જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીમાં અવસાન પામેલા સમાજનાં સભ્ય પરિવાજનોને શ્રદ્ધાંજલિ આપવા માટે તા. ૧૦-૧-૨૦૧૦નાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયેલ હતું. પ્રથમ, સદ્ગતનાં સંબંધીઓ દ્વારા તેઓનાં દિવંગત આપ્તજનોની તસવીર પાસે દીપ પ્રાગટ્ય તથા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તિ સંગીતનાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી રાધિકાબેન મોદી, ગુજરાત વિદ્યાપીઠનાં સંગીત શિક્ષક શ્રી નરેન્દ્રભાઈ શાસ્ત્રી તથા શાસ્ત્રીય સંગીતના નિષ્ણાત રાજુભાઈ ગાંધર્વ, ભક્તિ ગીતોની રજૂઆત કરી હતી.

તે દિવસનાં કાર્યક્રમનું સૌજન્ય સમાજના વિવિધ દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ. આ પ્રસંગે સમાજનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સમાજ દ્વારા શરૂ કરવામાં આવેલ વાર્ષિક શ્રદ્ધાંજલિ સભા અંગેની વિગતો રજૂ કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં જે મહત્ત્વના કાર્યો થયેલા છે તેનું ઉદ્ઘાટન કે સમારંભો લગભગ ૨૬મી જાન્યુઆરીના દિવસે જ યોજાયેલા છે. એવી રીતે ૨૬ જાન્યુઆરી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથે અનન્ય રીતે જોડાઈ ગયેલ હોય તેવું જણાય છે. ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ધરતીકંપ પછી શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્ઘાટન ઠેલાઈને ૬/૭ ફેબ્રુઆરી, ૨૦૦૨નાં દિવસે કરવામાં આવ્યું. અન્યથા મોટાભાગના કાર્યક્રમો ૨૬મી જાન્યુઆરીના દિવસે જ યોજાતા હોય છે. તે જ રીતે તા. ૨૬-૧-૨૦૧૦નાં રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ઇતિહાસમાં એક સુવર્ણ પીંછું ઉમેરાયું. ૨૬મી જાન્યુઆરી હોય એટલે ધ્વજવંદનનો કાર્યક્રમ તો હોય જ. પણ સાથે સાથે સમાજનાં જરૂરિયાતવાળા સભ્યો માટે આવાસ યોજના કરેલ, તેનું ઉદ્ઘાટન પણ તે જ દિવસે રાખવામાં આવેલ.

સૌપ્રથમ શ્રી કચ્છી જૈન સેવા સમાજની આવાસ યોજના કે જેનું નામ "નવનીત ભવન" છે તેના પ્રાંગણમાં સમાજ દ્વારા ૬૧મા પ્રજાસત્તાક દિને, આરતી ગ્રુપ - મુંબઈના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીનાં વરદ્ હસ્તે સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરીને ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ છેલ્લા ૬૦ વર્ષમાં ભારતે કરેલી પ્રગતિનો ચીતાર આપેલ હતો તથા અમદાવાદ સમાજને ગૃહ ઉદ્યોગની પ્રવૃત્તિ શરૂ કરવા રૂા. ૧૧.૦૦ લાખના માતબર દાનની જાહેરાત કરી હતી.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ નિર્માણ પામેલ નવનીત ભવનનું ઉદ્‌ઘાટન દાનવીર શ્રી વલ્લભજીભાઈ ગડાનાં વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ ગ્રાઉન્ડ ફ્લોરથી કરીને તૃતીય માળ સુધીની તક્તીઓની અનાવરણ વિધિ, પધારેલા મહાનુભાવોમાંથી ક્રમશઃ શ્રી રમણિકભાઈ છગનલાલ દેઢિયા, શ્રી દીપકભાઈ ધારશી ભેદા, શ્રી પારસભાઈ પદમશી મૈશેરી તથા શ્રી જયેશભાઈ ભાગચંદ જૈન અને શ્રી મહેન્દ્રભાઈ સંગોઈનાં કરકમળો દ્વારા કરવામાં આવી હતી.

ઉદ્‌ઘાટન સમારંભનાં પ્રારંભે વિશાળ મેદનીની ઉપસ્થિતિમાં સંસ્થાનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સમારંભના પ્રમુખ શ્રી રમેશભાઈ ધરોડ તથા અન્ય અતિથિ વિશેષશ્રીઓ અને આમંત્રિત મહેમાનોને આવકાર આપેલ. વધુમાં તેઓએ આ આવાસ યોજનાનાં પ્રોજેક્ટ માટે દાનનો પ્રવાહ વહેવડાવવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ વતી સૌ દાતાશ્રીઓને અભિનંદન આપ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારંભનો પ્રારંભ શ્રી નવનીત પરિવારનાં શ્રી અમરચંદભાઈ ગાલા તથા અન્ય બંધુઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલ હતું. તેમની સાથે આ કાર્યક્રમના પ્રમુખ શ્રી રમેશભાઈ ધરોડ, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી અશોકભાઈ મહેતા વગેરે જોડાયેલા હતા. આ પ્રસંગે બાકી રહેતા જથા માળની તક્તીનાં નામ માટે સમારંભ પ્રમુખ શ્રી રમેશભાઈ હીરજી ધરોડે રૂા. ૧૧.૦૦ લાખનાં દાનની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનોમાં નવનીત પરિવારનાં શ્રી શાંતિભાઈ ગાલાએ પરોપકાર અને દાન વિષે જણાવતા કહ્યું હતું કે મદદ માટે ઉઠાવેલ એક હાથ, પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં મહાન છે. મુંબઈ સ્થિત યુવા બિલ્ડર શ્રી નયનભાઈ ભેદાએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવેલ કે કોઈપણ કામ ધગશથી કરવામાં આવે તો સુંદર પરિણામ લાવી શકાય છે. અતિથિ વિશેષ શ્રી વિશનજીભાઈ હરશી ગાલાએ સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવેલ હતી. મુંબઈનાં દાનવીર તથા ધાર્મિક દાતા શ્રી જયેશભાઈ જૈને જણાવેલ કે જૈનોની સંખ્યા અલ્પ છે (૪૪ લાખ) છતાં ભારતનાં વિકાસમાં જૈનોનો, ઈન્કમટેક્ષ સ્વરૂપે ફાળો ૨૭ ટકા હોય છે.

પ્રાસંગિક પ્રવચનો બાદ ઉપસ્થિત સર્વે દાતાશ્રીઓનું પુષ્પગુચ્છ, મોમન્ટો તથા શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું. આ બહુમાનનાં પ્રત્યુત્તરમાં સમારંભનાં પ્રમુખ શ્રી રમેશભાઈ ધરોડે જણાવ્યું હતું કે અગાઉનાં વરસોમાં જ્યારે ગીતા મંદિર ખાતે સ્થાપેલ શ્રી કચ્છી જૈન સેવા ભવનમાં ઉતરતો હતો, તેનું ઋણ ચૂકવવાનો અવસર આજે પ્રાપ્ત થયેલ છે. વધુમાં તેઓએ "નવનીત પરિવાર"ને પોતાના પ્રેરણાસ્રોત તરીકે ગણાવ્યા હતા.

ત્યારબાદ સમાજનાં આવાસ યોજનાનાં લાભાર્થીઓને ડ્રો પધ્ધતિથી ફ્લેટોની ફાળવણી કરવામાં આવી હતી. જેનું સંચાલન શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી તથા શ્રી આણંદજી વેલજી વીરાએ કર્યું હતું.

એક ડબ્બામાં લાભાર્થીઓનાં નામોની ચિઠ્ઠી હતી જ્યારે બીજા ડબ્બામાં ફ્લેટનાં નંબરની ચિઠ્ઠીઓ મૂકવામાં આવી હતી. બહારગામથી પધારેલા મહાનુભાવોને ડ્રો માટે વારાફરથી બોલાવવામાં આવતા હતા અને તેઓ બંને ડબ્બામાંથી એક એક ચિઠ્ઠી ઉપાડતા હતા. આ રીતે જે તે વ્યક્તિને ફ્લેટ ફાળવવામાં આવતો હતો. સ્ટેજ ઉપર બિરાજમાન મહાનુભાવોએ ડ્રો પધ્ધતિને વખાણેલ તથા સંસ્થાની પારદર્શિતાને પણ બિરદાવેલ હતી.

ઉપરોક્ત વિધિ બાદ સમારંભની પુર્ણાહૂતિ કરવામાં આવેલ. સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે આભારવિધિ કરી હતી. સમારંભ બાદ પધારેલા સૌ મહાનુભાવો તથા સમાજનાં સભ્યોએ સમૂહ ભોજનનો લાભ લીધેલ હતો.

*(ક્રમશઃ)*

## જુદા જુદા ક્ષેત્રની જુદી જુદી વ્યક્તિઓ સિંહનો શિકાર કરે તો કેવી રીતે કરે એના મજેદાર નમૂના

★ ***વૈજ્ઞાનિક ન્યુટન જો સિંહનો શિકાર કરે તો :***
પોતાને સિંહના હાથમાં પકડાવી દો. દરેક ક્રિયાની પ્રતિક્રિયા હોય છે. એટલે કે તમે સિંહને પકડ્યો અને પછી....

★ ***સોફ્ટવેર એન્જિનિયર સિંહનો શિકાર કેવી રીતે કરશે?***
એક બિલાડીને પકડો અને કહો કે તમે એને અપગ્રેડ કરી સિંહ બનાવી દેશો.

★ ***ભારતની પોલીસ સિંહનો શિકાર કેવી રીતે કરે?***
સવારે ચાર વાગે સિંહ ઊંઘતો હોય ત્યારે એને મારી નાંખે.

★ ***પાકિસ્તાની પોલીસ સિંહનો શિકાર કેવી રીતે કરે?***
કોઈપણ જાનવરને પકડી લેશે અને એને ત્યાં સુધી રિમાન્ડ પર લેશે જ્યાં સુધી એ કબૂલ ન કરી લે કે એ સિંહ છે. બસ, પછી એને મારી નાંખશે.

★ ***મેનકા ગાંધી સિંહનો શિકાર કેવી રીતે કરે?***
સિંહને સતત ઘાસ ખવડાવતા રહો.

★ ***જ્યોર્જ બુશ સિંહનો શિકાર કેવી રીતે કરે?***
સિંહનું નામ ઓસામા બિન લાદેનથી જોડી દેશે અને પછી સિંહને શૂટ કરી નાંખશે.

★ ***રવિ શાસ્ત્રીનો સિંહને શિકાર કરવાનો આઈડિયા :***
સિંહને કહો કે એ તમને બોલિંગ નાખે અને એના બસ્સો બોલ પર ફક્ત એક જ રન બનાવો.

***– એન. વાય. ગોલીબાર***


Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

# ત્રાસવાદી!

• હરેશ ધોળકિયા •

સલીમે ઘડિયાળમાં જોયું. પછી ગણગણ્યો : હજી પંદર મિનિટ બાકી છે.

તે દરિયા કિનારે આંટા મારતો હતો. ઘડિયાળ જોયા પછી તેને થાક લાગ્યો હોય તેમ સામેની પાળી પર જઈ બેઠો. આરામથી પગ લંબાવ્યા. પાળી પાછળ દરિયાનાં મોજાં ઉછળતાં હતાં અને પાળી સાથે અથડાઈને ફીણમાં ફેરવાઈ જતાં હતાં. થોડાં ટીપાં હવામાં પથરાઈ જતાં હતાં. સલીમને થોડાં ટીપાંના સ્પર્શનો અનુભવ થયો. શરીરમાં થોડું લખલખું અનુભવ્યું. તે ધ્રુજી ઉઠ્યો.

આમ પણ તે મનોમન ધ્રુજતો જ હતો. તેને આ કામનો પ્રથમ અનુભવ થતો હતો. બહારથી તો તે સ્વસ્થ દેખાતો હતો, પણ અંદરથી અસ્વસ્થ હતો. તેણે પાળી પર પગ લંબાવ્યા અને વિચારે ચડી ગયો.

તે આવું કામ કરવા કેમ તૈયાર થયો હતો - તેને વિચાર આવ્યો.

તેણે મનને ટપાર્યું : અરે, જન્નત મળે માટે! ખુદા પાસે જવા મળે માટે! નૂર અને અનીષનાં ભલાં માટે! માટે તો તે આવું અણગમતું કામ કરવા તૈયાર થયો હતો.

અણગમતું? તેના મને ઠપકો આપ્યો. સલીમને જાણે તેની સામે મુલ્લાં ઊભેલા દેખાયા. તેની આંખોમાં ગુસ્સો હતો. જાણે કહેતા હતા - અલ્યા સલીમ, કેમ મન ડગે છે? તું પણ કાફીર તો નથી બનતો ને? ભૂલ નહીં સલીમ, તું જેહાદી છે. કાફીરોને મારવા, એ આપણો ધર્મ છે. એ તો ખુદાની આજ્ઞા છે. તારું મન મજબૂત કર અને ચિંતા ન કર. પહેલીવાર કદાચ નહીં ગમે. મને પણ નહોતું ગમ્યું. પણ પછી ટેવાઈ જઈશ.

સલીમે આંખ મીંચી દીધી. હા, તેને સોંપાયેલ કામ તેને જરા પણ ગમતું ન હતું. પણ જેહાદી થવા ટેવાવું તો પડશેને!

જેહાદી! સલીમ ભૂતકાળમાં સરી પડ્યો. પોતે કંઈ જેહાદી ન હતો. તે તો નિશાળમાં જતો હતો. બપોર પછી તેના બાપની ઓટો-રિપેરીંગની દુકાનમાં કામ પણ શીખવા જતો હતો.

સલીમને તેના પિતા યાદ આવી ગયા. ઊંચું પડછંદ શરીર, ફરફરતી દાઢી, આંખ પર ચશ્માં.

શું તે જેહાદી હતા? ના, તેના પિતા ખૂબ પ્રેમાળ હતા. બધા તેને ખૂબ ચાહતા. માન આપતા. તે તો આ જેહાદીઓથી વિરુદ્ધ હતા. હા, તેના કાકા જેહાદી હતા. તે પૂરા ઝનૂની હતા. મુંબઈમાં ૧૯૯૩માં જે બોમ્બ ધડાકા થયા હતા, તેમાં તેમનો હાથ હતો. તે હિન્દુઓને ધિક્કારતા. પોતાના પિતાને પણ ખૂબ ઉશ્કેરતા. જેહાદી બનવા આગ્રહ કરતા. પણ પિતા ચોખ્ખો ઈનકાર કરી દેતા. "સુલેમાન," તે કહેતા, "કોઈ હિન્દુ ખરાબ નથી. કોઈ ગણ્યાગાંઠ્યા બેવકૂફ હોય તેથી બધાને કેમ હેરાન કરાય કે ધિક્કારાય? અને નિર્દોષોને કદી મરાય ખરા?"

"બડે ભાઈ", ઝનૂનથી કાકા કહેતા, "આપણી બાબરી મસ્જિદ તોડી નાખી છે તેમણે."

પિતા જવાબ આપતા, "એ ખોટું થયું, પણ તેથી કોઈને મારી ન શકાય. ખુદા મંજૂર ન કરે."

"કુરાનમાં કાફીરોને મારવાની છૂટ છે."

"ના, નથી."

"આપણો મૌલવી તો કહે છે."

"તે જુઠ્ઠો છે. તે તો ઝેર ઓકે છે. તારા જેવાને બગાડે છે."

કાકા ખૂબ ઉશ્કેરાતા, પણ પિતા ન જ માનતા.

અને એક દિવસ પિતા અકસ્માતમાં મરી ગયા. કાકા રડેલા, પણ, સલીમને આજે પણ વહેમ છે કે તેમણે જ અકસ્માત કરાવેલો. પોતે હજી કિશોર હતો. ખૂબ રડેલો, પણ કાકાએ તેને પોતા પાસે રાખી લીધેલો. નિશાળ તો ચાલુ રહી, પણ હવે તેને સાંજે મદ્રેસામાં પણ મોકલતા. ત્યાં મૌલવી કુરાન, જેહાદ, જન્નતની વાતો કરતો. છોકરાઓને ઉશ્કેરતો. શરૂમાં તો સલીમને ન ગમતું. તેના પિતાની વાતોથી તે વિરુદ્ધ હતું. પણ તે છટકી શકે તેમ ન હતો. પછી ધીમે ધીમે આ વાતો તેના મગજમાં પણ ઘૂસવા માંડી. સ્થિર થવા લાગી. ગમવા લાગી. તે પણ ધીમેધીમે ઝનૂની થવા લાગ્યો. જો કે તે હિન્દુઓ કાફીર કે દુષ્ટ છે તે માની શકતો ન હતો, કારણ કે નિશાળમાં તેના મિત્રો હિન્દુઓ જ હતા. ઘણાને ઘેર તે જતો. મિત્રોની માતાઓ તેને પ્રેમથી ખવડાવતી - પીવડાવતી. માનો પ્રેમ પણ આપતી. તેથી તે કદી પૂરો જેહાદી ન બની શક્યો. હા, મૌલવીને તે વશ થઈ ગયો હતો.

મુંબઈમાં ૨૦૦૮માં ટ્રેનમાં ધડાકા કરવામાં આવ્યા, ત્યારે જેણે બોમ્બ મૂકેલા, તેની સાથે મૌલવીએ સલીમને પણ મોકલેલો. તાલીમ લેવા. અલબત, તેને દૂર ઊભો રાખેલ. પેલો ડબ્બામાં થેલી મૂકી આવેલ. પછી બન્ને સ્ટેશન બહાર ચાલ્યા આવેલ. થોડી વારે ધડાકો સાંભળેલ. પોતે તો ધ્રુજી ઉઠ્યો હતો પણ પેલો તેનો હાથ ખેંચી અંદર ઘસડી ગયેલો. સલીમે જોયેલ કે ડબ્બાનું છાપરું છિન્નભિન્ન થઈ ગયું હતું. કેટલાય લોકોનાં લોહીવાળાં શબ વેરાયેલ પડ્યાં હતાં. અનેક લોકો ઘાયલ થયા હતા અને તરફડતા હતા. સલીમ તો આ દૃશ્યથી કંપી ગયો હતો. તે ત્યાંથી ભાગવા માગતો હતો, પણ પેલાએ તેને બળજબરીથી ઊભા રહેવાની તથા જોવાની ફરજ પાડી હતી. તે રાત્રે તે સૂઈ શક્યો ન હતો.

બીજા દિવસે મૌલવીએ તેને શાબાશી આપેલ. થોડા પૈસા પણ.

પછી સલીમે નિકાહ કર્યા. રૂપનો ટુકડો નૂર ઘરમાં આવી. હવે પોતે કાકાથી છૂટો થઈ એક નાની ઓરડીમાં રહેવા લાગ્યો. પિતાની દુકાન સંભાળવા લાગ્યો. એક વર્ષ પછી ઓરડી નાનાં બાળકના રડવાના અવાજથી ભરાઈ ગઈ. સલીમ અને નૂરે ધન્યતા અનુભવી. તેમણે તેને અનીષ નામ આપ્યું.

દિવસો દોડ્યા જતા હતા. સલીમ ખૂબ જ આર્થિક તંગી અનુભવતો હતો. પણ તેની પરવા ન કરતો. નૂરના સ્નેહમાં સહન કરી લેતો. તકલીફ વચ્ચે પણ આનંદ મેળવી લેતો. હવે તો અનીષ પણ અઢી વર્ષનો થઈ ગયો હતો. કાલું કાલું બોલવા લાગ્યો હતો. ઓરડીમાં દોડાદોડી કરવા માંડ્યો હતો. સલીમ અને નૂર તેને જોઈને કૃતકૃત્યતા અનુભવતાં.

અચાનક થોડા દિવસ પહેલાં કાકા ઘેર આવ્યા. સલીમ તેમને જોઈ અસ્વસ્થ થઈ ગયો. તે તેને બળજબરીથી સાંજે મસ્જિદમાં લઈ ગયા. નમાજ પછી બધા વિખેરાઈ ગયા, પણ થોડા બેસી રહ્યા. તેમાં કાકા અને સલીમ પણ હતા. બધા મૌલવીના ઓરડામાં ગયા. મૌલવીએ દાઢી પર હાથ ફેરવતાં કહ્યું, "ભાઈઓ, ફરી એક વાર કાફીરોને પાઠ ભણાવવાનો સમય પાકી ગયો છે. કાફીરોએ આપણા કસાબને પકડી રાખ્યો છે. તેને ત્રાસ આપે છે. તેનો બદલો લેવો જ પડશે. ચૌદમીએ તેનો જન્મદિન છે. તેની આગલી સાંજે આપણે ફરી ધમાકા કરવાના છે."

સલીમ ફરી અસ્વસ્થ થઈ ગયો. કાકા સામે જોયું. તેમણે મૂંગી હા પાડી.

બેઠેલામાંથી છ-સાતને પસંદ કરવામાં આવ્યા. પછી ત્રણને પસંદ કરાયા. તેમાં સલીમને પણ પસંદ કરાયો. સલીમ મનોમન ધ્રુજી ઉઠ્યો. તે તો ના પાડવા માગતો હતો, પણ આ ઝનૂની વાતાવરણમાં બોલી શકતો ન હતો.

મૌલવીએ તેની સામે જોયું અને બોલ્યો, "સલીમ, ગયે વખતે તને ટ્રેન સ્ટેશને મોકલ્યો હતો. તે બરાબર જોઈ લીધું છે. આ વખતે તને સ્વતંત્ર કામ આપવામાં આવે છે. તારે ખાઉ ગલીમાં બોમ્બ મૂકી આવવાનો છે. તને એક થેલી આપવામાં આવશે. તે તારે રહેમાન ચાચાની ગાડી નીચે મૂકવાની છે. બસ! પછી તારે ચાલ્યા જવાનું છે. પોતે ટાઈમરથી ફૂટશે."

સલીમ ધ્રુજી ઉઠ્યો. બૂમ મારીને ના પાડવાની ઈચ્છા થઈ, પણ બોલવાની હિંમત ન ચાલી. ચૂપ રહ્યો. પછી બધા છૂટા પડ્યા.

આજે સવારે તે ફરી મૌલવી પાસે ગયો. કાકા જ તેને તેડી ગયા. તેને સલીમ પર પૂરો ભરોસો ન હતો. તે કહેતા, "આનામાં બડે ભાઈનું થોડું લોહી છે. પૂરો જેહાદી બની નથી શકતો." એટલે તે આવા પ્રસંગે સાથે રહેતા. મૌલવીએ તેને હજાર રૂપિયા આપ્યા અને કહ્યું, "આ કામ સફળ થયા પછી તને દસ હજાર આપવામાં આવશે. મજા કરજે. આ હજાર અત્યાર લઈ જા. બાકીના સાંજે આપીશ."

દસ હજાર! સલીમે કદી આટલા રૂપિયા જોયા પણ ન હતા. તેને રૂપિયાની તાતી જરૂર હતી. ચોમાસું આવતું હતું. ઓરડી રીપેર કરાવવાની જરૂર હતી. નૂર અને અનીષને કપડાં લઈ આપવાની પણ જરૂર હતી. તે આકર્ષાઈ ગયો.

તે ઘેર ગયો. નૂરને હજાર રૂપિયા આપ્યા. નૂરને નવાઈ લાગી. "સલીમ, આવડા બધા રૂપિયા ક્યાંથી લાવ્યો?"

"આજે મોટો ઘરાક આવ્યો હતો. કામ પણ મોટું હતું. તેથી મળ્યા." સલીમ નૂરને સાચું કહી શકે તેમ ન હતો. તેણે વાતને ટાળવા કહ્યું, "નૂર, આજે સાંજે આપણે દરિયા કિનારે ફરવા જશું."

"ફરવા?" નૂર તો ખુશ ખુશ થઈ ગઈ. રગશિયાં ગાડાં જેવું એકધારું જીવન તેને કંટાળો આપતું હતું. રોજ આખો દિવસ સલીમ દુકાને રહેતો. રાત્રે નવ વાગ્યે થાક્યોપાક્યો ઓરડીએ આવતો. તરત સૂઈ જતો. ક્યાંય જઈ શકાતું ન હતું. એટલે આ સાંભળીને તો તે ખુશ જ થઈ ગઈ. અનીષે તો નાચવાનું જ શરૂ કરી દીધું. "પપ્પા, તે બોલ્યો, દરિયાકાંઠે તો ભારે મજા આવશે."

"હા બેટા, ખૂબ મજા આવશે." સલીમે તેને ચૂમી ભરતાં કહ્યું.

પછી નૂરને કહ્યું, "સાંજે તમે દરિયા કિનારે આવજો. હું સીધો આવીશ."

દરિયા કિનારો ઓરડીથી દૂર ન હતો. નૂરે હા પાડી.

સલીમ પાંચ વાગે ફરી મૌલવી પાસે ગયો. તેણે તેને એક થેલી આપી. બોલ્યો, "જો સલીમ, આમાં બોમ્બ છે. તેમાં સાડા છનો સમય મૂકેલો છે. તારે છ વાગ્યે રહેમતની ગાડી નીચે તેને ખબર ન પડે તેમ મૂકી દેવાનો છે. પછી ચાલ્યા જવાનું છે."

સલીમે અણગમતા મને હા પાડી.

પછી તે ગયો. ખાઉ ગલી પાસે આવ્યો. સાંજે અહીં ખાવા માટે ભયાનક ભીડ થતી. સેંકડો લોકો ખાવા આવતા. રહેમત ચાચાની ભેળ ખૂબ વખણાતી. ત્યાં લોકો ઉભરાતા. એટલે જ તેની ગાડી પસંદ કરાઈ હતી.

સલીમ ગલીમાં પ્રવેશી રહેમત ચાચા પાસે આવ્યો. બોલ્યો, "રહેમત ચાચા, સલામ."

રહેમત ચાચાએ તેના સામે જોયું. "સલામ સલીમ બેટા, કેમ છો? હમણાં દેખાતો નથી. નૂર અને અનીષને તેડી આવ એક વાર."

"હા ચાચા, હવે એ જ વિચારું છું. આજે રાતે આવીશ."

"જરૂર, આવ બેટા." ચાચા બોલ્યા. પછી પોતાના કામમાં પરોવાઈ ગયા.

થોડી ક્ષણો સલીમ ઊભો રહ્યો. પછી હળવેથી ચાચાનું ધ્યાન ન ખેંચાય તેમ થેલીને ગાડી નીચે મૂકી દીધી. પછી બોલ્યો, "તો ચાચા, રાત્રે આવીશ."

"ભલે બેટા," ચાચાએ સ્નેહથી જવાબ આપ્યો.

સલીમ ઝડપથી ચાલ્યો ગયો. તે ખૂબ

જ અસ્વસ્થ થઈ ગયો હતો. મનમાં ગભરાતો હતો. સતત આજુબાજુ જોતો હતો કે કોઈએ તેને જોઈ તો નહોતો લીધોને! પણ અહીં તો બધા જાણે જનમો જનમોના ભૂખ્યા હોય તેમ ખાવા પર તૂટી પડ્યા હતા. બધાનું ધ્યાન ખાવા પર કે ગાડીવાળા પર હતું.

સલીમ સરકી ગયો. દરિયા કિનારો ગલીથી પાંચ મિનિટ દૂર હતો. ત્યાં ચાલ્યો ગયો. થોડીવાર આમતેમ ફરતો રહ્યો. પછી બેસી ગયો અને વિચારમાં ડૂબી ગયો.

અચાનક સલીમ સજાગ થઈ ગયો. ફરી ઘડિયાળમાં જોયું. દસ મિનિટ બાકી હતી. તે ઊભો થઈ ગયો. છેલ્લી વાર નજર કરવા ઉપડ્યો.

તેને રહેમત ચાચાની દયા આવતી હતી. મૌલવીનાં ઝનૂનમાં રહેમત ચાચાનો જીવ જશે. કેવો ભલો માણસ છે તે! ખુદાનો બંદો જ છે! આખી ગલી તેને ખૂબ જ આદર આપે છે અને ચાહે છે. તેના પિતાના પણ તે પરમ મિત્ર હતા. સલીમ ઘણીવાર તેની ભેળ ખાવા જાય. તે નૂર અને અનીષ માટે પણ બાંધી આપે. પૈસા પણ ન લે.

ચાચા, માફ કરજો મને...સલીમે મનોમન કહ્યું.

ત્યાં તેને આજ બપોરની જ વાત યાદ આવી. જમતાં જમતાં નૂરે કહેલ, "સલીમ, આજે આપણે રહેમત ચાચા પાસે જશું, ભલા! તેમની ભેળ આજે તો ખાવી જ છે."

સલીમ બોલી ન શક્યો.

"કેમ હા નથી પાડતો?" નૂરે તેને પૂછ્યું.

સલીમે ગળું ખોંખાર્યું. "હા, હા, જશું જ. મને પણ મન છે."

ચાલતાં ચાલતાં સલીમે આંસુ લૂછ્યાં. ઓહ! હું તો ચાચાનો ખૂની છું. હું રાત્રે નૂરને શું જવાબ આપીશ? તેની અસ્વસ્થતા વધી ગઈ.

તેણે ઘડિયાળમાં જોયું. પાંચ મિનિટ બાકી હતી.

તે ઝડપથી ચાલતો ગલી પાસે પહોંચ્યો. એક મિનિટ વીતી ગઈ.

છેલ્લી વાર ચાચાનાં દર્શન કરી લઉં. મનોમન માફી માગી લઉં...

રસ્તામાં ભયાનક ભીડ હતી. તે ચીરતો તે ગલીના મોઢે આવીને ઊભો. ચાચાની ગાડી સામે નજર કરી. ચાચા તો ભેળ બનાવવામાં વ્યસ્ત હતા.

સલીમે છેલ્લી વાર તેમના પર નજર કરી. પછી પાછો ફરતો હતો ત્યાં અચાનક તેમની ડાબી બાજુ પર નજર પડી. જોયું તો ત્યાં નૂર અને અનીષ ઊભાં હતાં.

તે ભડક્યો! અરે! આ બન્ને અહીં કેમ હતાં? વળતે આવવાનું હતું. તેને બદલે અત્યારે? શું અનીષ પસાર થયો હશે ત્યારે તેણે ભેળ લેવાના કજિયા તો નહીં કર્યા હોય ને?

સલીમ હચમચી ગયો. ઘડિયાળ જોયું. બે મિનિટ બાકી હતી. શું કરવું તેની તેને સમજ ન પડી. તે ઝનૂનથી ભીડને હટાવવા લાગ્યો. પણ એટલી ભીડ હતી કે કોઈ મચક જ આપતું ન હતું.

બે-ચાર પગલાં તો હજી માંડ ભરી શક્યો હશે, ત્યાં જોરથી ધડાકો થયો. સમગ્ર વિસ્તાર હચમચી ઉઠ્યો. સલીમ તો સ્થિર થઈ ગયો. તેણે ચાચાને અધ્ધર થતા જોયા. પાસે ઊભેલ નૂર અને અનીષને ગબડી પડતાં જોયાં. ચાચાની ગાડી સળગી ઉઠી. તેના લબકારા આસપાસ ઊભેલાને વીંટળાઈ વળ્યા.

અને તેમાં નૂર અને અનીષ પણ હતાં!

ત્યાં એક ધક્કો જોરથી આવ્યો અને સલીમ પણ દસ ફીટ પાછળ ફેંકાઈ ગયો. નૂર અને અનીષ તરફ હાથ લંબાવતો જોરથી જમીન પર પડ્યો. અને બેભાન થઈ ગયો.

*ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## બચતનો મહિમા

એક ચકલી અને એક મધમાખી હતાં. બંને એક વૃક્ષ પર રહેતાં હતાં. બંને પાકાં મિત્રો હતાં. દરરોજ એકબીજાનાં ખબર અંતર પૂછીને પોતપોતાના કામે વળગતાં.

ચોમાસાની ઋતુ આવી. વરસાદની હેલી થઈ. ચકલી ઉદાસ બની ગઈ. મધમાખીએ કહ્યું : 'ચકલીબહેન, સાવ ઉદાસ કેમ છો? આટલી સુંદર મોસમમાં તો ખુશ રહેવું જોઈએ.'

'મોસમની સુંદરતા અને ઠંડક કરતાં મારા પેટની આગ વધારે અસર કરી રહી છે. ખાવાનું લેવા કોઈ જગ્યાએ જવાતું નથી. મને ભૂખ લાગી છે. ભૂખની આગથી બળી રહી છું!' ચકલીએ ગળગળા સાદે પોતાની વેદના વ્યક્ત કરતાં કહ્યું.

ચકલીની વેદના સાંભળી મધમાખીએ કહ્યું : 'બહેન, આવા કપરા કાળે કામમાં આવે તેવી બચત કરવી જોઈએ. ભવિષ્યનો વિચાર ન કરીએ તો દુઃખના દહાડા આવે.' મધમાખીએ શિખામણ આપીને પોતે બચાવેલ અનાજના કણો અને અન્ય ખાદ્ય ચીજો એને આપી.

ચકલીને સંચય - બચતનું મહત્ત્વ સમજાઈ ગયું.

**બોધ વાક્યો :**

- ★ સંચય ખરા સમયે આફતમાંથી ઉગારે છે.
- ★ બચત આપણને આફતમાંથી ઉગારે છે.
- ★ સંચય કરેલ ચીજવસ્તુઓ સંકટ સમયે કામમાં આવે છે.
- ★ મુસીબતોના દિવસોને ધ્યાનમાં રાખી વર્તમાનમાં બચત કરવી.
- ★ વર્તમાનમાં રહી ભવિષ્યનો ખ્યાલ કરવો જોઈએ.

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# પહાડ કોતરીને અન્ય પંગુઓ માટે રાજમાર્ગ બનાવનાર

• રજનીકુમાર પંડ્યા •

કોઈ વ્યક્તિ, કોઈ સંસ્થા, કોઈ તંત્ર, સ્થિર ગતિએ કામ કર્યે જતાં હોય ત્યારે એના ભણી વિશેષ નજર કરવા માટેનો કોઈ મુદ્દો નથી હોતો પરંતુ જ્યારે એના દ્વારા કોઈ વિરાટ કદમ ઉઠાવવામાં આવે ત્યારે એના પરત્વે બને એટલા વ્યાપક ફલક પર વિપુલ સંખ્યાના જનસમૂહનું ધ્યાન દોરવું એ માત્ર એને આર્થિક સહયોગ આપનારાઓની જ નહીં પણ લાભાર્થીઓની પણ સેવા કર્યા બરાબર છે.

વિશ્વવિખ્યાત એવી વિકલાંગો માટેની એક અનન્ય સંસ્થા તે સુરતની "ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા" જે વિકલાંક બાળકો માટે ચાલતી એક નાત-જાત ધર્મ કે લિંગભેદ વગર કોઈને પણ પ્રવેશ આપતી સંસ્થા છે. આજ સુધીમાં બાર હજારથી પણ વધારે વિકલાંગો તેનો લાભ લઈ ચૂક્યા છે.

એ સંસ્થાએ ભરેલા વિરાટ કદમ પ્રત્યે ધ્યાન દોરતા પહેલાં એના પ્રારંભની અનોખી પુરુષાર્થ કથા જાણીએ.

સાલ ૧૯૮૨થી ૧૯૮૫ વ્યવસાયે ભિક્ષુક નહીં પણ દિદારે મુફલિસ અને કેવળ નવ માસની ઉંમરથી જેના બંને પગ ખોટા પડી ગયા છે એવો આણંદ પાસેના અડાસ ગામના એક ગરીબ દરજી પરિવારનો એક વિકલાંગ જુવાન કનુ હસમુખભાઈ ટેલર આ સુરતના વેડ રોડ પરની ફુટપાથ પર રાત કાઢવા માટે ત્રણ વર્ષથી આવતો હતો. એ ચાલતા તો નહોતો શીખ્યો પણ જમીન પર કૂણા કૂણા હાથ ટેકવીને ઘસડાતા જરૂર શીખ્યો હતો. ફૂટપાથ પર રહીને પણ કનુ મેટ્રિક પાસ થઈને અમદાવાદ આવીને અપંગ માનવ મંડળમાં શિક્ષક તરીકે રહ્યો અને બીજી પાળીમાં સહજાનંદ કોલેજમાં પ્રવેશ લીધો અને એ પછી નક્કર રોજી માટે ૧૯૮૫ની સાલમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની મદદ લઈને "વિકલાંગ બંધુ પ્રિન્ટિંગ પ્રેસ" શરૂ કર્યું. એ વખતે કનુ ટેલર જે ઝૂંપડામાં રહેતા હતા ત્યાં જ એ પ્રેસ ધમધમતું થયું. એને ચલાવવા માટે પણ વિકલાંગ કારીગરોને જ પસંદ કર્યા અને એમને જ ત્યાં તાલીમ આપીને સ્વાવલંબી બનાવવાનો એવો તો ઉદ્યમ આદર્યો કે થોડા જ વર્ષમાં એ પ્રેસની નામના થઈ. સેંકડો વિકલાંગો એમાં તૈયાર થયા.

પંગુતાને કારણે આવી પડેલી મર્યાદાને કનુ ટેલર દ્રઢ મનોબળ, આત્મવિશ્વાસ અને વિશેષ તો સ્વલક્ષિતાને બદલે પરલક્ષિતા તરફની દિશા પકડવાને લીધે ઉલ્લંઘી શક્યા.

એનું મુખ્ય માધ્યમ બની તેમણે ૧૯૯૧માં સુરતમાં જ એક ટ્રસ્ટના રૂપમાં સ્થાપેલી સ્વૈચ્છિક સંસ્થા "ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા" અને "પ્રભુ જનરલ હોસ્પિટલ" કોઈ પણ જાતિ અને ધર્મના વિકલાંગ સ્ત્રી - પુરુષો માટે "ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા" કેળવણી, તાલીમ અને પુનઃસ્થાપનના કેવાં કેવાં કામ અને કઈ કઈ રીતે કરી રહી છે અને તેનાં પરિણામો કેવાં અદ્‌ભુત મળી રહ્યાં છે, તેની કેવળ રૂપરેખા સરખી જ વાત કરીએ તો એના દ્વારા કેવળ વિકલાંગો માટેની જ શાળામાં પહેલાથી બારમા ધોરણ સુધીનું શિક્ષણ સાવ નિઃશુલ્ક ધોરણે આપવામાં આવે છે. આ શાળાકીય કેળવણી ઉપરાંત એક તાલીમ કેન્દ્ર પણ છે જેમાં આ વિકલાંગોને ચોક, મીણબત્તી, રાખડી, કવર, બિસ્કીટ, કોડિયા તથા કેક જેવી તરત રોજગારી આપી શકે તેવી વસ્તુઓ બનાવવાની પ્રેક્ટિકલ તાલીમ અપાય છે. આ તમામ વિકલાંગોની ભણવાની, રહેવા-જમવાની, પુનઃ સ્થાપનની સંપૂર્ણ જવાબદારી સંસ્થા ઉપાડે છે. દરેક વિદ્યાર્થીને નોટ, પેન, પેન્સિલ, ભણવાનાં પુસ્તકો અને સ્ટેશનરી, યુનિફોર્મ આપવા ઉપરાંત તેમના ઘેરથી લાવવા લઈ જવાની, એમના દેહને અનુકૂળ સગવડોવાળી બસની સુવિધા સુધ્ધાં આપવામાં આવે છે. તેમને તેમની જરૂર મુજબની ફિઝિયોથેરાપી સારવાર ઉપરાંત કેલિપર્સ, વ્હીલચેર, ટ્રાયસિકલ, ઘોડી વિનામૂલ્યે આપવામાં આવે છે. આદિવાસી અને પછાત વિસ્તારોમાંથી આવતા કે પછી મા-બાપના આશરા વગરના વિકલાંગો કુમાર - કન્યાઓ માટે હોસ્ટેલમાં નિવાસ પણ વિનામૂલ્યે જ. ખેલકૂદ અને સ્પોટ્ર્સનાં ક્ષેત્રે પણ અહીં ભણતાં વિકલાંગ બાળકો જરા પણ પાછળ નથી. દિલ્હીમાં યોજાયેલા નેશનલ કક્ષાનાં વિકલાંગ રમતોત્સવમાં અગિયાર ગોલ્ડ, તેર સિલ્વર અને નવ કાંસ્ય ચંદ્રકો જીતી લાવ્યા. ગુજરાત સરકારના વિકલાંગોના ખેલ મહાકુંભમાં પણ આ બાળકોએ જિલ્લા કક્ષાએ ખૂબ સારો દેખાવ કર્યો અને રાજ્ય કક્ષાએ પ્રથમ ટ્રોફી પ્રાપ્ત કરી. આવા સર્વાંગી ઉછેરને કારણે અત્યાર સુધીમાં આ શાળાનાં અસંખ્ય વિકલાંગ વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર, પ્રોફેસર બન્યા છે કે કોઈ સારી કોર્પોરેટ બૉડીઓમાં મેનેજરની પદવી સુધી પહોંચ્યા અને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી શક્યાં. આ સિધ્ધિઓ એટલી તો ધ્યાનાકર્ષક સાબિત થઈ કે ભારત સરકારે કનુભાઈ ટેલરને ૨૦૧૧માં પદ્મશ્રીની નવાજીશ કરી. કોઈ વિકલાંગને એવી નવાજીશ કરવામાં આવી હોય તેવો ભારતનો સંભવતઃ આ પ્રથમ કિસ્સો છે. સંસ્થાગત રીતે સિદ્ધિ એ કે ૨૦૧૪માં ૧૪ નવેમ્બરના દિવસે રાષ્ટ્રપતિના હસ્તે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાને 'બેસ્ટ ઈન્સ્ટિટ્યૂટ'નાં ઍવોર્ડથી નવાજવામાં આવી.

પણ વિરાટ અને દેશભરમાં સર્વપ્રથમ એવું કદમ કયું? ૧૯૯૭થી શરૂ થયેલી આ વિકલાંગ શાળામાં ૨૦૧૩ સુધી ધોરણ એકથી બાર સુધીના વર્ગો તો હતા, પરંતુ

તે પછીની દિશા અંધારી હતી. કોઈ વિદ્યાર્થીને આગળ અભ્યાસ કરવો હોય તો તેમની વિકલાંગ તરીકેની મર્યાદા ઉપરાંત કોલેજની ફી, રહેઠાણ અને એવી બીજી અનેક સમસ્યાઓ હતી. આથી આગળ અભ્યાસનો વિચાર સુધ્ધાં કરી શકાય તેમ નહોતો. આવા દિશાહીન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સર્વે કરવામાં આવ્યો ત્યારે બહુ ચોંકાવનારી હકીકતો નજર સામે આવી અને તે એ કે ઘણાં બધાં વિકલાંગ બાળકો બારમા ધોરણ પછી પાછા ગરીબાઈમાં જ ધકેલાઈ જતા હતાં. એ પરિસ્થિતિ નિવારવા માટે મનોમંથન કરતાં એક વિચાર એવો આવ્યો કે આ બાળકો માટે સંસ્થા દ્વારા જ કોલેજનું શિક્ષણ અપાવું જોઈએ. અને એ પણ એવું હોવું જોઈએ કે જે તેમને રોજગારી મેળવવામાં લાંબેગાળે નહીં પણ તત્કાલ ઉપયોગી નીવડે. તો એવું ભણતર શાનું હોઈ શકે? બેશક, કોમ્પ્યુટર એપ્લીકેશનનું જ. જેની જરૂર આજના યુગમાં હરેક સ્થળે પડતી હોય છે અને પડતી રહેવાની. આ વિચારના અમલનું સુફળ તે 'પ્રભુ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન' જે ૨૦૧૪ના ફેબ્રુઆરીની ૧૪મીએ ખુલ્લી મૂકવામાં આવી અને જેને દક્ષિણ ગુજરાતની વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીએ માન્યતા પણ આપી દીધી. અત્યારે તેમાં પચીસ જેટલા વિકલાંગ ભાઈ-બહેનો, એ વિષયમાં સ્નાતક (બૅચલર ઑફ કોમ્પ્યુટર એપ્લિકેશન) બનવા ભણી આગળ ધપી રહ્યાં છે. એની કોઈ ટ્યુશન ફી તો નથી પરંતુ તેમને નોટ, પેન, બુક્સ, ફૂલસ્કેપ ચોપડા તથા હોસ્ટેલની સુવિધા પણ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જે દિવસે એ કોલેજનું ઉદ્‌ઘાટન થયું તે જ દિવસે સંસ્થાના રીહેબિલિટેશન સેન્ટરમાં વિકલાંગો માટે કૅલિપર્સ, ઘોડી, વ્હીલચેર, જયપુર ફૂટ પણ અહીં જ બનાવવાનું શરૂ થયું. વધુમાં એ જ દિવસે માત્ર આ સંસ્થાના જ નહીં સમગ્ર દક્ષિણ ગુજરાતના વિકલાંગોને ટ્રાયસિકલ, ઘોડી, વ્હીલચેર, રોલેટર, મંદબુધ્ધિનાં બાળકોને એમ.આર. કીટ, પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓને બ્રેઈલ કીટ, ટેબ્લેટ, સ્ટીક તેમના બહેરા મૂંગા બાળકોને કાને સાંભળવાનાં મશીન મળીને લગભગ એક કરોડ વીસ લાખનાં સાધનો ભારત સરકારનાં સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ દ્વારા બાળકોને વિનામૂલ્યે અપાયાં.

આ સંસ્થાની પોતાની આઈ.ટી.આઈ. છે, જેમાં રોજગારલક્ષી ટેકનિકલ તાલીમ મફત આપવામાં આવે છે. ISO 9001 : 2000નો દરજ્જો હાંસલ કરનારી આ સંસ્થાને મળતું દાન આવકવેરાની કલમ-૮૦જી અને ૩૫એ.સી. અન્વયે કરમુક્ત છે.

*સંપર્ક* : ડિસેબેલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા,
સાંઈ સમર્થ સોસાયટી પાસે, શારદાયતન સ્કૂલ પાસે,
ઉમરા, સુરત-૩૯૫ ૦૦૭.
ફોન : (૦૨૬૧) ૨૨૫૨૯૪૨, ૨૨૫૨૯૬૩
મો. : ૯૮૨૫૧ ૧૦૮૮૮
ઈ-મેઈલ : disableindia@yahoo.com
વેબસાઈટ : www.disableindia.org

*લેખકશ્રીનો સંપર્ક :*
rajnikumarp@gmail.com

## કાલે કરવાનું કામ આજે કરી લો

આ એક સાચી વાત છે.

જર્મનીમાં એક ધનવાન હતો. ધનવાન હોવાની સાથે સાથે તે બહુ વિદ્યાપ્રેમી પણ હતો. તેનું નામ હતું ટોમ્સ રેલે. તેણે નિશ્ચય કર્યો કે, 'જગતભરમાં પુસ્તકો ભેગાં કરી લઉં. પ્રેરણાદાયક, જ્ઞાનદાયક પુસ્તકો પણ ભેગાં કરી લઉં.

એણે અનેક પુસ્તકો ભેગાં કરી દીધાં. એક અતિ સમૃદ્ધ પુસ્તકાલય બની ગયું. પરંતુ તેમાંથી તે એકેય પુસ્તક વાંચી શક્યો નહિ! એટલું જ નહિ પરંતુ કહેવાય છે કે એ એકેય અક્ષર પણ વાંચી શક્યો નહિ! એની અભિલાષા અધૂરી રહી. પુસ્તકો ભેગાં કરવામાં જ સમય પસાર થઈ ગયો. પુસ્તકો વાંચતાં પહેલાં જ તે સ્વર્ગે સિધાવી ગયો.

**બોધ વાક્યો :**

★ માણસે આયોજન કરી તેનો અમલ કરવામા વિલંબ કરવો ન જોઈએ.
★ આજનું કામ આજે જ કરી લેવું, કાલનો શો ભરોસો?
★ મૃત્યુનો સમય કોઈ જાણી નથી શકતું, તેથી સાચાં કર્મો કરવામાં વિલંબ કરાય નહિ.
★ પુસ્તકો કેટલાં ભેગાં કર્યા છે તે મહત્ત્વનું નથી પરંતુ તેમાંથી તમે કેટલાં વાંચ્યાં છે તે મહત્ત્વનું છે.
★ ધનવૈભવ કરતાં પણ પુસ્તકોનું વાંચન અનેકગણું સુખ આપે છે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

## ભૂલકણા માણસો

લિન, ચીનની એક જાણીતી વ્યક્તિ હતી. તેમનાં પગરખાં ફાટી ગયાં હતાં. એમણે પોતાના પગનું માપ નોકરને આપ્યું અને બજારમાં પગરખાં લેવા મોકલ્યો. નોકર બજારમાં ગયો ખરો પરંતુ માત્ર શાક લઈને જ પાછો આવ્યો. તે જૂતાં લાવી શક્યો નહિ કારણકે તે લિનના પગનું માપ ઘરે ભૂલી ગયો હતો.

બીજે દિવસે લિનને એક મિત્રને મળવા જવાનું થયું. બજારમાં જ મિત્રનું ઘર હતું. તે બજારમાંથી જ પસાર થઈ મિત્રને મળ્યા પરંતુ નવાં જૂતાં લાવ્યા નહિ!

તેમની પત્નીએ પગરખાં વિશે પૂછ્યું તો લિને કહ્યું : 'મારા પગનું માપ તો ઘરે જ રહી ગયું હતું!'

તેમનું સાંભળી પત્ની ખડખડાટ હસી પડી! પત્નીએ હસતાં હસતાં કહ્યું : 'પગનું માપ ઘેર રહી ગયું હતું પરંતુ તમારા પગ તો તમારી સાથે જ હતા ને!?' હવે લિનને પોતાની ભૂલ સમજાઈ.

**બોધ વાક્યો :**

★ ક્યારેક મોટા માણસો પણ બહુ મોટી ભૂલ કરી બેસે છે.
★ માણસનું ધ્યાન અન્ય તરફ હોય છે ત્યારે અગત્યની વાત અનાયાસ ભૂલી જાય છે.
★ સાવ સામાન્ય બાબત પર પણ ધ્યાન આપવું આવશ્યક છે.
★ મનુષ્યે કોઈપણ સ્થિતિમાં માનસિક સ્થિરતા રાખવી જોઈએ.
★ ભૂલકણા માણસોએ નોંધપોથી કે કામની યાદીની ચબરખી રાખવી.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

# એક મુલાકાત
# કેળવણીકાર શ્રી નાગજીભાઈ દેસાઈ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

*ભારત દેશના સ્વરાજ આંદોલન વખતે ગાંધીજીએ નઈ તાલીમનો ક્રાંતિકારી વિચાર દેશ અને દુનિયાને આપ્યો. આ વિચારધારા પર ચાલીને ગુજરાતમાં કેળવણી ક્ષેત્રે અનેક મહાનુભાવોએ યોગદાન આપ્યું. જેમાં નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, મનુભાઈ પંચોળી, બબલભાઈ મહેતા, નવલભાઈ શાહ વગેરેએ પોતપોતાની રીતે વિશિષ્ટ પ્રદાન કર્યું છે. લોકભારતી સણોસરામાં મનુભાઈ પંચોળી 'દર્શક'ના સાનિધ્યમાં શિક્ષિત, દીક્ષિત થઈને સુરેન્દ્રનગરમાં શિક્ષણની પ્રવૃત્તિમાં પરોવાયેલ એક યુગલ તે શાંતાભાઈ - નાગજીભાઈ દેસાઈ. શિક્ષકની કામગીરી કરતાં કરતાં બાળઅનાથ આશ્રમની સેવાકીય પ્રવૃતિમાં પરોવાયા. બાલાશ્રમ ધ્રુવમાં અનાથ બાળકોને કેળવતાં કેળવતાં એક કેળવણી સંસ્થાનું સર્જન કર્યું તે માનવમંદિર મૈત્રી વિદ્યાપીઠ.*

*પાંચેક દાયકાથી કેળવણી ક્ષેત્રે જેમનું અનેરું પ્રદાન છે, સેવા અને શિક્ષણનું ઓઢણું ઓઢ્યું છે તેવા ઋજુહૃદયી નાગજીભાઈ દેસાઈ સાથે વર્તમાનકાળે શિક્ષણ કેળવણી, શાળા-કોલેજ, શિક્ષકો, પ્રાધ્યાપકોની ભૂમિકા સંદર્ભમાં આ મુલાકાત દિશાદર્શન કરાવશે...*

**સેતુ** : *શિક્ષણ અને કેળવણીને આપ કઈ રીતે મૂલવો છો?*

***નાગજીભાઈ દેસાઈ*** : શિક્ષણનું કામ માણસમાં રહેલી લઘુતાગ્રંથિ દૂર કરી તેનામાં આત્મવિશ્વાસ ઊભો કરવાનું છે અને તેવું જે વિષય શિક્ષણ આપે તે જ માણસની જીવન કેળવણી બને છે. શિક્ષણ અને કેળવણી બંને એક નથી. બંને વચ્ચે પાયાનો ભેદ એ છે કે શિક્ષણ વર્ણવ્ય છે, સૈધ્ધાંતિક છે. જ્યારે કેળવણી અનુભવજન્ય છે, પ્રાયોગિક છે. જે શિક્ષણ વ્યવહારમાં પ્રયોજાતું નથી તે કેળવણી કદી બની શકે નહીં. કેળવણીમાં તો હાથપગ, મગજ તથા હૃદય એક સાથે તાલીમબદ્ધ થાય છે. જ્યારે શિક્ષણ મગજને જ ફળદ્રુપ બનાવે છે. શિક્ષણ અને પરિશ્રમ એકબીજા સાથે સંકળાય ત્યારે 'શિક્ષણ' ખરી 'કેળવણી' બને છે.

બીજું, કેળવણી હંમેશાં નક્કરતાનો આગ્રહ રાખે છે. જેમ સત્ય હંમેશાં સત્ય જ રહે છે તેમ કેળવણી હંમેશાં કેળવણી જ રહે છે. કેળવણીને ઢોળ ન ચડાવી શકાય. શિક્ષણ ચોક્કસ અભ્યાસક્રમના સીમાડામાં સિમિત કદાચ બની શકે. પરંતુ કેળવણી તો ''વસુધૈવ કુટુંબકમ'' જ હોય! **કેળવણી પામેલો માણસ જાતિ, ધર્મ, પ્રદેશ, ભાષા વગેરે જેવા સંકુચિત ખ્યાલોથી પર હોય છે.**

કેળવણી હઠાગ્રહ, પૂર્વગ્રહ અને દુરાગ્રહથી મુક્ત કરી માનવ સાથે અનુગ્રહ કરી આપે છે. કેળવણી ક્ષણોને પકડતા શીખવે છે. માત્ર વહેવાર કે તહેવાર અંતિમ ધ્યેય નથી, જીવન સાર્થક્ય માણવા માટે કેળવણી તરફ આગે કદમ માંડવા પડશે. કેળવણી આનંદદાતા છે. શિક્ષણથી વહેવારમાં સફળ થવાય જ્યારે કેળવણીથી જીવનમાં સફળતા મળે છે. કેળવણી 'સ્વ' ને બદલે સર્વ માટે બળવત્તર બનાવે છે. કેળવણી સર્વવ્યાપી છે. પ્રકૃતિના દરેક તત્ત્વો કેળવણી માટેની વિદ્યાપીઠો છે!

**સેતુ** : *શિક્ષણ કાર્ય કરનાર કેવો હોવો જોઈએ?*

***નાગજીભાઈ*** : શિક્ષણને ધર્મકાર્ય ગણી પૂજા ભાવથી જે વ્યવસાય કરે છે તે મારે મન સાચો શિક્ષણ સંન્યાસી છે. સમર્પણ, ત્યાગ, શ્રદ્ધા ભાવનાથી મધમધતો માનવી પોતાના કોઈ વૈજ્ઞાનિક અભિગમથી મૂલવી સમાજના આવતીકાલનો સમૃદ્ધ નાગરિક આપવાની વાતને વળગી કામ કરતો હોય તે મારે મન શિક્ષણ સંન્યાસી છે. શિક્ષણ સંન્યાસીઓ શિક્ષણને સમર્પિત હોય છે. તેઓ માને છે કે મારું કર્મ એ જ મારો યોગ! આવા સમર્પિત સંન્યાસીઓએ બાહ્યાડંબરવાળા પૂજાપાઠ કરવાની જરૂર રહેતી નથી. તેઓ માને છે કે, મારા ભાગે આવેલું કર્મ ઈશ્વરનું છે. મારે માત્ર રોજીરોટી મેળવવાની નથી પરંતુ સમૂહને આનંદ આપવાનો છે અને સમૂહમાંથી આનંદ મેળવવાનો છે. આમ આવી ઉદાત્ત ભાવનાથી શિક્ષણ જગતને વરેલા સમર્પિત શિક્ષકો, સંન્યાસી ભાવવાળા સાધકો છે. જેઓ શિક્ષણમાં કર્મયોગ અનુભવી શકે તે કર્મયોગી!

મીરાં કૃષ્ણના નામનું ઓઢણું ઓઢી કૃષ્ણમય બની, અમરબાઈએ સેવાનું ઓઢણું ઓઢી રક્તપિત્તિયાની સેવામય જીવન વીતાવ્યું. આમ સાચા શિક્ષકે શિક્ષણનું ઓઢણું ઓઢીને શિક્ષણમય બની જવાનું છે.

**સેતુ** : *વર્તમાનકાળે શિક્ષકની ભૂમિકા અંગે આપ શું કહો છો?*

***નાગજીભાઈ*** : શિક્ષકની ભૂમિકા ઉત્તમ શિલ્પકાર જેવી હોવી જોઈએ. શિક્ષકનું કાર્ય વ્યક્તિમાં રહેલી શ્રેષ્ઠતાને પીછાણીને તેના વિકાસનું વાતાવરણ પૂરું પાડવાનું છે. એટલે કે વ્યક્તિમાં રહેલ ખંડનાત્મક લક્ષણો, જેને બીજી ભાષામાં કહીએ તો પશુમય તત્ત્વો જેમાં ક્રૂરતા, હરીફાઈ, વેરઝેર, અદેખાઈ બીજો જીવે કે મરે - મારે શું? હું જીવું એટલે બસ. આ ખંડનાત્મક ભાવના સતત નાબૂદ થાય તેવું માહિતીસભર શિક્ષણ સતત આપી આપણા વચ્ચે ભાવાત્મક અને પ્રેરણાદાયી સમાજને ઉપયોગી થાય તેવું તંદુરસ્ત વાતાવરણ

ઊભું કરવું જોઈએ. શિક્ષકના મનમાં મારે સમાજને કેવો નાગરિક આપવો છે તે ચિત્ર સ્પષ્ટ હોવું જોઈએ.

**સેતુ : *વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના સંબંધો કેવા હોવા જોઈએ?***

***નાગજીભાઈ :*** શિક્ષણ કાર્યમાં જોડાયેલા સૌ કોઈ જાણે અજાણે પણ ધર્મકાર્યમાં જોડાયેલ છે. રોજીરોટી એ પહેલી છે પરંતુ તેમાં પણ ભક્તિભાવ એટલે કે સમર્પણ ભાવ ભળે તો તે કાર્ય ઈશ્વરને ગમતી પ્રાર્થના બની જાય!

શિક્ષણ સંકુલમાં આવતા વિદ્યાર્થીઓના વ્યક્તિગત સંપર્કમાં આવી તેની રૂચિ-અરૂચિ સમજવા, વેગ-આવેગોને પણ સમજી તેની સાથે આત્મીયતા કેળવી વાતો કરી તેના જીવનમાં ખૂટતી વિગતો પૂરી, સમતા, ઋજુતા, આત્મબળ વધે તેવી તેનામાં ચેતના ઊભી કરવા બિન અપેક્ષિત ભાવે પ્રયત્નશીલ રહેવું જોઈએ. શિક્ષણ કર્મ કરતા કરતા બાળકો-વિદ્યાર્થીઓ વચ્ચે ત્રીજી આંખ કેળવવાની છે. ને તે આંખ શિક્ષણ કર્મથી જેટલી તેજસ્વી બનશે તેટલી અન્ય કાર્યોથી નથી બનતી.

જે લોકોએ બાળકો માટે જીવન અર્પ્યું છે તે તે લોકો પહેલાં તો બાળકોને સમજે, સમજી વ્યવહાર કરે. કયા સ્વરૂપે વર્ગમાં, કે રમતના મેદાનમાં, કે બાળકો વાતો કરતા, વિવિધ પ્રવૃત્તિઓ કરતાં પ્રભુનો ત્યાં પ્રવેશ હશે તે નક્કી નથી. એટલે એક એક ક્ષણ તેના વિરહમાં (પ્રભુના) બાળકોને ખૂબ ચાહો. વહાલભર્યો વ્યવહાર કરો. પ્રભુ તેના ખભે તમને બેસાડી લેવા આવશે. આ વાત સમજી સ્વીકારી શિક્ષણ કાર્ય કરતાં કરતાં પૂર્ણ બનીને સાચા અર્થમાં સંન્યાસી-શિક્ષક બનવાનું છે.

**સેતુ : *શૈક્ષણિક સંકુલના વાતાવરણ અંગે આપનું શું મંતવ્ય છે?***

***નાગજીભાઈ :*** શૈક્ષણિક સંકુલો આજે પરિણામલક્ષી બન્યા છે. વિદ્યાર્થીને પરીક્ષા, પુસ્તકો, ટ્યુશનો સિવાય અન્ય કોઈ વાતાવરણ ન જાણવાને કારણે વિદ્યાર્થી દિશાશૂન્ય બનતો જોવા મળે છે. પરિણામે ધ્યેયલક્ષી કેળવણી તેને નથી મળતી એટલે પુરૂષાર્થી બનવા સંઘર્ષો ખેડી શકતો નથી. હતાશા, ભય, નિરાશા, અસલામતી — આવા અનેક કારણોથી તે મૂંઝાય છે. નીરસ થઈ ટકાવારી ઊંચી કેમ આવે તે માટે ક્યાંક ક્યાંક તો વાલીઓ અને વિદ્યાર્થીઓ બંને દોડતા હોય છે.

આવા માહોલમાં શિક્ષણ સંકુલોએ એક વાત સમજી લેવી જરૂરી છે કે આપણું રાજ્ય કલ્યાણરાજ છે. તેમાંથી કલ્યાણકારી સમાજ બને તેવા માનવીઓનું નિર્માણ કરવાનું છે. રાજ્ય પણ કલ્યાણકારી બને તે એટલું જ જરૂરી છે. એમ ન બને તો સમાજ સુખ ચેનથી રહી શકે નહીં. નાત, જાત, ધર્મ વગેરેમાં માણસ વહેંચાઈ જશે. કલ્યાણરાજનો તે મતદાર નાગરિક રહેશે પરંતુ તે કલ્યાણકારી સમાજનો સમજદાર નાગરિક નહીં બની શકે. સામાજિક વ્યવસ્થામાં હરહંમેશ સમજદાર નાગરિકની જ જરૂર હોય છે.

જે શૈક્ષણિક સંકુલોમાં સમાજના સર્વાંગી વિકાસને લગતાં પાસાંઓનો વિચાર વિસ્તરતો હોય, તેવી શિક્ષણ વ્યવસ્થા ગોઠવાઈ હોય તે ખરી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થા છે. આવી સંસ્થાઓમાંથી જ તંદુરસ્ત સમાજની રચના થશે અને તેમાંથી સ્નેહ, સમર્પણ, બીજા માટે ઘસાવાની વૃત્તિ, દેશ અને સમાજ પ્રત્યેની પૂર્ણ વફાદારીવાળો માનવી નિર્માણ પામશે.

વિદ્યાર્થીઓમાં ચેતના શક્તિ તો હોય છે. વાતાવરણ તેને બળ પૂરું પાડે છે. કિશોરાવસ્થામાં મન પર થયેલી અસર જીવનપર્યંત ટકી રહે છે. શાળા-મહાશાળાના સંકુલોમાં જ્યાં રાષ્ટ્રનું ભાવિ ઘડાય છે ત્યાં એવું વાતાવરણ આપીએ કે ભવિષ્યમાં દેશને સમર્પણ, વફાદારી, દેશ ભક્તિવાળો, ઉત્તમ નાગરિક મળે તેવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ. દેશના નવનિર્માણ કાર્ય માટે આપણા શિક્ષણ સંકુલોમાં એવા કાર્યક્રમો ઉજવીને રાષ્ટ્રીય વાતાવરણ સર્જીએ કે જેથી આપણો વિદ્યાર્થી આવતીકાલનો ભર્યોભર્યો સમૃદ્ધ નાગરિક બને.

બાલાશ્રમ ધ્રુવના અનાથ બાળકોની સંવેદનામાંથી નાગજીભાઈના હસ્તે લખાયું 'હૈયું અને હૂંફ'. વટામણ ગામના નિવૃત્ત આચાર્ય અ.મ. ચાંપાનેરીએ 'હૈયું અને હૂંફ' નો હિંદી અનુવાદ 'માં કી તસવીર' કરેલ છે. શિક્ષણની પ્રવૃત્તિમાંથી 'એક શાળા', 'છાત્રોને ૩૦ પત્રો', 'મારું કેળવણી દર્શન', 'શાળામાં ગીતગુંજન', 'શાળામાં રમતો' અને 'શિક્ષણ સંવાદ' જેવા કેળવણી - શિક્ષણ ક્ષેત્રે માર્ગદર્શક પુસ્તકો નાગજીભાઈના હસ્તે લખાયા છે.

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા***
***અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮***

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

# દિલનું દર્પણ : રોજનીશીની સાખે – (૫)

• માવજી કે. સાવલા •

• **ગુરુવાર, તા. ૩-૬-૧૯૯૩**

આજે સવારમાં ગુર્જયેફ વિશે અંગ્રેજી પુસ્તિકા લખવાનો આરંભ કર્યો જ. નોટબુકમાં ચાર પાનાં લખાયાં છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે કે 'અનારંભે કાર્યાઃ' અર્થાત કોઈ કાર્યનો આરંભ જ ન કરવો. બુદ્ધિનું બીજું લક્ષણ એ છે કે આરંભ કરેલ કાર્યના અંત સુધી બરાબર મંડી પડવું અર્થાત કાર્ય પૂરું કરીને જ જંપવું! મારી બુદ્ધિ વિશે હું તો કંઈ જાણતો જ નથી. હા, તરંગી સ્વભાવ તો છે જ.

આજે John Eberly (અમેરિકા-કાન્સાસ) નો પત્ર છે. મારી પુસ્તિકા A Manifesto of Philosophy ગમી હોવાનું લખે છે. રામકૃષ્ણ પરમહંસનાં પુસ્તકો વાંચે છે. [Gospel of Sr. Ramkrishna by M.] ભક્તિયોગમાં એમને રસ છે અને અદ્વૈત વેદાંતમાં પણ અષ્ટાવક્ર ગીતાનો અંગ્રેજી અનુવાદ પણ એને વાંચવા મળ્યો છે. એણે NE'MA TO'LLAHI Sufi orderના અધ્યક્ષ JAVAD NURBAKSHને પોતાના ગુરૂ કર્યા છે. એણે પ્રકાશિત કરેલ ૪૦ સુવાક્યોની એક નકલ પણ મને મોકલી છે. એમાંના ૨-૪ સુવાક્યો મારા મનમાં વસી ગયા છે. તે અહીં નોંધું છેઃ

(07) Never Trust Opinions, Particularly your own

(11) Try to act of Love, not react out of fear

(29) Be thankful with every breath

(31) Silence speaks the truth

(23) If you can't laugh, don't open your mouth.

ત્યાંના રામકૃષ્ણ વિવેકાનંદ સેન્ટનાં અંગ્રેજી પ્રકાશનોની યાદીની કાપલી પણ એણે મોકલી છે. માણસ સાધક છે અને આંતરિક વિકાસના માર્ગે એની ગતિ જણાય છે. ભગવાન ખરેખર દયાળુ છે. ક્યાંથી પૃથ્વીને બીજે છેડે બેઠેલ કેવી કેવી વ્યક્તિઓનો મેળાપ આમ કરાવી આપે છે. સૂફી પંથમાં પ્રેમ કેન્દ્રસ્થાને છે.

સાંજે ચાર વાગ્યે પંજવાણીની દુકાને પહોંચ્યો. થોડીક અલક-મલકની વાતો અને ચાહ. પછી કહે ચાલો, "ત્રિભુવનને મળી આવીએ." અમે બન્ને પહોંચ્યા આદિપુર-ત્રિભુવનને કારખાને. ત્યાંથી ગાડીમાં (પંજવાણીની) એને ભેગો લઈ અમે અંતરજાળ ગામે પાતળિયા હનુમાન મંદિરે પહોંચ્યા. હનુમાનજીની પ્રતિમાને ભાવપૂર્વક નમન કર્યા. પંજવાણીએ ઘંટ વગાડ્યો એટલે મેં પણ ઘંટ વગાડ્યો. ઘંટનો નાદ થોડીક મિનિટો સુધી ગુંજતો રહ્યો - મારા હૃદયમાં પણ. એક ઝેન કથામાં એવું આવે છે કે એક સાધક બાગમાં કામ કરી રહ્યો છે અને પવનથી ઊડીને અચાનક એક નળિયું નીચે પડે છે. એના માત્ર ખખડાટના અવાજ સાથે તાદાત્મ્ય સધાતાં એ સાધકને SATORI જ્ઞાનપ્રાપ્તિ થઈ જાય છે. નાદબ્રહ્મની જ વાત છે. આ ઘોંઘાટિયા યુગમાં આપણને ઘોંઘાટ સદી ગયો છે અને શાંતિ અસહ્ય થઈ પડતી હોય છે એટલે ઘોંઘાટનાં નવાં-નવાં સાધનો ઘરમાં પણ ખડકતાં જઈએ છીએ. પાણી માટેની મોટર, ગ્રાઈન્ડર મિક્સર, માટીને બદલે ધાતુનાં વાસણોનો ખડકલો, ટ્યુબલાઈટ અને પંખાઓનો ઘોંઘાટ પણ કેટલો બધો ત્રાસજનક. આ બધો જ ઘોંઘાટ ઘરમાં ઘાલીને ઘોંઘાટના પ્રદૂષણ અંગેની ચર્ચાઓ અને સેમિનારો કરતા રહીએ છીએ.

ત્રિભુવનભાઈએ પ્રસાદ આપ્યો અને અમને બંનેને હનુમાન ચાલીસાની એક-એક નકલ હાથમાં આપી. અમે ત્રણેય ત્યાં બેઠા અને ત્રિભુવનભાઈના સહજસ્ફુરિત વાણીપ્રવાહમાં તણાતા ગયા. જ્ઞાનયુક્ત ભક્તિ અને સમર્પણની વાત હતી. વાત કરતાં કરતાં ત્રિભુવનભાઈની આંખોમાં અશ્રુપ્રવાહ ધસી આવ્યો, ગળું રૂંધાઈ ગયું. રામાયણનાં પાત્રોના સાંકેતિક જ્ઞાન-યોગમૂલક એ તેઓ કરતા ગયા. રામ એટલે જ્ઞાન, લક્ષ્મણ એટલે વૈરાગ્ય વગેરે. પછી તેમણે કહ્યું - "ચોપડીમાંથી વાંચીને હનુમાન ચાલીસાનો પાઠ કરો." મેં કહ્યું - "આ નિર્જીવ પુસ્તિકામાંથી નહીં પણ તમારા મુખે એ પાઠ અમને સંભળાવો." તન્મયતાપૂર્વક ભાવવાહી સ્વરે એમણે હનુમાન ચાલીસાનો પાઠ કર્યો અને પછી એમની ત્યાં એક બેઠક ઓરડી છે ત્યાં અમે ત્રણે બેઠા. એક છોકરો ચા લઈ આવ્યો. ત્યાં પણ જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યની વાતોનો પ્રવાહ ચાલતો હતો. અમે મંત્રમુગ્ધ થઈને સાંભળતા રહ્યા. રોજ સવારમાં ત્રિભુવનભાઈ મંદિરે પહોંચી જાય. કોઈવાર ચાલીને (૩ કિ.મી.), કોઈવાર સાઈકલ પર. શનિવારે આખો દિવસ તેઓ ત્યાં રહે. ઓરડીમાં બેઠે બેઠે જે કેટલીક વાતો થઈ એ મારી સ્મૃતિ મુજબ સંક્ષેપમાં અહીં નોંધું છું.

"અગાઉ કોઈનાં દુઃખ જોઈને કે લાગણીથી મારાથી કંઈક કહેવાઈ જતું. મારાં ભોજાઈના દીકરાને અકસ્માતમાં માથામાં ભારે ઈજા થયેલ અને મગજના ઑપરેશન પછી ગાંડો થઈ ગયો. ડોક્ટરોએ હાથ ખંખેરી નાખ્યા - "હવે કોઈ ઉપાય નથી!" મારાથી એમનું દુઃખ જોવાયું નહીં અને ભગવાનને પ્રાર્થના કરી અને ત્રણ દિવસમાં એ યુવાન હરતો-ફરતો સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો. આજે એ ગોદરેજ કંપનીમાં નોકરી કરે છે. દુનિયા તો માયાથી જકડાયેલ છે. આજે પણ મારાં ભોજાઈ વગેરે એમ જ કહે એ (ત્રિભુવન) તો બાવો થઈ બેઠો છે.

પછી ભગવાને પોતે જ મને આવું કંઈ કોઈને કહેવાની - કરવાની ના પાડી. ભગવાન કહે, "આખી દુનિયા દુઃખી છે તું કેટલાનું કરીશ - આ તારું કામ નથી.' બસ,

ત્યારથી આવી બાબતમાં ચૂપ જ રહું છું.'

૧૦-૧૫ વર્ષ પહેલાંનો ત્રિભુવનનો મારો પોતાનો એક આવો અનુભવ છે- કદાચ આ નોંધપોથીમાં ક્યાંક નોંધ્યો પણ હોય પરંતુ મને યાદ નથી એટલે અહીં નોંધું જ છું.

ત્રિભુવનભાઈ દુકાને આવ્યા તો મારા પુત્રે કહ્યું, 'બાપુજીને તાવ આવે છે એટલે ઘેર છે.' તેઓ ઘરે આવ્યા. મારી બાજુમાં ખુરશી પર બેઠા. નજીક ટીપોય પર મારી દવાની શીશી પડી હતી. હજી એ શીશીમાંથી કદાચ એકાદ ડોઝ લીધો હશે. થોડીવાર રહીને ત્રિભુવનને કહ્યું, 'આ દવાનું શું કામ છે? - ફેંકી દો - કાલે સારા થઈ જશો.' પછી ૨-૩ મિનિટ રહીને કહ્યું, 'મારે આવું કહેવું નહોતું જોઈતું છતાં કહેવાઈ જાય છે. મારો દીકરો મરવા પડ્યો હોય તો પણ મારાથી આવું કહેવાય નહીં.'' મેં ખરેખર જ દવાની શીશી ફેંકી દીધી અને બીજે દિવસે હું સંપૂર્ણ નીરોગી-સ્વસ્થ હતો.

મંદિરમાંથી ઊઠતી વખતે ત્રિભુવને અમારા બંનેના કપાળ પર તિલક કર્યું. પછી અમે પાછા આવવા નીકળ્યા. અમે ત્રિભુવનભાઈને એમને ઘેર ઊતાર્યા. મને ખબર કે આદિપુર આવ્યો હોય તો રેંકડી પર કે 'ક્વોલિટી' માં નાસ્તા વગર પંજવાણી જાય જ નહીં, મને પણ ઘસડે. એટલે મેં અગાઉથી જ એને કહ્યું, ''આજે આપણે હનુમાનજીનો પ્રસાદ લીધો છે અને આવી અદ્‌ભુત વાણી સાંભળી છે માટે આજે (અમારી Code ભાષામાં) 'હિન્દુ નથી થવું.' પંજવાણી કહે, ''ક્વોલિટીમાં જવાની મારી ઈચ્છા હતી પણ તમારી વાતમાં મને વજન લાગે છે.'' ગુર્જયેફ વિશેનું મારું એક ખાસ પ્રિય પુસ્તક "The Unknowable Gurdjedff by Margaret Anderson" એ પુસ્તકમાં મેં ઠેકઠેકાણે લાલ પેનથી નિશાન કરી રાખ્યાં છે. સામાન્ય રીતે કોઈપણ પુસ્તક બીજીવાર વાંચવાનું મારા સ્વભાવમાં નથી. આજે આ પુસ્તક ફરી બહાર કાઢ્યું અને મારા મેજ પર મૂક્યું. થોડાંક પાનાં વાંચ્યાં. આ પુસ્તક જાણે કે હૃદયમાંથી લખાયું હોય એમ લાગે. એટલે જ મને પોતીકાપણું લાગે.

- **શુક્રવાર, તા ૪-૬-૧૯૯૩**

આજે સવારમાં Unknowable Gurjeieffનાં થોડાંક વધુ પાનાં વાચ્યા. J.K. Belletinનો તાજો આવેલ અંક થોડોક જોઈ ગયો. હવે જાણે કે એમાં કશું નવું કે કશું તાજગીપૂર્ણ નથી. આમ જ થવાનું. આપણે કોઈ વિભૂતિના મહાન જીવંત વિચારોને પામીને આગળ ચાલવાનું બંધ કરી દઈએ છીએ અને ઘાણીના બળદની જેમ એના પુસ્તકિયા શબ્દોની આસપાસ પ્રદક્ષિણાઓ કરતા રહીએ છીએ અને મનને મનાવીએ છીએ કે ઘણું ચાલ્યા. જો કે આમ બનતું રહેવાનું - એનું મહત્ત્વ પણ છે જ.

નિર્મલને ત્યાં નાનાલાલે પૂછ્યુ - ''ગઈકાલના શું ખબર છે?'' મેં કહ્યું - ''તમે ન પૂછ્યું હોત તો ઠીક થાત!'' પછી વાતને થોડીક મોઘમ રીતે મૂકતાં મેં કહ્યું - દસેક કિલોમીટરની રેન્જમાં એક વૃક્ષ નીચે એક સાધક સાથે બેઠો હતો. પછી તો A door was opened to me and all the secret doctrines were revealed one by one. જેમ કૃષ્ણે અર્જુનને વિરાટ દર્શન કરાવ્યું હતું તેમ. It was all miraculous. ''તમે ૧૦ કિલોમીટર સુધી ગયા એ પણ શું એક Miracle નથી?'' આમ નાનાલાલે વાત કરતાં સદભાગ્યે અમારો છૂટા પડવાનો સમય થયો. આજે પણ નિર્મલે શાહ લતીફના બે-ત્રણ બેત સંભળાવ્યા.

દુકાને જ્યોતિષી ગોરધનભાઈ આવ્યા. એમણે ગાંધીધામમાં નાનકડું કાર્યાલય પણ ખોલ્યું હતું. કોણ જાણે આજે મને શું સુઝ્યું કે મેં એમને પ્રશ્નકુંડળી માંડવાનું કહ્યું. એમણે સમય નોંધ્યો અને મારી લેખનપ્રવૃત્તિ માટેની સહાયિકા - શ્રુત લેખિકાની શોધ ક્યારે સફળ થશે એવો પ્રશ્ન મૂક્યો અને દક્ષિણાના રૂપિયા દસ પણ આગ્રહ પૂર્વક આપ્યા - એમ કહીને કે ''આ તો શાસ્ત્રીય પરિપાટી છે.'' સાંજે જવાબ આપવાનું કહી ગયા હતા પણ હવે કદાચ કાલે જવાબ મળે. મારા જીવનમાં અનેક મોટી Crisis આવી ત્યારે પણ મારા પોતાના માટે મેં કદી જ્યોતિષીને પૂછ્યું નથી અને મારી જન્મકુંડળી ઉઘાડીને મેં કદી વાંચી નથી! આ પ્રસંગ પરથી મને પોતાને જ સહાયિકાની આવશ્યકતાની ગંભીરતા અને તાકીદ જાણે કે સમજાઈ!

સાંજે પાંચેક વાગ્યે મીના પોતાની બા સાથે મળવા આવી. હમણાં વેકેશનમાં ભુજથી ગાંધીધામ પિયર આવી હતી. મીનાએ મારે ત્યાં ચારેક વર્ષ કામ કર્યું (પાર્ટ ટાઈમ). મારાં પ્રથમનાં (૧૯૭૯ પહેલાંનાં) બે પુસ્તકો (ભારતીય દર્શન અને સનાતન સમસ્યાઓ) બાદ નિયમિત રીતસરની પુસ્તક લેખન-અનુવાદોની મારી લેખનપ્રવૃત્તિ મીનાથી જ શરૂ થઈ અને એમાં સૌ પ્રથમની હસ્તપ્રત 'ગુર્જયેફનો સાધનામાર્ગ', જેણે મને ગુજરાતી વાચકોના એક વિશાળ વિચારશીલ વર્ગ સુધી ત્વરિત સાંકળી દીધો. એ પુસ્તકની હસ્તપ્રત અને પ્રેસ નકલ ડિક્ટેશનથી મીનાના હાથે જ તૈયાર થઈ. મારા પુસ્તક સુગમ હોમિયોપથી ચિકિત્સા મીનાએ સાંભળ્યું હશે એટલે એની નકલ મેં એને ભેટ આપી. તાજેતરમાં પ્રગટ થયેલ જે. કૃષ્ણમૂર્તિ એક સાનિધ્ય સંવાદની પ્રથમ કાચી હસ્તપ્રત મીનાના હાથે જ તૈયાર થયેલ જેનો મેં ઉલ્લેખ પણ મારા અનુવાદકીય લખાણમાં કરેલો હોઈ એની ભેટ નકલ પણ મીનાને આપી. મીનાના ચારેક વર્ષના કાર્યકાળ દરમિયાન મારાં કુલ્લે આઠ પુસ્તકો પ્રગટ થયાં, જેની હસ્તપ્રતો માટેનું ડિક્ટેશન તેમજ પ્રેસકોપી મીનાએ જ કર્યા હોય. એના હાથે કાચી હસ્તપ્રતનું ડિક્ટેશન લેવાયું હોય પણ પુસ્તક પાછળથી પ્રગટ થયેલ હોય એટલે બે પુસ્તકો ટોલ્સટોયની નવલકથાનો અનુવાદ 'પુનરાવતર' અને 'જે.કૃષ્ણમૂર્તિ એક સાનિધ્ય સંવાદ' તથા મારું એક બીજું મહત્ત્વપૂર્ણ પુસ્તક 'ગુર્જયેફ : એક રહસ્યમય ગુરૂ' તો મેં મીનાને જ અર્પણ કર્યું છે. મારાં પુસ્તકોમાં મીનાના નામનો ઉલ્લેખ વાંચીને મુંબઈના મારા મિત્ર, સુપ્રીમ કોર્ટ ઍડવોકેટ શ્રી વી.બી. ગણાત્રા એ અરસામાં ગાંધીધામ આવ્યા હતા ત્યારે એમણે મીનાને મળવાની ખાસ ઈચ્છા દર્શાવેલ. તેથી મેં મીનાને મારે ઘેર જ ખાસ તેડાવી હતી.

મીનાનો અભ્યાસ ફક્ત S.S.C. એ અગાઉ 'કચ્છ કલામ' સામયિકની પ્રવૃત્તિને કારણે મારે ત્યાં આવાં કોઈને કોઈ પાર્ટ ટાઈમ બહેન હોય જ. તે વખતે શોભના

દવે આવતાં હતાં અને એમનાં લગ્ન થતાં તેઓ છૂટાં થયાં. પછી મારી શોધ શરૂ થઈ. આખરે મેં 'કચ્છમિત્ર' માં જાહેર ખબર આપી. એક-બે બહેનો તો ગુજરાતી વિષયમાં જ B.A. પાસ છતાં એમનું ગુજરાતી લખાણ - ભાષા વગેરે વાંચીને રમૂજ જ થાય. રવિલાલભાઈ ગણાત્રા (મીનાના પિતાશ્રી) અમારા તો પારિવારિક મિત્ર. આવીને મને કહ્યું, 'તમારી જાહેરાત વાંચી છે. તમે ભલે બધા ઉમેદવારોના ઈન્ટરવ્યુ લઈ લો. પછી તમે કહેશો તો મારી દીકરી મીનાને હું તેડી લાવીશ.' મીના આ ઈન્ટરવ્યુમાં પાસ થઈ. કશી પણ તાલીમ વગર કે પૂર્વાનુભવ વગર એનું કામ ખૂબ જ સંતોષકારક અને ચોકસાઈપૂર્ણ. સુંદર હસ્તાક્ષર અને ભાષાકીય ચોકસાઈ પણ પૂરી. વળી તુરંતમાં જ મારી દુકાનના એકાઉન્ટસ લખવાનું પૂરેપૂરું કામ તેણીએ સંભાળી લીધું. તેણીએ ચાર વરસ કામ કર્યું. પછી લગ્ન થતાં ભુજ ગઈ.

આજે થતું હતું કે આજની તારીખમાં લખીશ શું? પરંતુ જુઓને બસ લખતો જ રહ્યો. હવે રાત્રિના બાર થવા આવ્યા છે.

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

## Quips & Quotes : Evan Esar

**Bachelor** : The man who dies a bachelor has never completed his education.
A bachelor is a man who believes that the proper time for divorce is before the Wedding.
A bachelor is a man who looks before he leaps – and then doesn't leap.

**Bath** : People who live in glass houses should not take baths.

**Beauty Salon**: A beauty salon is a place where a thing of beauty is a job forever.

**Behavior** : A husband should always treat his wife as if she were a voter and he a candidate.

**Believe** : The eyes believe themselves; the ears believe others.
Some people will believe anything about you as long as it is the worst.

**Bill** : The man who allows his wife to run up big bills probably prefers to have trouble with his creditors than with her.

**Birth** : There is no insurance against the accident of birth.

**Blame** : To err is human, to blame it on someone else is even more human.
Every man needs a wife becuase he can't blame everything on the Government.
A husband thinks it is his right to criticize, while a wife thinks it is her duty.
When a man has only himself to blame, he is probably a bachelor.
Another thing where the supply always exceeds the demand is blame.

**Blood** : Blood is thicker than water and it boils quicker too.

**Bore** : A bore is a person who talks when you want him to listen.
A woman's definition of a bore is any man who is in love with another woman.
When a man talks as much as a woman we call him a bore.

**Borrow** : Before you borrow money from a friend, decide which you need more.

**Boss** : When a husband says he is the boss in his house, he has his wife's permission to say so.
Foure ages of man : bossed by mother, by sister, by wife and by daughter.

**Brevity** : Brevity is the soul of wit.

**Bride** : It looks as if Hollywood brides keep the bouquets and throw away the grooms. – G. Mark

**Bridegroom** : A bridegroom co-stars at the wedding ceremony, but plays only a supporting role there after.

**Budget** : The success of a family budget depends upon the husband's power to vote his wife's bills.

**Busy** : A man is never too busy to talk about how busy he is.

***Contributed by : Balvantrai M. Doshi - Mumbai***
***Ph. : (022) 25060890***

# રન-વે પર ભેંસ!

• ચિત્રસેન શાહ •

*કોઈપણ સમયે કાલ્પનિક રંગોમાં ઝબોળેલી વાતોને મમરાવવાનો હેતુ માત્ર ને માત્ર 'હળવાશ'ના વાતાવરણનું સર્જન કરવાનું હોઈ શકે! તેવી રીતે અત્યારના માહોલમાં સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકારણ વગેરે જેવા ક્ષેત્રોની માનસિક તાણભરી વાતચીત વચ્ચે 'હળવાશ' નો એકાદ ડોઝ જિંદગીની રફતારમાં કદાચ થોડા આનંદથી રાહત પહોંચાડી શકે. અન્ય રીતે જોઈએ તો ધગધગતી ગરમી વચ્ચે વરસાદના એકાદ ઝાપટાથી ઉદ્‌ભવતી રાહત જેવો અનુભવ લેખકશ્રી અત્રે કરાવી રહ્યા છે.*

*— તંત્રીમંડળ*

આપણા શહેરોમાં તો રસ્તાની વચ્ચોવચ્ચ ગાયોના ઝુંડના ઝુંડ જોવા મળે છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી તો ઍરપોર્ટના રન-વે પર પણ અવારનવાર ગાય-ભેંસ-કૂતરા-વાંદરા વિ. પ્રાણીઓ આરામથી ફરતાં દેખાય છે! તે ઉપરાંત પક્ષીઓ પણ 'Take off' કે 'લેન્ડિંગ' કરતાં હોય તેવા દ્દશ્યો નજરે પડે છે! આ જોઈને થાય છે આ તે ઍરપોર્ટ છે કે zoo?!

થોડા સમય પહેલા દિલ્હી ઍરપોર્ટના રન-વે પરથી એક ફ્લાઈટના Take off સમયે એરક્રાફ્ટને ભેંસ અથડાઈ હતી! ભેંસને કાંઈ ન થયું - ઍરક્રાફ્ટમાં 'ગોબો' પડી ગયો!

આ રીતે હાઈ સિક્યોરીટી ઝોનમાં ભેંસનો પ્રવેશ કેવી રીતે થઈ ગયો હશે તેના વિચારમાં સ્વર્ગમાં ભગવાન રામને પણ થયું હશે - 'ચાલો, જોવા તો મળ્યું કે ઍરપોર્ટ તંત્ર મારા ભરોસે કેવું ચાલી રહ્યું છે!' ફક્ત દિલ્હીનું ઍરપોર્ટ તંત્ર જ નહીં પરંતુ આખે આખું દિલ્હી જાણે રામભરોસે ચાલતું હોય તેવું લાગે છે! દિલ્હીના બહુ ગાજેલા 'નિર્ભયા' કે 'દામિની' ના ગેંગરેપના કિસ્સા પછી પણ લગભગ દરરોજ આવા કિસ્સા કે મહિલાને સતામણીના અન્ય કિસ્સા બહાર આવતાં રહે છે! આવા સમયે લોકોનો આક્રોશ 'કેન્ડલ માર્ચ' કે એવા માઈલ્ડ સ્વરૂપે બહાર આવે છે! પરંતુ રાક્ષસી વિકૃત માનસિકતા ધરાવતા નિર્લજ્જ લોકો પર તેની અસર થાય ખરી?! 'જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે' એમ કહેવાય છે પરંતુ હવે તો કહેવું પડે કે 'જે કર ઝુલાવે પારણું તેના પર થાય રોજેરોજ અત્યાચાર!' જેમ એક કિસ્સામાં આસામમાં બન્યું હતું તેમજ (અસરગ્રસ્ત બહાદુર વિદ્યાર્થિનીઓએ ગુનેગારને જેલમાંથી બહાર કાઢી જાતે જ ન્યાય મેળવી લીધો હતો!) કરવું પડે!

ન્યાયની દેવીએ પણ હવે આંખેથી પાટા ખોલી (ગાંધારી બનવાનું છોડી દઈને!) નાખવા જોઈએ!

(આ લખનારે તો 'લોખંડી' મનોબળવાળા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પણ આ અંગે પત્ર લખ્યો છે! કારણકે તેઓ ધારે તો આકાશમાંથી તારા પણ તોડી લાવી શકે તેમ છે! 'ગેંગરેપ' કરનારા લોકો પર એક વાર 'ધાક' બેસાડવાની જરૂર છે! ગુજરાતમાં કેવી 'ધાક' બેસી ગઈ છે કે છેલ્લા ૧૨/૧૩ વર્ષથી 'કોમી દાવાનળ' સળગ્યા નથી કે નથી કોઈએ 'કર્ફ્યુ' શબ્દ સાંભળ્યો! વડાપ્રધાન ભલેને ચીનમાં હોય પરંતુ તેમની 'ધાક' છેક અમદાવાદમાં જમાલપુર-દરિયાપુર કે ગોમતીપુરમાં પણ અનુભવાય છે! આખા ભારતમાં આની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે આખું હિન્દુસ્તાન કદાચ બોલી ઉઠે - 'તંત્ર રામભરોસે નહીં પરંતુ મોદી ભરોસે ચાલે છે!'

પરંતુ અત્યારે જે પરિસ્થિતિ છે તે વાત આગળ વધારીએ તો કહી શકાય કે ફક્ત ઍરપોર્ટ તંત્ર જ નહીં પરંતુ આખેઆખું એવિએશન તંત્ર 'રામભરોસે' ચાલી રહ્યું છે!

આ ઈન્ડસ્ટ્રીની ગળાકાપ હરીફાઈમાં દરેક ઍરવેઝ કંપનીને તેની એકેએક સર્વિસની ગુણવત્તામાં કોમ્પ્રોમાઈઝ કરતાં રહેવું પડે છે! આવા સંજોગોમાં પાઈલોટોના રીક્રુટમેન્ટમાં પણ ધારાધોરણ જળવાતાં નથી. પરિણામે ઘણીવાર તો પાઈલોટોના વર્તન જોઈને થાય કે - 'આ તે પાઈલોટ છે કે ટ્રક ડ્રાઈવર?'

થોડા સમય પહેલાં એક ઍરક્રાફ્ટમાં ફ્લાઈટના Take off સમયે જ કોકપીટમાં પાઈલોટ અને સહપાઈલોટ વચ્ચે હાથોહાથની મારામારી થઈ ગઈ હતી! (પાછળથી જાણવા મળ્યું હતું કે આ 'મહાભારત' પાછળ પણ એક 'દ્રૌપદી' નામની ઍરહોસ્ટેસ કારણભૂત હતી!) આ ઉપરાંત ફ્લાઈટમાં નીચે લખ્યા પ્રમાણેના બનાવો પણ અવારનવાર બનતાં રહે છે! એક વાર એક ફ્લાઈટનો પાઈલોટ ફ્લાઈટનું સંચાલન સહપાઈલોટને સોંપી કોકપીટની બહાર લટાર મારવા નીકળ્યો ત્યારે સહ-પાઈલોટે કોકપીટનો દરવાજો અંદરથી બંધ કરી દીધો! જ્યારે મુખ્ય પાઈલોટ પાછો ફર્યો ત્યારે સહ-પાઈલોટે દરવાજો ખોલ્યો નહીં!

પરિણામે 'રામાયણ' સર્જાઈ!

યોગાનુયોગ સહપાઈલોટનું નામ 'રાવણ' હતું અને મુખ્ય પાઈલોટનું નામ 'રામ' હતું!

★ એક વાર એક મહિલા પાઇલોટે પ્લેનને ઓચિંતા જ ૫૦૦૦ ફૂટ નીચે લાવી દીધું હતું- ઊંઘમાં! તેણીનીં ઊંઘ ત્યારે જ ઊડી કે જ્યારે પ્લેનને જર્ક લાગ્યો! પાછળથી જાણવા મળ્યું હતું કે તે મહિલા પાઇલોટને તેણીની પાડોશણ સાથે 'વાટકી વહેવાર (!)' માં કાંઈક ડખો ઊભો થયો હતો!

★ એક કિસ્સામાં પ્લેનમાં ઉંદર આવી જવાને કારણે ફ્લાઈટ બે કલાક મોડી ઉપડી હતી કારણ કે 'માઉસટ્રેપ' લાવવામાં મોડું થયું!

બીજા એક કિસ્સામાં પ્લેનમાં સાપ કે નાગ આવી જવાને કારણે ફ્લાઈટ બીજે દિવસે ઉપડી કારણ કે નાગને બહાર કાઢવા મદારીની જરૂર હતી! અને મદારી, બહુરૂપી, ભવાઈ કલાકારો વગેરે આજકાલ ક્યાં હાથવગા રહ્યાં જ છે! ઓથોરિટી મદારીને ક્યાંકથી 'ભાઈબાપા' કરીને લઈ આવી ત્યારે કામ આગળ ચાલ્યું!

મદારીએ આવીને 'નાગીન' પિક્ચરની ધૂન વગાડી ત્યારે નાગ ઍરહોસ્ટેસની સીટ નીચેથી બહાર આવી ડોલવા લાગ્યો હતો અને પરિણામે તે પકડાઈ ગયો!

(લોકો સમજ્યા કે બીનને કારણે નાગ ડોલતો હતો પરંતુ નાગને ક્યાં કાન જ હોય છે! તે તો કદાચ પાસે ઊભેલી એરહોસ્ટેસની 'EAR RING'ને હલતી જોઈને પણ ડોલતો હોવો જોઈએ! મદારીની બીન અને EAR RINGનું હલવું એ બે વસ્તુ તેના મગજમાં સીન્ક્રોનાઈઝ થઈ હોવી જોઈએ!)

આટલી એરપોર્ટ, એરક્રાફ્ટ વિ. ની વાતો કર્યા પછી ચાલો આપણે જમીન પર આવી જઈએ! કારણ કે ગમે તેટલા સારા સંજોગો વચ્ચે પણ આસમાનમાં ઉડવાને બદલે જમીન પર ચાલવાનું સારું!

બાકી, આજકાલ લોકોમાં એરટ્રાવેલિંગનો 'ક્રેઝ' ફૂલ્યો ફાલ્યો છે! ઉદ્યોગપતિઓ, નેતા-અભિનેતા કે અન્ય લોકો કે જેમને ટાઈમનો પ્રોબ્લેમ હોય તેમને એ જરૂરિયાત છે બાકી જેમની પાસે ટાઈમ જ ટાઈમ હોય (ટાઈમ સિવાય કાંઈ ન હોય! એવી ગેરસમજ કરવી નહીં!) તેઓ જો ટ્રેઈન કે રોડ જર્નીનો શોખ કેળવે તો કુદરતના સાનિધ્યમાં પ્રવાસનો જે આનંદ આવે તે અવર્ણનીય હોય! ટ્રેકિંગમાં પણ એટલો જ આનંદ આવે! શરત માત્ર એટલી જ કે તે શોખ કેળવવો પડે! (રેડી મેઈડ - 'ટુ મિનિટસ નુડલ્સ' ની જેમ માર્કેટમાં મળે નહીં!)

આ લેખની શરૂઆત આપણે 'ભેંસ' થી કરી હતી - ચાલો આપણે તેનો અંત 'ખિસકોલી' થી લાવીએ!

હવે વાત જાણે એમ છે કે જૂન મહિનામાં આવતી અમારી મેરેજ ઍનિવર્સરી પર અમને અમારા એક પ્રકૃતિપ્રેમી અને લુપ્ત થતી જતી પશુ-પક્ષીની જાતિઓ પ્રત્યે સભાન એવા મિત્ર તરફથી એક પુસ્તક ભેટ સ્વરૂપે મળ્યું! પુસ્તકનું ટાઈટલ પણ ગમી જાય તેવું છે! ટાઈટલ છે - 'તમે ખિસકોલીને છેલ્લે ક્યારે જોઈ?!'

*પ્લોટ ૩૧૪/એ 'વ્હાઈટ હાઉસ', સેક્ટર-૨૦, ગાંધીનગર.*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

## બીજાનું સુખ ન જોઈ શકતો માણસ પોતે પણ સુખી ન થઈ શકે

એક માણસને એ વાતનું દુઃખ હતું કે તેને સતત ગરીબીમાં જીવતા રહેવું પડતું હતું. એ માણસ એક સંતને મળવા ગયો. તેણે હૈયાવરાળ ઠાલવી કે મારા સગાવહાલાં અને પડોશીઓ પાસે સરસ મજાના ઘર છે અને તેમની પાસે બહુ બધું ધન અને ઝવેરાત છે પણ હું જીવનભર નિર્ધન જ રહ્યો. ભગવાનનો આવો તે કેવો ન્યાય? સંતે તેને સલાહ આપી કે તું તપ કરીને ભગવાનને રીઝવે તો ભગવાન તને જોઈએ એ બધું આપશે.

એ માણસ તો એ દિવસથી જ તપ કરવા માંડ્યો. તેણે વર્ષો સુધી આકરું તપ કર્યું અને એના તપને કારણે ભગવાન પ્રસન્ન થઈ ગયા. ભગવાને તેને દર્શન આપ્યા અને કહ્યું કે, 'હું તારા તપથી ખુશ થયો છું. બોલ તારી શું ઈચ્છા છે?'

એ માણસ ઉસ્તાદ હતો. તેણે ભગવાનને કહ્યું કે, 'હું જે માગું એ આપશો?' ભગવાને કહ્યું, 'કંઈ પણ માગી લે. હું તારા પર પ્રસન્ન થયો છું.' એ માણસે કહ્યું કે, 'હું જે માગું એ મને તરત જ મળી જાય એવું વરદાન આપો!'

ભગવાને એક ક્ષણ એના ચહેરા સામે જોયું અને પછી કહ્યું, 'તથાસ્તુ! હું તને વરદાન આપું છું કે તું જે માગે એ તને મળશે. પણ તું જે માગીશ એના કરતા તારા પડોશીને બમણું મળશે.'

પેલો માણસ સહેજ અકળાયો. એ દલીલ કરવા જતો હતો ત્યાં જ ભગવાન અદશ્ય થઈ ગયા.

એ માણસને તો ખુશ થવું કે દુઃખી થવું એની સમજ ના પડી. કારણકે એ તેના પડોશીને જિંદગીભર ધિક્કારતો રહ્યો હતો. પડોશી ધનાઢ્ય હતો અને હવે પોતે જે માગે એનાથી બમણું એને મળવાનું હતું. કચવાતા મને તેણે માગ્યું કે મને એક વિશાળ મહેલ આપો. તેના નાનકડા મકાનની જગ્યાએ ભવ્ય મહેલ થઈ ગયો. પણ એનો તે આનંદ લૂંટે એ પહેલા તેની નજર પડોશમાં ગઈ. ત્યાં પેલા પડોશીના બે મહેલ ઊભા થઈ ગયા હતા.

એ માણસ બીજું બધું પણ માગતો ગયો અને પડોશી તેનાથી બમણું મેળવતો ગયો. એ તબક્કે એ માણસને એટલો ગુસ્સો આવ્યો કે તેણે માગી લીધું કે મારી એક આંખ ફૂટી જાય. એની એક આંખ ફૂટી, સાથે જ એના પડોશીએ બંને આંખો ગુમાવી દીધી.

પેલો માણસ આજના જમાનામાં કોઈ ઉદ્યોગપતિ ભાઈ તરીકે કે પાકિસ્તાન જેવા પડોશી દેશ તરીકે અવતરતો રહે છે.

***બીજાનું સુખ ન જોઈ શકતો માણસ પોતે પણ સુખી ન થઈ શકે.***

*– સંકલિત*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ કે સામે રસ્તે તે ભત મથે કીંક લખેલો આય સે હુ માડુ વાંચેને પોય ખલધો હલ્યો વેનેતો. સે જરા તપાસ તા કર ક ભત મથે કુરો લખ્યો આય ને ઉન માડુકે પૂછ કે ખલધો ખલધો કુલા વેને તો?

બચુડો : (તપાસ કરે ને ચેં) ભત મથે લખેલો વો “હત્તે કૂતરા જ પેશાબ કંઈયેતા.” સે વાંચેને હુ માડુ પંઢ પેશાબ કે ગેણે ને પોય મનમેં વિચારેતેં આંઉ હત્તે પેશાબ ક્યો ને નાં કૂત્તે જો અચીંધો. પોય ખલધો ખલધો હલ્યો વો. હનકે ચોવાજેં મગજ વાપર્યો.

## ખિલજા મ ભલા

પત્ની : (ફોન કરીને પતિને) સાંભળો, આપણી કારની ડિક્કીમાં પાણી ભરાઈ ગયું છે.

પતિ : અચ્છા હવે એ કહે કે આપણી કાર છે ક્યાં? હું ત્યાં પહોંચું.

પત્ની : તળાવના તળિયે....

☺ ☺ ☺ ☺ ☺

તનસુખ : છુટાછેડા લીધા પછી પત્નીને મળતી ભરણપોષણની રકમને શું કહેવાય?

મનસુખ : બળવો કર્યા પછી લૂંટમાં મળેલી માલમત્તા.

☺ ☺ ☺ ☺ ☺

મુસાફર : કાકા, આમ ૮૫ વર્ષની ઉંમરે એકલા મુસાફરી કરીને ક્યાં જાવ છો?

કાકા : હું તો બાજવા જાઉં છું.

મુસાફર : હવે તમારી તબિયતનું તો ઠેકાણું નથી ને બાજવા જવાનો શોખ કઈ રીતે કરી શકો?

કાકા : ભલા ભાઈ, બાજવા એટલે લડવા નહીં... હું તો વડોદરાની બાજુમાં આવેલા બાજવા નામના સ્થળે જાઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

છગનભાઈ : ભાઈ મગન, તારી છત્રી મને થોડા સમય માટે આપીશ?

મગનભાઈ : હા... લઈ જાવ ને....

છગનભાઈ : પણ આ છત્રીનો હાથો વિચિત્ર લાગે છે.

મગનભાઈ : એ તો મેં કરામત કરી છે. બે દિવસમાં છત્રી પાછી ન આવે તો એમાં ધડાકો થાય છે!

☺ ☺ ☺ ☺ ☺

નેતાજી : તારો ખૂબ ખૂબ આભાર. તેં મને આ તળાવમાંથી ડૂબતા ડૂબતા બચાવીને બહાર કાઢ્યો. તારો આભાર હું કઈ રીતે માનું?

બચાવનાર : સાહેબ, આ વાત કોઈને કરશો નહિ. નહીં તો અહીંના મારા સાથીદારો મને મારી નાખશે – તમને બચાવવા બદલ!

☺ ☺ ☺ ☺ ☺

મોહનીશ : ફિલ્મ અને ટી.વી. વચ્ચે શું તફાવત છે?

અહોનીસ : ફિલ્મ તમારી પ્રેમિકા જેવી છે. ઘરની બહાર નીકળો ત્યારે જ એનો આનંદ લૂંટી શકાય જયારે ટી.વી. પત્ની જેવું છે. ઘરે આવો પછી જ ચાલુ થાય!

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : આપણાં વડાપ્રધાન માટે તારું શું માનવું છે?

ચીન્ટુ : આ વડાપ્રધાન દેશના દરેક નાગરિકને મહાત્મા ગાંધી બનાવવા માગે છે.

મોન્ટુ : આમાં કાંઈ સમજ ન પડી.

ચીન્ટુ : મોંઘવારી એટલી વધવા દીધી છે કે હવે દરેકના શરીરે પોતડી પણ માંડ માંડ રહેશે!

☺ ☺ ☺ ☺ ☺

ગોવિંદ : અલ્યા તારી પુત્રીનું નામ તે શું રાખ્યું?

અરવિંદ : નર્મદા.

ગોવિંદ : ભોગ તારા... હવે ૪૦-૫૦ વર્ષ સુધી એનું ઠેકાણું નહીં પડે.

☺ ☺ ☺ ☺ ☺

ઍરહોસ્ટેલ : કાકા તમે શું લેશો?

કાકા : આજુબાજુ નજર કરી પછી કહ્યું, મારા માટે પેલા બધા પીવે છે એવી તાવીજવાળી ચા લાવો.

ઍરહોસ્ટેસ : કાકા, એ તાવિજવાળી ચા નથી, ડીપ ટી બેગ છે.

☺ ☺ ☺ ☺ ☺


કડકાસિંઘ : અરે મખ્ખીસિંઘ, આમ તળાવમાં કેવી રીતે પડી ગયો?

મખ્ખીસિંઘ : વાંકો વળીને તળાવમાં જોતો હતો. જરા વધુ વાંકો વળ્યો, તેમાં પડી ગયો.

કડકાસિંઘ : પડ્યો તો પડ્યો, પણ આ માછલીને પકડીને પાણીની બહાર કેમ ફેંકી?

મખ્ખીસિંઘ : આ તો થયું, મરતા મરતા એક માછલીનો જીવ, તે ડૂબીને મરે તે પહેલા બચાવતો જાઉં!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




## પ્રાચીન કાળની સિદ્ધિઓનું વિવેચન

શ્રી શાંતિલાલભાઈ સાથેની ગુરુત્વાકર્ષણ અને કણાદ ઋષિ વિષેની ચર્ચા આગળ વધારવી જરૂરી લાગે છે. (આવી ચર્ચા માટે 'મંગલ મંદિર'માં જેટલી જગ્યા ફાળવવી વાજબી છે એ તંત્રીશ્રીના અધિકાર ક્ષેત્રમાં છે.) અત્રે કોણ વધુ સાચું છે તે સાબિત કરવાનો જરા પણ આશય નથી. પૌરાણિક શ્લોકોના કેટલા અર્થ નીકળી શકે છે, કાઢી શકાય છે અને કાઢવામાં આવ્યા છે તે વાંચકોના ધ્યાનમાં લાવવાનો માત્ર આશય છે.

શાંતિલાલભાઈ વડીલ છે, વિદ્વાન છે અને મારા માટે માનનીય છે. એમને પડકારવાની મારી હેસિયત નથી. હું કોઈ ગુરૂ કે ચેલામાં માનતો નથી. જોકે કેટલીક વ્યક્તિઓના જ્ઞાન પ્રત્યે મને અનહદ માન છે. શાંતિલાલભાઈ એમાંના એક છે. બીજાં બે નામ આ લખાણમાં આવે છે.

એપ્રિલના અંક માટે લખાણ મોકલ્યા પછી મારા લખાણનું સાચાપણું ચકાસવા સંસ્કૃત જાણતા અને પૌરાણિક ગ્રંથો વાંચ્યા હોય એવા બે મિત્રોના અભિપ્રાય જાણવા એમનો સંપર્ક કર્યો. એમાંથી વળી ત્રીજો જ અર્થ નીકળ્યો છે. આ મિત્રો છે શ્રી દીપક ધોળકિયા જે મૂળ કચ્છના છે પણ હાલ દિલ્હીમાં રહે છે અને શ્રી સુબોધ શાહ જેમના લેખ અવારનવાર 'મંગલ મંદિર' માં પ્રકાશિત થયા છે. તેઓ અમેરિકામાં રહે છે. અમારી વચ્ચે થયેલ ચર્ચાનો ભાગ અત્રે ટૂંકમાં રજૂ કર્યો છે. શાંતિલાલભાઈ જો ઈન્ટરનેટ વાપરતા હોત તો એમને પણ આમાં સામેલ કરત.

દીપક ધોળકિયા : શ્રી શાંતિલાલભાઈ સંઘવીએ સંદર્ભ માટે અધ્યાય, આહ્નિક અને સૂત્રની સંખ્યા આપી છે તે મારી પાસેના અનુવાદ કરતાં થોડી જુદી છે. મારી પાસે Debasish Chakrabartyનો અંગ્રેજી અનુવાદ છે. જે ૨૦૦૩ માં પ્રકાશિત થયો છે. (ISBN 81-246-0229-8 published and printed by D. K. Printworld (P.) Ltd., New Delhi. E-mail : dkprintworld@vsnl.net. Web : www.dkprint.com)

દાખલા તરીકે, એમણે "તત ગુરુત્વાત પતનં (૫-૧-૬) આપ્યું છે તે મારી પાસે "સંયોગાભાવે પતનં (૫-૧-૭) છે. બધા સંદર્ભોમાં આવું જ છે. એમનું "અપાં સંયોગ ભાવે ગુરુત્વાત પતનં (૫.૨.૨) આપ્યું છે તે મારી પાસે ૫.૨.૩ છે. પણ મૂળ વાત એ છે કે એમણે બધા દાખલાઓમાં 'તીર' વાપર્યું છે, જ્યારે ૫.૧.૬ માં એ મૂસળ છે અને જે છેલ્લું (અપાં સંયોગ ભાવે ગુરુત્વાત પતનં) છે એમાં તીર નથી. 'અપાં' (અપ) એટલે પાણી. આમ એમણે કોઈ બીજા લેખકમાંથી દાખલો આપ્યો હોય એમ લાગે છે. મૂળ વૈશેષિક દર્શનનાં સૂત્રોના સીધા અનુવાદમાં આવી ભૂલ ન હોય.

એમનાં સંદર્ભો વિશે આટલું કહ્યા પછી 'ગુરુત્વ' શબ્દ વિશે આગળ વધીએ અને એના પહેલાંનાં સૂત્રો પર પણ નજર નાખશું જેથી અર્થ બરાબર સ્પષ્ટ થાય. 'ગુરૂ' એટલે મોટો. "સંયોગાભાવે ગુરુત્વાત પતનં" એટલે કે સંયોગના અભાવે મોટું (વજનદાર હોવાથી) (મૂસળ) પડ્યું. "અપાં સંયોગાભાવે ગુરુત્વાત પતનં" એટલે પાણી રોકાય એવા સંયોગ ન મળ્યા (સંયોગનો ભાવ એટલે કે સંયોગનું હોવું) એટલે પડ્યું.

આમાંથી એવો અર્થ કોઈ રીતે નીકળતો નથી કે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ હોવાથી એ પડે છે. ખરેખર તો આખું પ્રકરણ પ્રકૃતિના નિયમો નહીં પણ 'કર્મ' કઈ રીતે થાય છે તે સમજાવે છે. આત્મા અને હાથનો સંયોગ થાય એટલે હાથમાં કર્મની શક્તિ આવે છે. (આ આત્મા વેદાંતનો આત્મા નથી, એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. એ માત્ર વ્યક્તિગત અસ્મિતા છે. એના વિશેની ચર્ચા અલગ છે. જે અહીં નથી કરતો). આત્મા અને હાથનો સંયોગ થવાથી હાથ કર્મ કરી શકે છે. પછી, હવે હાથ અને મૂસળ વચ્ચે સંયોગ થાય છે એટલે મૂસળ કર્મ કરી શકે છે. પણ હાથ અને મૂસળનો સંયોગ ન થાય તો? એટલે કે હાથ મૂસળને છોડી દે તો? તો મૂસળ પડી જાય. પડવાનું કારણ એનું ભારેપણું છે. ભારે, હલકું એ બધા દ્રવ્યના ગુણો છે.

ગુરુત્વ શબ્દ પરથી એમ ન કલ્પી શકાય કે "ગુરુત્વ' 'ગુરુત્વાકર્ષણ" શબ્દનું ટૂંકું રૂપ છે. ગુરુત્વ અને આકર્ષણ આ બન્ને શબ્દો સંસ્કૃતમાં હતા જ. એ બન્નેની સંધિ Gravity અને Laws of Gravitation શોધાયા પછી થવા લાગી છે. વેદ, પુરાણ, ઉપનિષદો, બૌદ્ધ ગ્રંથો, જૈન ગ્રંથો, કાલીદાસનાં કાવ્યો વગેરે કંઈ પણ જોઈ લો, 'ગુરુત્વાકર્ષણ' શબ્દનો પ્રયોગ જોવા નહીં મળે. એ પાછળથી થયેલો અનુવાદ છે. અનુવાદ તરીકે એ બહુ સારો શબ્દ છે, જે કદાચ gravity કરતાં પણ વધારે સારી રીતે સમજાવે છે. એમણે સંદર્ભો આપ્યા છે તે જોતાં જ મને લાગ્યું હતું કે આ ખુલાસો હું વૈશેષિક દર્શનનું પુસ્તક જોયા વિના પણ આપી શક્યો હોત. પણ એ જોવાથી ખબર પડી કે અહીં તીરનું ઉદાહરણ નથી, મૂસળનું અને પાણી (અપ કે અપામ્) નું છે.

વૈશેષિક દર્શન નિરીશ્વરવાદી, પદાર્થવાદી ચિંતન હતું. એટલે તીરનો ઉપયોગ સારી વસ્તુ સમજાવવા માટે ઉપદેશ તરીકે નથી કર્યો. (ખરેખર તો તીર ક્યાંય આવતું જ નથી!) આ માત્ર કાવ્યાત્મક શૈલી નહોતી. વેદ સિવાય, ન્યાય, સાંખ્ય અને વૈશેષિકની અર્ધા વાક્યમાં વાત કરવાની શૈલી રહી છે. એમણે શુદ્ધ અર્થમાં 'કર્મ' કેમ શક્ય બને છે તે આખી પ્રક્રિયા સમજાવવાનો પ્રયત્ન

કર્યો છે. એ સમયમાં જ ગ્રીસમાં પ્લેટો અને એરિસ્ટોટલ પણ થઈ ગયા. એમના વિચારો પણ આજે માત્ર તત્ત્વચિંતનના ઈતિહાસ પૂરતા મહત્ત્વના છે. એટલે મુરજીભાઈએ જે લખ્યું છે તે સાચું હોવા છતાં આ દર્શનને materialist દર્શન માનવાનું પણ જરૂરી છે. ગુરુત્વાકર્ષણ નહીં પણ ગુરુત્વ શબ્દ અને એના અર્થો કર્યા છે તે સાચા છે પણ એ "આ શ્લોકનો હેતુ ગુરુત્વાકર્ષણ નહીં પણ અભિમાન ન કરવાનું તત્ત્વજ્ઞાન સમજાવવાનો છે" એ પણ યોગ્ય નથી. આ શ્લોકોને અભિમાન કરવા કે ન કરવા સાથે સંબંધ નથી, પાપપુણ્ય સાથે સંબંધ નથી. એ માત્ર ક્રિયા કઈ રીતે થાય છે તે શીખવે છે. આ કર્મને સ્વર્ગ અને નર્ક સાથે પણ સંબંધ નથી. વૈશેષિક/સાંખ્ય આ દુનિયાને સમજવા/સમજાવવા માગતાં શાસ્ત્રો છે. જેમ ગ્રીસમાં તર્કની પરંપરા હતી તેમ ભારતમાં પણ હતી. હું માત્ર એમ જ કહું છું કે આ આદિમ પદાર્થવાદ (Primitive materialism) છે.

વૈશેષિક વિશે વધારે વાંચતાં એક મહત્ત્વનો મુદ્દો મળ્યો છે. અધ્યાય ૫, આહ્નિક ૧ સૂત્ર ૧૫ જોયું.

मणि गमनं सूचि अभिसर्पणम् अदृष्ट कारणम्

અર્થ : મણિનું જવું (ચોર પાસે!) કે સોયનું (લોહચુંબક તરફ) સરકવું અદૃષ્ટ (ન દેખાતા કે જાણી ન શકાય એવા) કારણે થાય છે. અહીં ચોરીની વાતને તો અલગ રાખીએ પણ સોય શા માટે સરકે છે એની ખબર નહોતી! આમ બે પદાર્થો વચ્ચે આકર્ષણ કે અપાકર્ષણનો ખ્યાલ જ નહોતો વિકસ્યો!

મુરજી ગડા : દીપકભાઈ, તમારો આભાર. મને સંસ્કૃત આવડતું નથી અને કોઈ શાસ્ત્રો પણ વાંચ્યાં નથી. પણ વિજ્ઞાનનો વિદ્યાર્થી અને ઉપાસક હોવાના નાતે એટલી ખબર છે કે કોઈ ક્રિયાનું અવલોકન કરવાથી તે કુદરતના નિયમની શોધ નથી બની જતી. પ્રાચીન કાળના આપણા મોટાભાગના દાવા અવલોકનથી આગળ વધેલા નથી. મેં તો ગુરૂ એટલે મોટો, મોટું અને ગુરુત્વ એટલે મોટાઈ, મદ, ગર્વ, અભિમાન વગેરે અર્થ કાઢીને નિર્દોષ ભાવે લખ્યું અને મોકલ્યા પછી તમારા પાસે મારા સાચા ખોટાની ચકાસણી કરવાનું સૂઝ્યું.

શ્રી શાંતિલાલભાઈ 'મંગલ મંદિર'ના વાચકોના મનમાં વાજબી રીતે જ ખૂબ ઊંચું સ્થાન ધરાવે છે. મારા પણ માનનીય મિત્ર છે. એમનું લખેલ બહુધા સચોટ હોય છે એની સાથે હું સહમત છું. એટલે ભાગ્યેજ થતી આવી સરતચૂક પ્રત્યે ધ્યાન ખેંચવા આટલા ઊંડાણમાં જવું પડ્યું છે. શ્રી શાંતિલાલભાઈ આ લાંબી ચર્ચાને હકારાત્મક રીતે લેવાની ઉદારતા દાખવશે એવી અપેક્ષા રાખું છે.

વધારેમાં, દરેક વસ્તુના અતિ ઝીણા ટુકડા કરી શકાય એટલે દરેક વસ્તુ કણ/અણુની બનેલી છે એમ કહી શકાય. એવો વિચાર રજૂ કરનાર કણાદ ઋષિ જો પ્રથમ હોય તો એનો યશ એમને અવશ્ય મળે. જોકે વિજ્ઞાન જગત ત્યાં ન અટકતાં, દરેક પદાર્થના અણુઓમાં સ્પષ્ટ ફરક છે તેમજ એ ફરક શું અને કેવો છે એ સમજાવનારને અણુ/પરમાણુની શોધનો યશ આપે છે. એની વિસ્તૃત ચર્ચા વળી અલગ વિષય છે.

પૌરાણિક કાળના ઘણા પાત્રો કાલ્પનિક છે. એમના મોઢે બીજા કોઈએ પોતાના વિચારનો પ્રચાર કર્યો હોય એની પૂરેપૂરી શક્યતા છે. ઉપરાંત સંસ્કૃત ભાષાના શબ્દોના ઘણા અર્થ નીકળે છે. બધા પોતપોતાને ફાવતા અર્થ કાઢી એનો ફાયદો ઊઠાવે છે.

આર્ય ભટ્ટ, બ્રહ્મ ગુપ્ત, વરાહ મિહિર, ભાસ્કરાચાર્ય વગેરે કણાદ ઋષિ પછી આશરે ૧૦૦૦ વરસ પશ્ચાત ઐતિહાસિક કાળમાં થઈ ગયા છે. એમના પ્રદાન વિશે શંકાને કારણ નથી. આ બધા આદિ ગણિતજ્ઞ અને વૈજ્ઞાનિક હતા. એમને ઋષિ કહેવું કેટલું યોગ્ય છે તે પણ ચર્ચાનો વિષય છે.

વધારે દુખની વાત તોઃ સંજયની દિવ્યદૃષ્ટિ એટલે T.V.; ૧૦૦ કૌરવો એટલે ક્લોનિંગ, બાળ ગણેશ પર હાથીનું માથું એટલે પ્લાસ્ટિક સર્જરી વગેરેને સાચું માનવામાં છે. આવા અ-વૈજ્ઞાનિક પ્રચારની ચોખવટ કરવી પણ જરૂરી છે. વડાપ્રધાન મોદીના મોઢે આવી વાતો નીકળે એટલે દુઃખ થાય અને આપણું કામ વધુ અઘરૂં બને. બીજી અગત્યની વાત આપણે હવે અંધશ્રદ્ધાને ચાબખા મારવાનું ઓછું કરી વિજ્ઞાનના ઘોડાને દોડાવવાનું છે.

*મુરજી ગડા - વડોદરા*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

*શ્રી મુરજીભાઈ ગડાના ઉપરોક્ત સ્પષ્ટીકરણ અંગે શ્રી શાંતિલાલભાઈ સંઘવીનો પ્રતિભાવ નીચે પ્રમાણે મળેલ છે.*
*– તંત્રી મંડળ*

## ગુરુત્વાકર્ષણના વિષયે ઉપરોક્ત રજૂઆત સંબંધી પ્રતિભાવ

ગુરુત્વાકર્ષણના વિષયમાં શ્રી મુરજીભાઈનો પત્ર - પ્રતિભાવની નકલ વાંચવા મળી. તેમણે સૂત્રોના ક્રમમાં તફાવત જણાવેલ છે. પણ સૂત્રો સાચા છે અને તે કોઈના ઉપજાવી કાઢેલ નથી તે સ્પષ્ટ થાય છે.

પ્રાચીન સાહિત્યની પ્રતોમાં ક્યારેક આવું બને છે કે એક પ્રતમાં જે ક્રમ અને પાઠ હોય તેમાં અને અન્ય પ્રતમાં જે ક્રમ તથા પાઠ હોય તેમાં થોડો ફેર હોય. પણ તેથી તેમની સત્યતામાં કશો ફરક પડતો નથી. તીર હોય કે મૂસળ હોય, સફરજન હોય કે પંખીનું પીછું હોય, આખરે તે 'નીચે' પડે છે. શા માટે? હકીકત સ્પષ્ટ છે કે વસ્તુના વજનને કારણે નહીં પણ પૃથ્વીના 'ગુરુત્વ'ને કારણે. અત્રે ગુરુત્વ એટલે પણ પૃથ્વીનું વજન કે વિશાળતા નહીં પણ આકર્ષણ જ અર્થ નીકળે.

મેં જેનો મત ટાંક્યો છે તે શ્રી રસેશ જમીનદાર પ્રાચીન સાહિત્યના તથા ઈતિહાસ અને પુરાતત્ત્વના વિદ્વાન છે. ખોટું લખે એવો તો નથી. છતાં વિશેષ ખાતરી કરવા માટે મેં મારા મિત્ર અને સંસ્કૃતિના રીટાયર્ડ પ્રોફેસર શ્રી પ્રભાબેન દેસાઈને બધું બતાવી

તેમનો મત રૂબરૂ પૂછ્યો. તેમણે ગુરુત્વ શબ્દના જેટલા અર્થ નીકળી શકે એટલા બેસાડીને જણાવ્યું કે આ જગાએ ગુરુત્વ એટલે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ એ એકમાત્ર અર્થ જ નીકળે છે.

અમેરિકન લેખક શ્રી DICK TERESI પોતાના પુસ્તક "LOST DISCOVERIES" માં લખે છે કે :

"ગ્રીસના પાઈથાગોરસના જન્મથી પણ સદીઓ પૂર્વે ભારતના ઋષિઓએ જાહેર કરેલું કે આ સમગ્ર સૌરમંડળ કેવળ ગુરુત્વાકર્ષણને કારણે જ ચાલી રહ્યું છે અને એના કેન્દ્રસ્થાને સૂર્ય છે."

આ ઉપરાંત ગોમંડલકોશ પાના નં.-૨૮૭૪ પર લખાણ છેઃ

"આર્યાવર્તના ખગોળશાસ્ત્રીઓનું એ બાબત ઉપર ધ્યાન ખેંચાયેલું હતું અને તેમણે પરસ્પર આકર્ષણ શક્તિના સિધ્ધાંત આપેલા જ હતા. જેમકે પૃથ્વી આકર્ષણ શક્તિવાળી છે. તે આકાશમાં રહેલા ભારે પદાર્થોને પોતાની તરફ ખેંચે છે. એ સૂચવે છે કે આપણા પ્રાચીન ઋષિઓના ધ્યાનમાંથી નીકળી ગઈ નહોતી."

આ સિવાય ગોમંડલ કોશ પાના નં.-૪૩૨૭ પર લખેલ છે કે : "સાંખ્ય તેમજ વૈશેષિક દર્શન બંને ગૌતમ બુધ્ધિથી પહેલાના હતા એવું અનુમાન છે."

ગૌતમ બુધ્ધથી પણ પહેલાના સમયમાં થયેલ વિદ્યાગુરુ કણાદ એટલું જાણી શક્યો કે "આ સમસ્ત બ્રહ્માંડમાં જે કંઈ પણ સજીવ - નિર્જીવ પદાર્થો છે તે તમામ પરમાણુંઓના જ બનેલા છે." તો એ અસામાન્ય શોધ ગણાય અને એ માણસને માટે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો વિષય અશક્ય ન હોઈ શકે. કણાદને 'પરમાણુવાદ'ના જનક ગણવામાં આવે છે.

શ્રી રસેશ જમીનદાર તથા શ્રી પ્રભાબેન દેસાઈ બંનેનો મત છે કે આમાં ક્યાંય 'કર્મ' વચ્ચે આવતું જ નથી. કર્મ, આત્મા કે હાથ વિ. બાબતો અર્થમાં બેસતી નથી. છેલ્લે, મારો પણ આ જ મત છે.

પત્ર બહુ લાંબો ન થાય એ માટે હવે મુખ્ય બાબત તરફ જઈએ....

મારી દૃષ્ટિએ ગુરુત્વાકર્ષણની વાત અતિ સરળ છે, ક્યાંક ગૂંચવાડો નથી તથા અર્થભેદને પણ અવકાશ નથી. માત્ર બે લીટીમાં જ સિધ્ધાંત સ્પષ્ટ બની જાય છે.

*પ્રશ્ન :* (દરેક વસ્તુ) નીચે જ (પૃથ્વી પર) કેમ પડે છે?

*ઉત્તર :* ગુરુત્વને કારણે.

બસ, વાતનો અંત આવે છે કારણકે અત્રે પૃથ્વી સિવાયના તમામ ગુરુત્વ ગેરહાજર છે.

આ સિધ્ધાંત બાબતે આટલી બધી ચર્ચાનું કારણ એ છે કે મને લાગે છે કે જે વ્યક્તિ જે બાબતની ક્રેડિટની હક્કદાર હોય એને ક્રેડિટ મળવી જોઈએ. પછી તે વ્યક્તિ પોતાની હોય કે પારકી, નવી હોય કે જૂની - કોઈને અન્યાય ન થવો જોઈએ.

'મૂસળ' એટલે સાંબેલું. મેદાની તાલીમ વખતે સાંબેલું, એ ઉપયોગી ઉપકરણ સંભવિત નથી. એટલે 'મૂસળ' શબ્દ આગંતુક ગણાય - પાઠફેર હોવાનો સંભવ છે. પ્રાચીન પ્રતો લહિયાઓ દ્વારા હાથેથી લખવામાં આવતી.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

## 'મંગલ મંદિર'માં પ્રકાશિત થયેલા લેખથી જૂના સંસ્મરણો તાજા થયા

'મંગલ મંદિર'ના માસ એપ્રિલ-૨૦૧૫ના અંકમાં સ્વ. કાંતિપ્રસાદ અંતાણીના લેખમાં એક વખતના સાંસદ ગુલાબશંકરભાઈ ધોળકિયા, વિજયશંકર ધોળકિયા, કંદોઈ વેલજી કાળા, પ્રાણલાલ શાહ વગેરેનો ઉલ્લેખ વાંચવા મળતાં જૂના સંસ્મરણો તાજાં થાય છે.

ગુલાબશંકરભાઈ ધોળકિયા લોકસભામાં ચૂંટાયા ત્યારે તેમના ઘર પાસે ભુજ તથા બહારગામના લોકોની અવરજવર જોવા મળતી. તેવી રીતે પ્રાણલાલ શાહ કોઈ લડતનાં કારણે જેલમાં જતા તેના જામીન તરીકે કંદોઈ વેલજી કાળા અગ્રસ્થાને રહેતા. આવા અનેક સંસ્મરણો ભુલાય તેમ નથી.

***તુલસીદાસ જે. શાહ - ભુજ, કચ્છ***

★

## કચ્છનાં સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ.. 'છપ્પનનો દુષ્કાળ' લેખ બદલ ધન્યવાદ

'મંગલ મંદિર' માસ એપ્રિલ-૨૦૧૫નો અંક વાંચ્યો. તમામ લેખો ખાસ કરીને કચ્ચના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ અને છપ્પનનો દુષ્કાળ વાંચી અનહદ આનંદ થયેલ છે. આ બધા લેખ બદલ 'મંગલ મંદિર' તથા કાંતિપ્રસાદ અંતાણીને લાખો ધન્યવાદ સાથે સલામ!

આ પ્રકારના જૂના ઐતિહાસિક લેખો કે માહિતી દ્વારા કચ્છનો ઈતિહાસ યાદ આવી જાય છે કારણકે દરેક ગામનાં મુખીઓએ સંગ્રામ માટે જે કાર્ય કરેલ છે તેની માહિતી જાણી રૂવાં ખડા થઈ જાય છે. તે રીતે કચ્છના વિસ્તારો તથા ત્યાંની જે વ્યક્તિઓએ બેમિસાલ કામગીરી કરી હતી તેમનાં નામોની યાદી વાંચતા ઘણી જાણકારી પ્રાપ્ત થઈ છે. તેમાં પણ પાના નંબર-૩૯ ઉપરની પ્રથમ કોલમમાં દેવપરનાં ગોવાળજી કોરસીનું નામ અંકિત છે, તે મારા નાનાઈ સસરા થાય. તેમને ઘોડાનો બહુ જ શોખ હતો. ૩૬"ની છાતીવાળા કદાવર માણસ હતા. તેમણે અનેક સારા કાર્યો કરી નામના કાઢેલ હતી. ફરીને, આ પ્રકારના માહિતીસભર લેખો માટે લેખકશ્રી તથા 'મંગલ મંદિર'ના તંત્રી મંડળને ખૂબ ધન્યવાદ.

***હીરાલાલ વી. ઊનડોઠવાલા - મુંબઈ***
***મો. ૯૮૬૯૬૭૭૭૮૯***

★

## સમાજ અને કાર્યકરનો આભાર

જય કચ્છ સાથે જણાવવાનું કે, અમે કચ્છમાં બન્ની વિસ્તારમાં લોરિયા ગામના રહેવાસી છીએ. ગત માર્ચ માસમાં મારા મોટાભાઈને હાર્ટની તકલીફ થતાં અમદાવાદ ખાતે સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવાર માટે લાવ્યા હતા. પરંતુ થોડા દિવસો બાદ હોસ્પિટલમાં જ તેમનું અવસાન થયું હતું. તેવા કઠિન સમયમાં હોસ્પિટલના બીલ અંગે, મૃતદેહ હોસ્પિટલથી અમારે ગામ પહોંચાડવા સુધીની નિઃશુલ્ક એમ્બ્યુલન્સ સેવા વગેરે સંબંધી આપના સમાજના સક્રિય કાર્યકર શ્રી બચુભાઈ રાંભિયાએ અમારા પોતાના પરિવારના સભ્યની જેમ દરેક પ્રકારની મદદ કરી હતી. આ માટે આપના સમાજ તેમજ ઉપરોક્ત કાર્યકરશ્રીનો અમે ખૂબ આભાર માનીએ છીએ.

***તખતભા કલુભા સોઢા (માલધારી)***

★

## પર્યાવરણ ક્ષેત્રે ક્રાંતિકારક પ્રયોગ

ભૌતિકવાદની આડેધડ દોડથી આપણે પ્રકૃતિનાં પર્યાવરણને ઘણું નુકસાન પહોંચાડ્યું છે. ગ્લોબલ વોર્મિંગ અને ઋતુ બદલાવનાં કારણે ઊભી થનાર ગંભીર પરિસ્થિતિ વિશે આપણે વર્તમાન પત્રો અથવા મીડિયાના માધ્યમથી જાણકારી મેળવતા હોઈએ છીએ.

પ્રકૃતિનાં બગડતા જતા પર્યાવરણને સુધારવાનું કાર્ય સરકારનું છે, એમ બોલીને આપણે સૌ સંશય રહિત બની જઈએ છીએ. આ વાત બરાબર નથી.

પર્યાવરણને સુધારવાનાં કાર્યમાં પ્રત્યેક વ્યક્તિ જોડાશે તો જ આપણે આવનારી કટોકટીમાંથી મુક્ત થઈ શકીશું.

વૃક્ષ એ પર્યાવરણનો પાયો છે, જેનો નાશ થવાથી દુષ્કાળોની પરંપરા રચાઈ જાય છે. શ્વાસમાં પ્રાણવાયુનો દરેક વ્યક્તિ ઉપયોગ કરે છે, તેથી વૃક્ષો બચાવવાની તેમની નૈતિક ફરજ બને છે.

પ્રત્યેક કુટુંબ સામાન્ય રીતે પોતાનાં જીવનમાં અંદાજે ૧૦૦ વૃક્ષોનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે, પણ ભાગ્યે જ એકાદ વૃક્ષ વાવે છે. આથી ચોમાસામાં વૃક્ષોનાં અભાવે વરસાદી વાદળાં આપણી ધરતી પર વરસ્યા વગર ચાલ્યા જાય છે, આ વરસાદી વાદળોને ધરતી પર વરસાવવાની આપણા સૌની માત્ર ફરજ નહીં પરંતુ ધર્મ પણ છે.

એટલે આપણાં જીવનમાં આવતાં દરેક પ્રસંગે આપણે વૃક્ષો વાવતા થઈએ તો પ્રકૃતિનાં પર્યાવરણમાં પડેલી ખોટને આપણે પરિપૂર્ણ કરી શકીશું.

આ સંદર્ભમાં લોકોને એમના જીવનમાં આવતા વિવિધ પ્રસંગોએ વૃક્ષો વાવવા અંગે પ્રોત્સાહિત કરવા જરૂરી છે. જો કે ભારતમાં ઘણાં પ્રદેશોમાં આવી પ્રથાઓ હતી. સામાજિક વિવિધ પ્રસંગોએ વૃક્ષની દેવતાઓની માફક પૂજા થતી હતી અને તે દરમ્યાન તેનાં આશીર્વાદ પણ લેવાતા હતા.

## નવદંપતીનો ગૃહ પ્રવેશ

ઉત્તર ભારતમાં કેટલાક જિલ્લાઓમાં પ્રભુતામાં પગલા પાડનાર નવદંપતીના ગૃહ પ્રવેશથી પહેલા એક વૃક્ષ વાવવામાં આવતું હતું અને વૃક્ષ દેવતાના આશીર્વાદ લીધા પછી જ ગૃહ પ્રવેશ કરવામાં આવતું હતું. આવી ઉત્તમ પ્રણાલિકા ફરીથી પ્રસ્થાપિત કરવાની જરૂરત છે. આ પ્રકારની પ્રથા અમલમાં મૂકવાનું ખૂબજ સરળ છે.

તાજેતરમાં કચ્છ જિલ્લામાં બિદડા, પીપરી, વિથોણ, વાંઢાય તથા ગઢશીશામાં પાટીદાર તથા સંઘાર સમાજનાં સમૂહ લગ્નમાં આ પ્રયોગને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવેલ અને સમાજમાં આ પ્રણાલિકાની પ્રશંસા પણ કરવામાં આવી હતી.

ગત અખાત્રીજનાં દિવસે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, કોટીવૃક્ષ અભિયાન, વી.આર.ટી.આઈ.-માંડવી, રાજ્યનું વન વિભાગ તેમજ સંલગ્ન સમાજનાં આગેવાનોના પરસ્પર સહયોગથી એમના સમાજમાં થયેલા સમૂહ લગ્નોમાં અંદાજે ૧૦૦ નવદંપતીઓએ ગૃહ પ્રવેશ કરતા પહેલા આંગણાંમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ રીતે વૃક્ષદેવતાનાં આશીર્વાદ મેળવ્યા બાદ જ ગૃહ પ્રવેશ કરવામાં આવેલ હતો.

આ પ્રયોગ સફળ થયો હોવાથી એની અસર પર્યાવરણ તેમજ સામાજિક રીતે સારી પડી હતી.

આ કાર્યમાં જોડાયેલું વન વિભાગ, વી.આર.ટી.આઈ. અને શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ (કોટીવૃક્ષ અભિયાન) તેમજ સામાજિક કાર્યકરો ઘણાં જ પ્રોત્સાહિત થયા હતા. આ કારણે આ પ્રયોગને કચ્છ જિલ્લામાં વિશાળ સ્વરૂપે લઈ જવાનો સંકલ્પ કર્યો હતો.

આવતા વર્ષે ગામેગામ નક્કી થયેલા સમૂહ લગ્નો તેમજ છૂટાછવાયા લગ્નોમાં પણ આ પ્રયોગ થવાનાં છે.

લગ્નની ચોરીમાં એક નાનકડું બાલવૃક્ષ (રોપો) હાજર રાખવામાં આવશે અને ગોર મહારાજ યોગ્ય મંત્રોચ્ચાર દ્વારા નવયુગલને જરૂરી સંકલ્પ મંત્રો સંભળાવશે અને નવયુગલ એનું પાલન કરશે. આવો જ પ્રયોગ લગ્ન ઉપરાંત જન્મ જેવા અન્ય પ્રસંગોએ પણ કરી શકાય. આથી સમાજનો દરેક વર્ગ પર્યાવરણને સુધારવાનાં કાર્યમાં જોડાઈ જશે.

સદ્‌ગતના સ્મરણાર્થે પણ વૃક્ષ વાવી પર્યાવરણ, જીવદયા અને પુણ્યનું કાર્ય થઈ શકે.

ઉપર જણાવેલ સંસ્થાઓએ કરેલો પ્રયોગ અન્ય તમામ સમાજોએ અપનાવવા જેવો છે. સૌનાં યોગ્ય સહકારથી આપણે આપણી પર્યાવરણની સમસ્યા કાંઈક અંશે હલ કરી શકીશું એવી આશા.

હવે પછી સમાજમાં થનારા લગ્નો માટે સંબંધિત સંસ્થાઓ એક માર્ગદર્શક યોજના બનાવે અને સૌ લોકો તેમાં સાથ આપે, તે ખૂબ જરૂરી છે.

દરેક સારા કાર્યમાં ઈશ્વરનો સાથ હોય જ છે, એવી શ્રદ્ધા સાથે આગળ વધીએ.

***એલ.ડી. શાહ, કોટીવૃક્ષ અભિયાન***
***મો. ૦૯૮૭૯૬૪૭૯૧૫***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ - ચિંચબંદર, મુંબઈ

### વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭નું અધિકારી બોર્ડ

| | | |
|---|---|---|
| *પ્રમુખ* | : મનીષ દામજી ગાલા | (વડાલા - સિક્કા નગર) |
| *ઉપપ્રમુખ* | : ડૉ. મંજુલા વેલજી શાહ | (શેરડી - ફોરજેટ હિલ) |
| *ખજાનચી* | : હિતેન્દ્ર ટોકરશી વીરા | (મેરાઉ - ચિંચબંદર) |
| *મંત્રી* | : વી.કે. વોરા | (નારાણપુર - શિવરી) |
| *મંત્રી* | : બીમલ લાલજી વોરા | (નવીનાર - પરેલ) |
| *મંત્રી* | : હેમલ હીરજી પાસડ | (કોટડા રોહા - ઘાટકોપર) |

*(સંસ્થાના મંત્રીશ્રીની એક યાદી અનુસાર.)*

## કચ્છની ગૌશાળાઓ માટે અઢી કરોડનો ચેક અર્પણ કરાયો

## ભૂકંપ અસરગ્રસ્ત નેપાલ માટે એક કરોડનું ફંડ એકત્રિત થયું

મુંબઈના ડોંબીવલી મુકામે ભગવાન મુનિસુવ્રત સ્વામીના નૂતન જિનાલયના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે આચાર્ય મ.સા.ની પ્રેરણાથી કચ્છની જીવદયાની પ્રવૃત્તિઓ માટે કામ કરતી ગૌશાળા અને પાંજરાપોળોને રૂા. ૨.૫૦ કરોડના દાનનો ચેક કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ દ્વારા ગુજરાતના રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાને તાજેતરમાં સુપરત કરવામાં આવ્યો હતો.

આ ચેક શ્રી છેડાએ પાંજરાપોળ સંગઠનના અધ્યક્ષ શ્રી વિશનજીભાઈ સોનીને સુપરત કર્યો હતો. ચેક અર્પણ કરતી વેળાએ સમાજના શ્રેષ્ઠીઓ સર્વશ્રી ડુંગરશીભાઈ ગાલા, ચંદ્રકાંતભાઈ ગોગરી, બિપીનભાઈ ગંગર, બિપીનભાઈ ગાલા, જાદવજીભાઈ એન્કરવાલા વગેરે મોભીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ.પૂ. આચાર્ય ભગવંતની પ્રેરણાથી ડોંબીવલીમાં જૈન ગુરૂકુળની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતાઓ મન મૂકીને વરસ્યા હતા. થોડી જ ક્ષણોમાં રૂા. ૮ કરોડ જેટલું માતબર ફંડ એકત્રિત થયું હતું.

તે ઉપરાંત, ભૂકંપ અસરગ્રસ્ત નેપાલ માટે પણ રૂા. ૧ કરોડનું ફંડ તરત જ એકત્રિત થયું હતું.

રાજ્ય સરકાર વતી કચ્છના દાતાશ્રીઓને અભિનંદન આપતાં રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાએ કચ્છના પશુધનની વહારે આવવા માટે કચ્છી દાતાશ્રીઓનો અને ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ નંદુએ કર્યું હતું.

આ પ્રસંગે દેવપુરગઢના મુમુક્ષાબેનના દીક્ષા મહોત્સવનો પ્રથમ દિવસ દીક્ષા, જીવદયા અને શિક્ષાને સમર્પિત કરી ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે ૧૦,૦૦૦ જેટલી માનવ મેદની ઉપસ્થિત રહી હતી, તેમ કાર્યાલયના મંત્રીની એક યાદીમાં જણાવાયું હતું.

## સાહિત્ય સર્જનહાર જયભિખ્ખુનું જીવનચરિત્ર

૧૯૫૩થી સાહિત્યકાર જયભિખ્ખુ દ્વારા ગુજરાત સમાચારમાં 'ઈંટ અને ઈમારત' નામની પ્રેરણાદાયી કોલમ તંત્રી પેજ પર લખવામાં આવતી હતી, જે ૧૯૬૯ સુધી અવિરતપણે ચાલુ રહી હતી. જે રાજકારણી અને સામાજિક સમસ્યાઓની વચ્ચે જીવનમાં પ્રેરણા આપનાર હતી. તેઓશ્રીના નિધન બાદ સાહિત્ય ક્ષેત્રે અને કોલમ જગતમાં અનોખી કહેવાય તેવી ઘટના સમી પિતાની કોલમને પુત્ર કુમારપાળ દેસાઈ દ્વારા ૬૧મા વર્ષ સુધી અવિરતપણે લોકોને સાહિત્યનું રસપાન કરાવી રહી છે.

સાહિત્યકાર જયભિખ્ખુ પ્રજા જીવનનો ધબકાર ઝીલીને લોકોની પીડાને વાચા આપતા હતા. એમના જીવન વિશે એક ઉત્તમ પુસ્તક એટલે તેમનું જીવનચરિત્ર. પોતાના સાહિત્ય સર્જન થકી અમર બની ગયેલા મહાન સર્જક જયભિખ્ખુના જીવન પર તેમના પુત્ર ડૉ. કુમારપાળ દેસાઈએ 'જીવતરની વાટે અક્ષરનો દીવો' પુસ્તક લખીને પિતૃઋણ અદા કર્યું છે. અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન આ પુસ્તકનું વિમોચન થયું હતું. પિતાનું જીવનચરિત્ર લખીને ડૉ. કુમારપાળ ભાઈએ પુસ્તક સ્વરૂપે પિતાને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

***અહેવાલ : દિનેશ આર. મહેતા***

### ડાયલ ૧૦૦

**નશામાં ગાડી ચલાવતાં બન્તાએ એક પોલીસમેન પર ગાડી ચડાવી દીધી. બિચારો પોલીસમેન મરી ગયો.**

**બન્તાએ તરત જ ૧૦૦ નંબર ડાયલ કર્યો અને કીધું : "અબ તુમ સિર્ફ નિન્યાનવે હો...."**

## કારકિર્દીને લગતા તમામ પ્રશ્નોનો ઉકેલ
# કેરિઅરખોજ

છેલ્લા કેટલાક સમયથી કારકિર્દીના અનેક નવા માર્ગો ખૂલ્યા છે. વિવિધ અભ્યાસક્રમો અને શિક્ષણ સંસ્થાઓ છાત્રોના ભાવિ ઘડવા માટે સજ્જ બની ગયા છે. પણ એ સાથે જ કઈ લાઈનમાં જવું? શેમાં કેરિઅર બનાવવું? જે તે ક્ષેત્રમાં કઈ કોલેજ સારી? એવી મૂંઝવણ પણ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં વધતી જાય છે. આવા દરેક સવાલનો, દરેક મૂંઝવણનો જવાબ છે કેરિઅરખોજમાં. **મૂળ ભુજના યુવાન રચિત દવેએ ભુજના જ ઋત્વિજ વોરા**ના સહયોગથી લગભગ અઢી વર્ષની મહેનત થકી **૨૫૬ જેટલા અભ્યાસક્રમો અને ૧૦૦થી વધુ નિષ્ણાતોને આવરી લેતા કેરિઅરખોજની પોર્ટલ www.careerkhojj.com અને એન્ડ્રોઈડ એપ્લીકેશન careerkhojj બનાવી છે.** જેમાં મોટાભાગનું વિસ્તૃત માર્ગદર્શન નિઃશુલ્ક છે. ગાંધીનગર, અમદાવાદ અને રાજકોટમાં સર્વિસ શરૂ કર્યા બાદ હવે રચિત અને તેની ટીમ કચ્છમાં પણ કેરિઅરખોજનો વ્યાપ વધારવા સક્રિય થઈ છે.

ભુજની વી.ડી. હાઈસ્કૂલમાં માધ્યમિક અને પછી અમદાવાદની બી.વી.એમ. ઈજનેરી કોલેજમાં ઈ.સી.માં એન્જિનીયરિંગનો અભ્યાસ કરનાર રચિત કિશોરભાઈ દવે કહે છે કે છ વર્ષ પહેલા અમારે કેરિઅરનો નિર્ણય લેવાનો હતો ત્યારે ઘણા પ્રશ્નો ઉદ્‌ભવ્યા હતા. મારે કેરિઅર એક્સપર્ટની સલાહ લેવા માટે ૪૦૦ કિ.મી. દૂર વિદ્યાનગર જવું પડ્યું હતું. આવો જ પ્રોબ્લેમ દેશના લાખો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને સતાવતો હશે. એન્જિનીયરિંગના છેલ્લા વર્ષ દરમ્યાન જ સંપૂર્ણ કેરિઅર ગાઈડન્સ પોર્ટલ અને એપ્લિકેશન બનાવવાનું નક્કી કર્યું હતું. એવું પ્લેટફોર્મ જેના થકી ભારતના કોઈ પણ ખૂણેથી વિદ્યાર્થીઓ કોઈ પણ ફિલ્ડનું કેરિઅર માર્ગદર્શન મેળવી શકે.

રચિત કહે છે કે કેરિઅરખોજમાં ભુજના ઋત્વિજ વોરા ટેકનિકલ બાબતો સંભાળે છે અને **ગાંધીનગર**માં અમે તેનું સેન્ટર રાખ્યું છે અને **૮ જણની ટીમ કેરિઅરખોજ માટે કામ કરે છે.** કેરિઅરખોજ પર સંપૂર્ણ ધ્યાન આપી શકાય એ માટે મેં જોબ પણ મૂકી દીધી હતી.

**શું છે કેરિઅરખોજ?** એન્ડ્રોઈડની કેરિઅરખોજની એપ્લીકેશન દ્વારા વિદ્યાર્થીઓ ૨૫૬ કરતાં પણ વધુ કોર્સની માહિતી, ભારતની ટોપ કોલેજોની માહિતી, કારકિર્દીને લગતા અલગ અલગ વીડિયો અને નિષ્ણાતો સાથે લાઈવ ડિસ્કશન કરી શકે છે. ઓનલાઈન એસેસમેન્ટ ટુલ એ કેરિઅરખોજની ખાસિયત ગણી શકાય એમ છે. અહીં વિદ્યાર્થીએ કયા ક્ષેત્રમાં આગળ વધવું એ નક્કી કરવા માટે એક કેરિઅર ટેસ્ટ આપી શકે છે. કેરિઅરખોજના સોફ્ટવેર એનાલિસીસ બાદ તે સ્ટુડન્ટનો એક ૨૦ પાનાનો કેરિઅર રિપોર્ટ જનરેટ કરે છે. આ ટેસ્ટમાં ઈન્ટરેસ્ટ, એપ્ટિટ્યુડ અને પર્સનાલિટી એ ત્રણ બાબતો પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. એ ઉપરાંત કેરિઅરખોજ ટુલ્સ હેઠળ સ્ટ્રીમ ખોજમાં વિદ્યાર્થી પોતાનો કેરિઅર પાથ બનાવી, એ મુજબની માહિતી મેળવી શકે છે. વીડિયોખોજમાં છાત્ર કોઈ પણ પ્રશ્ન પૂછે અને એ ફિલ્ડના એક્સપર્ટના વીડિયો દ્વારા માહિતી મેળવી શકે છે. કોલેજખોજમાં અલગ અલગ કોલેજોની માહિતી મેળવી શકાય છે. કયા ટુલ્સનો કેવી રીતે ઉપયોગ કરવો એની માર્ગદર્શિકા, કેરિઅર રીલેટેડ અનેક વીડિયો વગેરે કેરિઅરખોજમાં સામેલ છે. રચિત અને તેમની ટીમે કેરિઅરખોજ માટે જે તે વિષયના નિષ્ણાતો સાથે ટાઈ-અપ કર્યું છે અને કોઈપણ છાત્રને વિશેષ માર્ગદર્શન મેળવવું હોય તો તે આ એક્સપર્ટસ સાથે લાઈવ ચર્ચા કરી શકે છે. કેરિઅરખોજમાં માત્ર આ એક બાબત જ પેઈડ સર્વિસ છે.

રચિત કહે છે, મને કેરિઅરખોજનો વિચાર આવ્યો ત્યારે સૌપ્રથમ આઈ.આઈ.ટી. બોમ્બેમાં નવા એન્ટરપ્રેન્યોર્સના એક કોન્ટેસ્ટમાં વહેતો મૂક્યો હતો. જેને દેશભરના લગભગ ૮૫ વિદ્યાર્થીઓ – યુવા ઉદ્યોગ સાહસિકો પૈકી ત્રીજો નંબર મળ્યો હતો. એ ઉપરાંત જી.ટી.યુ.ના એક ક્રાઉડ ફન્ડિંગ પ્રોગ્રામમાં પણ કેરિઅરખોજે નોંધપાત્ર દેખાવ કર્યો હતો અને ૨.૧૨ લાખના ટાર્ગેટથી વધુ રૂા. ૨.૮૬ લાખ ઊભા કરી દીધા હતા.

રચિત કહે છે કે ભવિષ્યમાં અમે આ જ પ્લેટફોર્મની અંદર દરેક પ્રકારની વોકેશનલ ગાઈડ્સ, કોચિંગ ક્લાસીસ અને સ્ટડી સેન્ટરોને ટાઈ-અપ કરવા સહિતની કેરિઅર સેવા શરૂ કરવાનું વિચાર્યું છે. એ ઉપરાંત ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ માટે અમે એજ્યુકેશન વેન્ચર કેપિટાલિસ્ટ પાસેથી ઈન્વેસ્ટમેન્ટ ફંડ મેળવવાનો પ્રયાસ કરશું.

તો મિત્રો, કેરિઅરને લઈને મૂંઝવણ છે? લાઈન તો નક્કી છે પણ ક્યાં ભણવું એ પ્રશ્ન મૂંઝવે છે? કયા કોર્સ બાદ ભવિષ્યમાં કેવો સ્કોપ છે એ જાણવું છે? તો જવાબ દૂર નથી – કેરિઅરખોજની એપ્લીકેશન પોર્ટલ ખોલો.

## વાપી ખાતે મેડિકલ કેમ્પ યોજાયો

શ્રી કચ્છી જૈન સમાજ - વાપીના ઉપક્રમે તાજેતરમાં ૨૪ દિવસનો મેડિકલ ચેક-અપ કેમ્પ વાપી ખાતે સ્થાનિક હોસ્પિટલમાં યોજવામાં આવેલ હતો. હૃદયરોગ, કિડની, કેન્સર અને ડાયાબિટીસ જેવા રોગોને કેવી રીતે અટકાવી શકાય તે માટે લોકજાગૃતિ લાવવાના સઘન પ્રયત્નો કેમ્પ દરમ્યાન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાહત દર હેઠળ ૧૮૦થી વધારે વ્યક્તિઓએ સંપૂર્ણ શારીરિક તપાસ કરાવેલ હતી. આ કાર્યક્રમમાં મુંબઈથી ડૉ. ધીરજ છેડા અને ડૉ. હસુમતી છેડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ પ્રકારના રોગો અંગે લોકોને જરૂરી માહિતી અને માર્ગદર્શન આપ્યા હતા, તેમ સમાજની એક યાદીમાં જણાવાયું હતું. ■

# સાર સમાચાર

સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી

★ **બેટી બચાવો** : જૂનાગઢના કડવા પાટીદાર સમાજે બેટી બચાવો અભિયાનમાં ઉત્તમ દાખલો પૂરો પાડ્યો છે. જૂનાગઢ જિલ્લામાં ૨૦૧૩માં ૩૯૨ દીકરાની સામે ૪૫૦ દીકરીઓનો જન્મ થયો છે. અને ૨૦૧૪માં ૨૯૮ દીકરાઓ સામે ૪૨૫ જેટલી દીકરીઓનો જન્મ થયો છે. *(સાધના, તા. ૨૮-૩-૧૫)*

★ **ફૂટબોલ મેચ** : બંગાળના માલ્દા જિલ્લામાં ૧૪ માર્ચ ૨૦૧૫ના રોજ મહિલાઓની ફૂટબોલ મેચનું આયોજન થયેલું. પરંતુ સ્થાનિક મૌલવીઓએ એની વિરુદ્ધ બહાર પાડેલ ફતવાને કારણે એ મેચ રદ કરવી પડી

*(સાધના, તા. ૨૮-૩-૧૫)*

★ **પશુઓની કતલ અને માંસ** : કેન્દ્ર સરકારના મંત્રી મેનકા ગાંધીએ જણાવેલ છે કે દેશમાં દૂધાળાં પશુઓના માંસના ગેરકાનૂની વ્યવસાયના પૈસા આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે ખર્ચાય છે. ઉપરાંત હવે આપણા દેશમાં ચીન કરતાં પણ વધારે પશુઓની કતલ કરવામાં આવે છે.

*(સાધના, ૨૮-૩-૧૫)*

★ **જાહેરાતમાં ખોટો દાવો** : વિશ્વ પ્રસિદ્ધ કન્ઝયુમર આઈટમના ઉત્પાદક "પ્રોક્ટર એન્ડ ગેમ્બલ' કું. ને તેના ઉત્પાદનની જાહેરાતમાં ખોટો દાવો કરવા બદલ ૧૦ લાખ ડોલરનો દંડ ફટકારેલ છે. તેની ટૂથપેસ્ટ 'CREST' દાંતને સફેદ બનાવે છે એવી જાહેરાત બદલ આવો દંડ થયો છે. (આપણા દેશમાં ૯૦% જાહેરાતો ખોટી હોય છે.)

*(સાધના, તા. ૨૮-૩-૧૫)*

★ **વિવિધ ખિતાબો** : આપણા દેશમાં જાતજાતના ખિતાબો લેવામાં અને આપવામાં આવે છે જ્યારે અમેરિકામાં કોઈપણ ખિતાબ લેવું કે આપવું એને અપમાન સમજવામાં આવે છે. જો કે આપણા બંધારણમાં કોઈપણ પ્રકારના ખિતાબ કે માન-ચાંદ આપવાની મનાઈ છે પણ બંધારણને કોણ ગણકારે છે? *(ચિત્રલેખા તા. ૧૩-૪-૧૫)*

★ **સ્ત્રીઓને શારીરિક માર** : અમેરિકાના પ્રતિષ્ઠિત અખબાર 'ધ નેશન' લખે છે કે વીસ લાખ જેટલી સ્ત્રીઓને દર વર્ષે શારીરિક માર મારનાર તેના પ્રેમી કે પતિ જ હોય છે. તેમાંથી એક લાખ પીસ્તાલીસ હજાર સ્ત્રીઓને એટલો માર પડે છે કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવી પડે છે.

*(દિવ્યભાસ્કર તા. ૫-૪-૧૫)*

★ **કોર્ટના ચુકાદાઓની નકલ** : અત્યાર સુધી સુપ્રીમકોર્ટ જે ચુકાદાઓ આપતી, તેની ૮૦ નકલો છાપવામાં આવતી હતી. દરેક ચુકાદાના સરેરાશ ૧૫૦ પાના થતા. હવે પર્યાવરણને ધ્યાનમાં લઈને સુપ્રીમકોર્ટે આવકારદાયક નિર્ણય કરેલ છે કે હવેથી દરેક ચુકાદાની માત્ર ૧૮ નકલો જ છાપવામાં આવશે. *(લોક સ્વરાજ, એપ્રિલ ૨૦૧૫)*

★ **ખેતી લાયક જમીનમાં ઘટાડો** : પાથેય સંસ્થાના જાહેર થયેલા એક અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૧૩-૨૦૧૪ની સરખામણીમાં ૨૦૧૪-૨૦૧૫માં ખેતીની જમીનના વિસ્તારમાં ૬૮૮ હજાર હેક્ટરનો ઘટાડો થયો છે. એથી ઘઉં, જુવાર, બાજરી તથા મગફળી વગેરેના ઉત્પાદનમાં આશરે ૧૫.૫૦ ટકા જેટલો ઘટાડો થશે, ખેત પેદાશના ભાવો વધશે. *(લોક સ્વરાજ, એપ્રિલ ૨૦૧૫)*

★ **પાણીની તકલીફ** : ગુજરાતના અમરેલી જિલ્લાના સમઢિયાળા ગામના લોકો પાણીના અભાવે આઠ દિવસે સ્નાન કરે છે. પાણી માટે તેમણે ૨ કિ.મી. દૂર ભટકવું પડે છે. છેલ્લા ૨૦ વર્ષથી તેમણે એસ.ટી.ની બસ જોઈ જ નથી અને ૭૦ ટકા ઘરોમાં શૌચાલયો નથી.

*(નયા માર્ગ, તા. ૧-૪-૧૫)*

★ **કુપોષિત બાળકો** : ગુજરાતના ૧૭ જિલ્લાના કુલ ૨.૪૯ લાખ બાળકો કુપોષિત છે. *(ગુજરાત ટુ ડે, તા. ૨-૩-૧૫)*

★ **ગૌમાંસનો વપરાશ** : વર્તમાન કાળમાં દરરોજ ૬૧ લાખ કિલો ગૌ માંસનો વપરાશ થાય છે.

*(ચિત્રલેખા, તા. ૨૭-૪-૧૫)*

★ **વાઈબ્રન્ટ સમીટ** : ગુજરાતના વાઈબ્રન્ટ સમીટના ૪૦ ટકા MOU ખોટા નીકળ્યા! ૨૦૦૯ના સમીટમાંથી ૯૫૧ અને ૨૦૧૧ના સમીટમાંથી ૩૦૫૮ પ્રોજેક્ટ ડ્રોપ થયા છે! કરોડોના MOU થયા પછી માત્ર ૯ ટકાથી વધારે મૂડીરોકાણ આવ્યું નથી. *(નયા માર્ગ, તા. ૧-૪-૧૫)*

★ **માંસની નિકાસ** : ભારત સરકારે જાહેર કરેલા આંકડા મુજબ માસ એપ્રિલથી નવેમ્બર ૨૦૧૪ સુધીમાં આપણે વિશ્વના ૬૫ દેશોમાં ૩.૩ અબજ ડોલરના માંસની નિકાસ કરી હતી. *(ચિત્રલેખા, તા. ૨૭-૪-૧૫)*

★ **જૈન આગમનું મહાત્મ્ય** : જૈન આગમ ગ્રંથ સાહિત્યમાં ઉત્તરાધ્યયન સૂત્રનું અતિ મહાત્મ્ય છે તેથી ભારત સરકારે આ સૂત્રને 'નેશનલ ટ્રેઝર' (રાષ્ટ્રીય ધરોહર) તરીકે જાહેર કરેલ છે. *(પ્રબુદ્ધ જીવન, એપ્રિલ ૨૦૧૫)*

★ **વૃક્ષ છેદન** : ગુજરાત રાજ્ય વિધાનસભામાં વન મંત્રીએ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે દર વર્ષે રાજ્યમાં ત્રણ લાખ વૃક્ષો કાપવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવે છે (ગેરકાયદે કેટલા કપાતા હશે?)

*(નવગુજરાત સમય, તા. ૨૬-૪-૧૫)*

★ **યુવાનોને કન્યા** : ગુજરાતમાં લગ્ન કરવા માટે તૈયાર એવા સાડા સાત લાખ યુવાનોને કન્યા મળતી નથી.

***(સાધના, તા. ૧૮-૪-૧૫)***

★ **આકરા કાયદા હેઠળ કેસની સંખ્યા** : 'ટાડા' તથા 'પોટા' વગેરે આકરા કાયદા છે. 'ટાડા' હેઠળ ૧૯૯૪માં આતંકગ્રસ્ત પંજાબમાં ૧૪૪૫૭ કેસ થયેલા. ગુજરાત આતંકગ્રસ્ત ન હતો છતાં 'ટાડા' હેઠળ ૧૭૫૪૬ કેસ થયેલા! એ વર્ષે આખા દેશમાં લગભગ 'ટાડા' હેઠળ ૭૬૦૦૦ કેસ થયેલા. તેમાંથી ૩૫ ટકા કેસ પડતા મૂકાયા! બીજા ૩૫ ટકા કેસમાંથી ૯૫ ટકાને અદાલતે નિર્દોષ ઠરાવ્યા. છેલ્લે કન્વીક્શન રેઈટ માત્ર ૦.૮ ટકા હતો!

***(નિરીક્ષક, તા. ૧૬-૪-૧૫)***

★ **મંદિરોની આવક** : હિન્દુસ્તાનના મંદિરોની વાર્ષિક આવક ૮૦ લાખ કરોડ છે જ્યારે દેશનું રાષ્ટ્રીય બજેટ ૧૫ લાખ કરોડ છે. આવું તો માત્ર હિન્દમાં જ બની શકે!

***(નિરીક્ષક, તા. ૧૬-૪-૧૫)***

★ **કરચોરી અને ગુજરાત** : હવે કરચોરીમાં પણ ગુજરાત નંબર વન છે. દેશના ૧૮ સૌથી મોટા કરચોરો પૈકી અગિયાર ગુજરાતના છે! ***(નયા માર્ગ, તા. ૧૬-૪-૧૫)***

★ **કપાસના પાકને નુકસાન** : કમોસમી વરસાદને કારણે કપાસના પાકને થયેલ નુકસાન બદલ ગુજરાત સરકારે રૂ. ૧૧૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું. પરંતુ ટેકાના ભાવ ન જ વધાર્યા. આ રકમ ક્યાં વાપરી અને ક્યા ખેડૂતને લાભ મળ્યો તેની વિગત કે હિસાબ આપવાની વિધાનસભામાં ચોખ્ખી ના પાડવામાં આવી.***(નયા માર્ગ, તા. ૧૬-૪-૧૫)***

★ **ટ્રેનમાં પોલીસ ફોર્સ** : દિલ્હી નિઝામુદ્દીન એક્સપ્રેસ ટ્રેનમાં રેલવે પોલીસ ફોર્સના ત્રણ જવાન હોય છે આ ટ્રેન ૨૪ ડબ્બાની છે. ત્રણે જવાન પાસે AK 47 રાઈફલ રહે છે પણ તે વાપરવાની તેમને મંજૂરી નથી!

***(નયા માર્ગ, તા. ૧૬-૪-૧૫)***

★ **સાંસદો અને વીજળી પાણીના બીલો** : ન્યુ દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલે વીજળી અને પાણીના બીલો ન ભરનારા ૩૦૦ સાંસદોની યાદી તૈયાર કરી છે. તેમાં સોનિયા ગાંધી, એચ.ડી. દેવગૌડા, મનમોહનસિંહ, નજમા હેપતુલ્લા, સ્મૃતિ ઈરાની, રામવિલાસ પાસવાન વિ. લોકો છે. ***(અમદાવાદ મિરર, તા. ૨૦-૩-૧૫)***

☺ **લોક સંપર્ક**

રાહુલ ગાંધી : (ખેડૂતોને) તમે ખેતરમાં શેનું ઉત્પાદન કરો છો?
ખેડૂતો : ઘઉં, બાજરી, જુવાર, ડાંગર, કપાસ...
રાહુલ : એમ? તો પછી 'કિસાન જામ' કોણ બનાવે છે?
ખેડૂત : ભાઈ, તમે વેકેશનમાં જ બરાબર હતા.

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

## કચ્છી દાબેલી

મૂળ દાબેલી જે 'કચ્છી દાબેલી' તરીકે પ્રખ્યાત છે; તેની શરૂઆત અથવા શોધ કચ્છ માંડવી ખાતે થઈ હતી. આઝાદી બાદ ભારત અને પાકિસ્તાનના ભાગલા પડતાં ઘણાં સિંધી પરિવારો પાકિસ્તાનથી આવી ભારતમાં મુંબઈ, દિલ્હી, આદિપુર ગાંધીધામ વગેરે સ્થળે સ્થાયી થયા. શ્રી રૂપન સપરિવાર માંડવી ખાતે આવ્યા અને રંગચૂલી પાછળ રહેવા આવ્યા. અને તેમણે પોતાનો મૂળ ધંધો બેકરીનો ચાલુ રાખ્યો. માંડવી ખાતે બેકરી શરૂ કરી તેમની વિશિષ્ટ આવડતથી ટોસ્ટ (કચ્છીમાં ભટર) ખારી બિસ્કીટ, નાન ખટાઈ વગેરે શરૂ કર્યા જે માંડવીમાં ખૂબજ લોકપ્રિય થયા.

માંડવીમાં મોટી બ્રેડનું ચલણ ન હોતાં નાના BUN - જેને પાઉં - રોટી તરીકે લોકો ઓળખતા તે પણ બનાવતા; પણ તેમનું ચલણ ઓછું હોતાં તેમને માંડવીના ખારવા શ્રી મોહન ભા, જે બટાકાવાળા તરીકે ઓળખાતા અને તેઓ મસાલાવાળા બટાકા, જે ખૂબ જ લોકપ્રિય થયા હતા, તેમને વિનંતી કરીને તેમણે બટાકાની લારીમાં રાખવાનું શરૂ કર્યું. આ મોહન ભા પરમ શિવભક્ત હતા. તેઓ નવરાત્રીની નવે રાત્રીએ શંકરનો વેશ ધરી, ગળામાં સાચો નાગ રાખી, કમર પર વ્યાઘ ચર્મ ધારણ કરતા અને વારાફરતી બધી જ ગરબીઓમાં ફરતા. લોકો ખાસ કરીને બાળકો એમને જોવા ઉમટતા.

મોહનભા જેમને ખાલી બટાકા તીખા લાગે તેમને તેઓ પાંઉ-રોટીમાં કાપો કરી, બટાકો અને મસાલો મૂકી, બંને હાથે દાબી ખાવા આપતા. એટલે આનું નામ 'દાબેલી' થયું. આમ મોહનભાએ એક ક્રાંતિકારી શોધ કરી.

આ દાબેલીમાં ગોકલભાઈ ખારવાએ મસાલાદાળ ઉમેરી કાંદા-લસણની ચટણી સાથે શરૂ કરી. તેને શ્રી ગાભાભાઈએ મોટા પાયે એકદમ મસાલેદાર બનાવી. તેમાં મસાલા-સીંગ ભભરાવી પ્રખ્યાત કરી.

ભુજ ખાતે સરદાર શેરડી રસવાળાએ પણ દાબેલી શરૂ કરી. આમ આ 'દાબેલી' પ્રખ્યાત થઈ. અમદાવાદ વડોદરા અને મુંબઈ સુધી પ્રચલિત થઈ.

મોહન ભા નિવૃત્ત થઈ ધાર્મિક જીવન ગાળતા ત્યારે માંડવીના પ્રખ્યાત ચંદુભાઈ બટાકાવાળાએ પોતાના મસાલેદાર બટાકા એટલા લોકપ્રિય કર્યા કે તેમણે બટાકા તથા દાબેલી બનાવવાનો મસાલો મોટા પાયે માર્કેટમાં મૂક્યો. સાથે સાથે 'બેટુ' નો મસાલો પણ એટલો જ લોકપ્રિય થયો. ભુજ અંજાર અને ઘણી જગ્યાએ માંડવી 'ડબલરોટી' ઉર્ફે દાબેલી તરીકે લોકપ્રિય FAST - FOODની ITEM લોકપ્રિય થઈ. એમાં મસાલા સીંગ, સેવ, તૂટી-ફૂટી, સૂકો મેવો વગેરે ઉમેરી ગરમ રોટી તરીકે પણ પીરસવામાં આવી રહી છે. આ કચ્છી દાબેલીની મૂળ શોધ કરનાર Inventor શ્રી મોહનભાને યાદ કરવા જ રહ્યા. ■

## NanoNine શબ્દ રમત-૧૦૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | | ૩ | | ૪ | | ૫ | | |
| ૬ | | | ૭ | | | | ૮ | | | | |
| | | ૯ | | | ૧૦ | ૧૧ | | | | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | | | ૧૬ | | | | ૧૭ | | | |
| ૧૮ | | | ૧૯ | | ૨૦ | | ૨૧ | | | ૨૨ | |
| | ૨૩ | ૨૪ | | ૨૫ | | | | ૨૬ | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | ૩૦ | | | ૩૧ | ૩૨ | | ૩૩ | ૩૪ | |
| ૩૫ | | | ૩૬ | | | ૩૭ | | | | ૩૮ | ૩૯ |
| | | ૪૦ | | | ૪૧ | | | | ૪૨ | | |
| ૪૩ | | | | ૪૪ | | ૪૫ | | ૪૬ | | | |
| | | ૪૭ | | | | ૪૮ | | | | ૪૯ | |
| ૫૦ | | | | ૫૧ | | | | ૫૨ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૬-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. કંકાસ, ઝઘડો (૩)
૩. મુખ, મોં (૩)
૫. સૂકવેલી ખજૂર (૩)
૬. લાંબા વખતનું (૨)
૭. નાકા વેરો, દાણ (૩)
૮. યજ્ઞોપવીત (૩)
૯. મહેંદી (૨)
૧૦. ના, નન્નો (૩)
૧૨. પોતીકું, અંગત (૨)
૧૪. હંમેશ માટેનું, ટકે એવું (૩)
૧૫. મૃત્યુનો દેવ (૨)
૧૭. સ્મિત, હસવું તે (૨)
૧૮. ધૂળનો કણ, અણું (૨)
૧૯. અનાદર, તિરસ્કાર, માનભંગ (૩)
૨૧. એક દિવસની મજૂરી (૨)
૨૨. દીવ, દમણ ને ______, ફિરંગી બેઠા રોવા (૨)
૨૩. સરિતા (૨)
૨૫. કામદેવની સ્ત્રી (૨)
૨૬. પરવાનગી (૨)
૨૯. નમેલું (૨)
૩૧. તિબેટનો વડો બૌધ્ધ આચાર્ય (૨)
૩૩. દૂધની મલાઈ (૨)
૩૫. ગાવાની ઢબ, તરજ (૨)
૩૬. ક્ષમા કરેલું, જવા દીધેલું (૨)
૩૭. દેવતાની ચિનગારી કે અંગારો (૩)
૩૮. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૪૦. કેફી ચીજથી ચઢતો કેફ (૨)
૪૨. બદલાવું, ફેરબદલી (૩)
૪૩. આકાશ (૨)
૪૪. મીઠું પકવવાની ક્યારી (૩)
૪૬. પ્રાસકો (૨)
૪૭. કોરૂં કપડું (૩)
૪૮. વગાડવું તે (૩)
૪૯. લાકડી (૨)
૫૦. પાર્થ (૩)
૫૧. ગણપતિ (૩)
૫૨. માશુક, પ્રિયા (૩)

### ઊભી ચાવીઓ

૧. હાથ, વેરો (૨)
૨. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૩. મૂળ ગામ કે દેશ (૩)
૪. જોવું તે, દૃષ્ટિ, લક્ષ (૩)
૫. ખાણ, ઊંડો ખાડો (૨)
૬. ચિત્ર દોરનારો (૪)
૮. પૈસો, નાણું, સોનું (૨)
૯. બરફ (૨)
૧૧. વીતેલું, ભૂતકાળનું, વખત, વેળા (૨)
૧૩. સંખ્યાને ભેગી ઉમેરવી તે (૪)
૧૪. કાર્ય, કામ, મોટરગાડી (ઇં.) (૨)
૧૫. યજ્ઞ કરવો તે, પૂજન (૩)
૧૬. ઊંચા મિનારા જેવું બાંધકામ (૩)
૧૭. સમક્ષ, મોજૂદ (૩)
૨૦. ન્યાત, નાત, જાતિ (૨)
૨૨. ગાય, ઈન્દ્રિય, વાણી (૧)
૨૪. ગરીબ, કંગાળ (૨)
૨૭. જાતિ, કુળ (૨)
૨૮. સેંકડો, ટકાવારી (૪)
૩૦. ફજેતી (૩)
૩૧. પગેથી મારવું તે (૨)
૩૨. ______ માત્ર, ભૂલને પાત્ર (૩)
૩૪. સાડી આડત્રીસ રૂપિયા ભાર જેટલું વજન (ઇં.) (૩)
૩૯. અણીનો બારીક સમય (૪)
૪૧. બગીચો (૨)
૪૨ ક્ષણ (૨)
૪૪. ______ મનના મુસાફરને રસ્તો કદી નડતો નથી (૩)
૪૫. કારમી ચીસ (૩)
૪૬. બત્તી, દીવો (૩)
૪૭. સાંભળવાની ઈન્દ્રિય, નાકુ, છિદ્ર (૨)
૪૯. શંકર ભગવાનનો વાર (૨)

*જે પ્રદેશમાં સારી આજીવિકા મળતી હોય તે પ્રદેશમાં લોકો ખેંચાઈ આવતા હોય છે.*

*– સ્વામી સચ્ચિદાનંદ*

## NanoNine™ શબ્દ રમત-૧૦૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | આ | મ | ર | સ | | સા | પ | | શ | ક્તિ | |
| બા | | | દ | મ | ન | | ર | જ | ત | | ટો |
| પ | ર | જ | ન | | વ | ન | વા | સ | | પા | પી |
| | ત | ન | | આ | કા | ર | | ત | લ | પ | |
| જા | | ક | પ | | ર | | ક | | સ | ડ | ક |
| ફ | ના | | ર | મ | | ક | રા | મ | ત | | વા |
| રા | | આ | મ | દ | ની | | ર | જા | | ગા | ય |
| ન | ગ | ર | | દે | | કા | | લ | પ | | ત |
| | ર | બ | ર | | ગ | ર | મ | | રા | જ | |
| ગ | જ | | સ | લા | મ | ત | | ભા | ગ | વ | ત |
| પ | | અ | મ | લ | | ક | મ | ર | | | ર્ક |
| | જ | મી | | ન | મે | | મ | ત | લ | બ | |

*માસ એપ્રિલ-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરોજ અનુપ ચંદુરા - સુરત
૨. જીલ શૈલેષ મહેતા - સુરત
૩. કિશોર જે. શાહ - ભુજ
૪. લક્ષાબેન જિતેન્દ્ર શાહ - ભુજ
૫. પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૬. નવીન શામજી લાલકા - ગદગ
૭. ચંદ્રા મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૮. ચંદ્રા મહેન્દ્ર શાહ - ભઠ્ઠા, અમદાવાદ
૯. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૦. વર્ષા આર. પારેખ - અમદાવાદ
૧૧. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૧૨. મધુરી રમણિકલાલ ગોસર - અમદાવાદ
૧૩. જ્યોત્સના જયંત છેડા - અમદાવાદ
૧૪. અલકા સંજય શાહ - અમદાવાદ
૧૫. દીપા નિખિલ પરીખ - અમદાવાદ
૧૬. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૧૭. પ્રવીણા પી. છેડા - અમદાવાદ
૧૮. શાંતિલાલ વ. શાહ - અમદાવાદ
૧૯. અજિત મ. મહેતા - અમદાવાદ
૨૦. ભાનુબેન જે. શાહ - અમદાવાદ
૨૧. ધર્મિષ્ઠા એમ. શાહ - અમદાવાદ
૨૨. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી નેનો નાઈન શબ્દ રમતના પુરસ્કર્તા શ્રી ભાઈલાલભાઈ વોરા અને શ્રીમતી હેમલતાબેન વોરાના વરદ્ હસ્તે ઈનામનો ડ્રો કરતાં ત્રણ વિજેતાઓના નામ લક્કી ડ્રો કરતાં ત્રણ વિજેતાના નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.*

૧. વર્ષાબેન આર. પારેખ - અમદાવાદ
૨. લક્ષાબેન જિતેન્દ્ર શાહ - ભુજ
૩. નવીન શામજી લાલકા - ગદગ

---

## સંવેદના

શ્રી જસ્ટીસ એસ.ટી. દેસાઈ ગુજરાતના હાઈકોર્ટના પહેલા ચીફ જસ્ટીસ. નિવૃત્ત થયા પછી સુપ્રીમ કોર્ટમાં પ્રેક્ટીસ શરૂ કરી. કેટલાંક વર્ષો બાદ શ્રી જસ્ટીસ એમ.પી. ઠક્કર ગુજરાતના ચીફ જસ્ટીસ થયા અને બઢતી પામી સુપ્રીમ કોર્ટમાં ગયા. એકવાર તેઓની ડિવિઝન બેંચ સમક્ષ ગુજરાતના એક ભાડુઆતની અપીલની સુનાવણી શરૂ થઈ. ભાડુઆત એક વયસ્ક મહિલા હતી. મકાન ભાડું ભરી શકેલ નહીં તેથી રેન્ટ એક્ટની જોગવાઈ અન્વયે મકાન ખાલી કરવાનો હુકમ તેની સામે થયેલો. હાઈકોર્ટમાં પણ અપીલમાં નિષ્ફળ જતાં તે મહિલા સુપ્રીમ કોર્ટ સમક્ષ આવેલ. ડિવીઝન બેંચના બીજા ન્યાયમૂર્તિ સિનિયર હતા. તેઓએ કહ્યું હતું કે, આમાં એપેલન્ટનો કોઈ કેસ બનતો નથી અને અપીલ ડિસમીસ કરીએ. ઠક્કર સાહેબને થયું કે કાયદાની દૃષ્ટિએ વાત સાચી છે પણ આ વૃદ્ધ મહિલા તાત્કાલિક ક્યાં રહેવા જશે? એટલે એમણે સૂચન કર્યું કે, એપેલન્ટને થોડો સમય આપીએ. સિનિયરે કહ્યું કે, એક મહિનો આપીએ. શ્રી ઠક્કર સાહેબ કહે, એક વર્ષ આપીએ. સિનિયર સંમત થયા.

પછી એવો હુકમ કર્યો કે મહિલા તમામ બાકી ભાડું ભરી આપે એ શરતે એક વર્ષનો સમય આપવામાં આવે છે. શ્રી ઠક્કર સાહેબને થયું કે આ મહિલા પાસે પૈસા ભરવાની શક્તિ હોત તો આ કેસ જ ન થયો હોત. તેથી કોર્ટનું કામ પત્યા પછી પોતાના પી.એ.ને ભાડાની પૂરી રકમનો ચેક આપ્યો અને શ્રી દેસાઈ સાહેબને મોકલાવ્યો અને વિનંતી કરી કે તેઓ રકમ કોર્ટમાં ભરી આપે. શ્રી દેસાઈ સાહેબે શ્રી ઠક્કર સાહેબને ફોન કર્યો તેમની સંવેદના માટે આનંદ વ્યક્ત કર્યો અને કહ્યું કે, ચેક પાછો સ્વીકારી લેશો. રકમ ભરાઈ જસે. અને બીજા દિવસે શ્રી દેસાઈ સાહેબે કોર્ટમાં પૂરી રકમ ભરી આપી.

આવા ન્યાયમૂર્તિઓ ગુજરાતનું ગૌરવ છે.

***– ડી. એમ. વસાવડા (એડવોકેટ)***

## NanoNine Sudoku

**શરતો :** (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

એપ્રિલ-૨૦૧૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૬૦ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ

૧. ચંદ્રિકા એ. શાહ - રાઉરકેલા
૨. નયન મધુકાંત મોમાયા - અંકલેશ્વર
૩. જૈનમ પ્રતીક પારેખ - સિકંદ્રાબાદ
૪. જીલ શૈલેષ મહેતા - સુરત
૫. સોનલ નરેન્દ્ર પોલડિયા - નાગપુર
૬. મૂલકુમારી કુમારપાળ લાલકા- ગદગ
૭. ચંદ્રકાંત ભવાનજી મૈશેરી - અમદાવાદ
૮. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૯. ચંદ્રા મહેન્દ્ર શાહ - અમદાવાદ
૧૦. જલ્પા જે. મહેતા - અમદાવાદ
૧૧. અલકા સંજય શાહ - અમદાવાદ
૧૨. દીપા નિખિલ પરીખ - અમદાવાદ
૧૩. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ
૧૪. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ
૧૫. મિતેશ જયંતીલાલ દેઢિયા - અમદાવાદ
૧૬. નિમિષ ચીમનલાલ વોરા - અમદાવાદ
૧૭. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૧૮. અક્ષય મુકુંદભાઈ શાહ - અમદાવાદ
૧૯. પ્રવીણા પી. છેડા - અમદાવાદ
૨૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૨૧. રૂપલ ખત્રી - અમદાવાદ

*સુડોકુના પુરસ્કર્તા નેનો નાઈનના શ્રી ભાઈલાલભાઈ વોરા અને શ્રીમતી હેમલતાબેન વોરાના વરદ્ હસ્તે લક્કી ઈનામનો ડ્રૉ કરતાં ત્રણ વિજેતાઓના નામ અત્રે જણાવેલ છે.*

**વિજેતાઓ :**

૧. મૂલકુમારી લાલકા - ગદગ
૨. રૂપલ ખત્રી - અમદાવાદ
૩. પ્રતિમા ગિરીશ શાહ - અમદાવાદ

## NanoNine Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૬૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૬-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૬૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | ૬ | ૮ | | ૫ | ૧ | |
| ૫ | ૧ | | | ૭ | | ૨ | | |
| | | | | | ૩ | | | |
| ૨ | ૯ | | ૮ | | | | | |
| ૧ | | | | | | | | ૭ |
| | | | | | ૬ | | ૨ | ૮ |
| | | | ૭ | | | | | |
| | | ૨ | | ૪ | | | ૭ | ૩ |
| | ૪ | ૩ | | ૬ | ૫ | ૮ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૫ | | ૧ | | | ૨ | |
| ૯ | | | | | ૫ | ૭ | ૩ | |
| | | | | | | ૫ | | |
| | | | | | ૩ | | | ૬ |
| ૧ | | | ૯ | | ૨ | | | ૫ |
| ૩ | | | ૮ | | | | | |
| | | ૧ | | | | | | |
| | ૯ | ૨ | ૭ | | | | | ૮ |
| | ૫ | | | ૯ | | ૧ | | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૭ | | | | | | ૬ |
| | | | | | | ૧ | ૩ | ૭ |
| ૫ | | | | ૩ | ૬ | | | ૯ |
| | | | | | ૭ | ૯ | ૮ | |
| | | | ૧ | ૪ | ૩ | | | |
| | ૧ | ૬ | ૨ | | | | | |
| ૬ | | | ૮ | ૨ | | | | ૫ |
| ૧ | ૩ | ૨ | | | | | | |
| ૮ | | | | | | ૨ | ૬ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | ૪ | | ૩ | |
| | | | | | ૬ | | | |
| ૯ | | ૪ | | ૮ | | ૬ | | ૭ |
| | | ૭ | ૩ | | | | | |
| | ૬ | ૨ | | | | ૯ | ૪ | |
| | | | | | ૨ | ૫ | | |
| ૮ | | ૩ | | ૧ | | ૪ | | ૯ |
| | | | ૯ | | | | | |
| | ૧ | | ૫ | | | ૭ | | |

**ઉકેલ : ક્રમાંક - ૧૦૬૧**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૮ | ૭ | ૩ |
| ૫ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ | ૪ | ૯ | ૨ |
| ૮ | ૭ | ૪ | ૨ | ૯ | ૩ | ૫ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૩ | ૯ | ૭ | ૬ | ૪ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૨ | ૮ | ૫ | ૩ | ૧ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૭ | ૫ | ૩ | ૧ | ૮ | ૪ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૨ | ૯ | ૫ | ૩ | ૭ | ૧ | ૮ | ૪ |
| ૧ | ૪ | ૮ | ૯ | ૬ | ૨ | ૩ | ૫ | ૭ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૭ | ૯ | ૪ | ૫ | ૬ | ૮ | ૩ |
| ૪ | ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ |
| ૮ | ૫ | ૬ | ૨ | ૩ | ૭ | ૯ | ૪ | ૧ |
| ૫ | ૨ | ૧ | ૬ | ૮ | ૯ | ૭ | ૩ | ૪ |
| ૭ | ૮ | ૩ | ૪ | ૫ | ૨ | ૧ | ૯ | ૬ |
| ૯ | ૬ | ૪ | ૭ | ૧ | ૩ | ૮ | ૫ | ૨ |
| ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૯ | ૨ | ૫ | ૭ | ૪ | ૩ | ૧ | ૮ |
| ૧ | ૪ | ૮ | ૩ | ૯ | ૬ | ૨ | ૭ | ૫ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૯ | ૪ | ૭ | ૧ | ૫ | ૮ | ૩ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ |
| ૩ | ૭ | ૫ | ૬ | ૨ | ૮ | ૯ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૨ | ૬ | ૪ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૭ | ૫ | ૬ | ૧ | ૯ | ૮ |
| ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૯ | ૩ | ૭ | ૨ |
| ૯ | ૧ | ૩ | ૨ | ૮ | ૪ | ૭ | ૫ | ૬ |
| ૭ | ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૪ | ૨ | ૯ |
| ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ | ૮ | ૩ | ૧ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૫ | ૬ | ૨ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૨ | ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૪ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૮ |
| ૭ | ૬ | ૮ | ૪ | ૩ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૯ | ૩ | ૧ | ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૫ |
| ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ |
| ૮ | ૨ | ૯ | ૫ | ૬ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૬ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૧ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ | ૮ | ૬ |

## પરિવર્તન પ્રવૃત્તિમાં નહિ, વૃત્તિમાં

ધાર્મિક હોવાનો દેખાવ કરનારા કે સંતોષ અનુભવનારા આપણે આપણી પ્રવૃત્તિઓમાં પરિવર્તન તો ભલે લાવ્યા પરંતુ આપણી વૃત્તિઓમાં કેટલું પરિવર્તન લાવી શક્યા? આ વાતનું સ્વનિરીક્ષણ આપણે કર્યુ છે ખરૂં?

પ્રવૃત્તિનું પરિવર્તન એ વકરો છે અને વૃત્તિઓમાં પરિવર્તન નફો છે. ઘણી જ ધર્મારાધનાઓ આપણી આંતરિક વૃત્તિઓમાં પરિવર્તન લાવવા માટે જ છે. પ્રવૃત્તિઓમાં પરિવર્તન લાવીને ધર્મારાધનાઓ તો કરતા જ રહ્યા, પરંતુ વૃત્તિઓમાં કોઈ જ પરિવર્તન ન આવ્યું, તો ઘડીભર થોભીને વિચારવું જોઈશે કે આમ કેમ થાય છે? તમારો ધંધો ચાલ્યા જ કરતો હોય, ઘરાકો પણ દોડી દોડીને આવ્યા જ કરતા હોય, વકરો પણ સારામાં સારો થયા જ કરતો હોય, પરંતુ જો નફો ઊતરતો જ ન હોય તો તમારે ભીતરમાં ઊતરીને વિચાર કરવો પડશે કે ધંધામાં ક્યાંક કશીક ખામી છે ... કશીક ગરબડ છે ... નફો કેમ નથી ઊતરતો ?... ધંધાની ટેકનિક બદલો... જરૂર પડે તો લાઈન બદલો, પણ નફો તો થવો જ જોઈએ... બહોળો ધંધો કરનારને નફો થતો ન હોય તો આવા વિચારો આવે કે નહિ?

આ જ રીતે, વર્ષોથી ધર્મની આરાધના કરનારા ધાર્મિકોએ પણ આંતરનિરીક્ષણ કરીને વિચારવું જોઈએ કે આજથી પાંચ વર્ષ પહેલા હું ક્યાં હતો ને પછી આટઆટલી ધર્મારાધનાઓને જીવનમાં સ્થાન આપ્યા પછીને આટ આટલી ધર્મક્રિયાઓ કર્યા પછી આજે હવે ક્યાં છું? કોઈ પરિવર્તન આવ્યું છે સ્વમાં, સ્વના વિચારોમાં, મારી વૃત્તિઓમાં મારા વ્યવહારમાં...? ...કે પછી, વોહી રફતાર બેઢંગી રીતે ચાલ્યા જ કરે છે? જો એમ જ હોય તો આટલો બધો ધર્મ કરીને શું કમાયા? જો ધર્મ પરિણતિના રૂપમાં વૃત્તિ પરિવર્તન પામી શકાયું ન હોય તો આટલાં બધા વર્ષોની ધર્મક્રિયાઓએ શું આપ્યું? કે શું મેળવ્યું?

જેમની પાસે વૃત્તિ-પરિવર્તનનું કોઈ સ્પષ્ટ લક્ષ્ય નથી, શુદ્ધ ધર્મની સાચી સમજણ નથી, જેણે પોતાના રાગદ્વેષની વૃત્તિઓને મંદ કરવાની કોઈ ઝંખના સેવી નથી, એવી વ્યક્તિઓ માત્ર ઘરેડમાં, રૂટિન પ્રમાણે કે દેખાવ કરવા માટે ધર્મક્ષેત્રમાં આવી જતી હોય છે અને ધર્મક્રિયાઓ કરવા માંડતી હોય છે એવી વ્યક્તિઓની વર્ષોની ધર્મક્રિયાઓએ એમને શું આપ્યું? એનું નિરીક્ષણ કરતા બે પરિણામ દેખાયા છે. અહંકારી માણસ હંમેશાં બીજાનો તિરસ્કાર કરે છે. "હું ધર્મી છું" હું આમ કરૂં છું. રાત્રિ ભોજન કરનાર તેમજ કંદમૂળ ખાનારનો તિરસ્કાર કરવાનો અધિકાર મળી જાય છે. જે ધર્મ વડે અહંકારને ઓગાળી નાખવાનો હતો, તે ધર્મ જો અહંકારને પુષ્ટ અને જાડો બનાવનારો નીવડશે તો આપણા જીવનમાં ઘણી મોટી હોનારત ઊભી થવાની શક્યતા રહેશે. ધર્મ એક જ છે, રાગ-દ્વેષની વૃત્તિઓમાંથી નિવૃત્તિ માટેનો પ્રયાસ ધર્મ પ્રત્યેના પારણાના મંડાણ છે.

*(સંકલિત)*

## નોકરી શોધવામાં નિષ્ફળતા મળે ત્યારે

ભૂતપૂર્વ અમેરિકન પ્રમુખ હર્બટ હુવરે યુવાનીમાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમણે એન્જિનિયરિંગ કોલેજમાં ડિગ્રી લીધા પછી તેઓ નોકરી શોધી રહ્યા હતા એ દિવસોમાં તેઓ એક જાણીતા અમેરિકન ઉદ્યોગપતિ પાસે નોકરી માગવા ગયા. હુવરે લૂઈ જેનિનન નામના એ ઉદ્યોગપતિ પાસે જઈને કહ્યું કે, 'હું એન્જિનિયર બની ગયો છું પણ મને ક્યાંય નોકરી મળી નથી. તમારી કંપનીમાં એન્જિનિયરની જગ્યા ખાલી હોય તો મને તક આપશો?'

એ ઉદ્યોગપતિએ હુવરને કહ્યું, મારી કંપનીમાં એન્જિનિયરની જગ્યા ખાલી નથી એટલે હું તમને મદદરૂપ થઈ શકું એમ નથી. પણ મને એક ટાઈપિસ્ટની જરૂર છે. તમને ટાઈપિંગ ફાવતું હોય તો હું તમને નોકરી આપી શકું.

હુવરે એ ઉદ્યોગપતિનો આભાર માનીને કહ્યું કે મને એ નોકરી કરવામાં રસ છે પણ હું ચાર દિવસ પછી ફરજ પર આવી શકું એમ છું, જો તમે મંજૂરી આપતા હો તો. ઉદ્યોગપતિએ કહ્યું, ઠીક છે. તમે ચાર દિવસ પછી ફરજ પર આવી જજો મને વાંધો નથી.

હકીકતમાં હુવરને ટાઈપિંગ આવડતું નહોતું. પણ તેમણે નિશ્ચય કર્યો હતો કે પોતે ચાર દિવસમાં ટાઈપિંગ શીખી લેશે. તેમણે એક મિત્ર પાસેથી ટાઈપરાઈટર ઉછીનું લીધું અને તેઓ દિવસના અઢાર કલાક ટાઈપિંગની પ્રેક્ટિસ કરવા માંડ્યા.

ચાર દિવસ બાદ હુવર ઉદ્યોગપતિ લૂઈ જેનિનન પાસે પહોંચી ગયા. તેમણે કહ્યું કે, હું ફરજ પર આવી ગયો છું ઉદ્યોગપતિએ ચકાસણી કરવા તેને એક પત્ર ટાઈપ કરવા આપ્યો.

હુવરે પત્ર ટાઈપ કરીને તેમને આપ્યો. લૂઈ જેનિનન એ પત્ર ધ્યાનથી વાંચી ગયા પણ તેમને એમાંથી એક પણ ભૂલ મળી નહીં.

જેનિનને હુવરને પૂછ્યું, 'તમે એ દિવસે જ કેમ નોકરી પર ન લાગી ગયા?'

હુવરે કહ્યું કે એ દિવસે મને ટાઈપિંગ આવડતું નહોતું એટલે મેં ટાઈપિંગ શીખવા ચાર દિવસનો સમય માગ્યો હતો.

ઘણા યુવાનો ડિગ્રીના પતાકડા લઈને નોકરી શોધવા માટે કોશિશ કરતા હોય છે અને નોકરી ન મળે એથી નિરાશ થઈ જતા હોય છે. એમણે હુવરના આ કિસ્સા પરથી પ્રેરણા લેવી જોઈએ.

*(સંકલિત)*

## નિંદાઓ અને આક્ષેપો

જે વ્યક્તિ અકારણ વેરવૃત્તિઓને પોતાના હૃદયમાં સ્થાન આપી રહે છે અને જેમનો ધંધો એક અથવા બીજા બહાને કેવળ નિંદાઓ અને આક્ષેપો કરીને જ કાર્યકર્તા તરીકેની પ્રસિદ્ધિ મેળવવાનો હોય છે, તેઓ ભૂલી જાય છે કે કોઈ પણ કાર્ય જબરદસ્તીથી થઈ શકતું નથી. નિંદાથી પણ થઈ શકતું નથી. શાંતિપૂર્વક સમજાવવાથી જે ફાયદો થઈ શકે છે, તે કોઈના ઉપર હુમલો કરવાથી થતું નથી.

*– વિદ્યા વિજયજી (તેમના 'મારી કચ્છ યાત્રા' પુસ્તકમાંથી)*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**મે - ૨૦૧૫ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- શાંતિલાલ દામજી ગાલા — થાણા (વેસ્ટ), મુંબઈ
- પારસ રાજેન્દ્ર દંડ — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ

**૩ વર્ષનું લવાજમ**

- શરદ ખીમજી નાગડા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

**આજીવન**

- મણિલાલ ગંગર — ગાંધીધામ (કચ્છ)
- મૂકેશ આર. સાવલા — માટુંગા, મુંબઈ

### રિન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા — માંડવી (કચ્છ)

**૫ વર્ષનું લવાજમ**

- જિતેન્દ્ર એમ. મહેતા — માંડવી (કચ્છ)

## જ્યારે આપનો મોબાઈલ ફોન ગૂમ થઈ જાય ત્યારે....

ઓ ભગવાન! મોબાઈલ ગૂમ થઈ ગયો!! કીમતી હતો. અરે યાર, મોબાઈલમાં કેટલાક મેસેજ અને અગત્યના નંબરો સ્ટોર કર્યા હતા. શું કરવું હવે? આ બધા અગત્યના નંબરો ફરીને લાવવા શી રીતે?

"અરે, હવે આ બધી વાતો છોડો, એક મોબાઈલ માટે શું આટલી બધી ચિંતા કરો છો, તમારે શું કરવું જોઈતું હતું, તે હું તમને બતાવું છુ."

બીજું તો કાંઈ નહી પરંતુ મોબાઈલ ફોનનો દુરુપયોગ નહીં થાય. એટલું જ નહીં, પરંતુ ગૂમ થયેલો મોબાઈલ ઉઠાવગીરના કોઈ કામમાં નહીં આવે અને આ રીતે તેને ખબર પડશે કે મોબાઈલ ફોન નિષ્ક્રિય છે તો કદાચ તે ફોન પરત કરવા પણ કોશિશ કરે. એક પ્રયત્ન કરી જોશો.

બસ તમે એવું સમજી લો કે તમારા મોબાઈલના ઈ.એમ.આઈ. નંબર માટે (*#06#)ને પ્રેસ કરીને હંમેશાં નોંધ કરીને રાખો. તે તમને કામમાં આવશે. આ રીતે પ્રેસ કરવાથી ૧૫ ડિજીટ (આંક) નંબર આપના મોબાઈલમાં સ્કીન પર દેખાશે. તે તમે નોંધ કરીને રાખો. આ ઈ.એમ.આઈ. નંબર તમારા હેન્ડસેટ માટે યુનિક છે. જે તમારા જ મોબાઈલ માટે છે. હવે જ્યારે તમારો મોબાઈલ ગૂમ થઈ જાય ત્યારે તમારા સર્વિસ પ્રોવાઈડર (એરટેલ, વોડાફોન, રિલાયન્સ, ટાટા ઈન્ડિકોમ, આઈડિયા વગેરે)ને ફોન કરીને આ નંબર આપી દેવાનો. આ નંબર તમારા હેન્ડસેટને બ્લોક કરવા માટે પૂરતું છે. જ્યારે ઉઠાવગીર આ મોબાઈલમાં પોતાનું સીમ કાર્ડ બદલાવશે ત્યારે તમારું મોબાઈલ તેના માટે નકામું બની રહેશે. અગર આ રીતે બધા જણ ઈ.એમ.આઈ. નંબર વપરાશમાં લાવે તો અમને નથી લાગતું કે તમારા મોબાઈલ પર કોઈની નજર પડે.

## પ્રાર્થના પાછળની ભાવના મહત્ત્વની છે

ખાણમાં કામ કરતા ખાણિયાઓના ગામમાં એક જ મોચી હતો. મોચીને ધર્મગુરુએ કહેલું કે સવારે કૂકડો બોલે ત્યારે તેણે ઈશ્વરને પ્રાર્થના કરવી. મોચી રોજ એટલો વહેલો ઊઠી શકતો નહોતો. સવારની પ્રાર્થના રહી જતી હતી. તેણે ધર્મગુરુને જઈને વાત કરી, 'સાહેબ, આ ખાણિયાઓને કામ કરવા માટે ખાસ પ્રકારના જોડા પહેરવા પડે છે. તે જોડા વારંવાર ફાટી જાય છે. મારે રાતોરાત તેમના ફાટેલા જોડા સીવી આપવા પડે છે કારણકે તેમની પાસે જોડાની બીજી જોડ હોતી નથી. અને જોડા વગર તેમનું કામ થઈ શકે એવું નથી. રાતે જ તેમના જોડા ન સીવું તો બીજા દિવસની તેમની મજૂરી જાય. મોડી રાત સુધી કામ કરવાને કારણે હું વહેલો ઊઠી પ્રાર્થના કરી શકતો નથી. તો મારે શું કરવું?'

ધર્મગુરુએ પૂછ્યું, 'અત્યારે તું શો ઉપાય કરે છે?' મોચીએ કહ્યું, 'વહેલા ન ઉઠાય તે દિવસે મને ભારે પસ્તાવો થાય છે ને મારા મોંમાંથી નિસાસો નીકળી જાય છે.'

ધર્મગુરુએ કહ્યું, 'તારો એ નિસાસો, એ જ તારી શ્રેષ્ઠ પ્રાર્થના છે.'

પ્રાર્થનાના શબ્દો, તેનો સમય કે ક્રિયાકાંડ મહત્ત્વના નથી, પ્રાર્થના પાછળની ભાવના મહત્ત્વની છે. ■

## શરીર સારું રાખવા માટે અગત્યનાં સૂચનો

★ ફોનનું રિસિવર ડાબા કાન પર રાખીને ફોન પર જવાબ આપશો.

★ એક દિવસમાં કૉફી બે વખત પીવાનું કરશો નહીં.

★ કોઈપણ પ્રકારની ગોળી (દવા) ઠંડા પાણી સાથે લેશો નહીં.

★ સાંજના ૫ વાગ્યા બાદ વધુ પ્રમાણમાં ખોરાક લેવો જોઈએ નહીં.

★ તમે જેટલા પ્રમાણમાં પાચન કરી શકો, તેટલો અને તેવો જ ખોરાક લેશો.

★ રાત્રિ કરતાં સવારના વધુ પાણી પીવાનું કરશો.

★ હેન્ડ ફોનના ચાર્જર્સથી દૂર રહેવાનું પસંદ કરશો.

★ હેડ ફોન / કાન ફોનને વધુ સમય વાપરશો નહીં.

★ રાત્રિના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી નિંદરનો સારો સમય હોય છે.

★ સૂતા પહેલાં દવા લઈને તરત જ લાંબા પડવું નહીં.

★ જ્યારે ફોનની બેટરી છેલ્લા ગ્રીડ સુધી આવી હોય ત્યારે કોલનો જવાબ આપવાનું ટાળવું જોઈએ. ■

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL CLEARING AND FORWARDING PVT. LTD.

(CHA No. 11/374)

MRL GROUP

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

Clearing, Forwarding & Shipping Agents



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **કચ્છની યુવતીનો ટી.વી. પર નવો શો :** "હર ઘર કુછ કહેતા હૈ" માટે બેસ્ટ ચેટ-શો નો ઈન્ડિયન ટેલિ. એવોર્ડ જીતનારી મૂળ મસ્કાની અને વર્ષોથી મુંબઈ સ્થાયી થયેલા કચ્છી રાજગોર બ્રાહ્મણ પરિવારની મેઘના જોશીનો હવે 'ટ્વીસ્ટવાલા લવ' નામનો નવો શો ટી.વી. પર આવેલ છે. આ શો માં મેઘના જોશી ક્રિએટીવ ડાયરેક્ટર છે.

★ **કચ્છી ઇશાંત ટી.વી. પડદે બાળ હનુમાન :** મૂળ કચ્છનાં અબડાસા તાલુકાના નરેડી ગામના નવ વર્ષીય ઈશાંતની સ્કૂલ ભણતર સાથે જ એક્ટિંગની લોટરી લાગી ગઈ છે. ધોરણ-૩ની પરીક્ષા આપી ચૂકેલો ઈશાંત ટી.વી. પડદે આવનારી એક સીરીયલમાં બાળ હનુમાનનો રોલ કરશે. આ ઈશાંત ભાનુશાલી હીરોઈન બરખા બિશ્તા સાથે તાજેતરમાં અમદાવાદ આવ્યો હતો.

★ **લગ્ન પ્રસંગે માંડવો રોપાતો નથી :** કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ગુનેરી ગામમાં થતાં યુવક અને યુવતીઓના લગ્નમાં માંડવો રોપવામાં આવતા નથી. હિંદુ વિધિ પ્રમાણે લગ્ન થતા હોય તેમ છતાં ઘરે માંડવો ના રોપાતો હોય એવું આ અનોખું ગુનેરી ગામ માત્ર ગુજરાતનું જ નહીં પરંતુ ભારતનું એકમાત્ર ગામ છે. એક દંતકથા મુજબ ગામની મધ્યમાં આવેલા કુળદેવી માતાજીના મંદિર પાસે સદીઓ પહેલા સિંહનું માથું વધેરવામાં આવ્યું હતું. ત્યારબાદ અહીં માણેકસ્તંભ રોપવામાં આવ્યો હોવાથી ગામમાં બીજે ક્યાંય પણ લગ્ન થાય તો માણેકસ્તંભ રોપવામાં આવતો નથી. આ માન્યતાનું પાલન આજ સુધી કરવામાં આવે છે. ગામના વડીલોના જણાવ્યા અનુસાર ૪૦૦ વર્ષ પહેલા ગામ વસ્યું ત્યારથી આ પરંપરા ચાલી આવે છે. ઘણાં એમ પણ માને છે તેને તોડીને માંડવો રોપવામાં આવે તો કશું ખોટું નથી તેમ છતાં આ પરંપરા તોડવાની આજ સુધી કોઈએ હિંમત કરી નથી. ગુનેરી ગામમાં મુખ્યત્વે ક્ષત્રિય સમાજની વસતિ છે. તેઓ આ પ્રથાનું પાલન કરે છે. જો કે નિયમ પ્રમાણે કંકોતરીમાં માંડવો એવું લખવામાં આવે છે પરંતુ તેનું લગ્ન સમયે પાલન કરવામાં આવતું નથી.

★ **કચ્છમાં જનધન યોજના :** પ્રધાનમંત્રી જનધન યોજના તળે કચ્છમાં લગભગ ૧.૪૦ લાખ બેંક ખાતા ખૂલી ચૂક્યા છે. ઉપરાંત તમામ બચત ખાતાધારકો માટે રૂા. બે લાખના વીમા કવચની જોગવાઈ સાથેની જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, પેન્શન યોજના અમલમાં મૂકાઈ રહી છે. આ અંતર્ગત કચ્છ જિલ્લામાં ૪૦ હજારથી વધુ ખાતા આવરી લેવાયા છે. એક અંદાજ પ્રમાણે કચ્છમાં ૫૦ હજાર ખાતા શૂન્ય બેલેન્સ સાથેના હોઈ શકે છે. તેઓ દ્વારા નાણાકીય વ્યવહાર નહીં થાય તો તેઓ વીમાના લાભથી વંચિત રહે તેવી ભીતિ છે.

★ **લાખોંદ પદ્ધર પાસે ટોલ ટેક્સ :** ભુજ - દુધઈ - ભચાઉ માર્ગેથી પસાર થતા વાહનચાલકોએ તાજેતરમાં ફરિયાદ કરતાં જણાવ્યું હતું કે, પદ્ધર પાસે નવા ટોલનાકાએ તૈયારી કરી લીધી છે અને વસુલાત માટેની તમામ તૈયારીઓ પણ થઈ ચૂકી છે. ત્યારે ટોલનાકાની જવાબદારી સંભાળતા ગાંધીનગર સ્થિત ગુજરાત સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની કચેરીના અધિકારીનો સંપર્ક સાધતા, ટૂંક સમયમાં ટોલનાકું શરૂ થશે એવી માહિતી મળી હતી.

★ **કંડલા બંદરે પી.પી.પી. મોડેલ :** દેશના પ્રથમ હરોળના કંડલા મહાબંદરમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી.) યોજના તળે હાથ ધરાયેલા પ્રોજેક્ટોમાં સદંતર નિષ્ફળતા સાંપડી હોવા છતાંય કેન્દ્ર સરકાર હજુ પણ પી.પી.પી. તળે જ પ્રકલ્પો આગળ ધપાવવાનો આગ્રહ રાખે છે. પી.પી.પી.ની નિષ્ફળતાના કારણે એક દાયકો તો નીકળી ગયો પરંતુ હજુ જો આ જ વલણ દાખવવામાં આવશે તો બીજો દાયકો પણ વેડફાઈ જશે તેવી દહેશત જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. પોર્ટના આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળેલ વિગતો મુજબ કેપીટી ટ્રસ્ટી બોર્ડની તાજેતરની બેઠકમાં જેટી નંબર ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ને પી.પી.પી. મોડેલ તળે જ બનાવવા શું કરવું તે ઠરાવ મૂકવામાં આવ્યો હતો.

★ **રાપર વિસ્તારમાં નર્મદાના નીર :** નર્મદાના નીરનું તાજેતરમાં અવતરણ થયું. નહેર હિલોળા લેતા નીર વડે ફતેહગઢ નાની સિંચાઈના ડેમમાં બે પંપ વડે સતત પાણી વહાવાઈ રહ્યું છે અને ફતેહગઢના મોટી સિંચાઈમાં નીર વહેતા થવામાં છે. લાકડાવાંઢ ડેમમાં ૩૦ ટકા જળ ભરાઈ ગયું છે તો સૂવઈ ડેમમાં શક્તિશાળી ત્રણ પંપ અને બકનળીઓ દ્વારા પાણી ઠલવાઈ રહ્યું છે. ધોમધખતા ઉનાળામાં સૂકાભઠ્ઠ તળાવો અને ડેમોમાં નર્મદાના નીર પહોંચતા પશુ-પક્ષીઓ અને જનજીવનમાં ટાઢક વ્યાપી છે.

★ **મુંબઈમાં કચ્છી જૈન ફાઉન્ડેશન :** મુંબઈમાં કચ્છી જૈન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા વિવિધ સેવાકાર્યો સાથે સેવાનો દીપ વધુને વધુ પ્રજ્વલિત થઈ રહ્યો છે. વિવિધ દાતાશ્રીઓએ નાલાસોપારામાં અલગ અલગ વિસ્તારોની ઈમારતોમાં ૧૧૫ ફ્લેટો લેવા સહયોગ આપ્યો હતો. આટલા ઘરો પૂરતા ન

હતા તેમજ આટલું દાન પણ પૂરતું નહોતું. આથી સંસ્થાએ ૨૦૦૭માં સમાજના અગ્રણીઓને જ્ઞાતિબંધુઓની હાલાકીની ડોક્યુમેન્ટરી દર્શાવી અને સંસ્થાનો આગામી પ્લાન સમજાવ્યો. જે નિહાળી સમાજનો સંપન્ન વર્ગ આગળ આવ્યો અને તેમના અનુદાનના પ્રતાપે ડોંબીવલી (વેસ્ટ) અને ડોંબીવલી (ઈસ્ટ)ના પરામાં સેંકડો ફ્લેટો તૈયાર થયા. ડોંબીવલી (ઈસ્ટ)માં નવનીત નગર નામે સંકુલ ઊભું થયું. આ ઉપરાંત ડોંબીવલી (ઈસ્ટ)ના દેશલેપાડામાં આવેલા નવનીત નગરમાં કુલ ૧૦૦૫ ફ્લેટ્સ બન્યા છે. આ ઉપરાંત ત્રિ-મજલીય દેરાસર, ૩ ઉપાશ્રય, વૈયાવચ્ચ કેન્દ્ર, અતિથિગૃહ, ભોજનશાળા, આયંબીલ ખાતા જેવા ધાર્મિક સ્થાનો પણ ઊભા કર્યા છે. સીનિયર સિટીઝન માટે વિસામો પણ ઊભો કરાયો છે તેવું સંસ્થાની યાદીમાં જણાવાયું હતું.

★ **બારામુલ્લામાં કચ્છી જવાન :** પાંચોટિયાના ગોવિંદરામ ગઢવી જે ૧૭ વર્ષથી આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. પ્રથમ પોસ્ટીંગ કારગીલના યુદ્ધમાં થઈ હતી. આર્મીમાં પાંચોટિયાના ૧૧ જેટલા જવાનો તેમજ એક નેવીમાં અને મુખ્યમંત્રીની સુરક્ષામાં પણ એક જવાન દેશસેવા કરી રહ્યાનું સરપંચશ્રીએ જણાવ્યું હતું. તાજેતરમાં જમ્મુ-કાશ્મીર ખાતે ત્રાસવાદી અથડામણમાં કચ્છી જવાન ગોવિંદ ગઢવીએ ચાર ત્રાસવાદીઓને ઠાર મારી બહાદુરીપૂર્વકની પ્રશંસનીય કામગીરી કરી હતી.

★ **ભારત અને ચીનના વિવિધ ઉદ્યોગો વચ્ચે સમજૂતીમાં કચ્છ :** ભારતના પશ્ચિમી છેવાડે આવેલા સીમાવર્તી કચ્છના ઉદ્યોગજગત સાથે સંકળાયેલા સમુદાયનું ધ્યાન ખેંચે તેવા સમાચારમાં અદાણી જૂથે મુંદ્રા વિશેષ આર્થિક ક્ષેત્રમાં સંકલિત ફોટોવોલ્ટેક ઔદ્યોગિક પાર્ક સ્થાપવા તેમજ ગેસ ઊર્જા ઉત્પાદન અને પ્રાકૃતિક ગેસ ક્ષેત્રમાં રોકાણની તકો તપાસવા ગોલ્ડન કોન્કોર્ડ હોલ્ડિંગ્સ સાથે કરાર પર હસ્તાક્ષર થયા હતા. અન્ય એક મહત્ત્વપૂર્ણ કરાર હેઠળ આર્થિક ક્ષેત્ર (સેઝ) અને ચીનના ગુઆંગ્ઝો પોર્ટના સત્તાધીશો મુંદ્રા બંદર અને ગુઆંગ્ઝો બંદર વચ્ચે 'ભગિની બંદર ભાગીદારી' સ્થાપવા સહમત થયા હતા. કચ્છ માટે વધુ એક મહત્ત્વના સમજૂતી કરારમાં નાના લાયજા થર્મલ પાવર (કોલસા) યોજનામાં ચાર હજાર મેગાવોટ ઊર્જા ઉત્પાદન માટે આઈ.એલ. એન્ડ એફ.એસ. અને ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના તેમજ આઈ.એલ.એફ.એસ. એનર્જી ડેવલપમેન્ટ કંપની અને ચીનના હુઆનેંગ જૂથ વચ્ચે કરાર થયા હતા. ઉપરાંત ભાવિ સંભવિત યોજનાઓના વિકાસ માટે કચ્છમાં કાર્યરત કંપની જિંદાલ સ્ટીલ એન્ડ પાવર અને આઈ.સી.બી.સી. વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા હતા. વધુમાં વેલસ્પન એનર્જીએ ભારતમાં ૫૦૦ મેગાવોટ ફોટોવોલ્ટેક સેલ તેમજ ૫૦૦ મેગાવોટ પી.વી. સોલાર મોડ્યુલ માટે ચીનના ટ્રીના સોલાર સાથે સંયુક્તપણે ફોટો વોલ્ટેક ઈન્ડસ્ટ્રી પાર્ક સ્થાપવા માટેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા હતા. ભારતના વડાપ્રધાનની ત્રણ દિવસની ચીનયાત્રાના અંતિમ દિવસે ભારત અને ચીનની મહારથી કંપનીઓ, ઉદ્યોગો વચ્ચે કુલ ૨૨ અબજ ડોલરથી વધુ કિંમતના ૨૬ જેટલા કરારો થયા હતા. જેમાં કચ્છને સંબંધિત ઉપરોક્ત કરારો સામેલ છે.

★ **કંડલા બંદરે લોજિસ્ટિક પાર્ક :** ગુજરાતના મુખ્ય પ્રધાનની તાજેતરની ચીનની મુલાકાત દરમ્યાન બીજિંગમાં ચાઈના એસો. ફોર સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝના અગ્રણીઓ સાથે વન ટુ વન બિઝનેસ મીટિંગનો દોર ચલાવ્યો હતો. તે દરમ્યાન કંડલા પોર્ટ અને દહેજ પી.સી.પી.આઈ.આર. પાસે લોજિસ્ટિક પાર્કસ પ્રોજેક્ટ્સ સ્થાપવામાં આવશે તેવું જાહેર થયું હતું.

★ **ગઢશીશામાં જિનાલયનો શિલાન્યાસ તથા દીક્ષા પ્રસંગ :** ગઢશીશા ખાતે ભગવાન આદિનાથ જિનાલયને ધ્વંસ કરી તેનું પુનઃનિર્માણ કરવાના હેતુસર સાધુ - સાધ્વીઓની નિશ્રામાં શિલાન્યાસ તથા બે મુમુક્ષુઓએ સંસારમાર્ગ ત્યજી સંયમજીવન અપનાવતાં દીક્ષા અંગીકારનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

★ **અબડાસાના ખેડૂતો ઘઉંમાંથી ૧૦ કરોડ કમાયા :** ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા કોઠારા ખાતે ખરીદ કેન્દ્રમાં ઘઉં ખરીદીને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. ગત માર્ચ માસથી કાર્યરત ખેડૂતોની ખેતપેદાશ - ઘઉંની રૂા. ૧૪.૫૦ પ્રતિ કિ.ગ્રા.ના ભાવથી ખરીદી કરવામાં આવી હતી. અત્યાર સુધી ૧.૩૦ હજાર બાચકાની આવક સામે તા. ૧૨-૦૫-૧૫ સુધી ૬૦૦ ખેડૂતોને રૂા. ૧૦ કરોડથી વધુ રકમનું ચૂકવણું કરવામાં આવ્યું હતું.

★ **બુલેટપ્રુફ ચાર સ્પીડ બોટ મુંદ્રા બંદરે :** રાષ્ટ્રની પશ્ચિમ દરિયાઈ સુરક્ષાને વધુ સુદ્રઢ બનાવવા અને નાપાક હરકતોને ભરીપીવા માટે સાત કરોડની એક એવી ચાર અદ્યતન બુલેટપ્રુફ સ્પીડ બોટને મુંદ્રાના એમ.આઈ.સી.ટી. બંદર ઉપર તાજેતરમાં ઉતારવામાં આવી છે. આ અતિ આધુનિક સ્પીડ બોટ TAMPAYATCH નામની અમેરિકન સંરક્ષણને લગતો શસ્ત્ર સરંજામ ઉત્પન્ન કરતી ફેક્ટરીમાં નિર્માણ પામી છે.

★ **સમાઘોઘામાં ૩૫ કરોડના કામો :** મુંદ્રા તાલુકાનું સમાઘોઘા આદર્શ ગામ બનવા પવનવેગે વિકાસ કરી રહ્યું છે. અહીં નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત ભવન, શાળા તેમજ બાળ આંગણવાડી તથા વાસ્મો પુરસ્કૃત પાણી પુરવઠા યોજના તથા અન્ય વિકાસકામોનું તાજેતરમાં લોકાર્પણ તેમજ ભૂમિપૂજન સંપન્ન થયું હતું.

★ **માધાપરની પાણી યોજના :** ભુજ શહેરની ભાગોળે આવેલા માધાપરની પાણી યોજના મૂર્તિમંત થવા જઈ રહી હોવાથી

નર્મદાનું પાણી મળે એ દિવસો હવે દૂર નથી. કુલ ૧૦.૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી નર્મદા અને વાસ્મોની યોજનાઓનો લાભ લોકોને મળતો થશે.

★ **માંડવી બીચ ફેસ્ટિવલ :** માંડવીના રમણીય સાગર કિનારે પ્રવાસીઓને આકર્ષવા માટે ગુજરાત પ્રવાસન નિગમ પ્રાયોજિત બીચ ફેસ્ટિવલ અંતર્ગત ગ્રામીણ સંસ્કૃતિને ઉજાગર કરતી ઊંટ - અશ્વદોડ સ્પર્ધાનું તાજેતરમાં થયેલું આયોજન માણીગરોને લોભાવી ગયું હતું. નાની-મોટી ઘોડાદોડમાં અનુક્રમે ૧૨ અને ૯, જ્યારે કૅમલ રેસમાં ૯ સ્પર્ધકોએ ઝુકાવ્યું હતું. ફેસ્ટિવલ દરમ્યાન રેતશિલ્પ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

★ **સિંહોની વસતિ ગણતરી માટે કચ્છીનું સન્માન :** મૂળે કચ્છ - ભુજના વતની હાલ સાસણગીર ફોરેસ્ટ કચેરીમાં રીસર્ચ ઓફિસર તરીકે ફરજ બજાવતા અભિનવ મહેન્દ્ર મહેતાને જી.આઈ.એસ. તથા જી.પી.સી. ક્ષેત્રે સારી કામગીરી કરવા બદલ મુખ્યમંત્રીના હસ્તે મોડર્ન ટેકનોલોજી ઍવોર્ડ ફોર લાયન સેન્સસ - ૨૦૧૫, તાજેતરમાં એનાયત કરાયો હતો. સાથે સારી કામગીરીનું પ્રમાણપત્ર તથા રૂા. ૨૫,૦૦૦/- રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા. સિંહ ગણતરીમાં સિંહફાળો આપવા બદલ રાજ્ય સરકારે તેની નોંધ લઈ, કદર રૂપે ઍવોર્ડ એનાયત કર્યો હતો.

★ **નાની વયની છાત્રા પત્રકાર :** વીસ વર્ષની આદિપુર તોલાણી કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સની વિદ્યાર્થિની અનિતા દયાલ તેજવાણી સૌથી નાની વયની પત્રકાર તરીકે જાહેર થઈ છે અને તેને નેશનલ બુક ઑફ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે.

★ **કચ્છના મહિલા આરોગ્ય કર્મચારીનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન :** કચ્છ જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ હસ્તકના ભુજ તાલુકાના કોડકી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સબ સેન્ટર મીરજાપરમાં ફીમેલ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા જયશ્રીબેન ગોપાલભાઈ ચાવડા તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાત રાજયમાંથી એકમાત્ર પસંદગી પામતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે રાષ્ટ્રીય ફ્લોરેન્સ નાઈટીંગ્લસ નર્સેસ ઍવોર્ડ તાજેતરમાં એનાયત થયો હતો. રાજ્ય સ્તરે તેમણે અનેકવાર ઍવોર્ડ મેળવ્યા છે.

★ **સફેદ જાંબુની ખેતી :** ભૂકંપ બાદ કચ્છમાં અનેક પ્રકારના ફળફળાદિની ખેતી થાય છે. તેમાંથી એક સફેદ જાંબુની ખેતી છે. આ ખેતી માંડવી અને મુંદ્રા તાલુકાઓમાં બાગાયતી ખેતી ખેડૂતો કરે છે, પરંતુ ભુજ તાલુકાના કાળી તલાવડીના ખેડૂત શંકર સમજી આહીરે પોતાની વાડીમાં સફેદ જાંબુની ખેતી કરતાં તેમાં સફળતા મળી છે. આ વૃક્ષમાં બે થી ત્રણ વરસમાં જાંબુ આવી જાય છે અને આ વૃક્ષ અઢીથી ત્રણ ફૂટનું હોય છે. આ ફળ ચોમાસામાં વધારે થાય છે. જાંબુની અનેક જાતો હોય છે. જેમાં સામાન્ય દેશી જાંબુ, નાનું જાંબુ, મુંદ્રાઈ જાંબુ, મોટું ફળ વધારે પ્રચલિત છે. આ પ્રકારના જાંબુ ડાયાબિટીસના દર્દીઓ તેમજ કિડનીના દર્દીઓ માટે, આયુર્વેદિક ઉપચાર સાથે અનેક ગુણધર્મ ધરાવે છે. જાંબુના ઠળિયાની ફાકી મીઠા પેશાબના દર્દીઓ માટે ઉત્તમ ઔષધ મનાય છે.

★ **ભુજને મળતું વધારાનું પાણી ક્યાં જાય છે? :** ભુજ શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં ચારથી પાંચ દિવસે માંડ પાણી મળતાં કાળઝાળ ગરમીમાં લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા. આ બાબતે અગાઉ પણ અવાજ ઉઠાવ્યા છતાં હજુ સુધી સુધરાઈ દ્વારા કોઈ જ વ્યવસ્થા થઈ નથી. શહેરની જરૂરિયાત ૨૦થી ૨૨ એમ.એલ.ડી. છે. જેની સામે ૩૦થી ૩૫ એમ.એલ.ડી. પાણી મળતું હોવા છતાં શહેરને ચારથી પાંચ દિવસે માંડ પાણી મળે છે. આ બાબતે અગાઉ પણ કલેક્ટર સમક્ષ રજૂઆત થઈ હતી. જરૂરિયાત સામે વધુ પાણી મળે છે તો બાકીનું પાણી ક્યાં જાય છે તેની સામે પણ શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

★ **કચ્છમાં ધાર્મિક માન્યતાથી પૂજાતાં ૧૬ વૃક્ષનાં ઉપવન શોધાયા :** કચ્છમાં સૌ પ્રથમવાર ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેઝર્ટ ઈકોલોજીએ ગુજરાત ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના ટ્રેઈનિંગ એન્ડ રિસર્ચના નાણાંકીય સહાયથી સર્વેક્ષણ હાથ ધર્યું હતું. જેમાં કચ્છમાં શ્રાવણ કવાડિયા, સાધ્યપીર, ભરડીમાતા, ગંગેશ્વર મહાદેવ, બિલેશ્વર મહાદેવ, વયાર, ગુલિયાણા સહિતના ૧૬ સ્થળોએ પવિત્ર ઉપવનોને તાજેતરમાં શોધી કાઢ્યા છે. જ્યાં આજે પણ લોકો પીપળ વડ, કલ્પવૃક્ષ સહિતના વૃક્ષોને ધાર્મિક માન્યતા સાથે સાંકળીને પૂજા અર્ચના કરે છે. આ ઉપરાંત ૧૫૦થી વધુ એવા વૃક્ષોને શોધી કાઢ્યાં છે કે જેમની વય ૧૦૦ વર્ષથી વધુ છે. ગ્રામજનોની મુલાકાતના આધારે વૃક્ષોની વય નક્કી કરાઈ છે. માત્ર કચ્છમાં હેરિટેજ વૃક્ષો છે એવું નથી. અમદાવાદમાં પોણી સદી વટાવી ચૂકેલાં ૩૮ વૃક્ષો છે. અમદાવાદમાં હાથીજણમાં ૪૫૦ વર્ષ જૂનો વડલો હેરિટેજ વૃક્ષોની યાદીમાં પ્રથમ નંબરે છે. આ વડલાનો ઘેરાવો ૩૦ ફૂટ જેટલો છે. આ સૌથી પૌરાણિક વૃક્ષ ગણાય છે. રેડિયો ડેટિંગ પધ્ધતિથી વૃક્ષની સાચી વય જાણી શકાય છે.

***(વર્તમાનપત્રો પર આધારિત)***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

# ABDUL KALAM'S LETTER TO EVERY BHARATIYA INDIAN

First make the entire media "Nationalist" and remove them from the clutches of the foreign NGOs.

Why are we in India so embarrassed to recognize our own strengths, our achievements?

We are such a great Natioan. We have so many amazing success stories but we refuse to acknowledge them. Why? We are the first in milk production. We are number one in Remote sensing satellites. We are the second in producer of Wheat. We are the second largest producer of rice.

Look at Dr. Sudarshan, he has transferred the tribal village into a self-sustaining, self-driving unit. There are millions of such achievements but our media is only obsessed in the bad news and failures and disasters.

